૨૦૯૭

મુંબઇ સમાચારની

ગુજરાતી પંચોપાખ્યાન.

જે

મહા પંડીત વીષ્ણુશરમાએ અસલ સંસ્કૃત ભાષામાં બનાવેલાં, અનુભવી ચાનક આપનાર તથા નીતીના ધડા દરશાવનાર હીતોપદેશ પુસ્તકનું ભાષાંતર છે,

તે

અસલ ગુજરાતી પુસ્તક ઉપરથી ઘટતા સુધારા તથા રચના સાથે.

મુંબઈ મધે,

મુંબઈ સમાચાર છાપખાનામાં

માણેકજી બરજોરજી મીનોચેહર હોમજીનાએ

છાપયું છે.

સને ૧૮૮૨.

દીબાચો.

આ પંચોપાખ્યાન પુસ્તક, જે હીતોપદેશને નામે પણ ઓલખાય છે, તેને વાંચનારી આલમના હાથમાં મેલતાં, તેની પીછાન કરાવવાની ઝાઝી જરૂર દીસતી નથી. પંચોપાખ્યાનનું નામ અને ખુબી દેશી આલમથી અંજાણ્યાં નથી. એક નીતી શાસ્ત્ર અને વારતાનાં પુસ્તક તરીકે તે માત્ર આપણા હીંદુસ્તાન દેશમાંજ નહી પણ જગ પ્રસીધ્ધ છે. તે આ દેશના પ્રાચીન કાલના એક મહા વીદવાન બ્રાહ્મણની કલપના અને વીદવતાનું ઊતમ ફલ છે, અને તેણે પોતાના ચીચીત્ર સવાદ અને ગુણોથી આખી દુનયાને અજાયબીમાં નાખ્યાં છે. જે ખુબી માટે પશ્ચીમ તરફની "ઇસપ નીતી" લોકપ્રીય થઇ છે તે ખુબી માટે આ પંચો પાખ્યાન પણ લોકપસંદ અને લોકપ્રીય થઇ પડેલું છે. એટલુંજ નહી પણ ઇસપ નીતી કરતાં પંચોપાખ્યાન વીશેષ વાણાંઓ ધરાવે છે. ઇસપનીતીની પેઠે એમાં પ્રાણીઓને નામે વારતાઓ તો આવેલી છેજ, પણ તે ઉપરાંત તેમાં હીંદુ શાસતરોના દાખલા અને વચનો જગો જગોએ આવેલાં છે, જેમાં સવછ નીતીનાં ચોખ્ખાં સીધાંતો હોવાથી તે બરાબર નીતી શાસ્ત્રની ગરજ સારે છે. તેની વારતાઓ જાણે આ નીતી સીધાંતોનાં ઉદાહરણ સરીખી છે, કે જે વારતાઓ એકમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી એમ ગુણાકાર રૂપે વધતી જઇને એ નામીચાં પુસ્તકની મોટાઇ અને તેના પુરવીન કરતાની અદભુત મનશકતીનું ચહડતા પણું દેખાડે છે. મહાપંડીત વીષ્ણુ શરમા, જે એનો બનાવનાર હતો, તેણે ગોયા એમાં વીદવતાનું ભંડોલ ખાલી

કરી દીધું છે. એમાં વારતાઓ છે, નીતી છે અને શાસ્ત્ર વચનો છે, તે જોડે અનુભવી ચાનકોનો મોટો ભંડાર ભરેલો છે. અને દેશરીતી તથા કાલ કલાને અનુસરીને એ સઘલું વરણવેલું હોવાથી આ પુસ્તક હીંદુઓના આગલા વખતના ઇતીહાસના સરખો પણ કંઇક ખયાલ આપે છે. પંચોપાખયાનની નીતી રીતી જેમ સંસારી ધડા શીખવે છે તેમજ રાજદ્દવારી કલા પણ શીખવે છે; અને એ રીતે એ પુસ્તક સરવે પ્રકારના લોકને વાંચવા બલકે અભયાસ કરવા લાયક છે, અને દરેક માણસ જેણે આ સરૂપટીનો તોફાની ભવસાગર જય સાથ તરી જવો હોય, તેણે એ વાંચી પુરતી રીતે ધયાનમાં લઇ એમાં દરશાવેલ મારગે ચાલવાની કોશેશ કરવી જોઇયેછે.

પંચોપાખયાનની એવી મોટી ખુબીને લીધે પરૂથવીની ઘણુંકરીને દરેક જાણીતી મોટી ભાષાઓમાં તેના નામીચા વીદવાનોએ, કોઇએ પોતાના શોકથી તો કોઇએ રાજકરતાઓની ફરમાસ અને મદદથી, તેનાં ભાષાંતર કરેલાં છે. એ વીશે જે કાંઇ વીગત જાહેર થઇ છે તે ઉપરથી માલુમ પડેછે કે, એ કીમતી પુસ્તકની કીરતી સાંભલીને તેનું ભાષાંતર પોતાના દેશની ચાલુ બોલીમાં કરી લાવવા માટે, ઇરાન દેશના નામાંકીત શેહનશાહ નોશીરવાન આદેલે પોતાની દરબારના એક મોટા વીદવાન નામે "બરજોએ તબીબ"ને અકસર કરીને હીંદુસતાન મોકલયો હતો, જેણે તયાં સંસકરૂત ભાષા શીખી એ પુસ્તકનો અભયાસ કરીને તેને પેહલવી જુબાનમાં ઉતારયું હતું. તયાર બાદ ઇરાનનો મુલક અરબ ફતેહ કરનારાઓના હાથમાં આવતાં તેઓએ આ પેહલવી પુસ્તક ઉપરથી તેનાં અરબી ભાષાંતર, જેમ સાદી એબારતમાં તેમજ બેતબાજીમાં, કરયાં

હતાં. ફારસી ભાષામાં એનાં ભાષાંતર સાત આઠ જુદા જુદા લખનારાઓની કલમથી થયલાં છે, જેમાંના બે સારી પેઠે જાણીતાં થયલાં છેઃ એક, "અનવારે સોહેલી;" અને બીજું, "અયારે દાનેશ." આમાંનું પેહલું પુસ્તક, જે તેની ઊંચી પ્રકારની એબારત અને રચના માટે ઘણુંજ પ્રસીધતા પામેલું છે, તે ઇરાન તરફના શાહ કામગાર સુલતાન હુસેન મીરજાની મોહર રાખનાર અમીર શેખમ સોહીલીની ફરમાશથી મોલાના હુસૈન વાએજ નામના વીદવાને બનાવયું હતું; અને બીજું, ખુદ આપણા દેશમાં નામાંકીત શેહનશાહ અકબરના વખતમાં તેના હોકમથી તેના જાણીતા વઝીર અબુલફજલે બનાવયું હતું. આ બંને પુસ્તકો હાલ પ્રખ્યાત છે, અને વીદવાનો તથા વીદયારથીઓમાં સારી રીતે વંચાતાં અને અભયાસ થતાં આવેછે, અને તે મુખ્ય કરી "કલેલ દમને"નાં નામથી ઓલખાયછે, કે જે નામ પંચોપાખયાનમાં આવેલી "કરતક અને દમનક"ની મુખ્ય વારતાને લીધે પડેલું છે. યુરોપ તરફ નજર કરતાં, તયાં પણ ઘણીખરી સઘલી યુરોપયન ભાષાઓમાં એનાં ભાષાંતર જુદે જુદે નામે થયલાં છે.

આપણી ગુજરાતી ભાષામાં આ નામીચું પુસ્તક જુદી જુદી રીતે નીકલયું છે. પેહલું પુસ્તક સંવત ૧૮૮૦ નાં સાલમાં એટલે આજથી સાહાઠ વરસની લાંબી મુદત ઊપર "હીંદ નીશાલ શાલપુસ્તક મંડલી" નામની વીદયા ઉતેજક મંડલીએ પોતે સંસકરૂત ભાષામાં કરાવી શીલા છાપા ઉપર મુંબઇ સમાચાર છાપખાનામાં, તેના તે વખતના માલેક મરહુમ મોબેદ ફરદુનજી મરજબાનજીનાં ઉપરીપણાં હેઠલ છાપી બાહેર પાડયું હતું; અને તે પછી આઠ વરસ રહીને એટલે સંવત ૧૮૮૮નાં સાલમાં એજ માનવંત અને સાહ-

સીક મોએદ સાહેબે તેને ઘટતા સુધારા તથા વધારા સાથે પોતા તરફથી બીજીવાર શીલા છાપા ઉપરજ છાપી પ્રગટ કરયું હતું.

આ પુસ્તકના હાલના આકારમાં, ઘણો અગતનો અને વખતને અનુસરતો સુધારો કરેલો વાંચનારાઓના જોવામાં આવશે. પંચોપાખ્યાનનું અસલ ગુજરાતી લખાણ ઘણે દરજજે સુધ, રસીલું અને સલીસ છે, અને તે લોકોમાં ઘણું માનીતું થઈ પડેલું જોવામાં આવેછે. તેથી તે લખાણને હમોએ તેનાં અસલ રૂપમાંજ કાયમ રાખયું છે. માત્ર તેની જોડણી, વાકય રચના અને બંધનમાં જયાંબી અસુધી કે અધુરાપણું દેખાયું છે તયાં હમોએ સુધારો અને પુરણી કરયાં છે. અઘરા શબદો હેઠલ નોટ મારી તેના ખુલાસા આપયા છે, અને વારતા યા મતલબ જયાં એક બીજા સાથ મિલાઇ જતાં દેખાયાં તયાં તેમને છુટાં પાડયાં છે. આ જોડે ટાઇપોની રચના એવી રાખીછે, કે જેથી પુસ્તકમાની મુલવાત, ઉપવાત અને શાસ્ત્ર વચનો જુદાં જુદાં ઝટ વાંચનારાઓની નજરમાં આવી જાય. મુલ વારતા મોટા ટાઇપોમાં લીધી છે, અને તેનાં પેટામાંની વારતા નાના ટાઇપોમાં લીધી છે, તથા તેમાં આવેલાં શાસ્ત્ર વચનો કાલા ટાઇપોમાં આપયાં છે. આ રીતે બની શકતા સુધારા અને સફાઈ સાથ, ગુજરાતી ભાષાનાં ભંડોલમાં વધારો કરનાર એવાં એક પુસ્તકને હમો વાંચનારી આલમ આગલ રજુ કરયે છીયે, અને તેની ઘટતી કદર તેઓ તરફથી બુજાશે એવી આશા રાખયે છીયે.

મુંબઇ સમાચાર
આફીસ-તારીખ ૧લી
જાનેવારી સને ૧૮૮૨.

માણેકજી બરજોરજી,
મુંબઈ સમાચારના માલેક.

સાંકલીયું.

કથાઓ અને તેનાં નામો પ્રમાણે.

સાંકલીયું.

કથામાના વીષયો અને બોધો પ્રમાણે.

મુંબઈ સમાચારની

પંચોપાખ્યાન.

પુસ્તક પ્રારંભ.

"વીશ્નુ શરમા" એવે નામે એક માહા પંડીતે સરવે શાસ્ત્રોનો તત્વ લઈને પંચોપાખ્યાન એવે નામે નીતી શાસ્ત્ર, સંસકૃત ભાષામાં કરી જગતમાં જાહેર કીધું છે; તેનું આ ગુજરાતી ભાષાંતર કરયું છે. એ પુસ્તકની ઉપજનું કારણ એવું કેહેછે કે, શ્રી દખણ દેશ મધે "મહીલ્રા" નામે એક નગર હતું, તયાં "અમરશકતી" નામે એક રાજા હતો. તે રાજા ભીખારીને ભીખ આપવામાં સ્વરગનાં ઝાડ સરીખો ફલ દેનાર હતો; અને સરવેને દાન માન આપી સંતોષ કરતો હતો. તે સરવે રાજામાં મોટો, નામીચો, અને ચઉદે વીદયામાં પરવીણ અને સઘલી કલામાં પુરો હતો. તેને ત્રણ પુત્ર હતા. તે મધે એકનું નામ "વશુશકતી," બીજો "રૂપશકતી" અને ત્રીજો "અનેકશકતી." એ ત્રણે પુત્ર માહા મુરખ હતા. તેઓને દેખી રાજા નીત્ય ચીંતા કરતો હતો. એક દીને તે રાજા સરવે પરધાનોને ભેલા કરી બોલ્યો, "હે પરધાનો! મારા પુત્ર ઘણા મુરખ છે. કાંઈ રાજનીતી જાણતા નથી. તેથી કરી મને

એક ઘડીનું બી સુખ નથી. એવા પુત્ર હોય તે કરતાં બાયડી વાંજણી હોય, ઘરભ પડી જાય, અથવા દીકરી આવે તે સારૂં. પણ મુરખ પુત્ર કંઇ કામના નહી. જયાં લગન જીવે તયાં લગન તેઓ દુખજ આપે. તેટલા માટે મારા દીકરા શાસ્ત્ર ભણીને પંડીત થાય, તે ઉપાય કરવો."

રાજાના એવા શબ્દ સાંભળી તેમાંથી એક પરધાન બોલ્યો, "હે માહારાજ ! એ વાત ઘણી કઠણ દીસેછે. એકલું વ્યાકરણ ભણતાં બાર વરસ લાગે; ત્યાર પછી બીજાં શાસ્ત્ર ભણે, ત્યારે ચાતુર થાય." એ સાંભલી બીજો પરધાન બોલવા લાગ્યો, "હે રાજા! જીવ તણો તો વીશ્વાસ નથી, અને ઘણાં વરસ લગી ભણયે ત્યારે શાસતરો આવડે. તે માટે થોડું ભણી ઘણું સમજે એવું થાય તે કરયે. કહયુંછે:–

> **શાસ્ત્રનો પાર નથી, અને માણસનું જીવત થોડું, તેમાં પણ વીઘ્ન ઘણાં. માટે જે સાર હોય તે લઈયે. જેમ રાજહંસ નામનું પંખી, દુધ અને પાણી ભેલું હોય તેમાંથી, દુધ લઇને પાણી પડતું કરેછે, તેમ શાસ્ત્રનો સાર લઈ બાકી પડતું કરવું.**

"હે સ્વામી ! આપણા નગરમાં વીષ્ણુ શરમા એવે નામે એક બ્રાહ્મણ છે. તે ઘણોજ ચતુર છે. તેને દીકરા સોંપશો તો વેહેલા પંડોત કરશે."

એ વાત સાંભલી રાજા બહુ હરખ્યો. પછી વીષ્ણુ શરમા પંડીતને તેડો આદરમાન દઇ કહયું, હે પંડીત

રાજ ! મારા ઉપર કૃપા કરો, અને મારા દીકરાઓને ભણાવી ચતુર કરો, તો તમને મોટું રાજકાજ સોંપીશ, અને ઘણું ધન પણ આપીશ. ત્યારે રાજાને આશીરવાદ દઇ પંડીત બોલ્યો,–"હે માહારાજ ! હું વીધા વેચું નહીં. પણ તમે ધરમી છો ; તમારા પુત્રોનું કલ્યાણ તે જગતનું કલ્યાણ છે. એમ જાણી ભણાવું, ને માસ છમાં ચતુર કરૂં તો મારૂં નામ અને મારી વીધા ખરી, નહીં તો મોહોડું નહીં દેખાડું." એવું વચન સાંભલ્યાથી રાજા ઘણો મઘન થયો, અને વીષ્ણુ શરમાને દીકરા સોંપ્યા.

તે પછી વીષ્ણુ શરમાએ તેને અરથે "પંચ તંત્ર રૂપ" શાસ્ત્ર કરી ભણાવા માંડ્યું. તે પંચ તંત્રનાં નામ આ પરમાણે છે:–પેહેલું, "મીત્ર ભેદ," એટલે મીત્રાઈ હોય તે તોડવી. બીજું, "મીત્ર પ્રાપ્તી," એટલે મીત્ર ન હોય તેને મીત્ર કરી લેવો. ત્રીજું, "સંધી વીગ્રહ," એટલે સમો જોઇ સુલેહ અથવા લડાઇ કરવી. ચોથું, "લબ્ધ પરણાંશ" એટલે મલેલી વસ્તુ ખોહવી. અને પાંચમું; "શમ પરેક્ષકારીત" એટલે જે કરવું તે વીચારીને કરવું. એ "પંચ તંત્ર" ટુંકી સમજના ધણીને તથા બાલકને બુધી વધારે, અને બુધીવંતને ઘણોજ ચતુર કરે. એ પુસ્તક જે નીત્ય વાંચે અથવા સાંભલે, તે માણસને ઈંદ્રાદીક દેવતા પણ છેતરી ન શકે. પછી "વીષ્ણુ શરમા" પંડીત, એવું માહા ગુણકારી શાસ્ત્ર કરી તેનાં "પંચ તંત્ર" માહેથી પેહેલું તંત્ર, જે મીત્ર ભેદ છે, તે રાજ પુત્રો આગલ કેહેવા લાગ્યો.

મીત્ર ભેદ—તંત્ર ૧લું.

બંધાયલી મીત્રાચારી બીજાઓ પોતાના સવારથ માટે યુકતી કરી તોડાવેછે તે વીશે.

કથા ૧લી—સીંહ અને બલદની.

પંડીત વીષ્ણુ શરમા કહે, એક વનમાં સીંહ અને બલદને માંહોમાંહે ઘણો મીત્રાચાર થઈ હતો ; તે એક શીઆલે પોતાનાં ભલાં સારૂ આંધું પાછું સમજાવીને તોડી નાખો. રાજપુતરો પુછવા લાગા, હે માહારાજ ! તે કેમ થયું હશે ? વીષ્ણુ શરમા કહે, સાંભલો.

ઉતર દેશ મધે શ્રી મહીલા નામે નગર, ત્યાંહાં વરધમાન એવે નામે એક વાણીયો રેહેતો હતો. તે ઘણો ધનવંત હતો. તોએ તેને એવી ઇછા થઈ કે ધન વધારૂં તો સારૂં. કહયુંછે:—

આ જગતમાં એવું કંઈ નથી, જે ધન થકી ન થાય. તે માટે ડાહ્યા પુરૂષે ગાંઠે ધન કરવું. જેને ગાંઠે ધન છે તેને મીત્ર ઘણા, ભાઈ ઘણા. જગતમાં તેજ માણુસ, ને તેજ ડાહયો કહેવાય છે. પઈસા વાલો છે તેને પારકો હોય તે પોતીકો થાય છે. દલીદ્રીને પોતીકો હોયછે તે પણ પારકો થાયછે.

પઈસાથી જેને માન ન ઘટે તે માન પામેછે. વખાણુ જેને ન ઘટે તેની વખાણુ કરેછે. જેની પાસે જાવું ન ઘટે તેની પાસે જાયછે. એ સરવે ધનનો મહીમા જાણુવો. સતધરમથી ધન કમાંણ્યે. કમાવીને જાલણ્યે. જાલવીને વધારયે. વધારીને સારે ઠેકાણે ખરચયે.

એવો વીચાર કરીને વરધમાન શેઠ રૂડે મુહુરતે સરવ સગા સંબંધીનો હોકમ લઈ ધન કમાવા સારૂ બે બલદનાં ગાડાં ઉપર માલ ભરી, મથુરાં નગર ચાલ્યો. તે બલદોમાં એક "સંજીવક" અને બીજો "નંદક" નામે હતો. આગલ જાતાં એક વનમાં જમુના નદી ઉતરતાં સંજીવકનો પગ ભાગયો. તેવારે વરધમાન શેઠ ઘણોજ દુઃખી થવા લાગો. તે વન બીહામણું હતું, અને ચોર, સીંહ, વાઘની બીહીક ઘણી. તોએ પોતાના વહાલા બલદ સારૂ ત્રણ દીવસ લગન તે ત્યાં રહયો. પણ તે સાજો ન થયો. પછી સરવે સાથ દુઃખ પામવા લાગો, ને શેઠને કહયું, "આ વનમાં ઘણો ભય છે. તે માટે થોડા સારૂ ઘણો બીગાડ નહી કરયે. થોડું ગુમાવી ઘણું રાખયે, એ ચતુરાઈનો રીત." એ પ્રમાણે લોકોની વારતા સાંભલીને વરધમાન શેઠે તે બલદ પછવાડે ચાકર રખવાલ મુકયા, અને પોતે સાથ સરવે લઇને આગલ ચાલ્યા. પુઠેથી ચાકરે વીચાર્યું કે, બલદ તો સાજો થાય કે નહીં થાય, પણ આપણે આ વનમાં એકલું કેમ રેહેવાય? સાથ સરવે આંઘો જશે, પછી મલવો કઠણ થશે. તે માટે આપણે જઈ શેઠને કહયે કે, બલદ મરો ગયો. એવું

ધારોને તયાંથી ચાકરો ચાલ્યા, ને શેઠને જઇ કહયું કે, બલદ મરી ગયો, હમે તેને રૂડીપેરે દાટી આવ્યા.

હવે ચાકર ગયા પુઠે બલદ હલવે હલવે ઉઠી ઘાસ પાણી લેવા લાગો, ને જમુના નદીને કાંઠે ટાહાડી છાયાએ બેસવા લાગો. તેથી કેટલાએક દહાડા પછી સાજો થઈ ઘણો બલવાન થયો. જાણે માહાદેવનો પોથયો જેવો દીસવા લાગો. બલમાં સમાય નહીં, તેવારે સીંગડે કરી માટી ઉછાલે, અને નચીંત થઈ જમના નદીને કાંઠે ફરે. કેહયું છે :—

જેને પરમેશ્વર રાખનાર તે એકલો વનમાં હોય તોએ પણ બચેછે; અને જેને પરમેશ્વર રાખનાર નહીં, તે પોતાનાં ઘરમાં પણ બચતો નથી.

હવે તે વનમાં રાજા પીંગલ નામે એક સીંહ હતો. તે એક વેલાએ પાણી પીવા સારૂ પોતાનો પરીવાર તેડી જમુનાને કાંઠે જતો હતો. એવામાં સંજીવકે પોકાર મારયો, તેથી ડુંગર સઘલો ગાજી ઉઠયો. તે ભયંકર શબ્દ સાંભલી સીંહ કચવાયો, અને ઠાકાનું બાહાનું કરી પાછો વલી એક વડ હેઠલ બેઠો. મનમાં ચીંતા કરે છે. તાંહાં તેના પરધાનના પુતર બે શીયાલ હતા. એકનું નામ " કરટક " અને બીજો " દમનક. " તેઓને તેણે પ્રધાનપણા ઉપરથી કહાડયા હતા. તોએ તે પેટ સારૂ રાજાની પછવાડે ફરતા હતા. સીંહને પાછો વલ્યો જોઈ દમનક, કરટકને પુછે છે, ભાઈ, આંપણો રાજા પાણી પીવાને કાજે જતો હતો, તે પાછો વલી ચીંતાતુર થઈ બેઠો છે, તેનું શુ કારણ હશે ?

કરટક કહે છે, ભાઇ, આપણે એ વાતનું શું કામ ? જેને જે કારણ ન ઘટે તે કરવા જાય તો " કીલોતપાટી " વાંદરાની પેઠે મરણ પામે.

દમનક પુછેછે-તે કેમ ?

કરટક કહેછે-ભાઈ સાંભલ.

પોતાને જે કામ યોગ્ય નહી તે કરવાના અવગુણ વીશે.

કથા ૨ જી—ખીલી ઊપાડનારો વાંદરો.

ચંદર નગરની પાસે એક વન છે. ત્યાં "શુદંત" નામના સાહુકારે માહાદેવનું દેહેરું કરાવવા માંડ્યું. તેને વાસ્તે ઘણા સુથાર કામ કરતા હતા. તે સુથારે એક મોટું લાકડું વેહરવા માંડ્યું. બપોર થયા તારે સઉ જમવા ગયા. એવામાં વન માહેથી એક વાંદરાનું ટોલું આવ્યું. તેમાંથી એક વાંદરે લાકડું, જે અરધ વેહરેલું હતું, તે ઉપર બેસી, તેમાં જે ખીલી ભરાવી હતી તે કાહાડી નાખી. તેથી તેની ઝાંપા લાકડાંમાં ડબાઈ, એટલે તે મરણ પામ્યો.

વાંદરાને સુથારનું કામ ન ઘટે તે કરવા ગયો, માટે નાશ પામ્યો. તેમજ આપણને પ્રધાનપણું નથી, અને પ્રધાનનું કામ કરવા જઇયે, તો નાશ પામ્યે. આપણને જમણ સાથે કામ તે તો રાજા આપેછે."

દમનક-હે કરટક ત્યારે તું શું પેટની ફીકર રાખેછે ? છી: ! એ સારૂં નહી. કહયુંછે :-

જે મોટા છે તે રાજાને ખુશી કરીને પોતાનું સારૂં માગનારાઓની ઉપર ઉપકાર કરેછે, અને પોતાના વેરીઓને આપદામાં નાખેછે. પોતાનું એકલું પેટ તો કાગડા કુતરા પણ ભરેછે. જેની પછવાડે ઘણા માણસ જીવેછે, તેનું જીવવું સાચું. જે માણસે પેદા થઈને પોતાનાં વંશમાં નામ ન કર્યું, તેણે જનમ લઈને માતાનું જોબન માતર બગાડયું. માટે પુરૂષે છતી શકતીએ છાનું રેહેવું નહી.

કરટક—હે દમનક, તેં કહયું તે સાચું. પણ પ્રધાનો પુછયા વીના રાજા આગલ બોલવા જાય, તો તેની પણ શોભા નહીં, તો આપણાથી કેમ બોલાય!

દમનક—"હે કરટક, એમ ના કેહે. જે પુરૂષ રાજાની ચાકરી કરવા જાણે તે પ્રધાન થાય; અને જે પ્રધાન છે પણ ચાકરી કરવા ન જાણે, તે પ્રધાનપણું ખોહે. જે પુરૂષ આખો દહાડો રાજાની સેવા કરે, તે તેને વાહાલો લાગે. રાજા કાંઈ કુલ જાત જોતા નથી." રૂડોભુંડો પણ ચાકરીવંત બુધીવંત માણસ જોયછે. કહયુંછે:—

એક રાજા, બીજી સ્ત્રી, તરીજું જનાવર,—એ તરણું, પાસે રહે તેને વશ થાય.

કરટક—એ ભાઇ, તું રાજા પાસે જઇ શું કહોશ, તે કેહે.

દમનક—હું તેના ભયનું કારણ પુછીશ.

કરટક—તેં કેમ જાણ્યું કે રાજા બીધો છે!

દમનક-ભાઈ, એમાં શું જાણવું છે? કહયું છે:-

કહ્યાથી તો જનાવર પણ જાણે છે. પણ વગર કહેથી જાણે તે પંડીત કેહેવાય. પ્રાણીની સુરત ઊપર, ચાલ ઉપર, બોલી ઉપર, ચેશટા ઊપર, આંખ અને મોંડા ઊપરથી તેના મનમાંની વાત જણાય છે.

માટે રાજાનાં મનમાની વાત મેં પણ એમ જાણી. તેના ભયનું કારણ જાણીને ભય ટાલવાનો ઊપાય શોધી કહાડોશ. એટલે આપણું પ્રધાનપણું ખોહયું છે તે પાછું પાંમીશું."

કરટક-હે ભાઇ, તું રાજા પાસે જઇશ તયારે પહેલું શું કહાશ? રાજા પુછશે તયારે કેવા જવાબ દઇશ?

દમનક-જેવું રાજા બોલે તેવો જવાબ વાલ્યો, જે બોલ્યાથી બંધણમાં ન અવાય. સમો જોઇને બોલયે.

કરટક-રાજાની ચાલચલણ નકી કેમ કહેવાય! ઊંચ નોચ પુરૂષ આવી મલે એટલે રાજાની બુદ્ધી ફેરવી નાંખે. જેવો સંગત તેવો બુદ્ધી થાય. જેમ મંદોતકટ સીંહને સારી નરસી બુદ્ધી ઉપજી.

દમનક-તે કેમ થયું?

કરટક-ભાઇ, સાંભલ.

સંગત પ્રમાણે બુદ્ધી ફરેછે તે વીશે.

કથા ૩૭—સીંહ અને તેના સારા નરસા પ્રધાન.

એક વનમાં સીંહ રેહેતો હતો. તેના બે પ્રધાન હતા. એક હંસ અને બીજો સારસ. તે ઘણા ધરમી અને રૂડી બુદ્ધીના ધણી હતા. કોઈ સમે સીંહ ત્રણ દીવસ સુધી કંઈ ખાવાનું મલ્યું નહીં, તેથી ભુખે ઘણું દુઃખ પામવા લાગ્યો. તેવારે પ્રધાનોને કહ્યું, કેથે મારે કાજે ખાવાનું જોઇ લાવો. પછી તેઓએ વીચારયું કે, એ ત્રણ દીવસનો અપવાસી છે. કોઇ નાનો મોટો જીવ મલે તો સારૂં, નહી તો આપણનેજ ખાશે. કહ્યુછે :—

ભુખાનો વીશ્વાસ ન કરવે. ભુખો શું પાપ કરશે તેનો ભરોસો નહીં.

એમ વીચારી દીશાદીશે જોવા લાગ્યા. એવામાં એક બ્રાહ્મણ ઘરનો દુખી દલીદ્રી એકલો વનમાં ચાલ્યો આવેછે. તેને દેખી હંસે વીચારયું કે જો એ સીંહને નજરે પડશે તો મારેશે જશે, અને આપણને બ્રહ્મ હત્યા લાગશે. એવું વીચારીને તેણે સારસ સાથે મસલત કરી; અને તેને કહ્યું કે, તું બ્રાહ્મણ પાસે જા, હું સીંહ પાસે જાઉંશું. પછી સારસ જઇ બ્રાહ્મણને બોલવા લાગ્યો–"રે મુરખ, શું તારૂં મરણ આવ્યું છે ? તું આ સીંહનાં વનમાં કેમ આવ્યો ? બ્રાહ્મણ બોલ્યો,–" રે ભાઈ, હું શું જાણું કે અહ્યાં સીંહ રહેછે ? હવે મને જીવતદાન દેવડાવ." સારસ બોલ્યો, "તારૂ મરણ તો આવ્યું; પણ હીંમત હારવી નહીં. હીંમત પકડયાથી સારૂં થશે." પછી સારસે હીંમત આપી બ્રાહ્મણને બુધી

બતાવી કે, "તું ગુરૂ થઇ ચાલ્યો આવ. મારો મીત્ર હંસ સીંહની પાસે છે. તે તુને મારવા નહી દેશે. તું નચીંત થઇ સામો જા." બ્રાહ્મણે વીચારયું કે, મુવો તો દુખમાંથી છુટો; પણ લોક રીતથી ઊલટું કરી સામો જાઉં તો ખરો. પછી રાખનાર પરમેશ્વર છે. એવું મન કઠણ કરી હાથમાં ટીપણું ચંદન લઇ સામો આલ્યો. એવામાં હંસ, સીંહને કથા કેહેવા બેઠોઃ—"હે રાજા! જે પુરૂષ ત્રણ દીવસ અંન પાણી તજે અને ચોથે દીવસે પારણાં* કરી પરમેશ્વરનું સ્મરણ કરે, તે વઇકુંઠ પામે." એવી વાત જયારે હંસે કહી તયારે સીંહ બોલ્યો, મારે પણ વઇકુંઠ જવાની ઘણી ઇછા છે, તો હવે જવાશે. હંસ બોલ્યો,–હે મહારાજ! એક કામ કરો, કે આજ ગુરૂની સેવા ચાકરી કરી દાન આપીને પછી પારણાં કરો, તો પુરો તપ થાય. સીંહ બોલ્યો–આપણને ગુરૂ કયાં મલે? હંસ બોલ્યો–હે મહારાજ! તમારાં તપનો મહીમા એવો મોટો છે કે, ગુરૂ પણ પોતાની મેલે આવી મલશે.

એમ બેઠા વાતો કરેછે તેવામાં બ્રાહ્મણનો શબ્દ સાંભલયો, એટલે સીંહ બોલ્યો–રે હંસ! આ કોણ છે? હંસ બોલ્યો– હે મહારાજ! તમારાં તપનાં બલથી ગુરૂ આવેછે. સીંહ હંસીને બોલ્યો–તું મારી ઠઠા કરેછે. એટલામાં બ્રાહ્મણ પણ પાસે આવ્યો, એટલે હંસ કેહેવા લાગ્યો–રે મહારાજ! જુઓ, હું કહેતો હતો તે સાચું પડયું કે નહીં? એ તપનું ફલ એવું છે કે, જે ધારયે તે કામ થાય. પછી બ્રાહ્મણે આવી સીંહને કપાલે ટીલક કહાડી આશીરવાદ દીધો. સીંહે પગે લાગી નમસ્કાર કીધો. એટલે હંસ અને

* પારણાં એટલે અપવાસ પુરો કરયા પછીનું જમણ.

સારસ, સીંહુની વખાણ કરવા લાગયા. તેથી સીંહ ઘણો ખુશી થયો અને બહ્મણને ઘણું માન આપ્યું. પછી હંસે કહયું—હે મહારાજ! હવે ગુરૂજીને વીદાય કરો. સીંહ બોલ્યો—રે હંસ! આપણે રાજાનો પુત્ર મારયો છે, તેનાં સરવે ઘરેણાં ગુરૂજીને આપો. પછી હંસે તેમ કરયું. બ્રાહ્મણ સંતોષ પામ્યો કે, જીવતો રહયો અને ધન પણ મલયું. હવે પરદેશ શા માટે જાઉં? મને સીંહ સરખો જજમાન થયો છે, તે માટે જયારે ધન જોઈશે ત્યારે પાછો સીંહ પાસે ભીખ માગવા આવીશ. એટલે વલી આપશે. એવું વીચારી બ્રાહ્મણ પોતાને ઘેર ગયો, અને દીકરાને જનોઈ આપી, ઘર બાંધ્યું અને વસ્ત્ર ઘરેણા કરી બે વરસમા સરવે ધન ખરચી નાખ્યું.

તે પછી તે પાછો વનમાં જજમાનને મલવા ગયો. તે વેલાએ સીંહે હંસ સારસને કહાડીને એક શીયાલ અને એક કાગડો એ બે જનને પ્રધાન કીધા હતા. તેઓ બ્રાહ્મણને આવતો જોઇ વીચાર કરવા લાગ્યા કે, આપણો રાજા ભુખ્યો છે, તેથી પરમેસરે તેને માટે ખોરાક મોકલયો છે, માટે સીંહને હવે ચેતાવ્યે કે આવતાજ એને મારે. પછી શીયાલે આવી સીંહને તઇયાર કરી ઝાડને ઓથે બેસાડયો. જયારે બ્રાહ્મણ પાસે આવ્યો તયારે સીંહે તેને ઓલખીને કહ્યું કે, અરે હું એને કેમ મારૂં? હું ગુરૂ હત્યા નહીં કરૂં, કાંકે એમાં મોટું પાપ છે. કહયું છે :—

ગુરૂ હત્યા, સ્ત્રી હત્યા, બાલ હત્યા, અને બ્રાહ્મણ હત્યા કરયે તો નરક જઈયે.

શીયાલ બોલયો, આપણા વડા હત્યાજ કરતા આવ્યા છે, હવે આપણે ન કરયે તો લોકો હસે, ને આપણે ભુખે

મરયે. જીવ મારવો એ તો આપણો ધરમછે. જે જેનો ધરમ તે તે કરે, તો પરમેશ્વર રાજી થાય. આપણાં મોટાં ભાગ્ય કે આજે બ્રાહ્મણ ભક્ષ કરવા મલયોછે. માટે મોહોડામાં આવેલો કોલીયો નાખી દેશો તો દુઃખ પામશો. આ સાંભલી સાંડ જે ભુખ્યો હતો તેની બુદ્ધી ફરી, અને તેણે બ્રાહ્મણને મારી નાખ્યો. તે માટે જેવી સંગત તેવી બુદ્ધી કહ્યુંછે :—

૧ નદી. ૨ નખી જનાવર.* ૩ સીંગી જનાવર. ૪ હથ્યારવાલો. ૫ સ્ત્રી. ૬ અગન. ૭ ભુંડું માણસ અને ૮ રાજા—એટલાનો વીશ્વાસ ન કરવે.

દમનક બોલ્યો, હે ભાઇ! મે મોટા મોટાને મોહેથી ડહાપણની વાત સાંભળી છે, અને રાજાની સેવા કેમ કરવી તે હું જાણું છું, માટે મને કંઇ ભય નથી. કહ્યુંછે :—

જે સેવક રાજાનાં વચનપર જીવ આપે, જે કરવું ન કરવું જાણે, તે રાજાને ગમેછે. જે રાજાને ખુશી કરી ધન મેલવે, તે ધન સારે ઠેકાણે ખરચે, અને રાજાએ આપેલું વસ્ત્ર તથા આભુષણ અંગપર પેહેરે, તે સેવકને રાજા માને. રાજાનાં જનાનખાનાનાં લોકો સાથે તથા રાજાની સ્ત્રીઓ સાથે જે એકાંત વારતા નથી કરતો, તે રાજાનો માનીતો થાય. હું માનીતો છું એવું મનમાં લાવીને જે ગરવ ન કરે, અને પોતાની મરજાદા ન છોડે, તેને રાજા ચાહે. રાજાના વેરી સાથે જે વેર રાખે અને તેના મીત્રની જે મીત્રાઇ

* નખી જનાવર એટલે મોટા અને ટીણા પંજાવાલું પ્રાણી.

કરે, તે ચાકર ઉપર રાજા પ્રીત કરે. જે રણને પોતાની શાંતીનાં ઘર જેવું અને પરદેશને પોતાનાં ગામ જેવું લેખે, તે સેવક રાજાનો વાહાલો થાય. જુગારને જે જમદુત સરખા ગણે, દારૂને જે વીખ જેવા જાણે, અને પારકી સ્ત્રીને પોતીકી માતા સમાન જે માને, તેને રાજા વશ થાય. લડાઈમાં જે રાજાની આગલ, નગરમાં જે રાજાની પાસે અને રાજાનાં ઘરમાં જે દેવડી ઉપર રહે, તેનું રાજા કહેણુ કરે.

એવી એવી ચાકરી કરવાની રેત હું જાણું છું; માટે, હે કરટક, હવે તું ચીંતા ના કર.

કરટક—એવું છે તો સુખે તું રાજા પાસે જા; તારૂં કલ્યાણ છે.

પછી દમનક કરટકને સલામ કરી રજા માંગીને પીંગલ સીંહ પાસે ગયો. દમનકને આવતો દેખી સીંહે પોતાનો ચોપદાર જે હરણ હતું તેને કહ્યું કે, આપણા જુના પરધાનનો દીકરો દમનક આવેછે, તેને આવવા દે. જયારે દમનકે આવી પીંગલ રાજાને નમસ્કાર કીધો, ત્યારે રાજાએ પોતાનો હાથ તેના વાંસા ઉપર મેલી કુશળક્ષેમ પુછયું. દમનકે કહયું, હે મહારાજ! તમારી કરૂપાથી સારીપેઠે છું. તમારે અમારો ખપ નથી, પણ અમને તમારો ખપ છે; તમારા સેવક લાયક કાંઇ કામ હોય તે કહો. કહયું છે:—

દાંત કાન ખોતરવા વખતે મોટા લોકોને પણ તણખલા સાથે કામ પડેછે, તો હાથ પગવાલા માણસનો ખપ પડયે એમાં શું કહેવું?

વલી તે વધુ બોલ્યો-અમે તમારા જુના સેવક છીયે. આપદાની વખતે અમે તમને છોડી ન જાઇયે અને તમારે પણ અમ સરખાને દુર કરવા ન જોઇયે. કહ્યું છે:-

એક ઘરેણું અને બીજો સેવક, એમને જયાં ઘટે ત્યાં જોડયે. માથાનું ઘરેણું પગે ન પેહેરાય, અને પગનું માથે નં પેહેરાય. ગુણી માણસ છે તેને રાજા હીણાં કામપર મુકેછે તેમાં તે ગુણીનો વાંક નહી. તે બીચારો તો ત્યાં રહે, પણ તે ઉપરથી રાજા મુરખ છે એમ જણાય. સોનાનો મણકો છે તે પગે બાંધો તેમાં તેનો વાંક નહી; પગે બાંધનારનો વાંક. જયાં જમણો હાથ અને ડાબો હાથ બેહુ સરખા, ત્યાં ભલાં માણસને રેહેવું ન ઘટે. જયાં મણી રતનની ઓલખાણ નથી, અને પારખુ નથી, ત્યાં ઝવેરી શું કરે? અને રતનનું મુળ શું થાય? જોગી શું જાણે મજીઠનો ભાવ? પરધાન વીના રાજાને રાજ ન શોભે. રાજકાજ વીના પરધાનને પરધાનપણું ન શોભે. તેમાટે પરમેશ્વરે માહોમાહે બંધન કર્યુંછે. સેવક ચતુર તે રાજાથી જણાય અને રાજા ચતુર તે સેવકથી જણાય. જેવા રાજા તેવી પરજા જાણવી. આટલાં વાનાં જેવા પુરૂષને હાથ ચહડે તેવું મુલ થાય:-એક તો જેવો સવાર હોય તેવો ઘોડો ચાલે; બીજું, હથયાર શુરાને હાથે હોય તો લડાઈમાં જીત કરે; અને તરીજું, સ્ત્રી ઘરમાં માણસને ઘેર હોય તો ગુણવાન થાય.

દમનક વધું બોલયો, માટે હે રાજા! મને શીયાલ જાણી કહાડયો તે તમને ન ઘટે. નીચ ઊંચ કુળનો વીચાર ન કરવો, પણ ચતુરાઇ જોવી. જેમ કસતુરી મરગની દુંટીમાથી નીકલેછે, હાથોદાંત હાથીનાં મુખમાંથી, ગોરૂ ચંદન ગાયનાં મસતકમાંથી, મોતી શીપમાંથી, અગન લાકડાંમાંથી, હીરા, સોનું, રૂપું સરવે માટીમાંથી, મણી રતન સરપનાં મસતકમાંથી અને અંબર મગરનાં મુખમાંથી નીપજેછે. તે માટે હે રાજા! ઊંચ નીચનું શું પ્રમાણ રહયું? નીચ વસ્તુનો ઉતમ ઠેકાણે ખપ પડેછે; માટે તમારે પણ ગુણ ચતુરાઈ જોવી, ઊંચ નીચ ન જોવો. પોતાનું સારૂં કરે તેને માન આપી રાખવો. પોતાના ઘેરનો ઊંદર હોય અને તે અવગુણ કરેછે માટે તેને મારેછે; અને બીલાડી ગુણ કરેછે માટે બાહેરથી લાવીને પાલેછે. જે રાજા સારો નરસો, પારકો પોતાનો ન જાણે તે પોતાનાં રાજને જાલવી ન શકે. હે રાજા! પોતાનાં હેતના કરનારા છે, પણ શકતી નથી અથવા કામ કરવાને આલસુ છે તો તે પુરૂષને શું કરીયે? અને શકતી છે ને કહયા પ્રમાણે ન ચાલે તે પણ શા કામનો? હું તમારો જુનો ચાકર છું. મારામાં શકતી છે કે હું તારૂં વચણ પાલીશ; માટે મને તારાથી વેગલો ના કર.

આવા ચતુરાઇના વચન દમનકનાં મોંડામાંથી સાંભલી સીંહ ઘણોજ રાજી થયો, અને બોલયો, હે દમનક આમ ના કહે. તું મને પારકો નથી. જે તારા મનમાં હોય તે કહે.

દમનક-હે રાજા! રીસ ન કરો અને અપરાધ ક્ષમા કરો, તો હું કાંઈ વાત પુછું.

સીંહ-સુખે પુછ.

દમનક-હું એકાંત પુછીશ. કહ્યું છે:-

નાધલું પણ રાજાનું કામ સભા મધે બોલ્યે નહીં, કાં કે છ કાને વારતા જાય, અને તેમાં અવગુણ થાય.

આ સાંભલી સરવે પ્રાણીઓ દુર થઈ ગયાં. પછી દમનક બોલ્યો, હે રાજા! આપણે આજ પાણી પીવા જતા હતા તે પાછા ફરી મંડળો વાલી બેસી કેમ રહયા તે મને કહો. રાજા હસતું મોહોડું કરી બોલ્યો, કાંઈ નહીં, એમજ બેસી રહ્યો. દમનક બોલયો હે રાજા! કેહેવું ન ઘટે તો ન કહો. પણ, કહ્યું છે:-

આપણાં મનની વાત હોય તે જીવના મીત્ર આગળ કહયે, અંગરખક ચાકર આગળ પણ કહયે, અને રૂડી બાયડીને પણ કહયે, તેમાં સારૂં છે. સઘલું ન કહયે તો થોડું પણ કહયે.

એ સાંભલી રાજા મનમાં વીચાર કરવા લાગ્યો કે કાંઈ મારાં મનની વાત એણે જાણીછે, માટે એ ચતુર ખરો. એની આગલ હું થોડી વાત કહું એવું વીચારી બોલ્યો, હે દમનક! આ મોટો સાદ નીકલેંછે તે તું સાંભલે છે?

દમનક-સાંભલુંછું; પણ તેનું શું?

સીંહ-હું આ વન છોડવા માંગુંછું.

દમનક-તેનું કંઈ કારણ?

સીંહ—આ વનમાં કોઈ મોટું પ્રાણી આવ્યું છે, તેનો આવો મોટો સાદ છે. જેનો શબ્દ મોટો તેનું પરાક્રમ પણ મોટું હશે. તે માટે આ ઠેકાણે રેહેવામાં કાંઇ સ્વાદ નથી.

દમનક—એકલો સાદ સાંભલીને બીહીવું અને આપણા વડાઓએ વસાવેલું ઠેકાણું છોડવું એ તેમને ઘટે નહીં. શબ્દ ઘણી પ્રકારના થાયછે. જેવા કે ઢોલને શબ્દ, તંબુરાનો શબ્દ, મરદંગનો શબ્દ, પાણીનો શબ્દ, મેઘનો શબ્દ ઈતયાદી; માટે શબ્દ સાંભલી બીહીવુ, નહી. ધીરજ રાખો. આપણ શું જાણયે આ શબ્દ કેવે અને કોનો છે. કહયું છે:—

> **ધીર પુરૂષ છે તે બ્રહમાએ બીહીવડાવયો તો પણ બીહે નહીં. જેમ હુનાલો મોટાં મોટાં તલાવોને સુકાવેછે, પણ સમુદ્ર તેથી બીહીતો નથી. ધન દોલત ઊપર જે ખુશી ન થાય, વીપતમાં જે દલગીર ન થાય, રણમાં જે ધીરજ રાખે, તે પુરૂષ સરવેને માથે બેસે.**

માંટે સવામી ! ધીરજ રાખો. જેમ એક શીયાલ ભય પામયો, પછી જઇ જુવેછે તો ઢોલ નજરે પડયું તેમ આં છે.

સીંહ—તે કેમ થયું ?

દમનક—રાજા સાંભલો.

ભય કેટલીક વાર માત્ર ખોટાં કારણથી કલપીતજ ઊભો થાયછે તે વીશે.

કથા ૪થી—શબ્દ સાંભલી બીધેલો શીયાલ.

એક શીયાલ ભુખ્યો થયો હતો, માટે ખાવાનું શોધવા વનમાં ભમવા લાગો. એવામા એક મોટો શબ્દ થયો તે સાંભળી ભય પામ્યો અને મનમાં વિચારવા લાગ્યો કે એ કોનો શબ્દ હશે. પછી ધીરજ ધરી શબ્દના શુમાર ઉપર જઈ જુવે છે તો એક મોટું ઢોલ દીઠું, જે ઝાડ હેઠલ લટકતું હતું, અને પવન આવવાથી ઝાડની ડાંખલી તે ઉપર વાગવાથી શબ્દ થતો હતો. પછી શીયાલ તે ઢોલ પાસે ગયો ત્યારે ચામડું જોઈ ઘણો ખુશી થયો કે, આજ મારી ભુખ સારીપેરે ભાગશે. આ કોઈ જનાવર પડ્યું છે. એમ જાણી ઢોલની ઉપરનું ચામડું કરડવા માડયું. પણ માહેથી તો લાકડું નજર આવ્યું, તેથી નીરાશ થઇ પોતાને ઠેકાણે ગયો.

તે માટે, હે રાજા ! શીયાલે પણ જ્યારે હીમત રાખી ત્યારે આપણે કેમ છોડયે ?

સીંહ—હું તો ધીરજ નથી મુકતો, પણ મારો પરીવાર ભય પામે છે.

દમનક—અહો રાજા ! એમ ના કહો. સ્વામી સરખા સેવક થાયં છે. માટે હું જ્યાં સુધો જોઇ આવું ત્યાં સુધી તમે અહીં રહો, પછો જેમ ઘટે તેમ કરજો.

સીંહ—ત્યારે તને ત્યાં જવાની હીમત છે ?

દમનક—આમ શું પુછોછો ? સ્વામીની આજ્ઞા થઈ કે, ઉત્તમ સેવક સાંપનાં મોહોડાંમાં પણ હાથ ઘાલે, સમુદ્રમાં પડે, આગમાં પડે, તો શબ્દ ઉપર જાવું એમાં શું કઠણ છે ?

સીંહ—ત્યારે તું સુખે જા. તુને મારગે કુશલ્ થશે.

પછી દમનક રાજાને નમશકાર કરી શબ્દના શુમાર ઉપર ચાલવા લાગ્યો. દમનક ગયા કેડે સીંહે મનમાં વિચાર્યું કે એના ઉપર વિશ્વાસ રાખી મેં એને કહ્યું એ મેં સારૂં નહીં કીધું. એને મેં પ્રધાનપણાં ઉપરથી કાહાડેલો છે, માટે તે વાત મનમાં લાવી પેલા સાથે મલી જાય તો મને રાજથી પદભ્રષ્ટ કરી શકે. માટે તે આવે ત્યાંસુધી હું બીજે ઠેકાણે જઈ બેસું. કહ્યું છેઃ—

> **જેનો વીશ્વાસ નહીં તે નબલો હોય તોપણ તેથી બીહે, ને જેનો વીશ્વાસ છે તે મહા બલવંત છે તો પણ તે થકી બીહીક નહી.**

એવું ધારી રાજા બીજે ઠામ જઈ બેઠો. દમનકની વાટ જુએછે.

હવે દમનક પેલી તરફ ગયો ત્યારે તેણે તે બલદ દીઠો, તેથી ખુશી થયો, કે હવે આ જોગવાઈથી રાજા મને વશ થશે. રાજાને જયારે કષ્ટ પડે ત્યારે પ્રધાનને વશ થાય, તે માટે પ્રધાન હોય તે રાજાને કષ્ટ ઇછેછે, વઇદ રોગી પુરૂષને જેમ ઇછેછે તેમ. એવો વીચાર કરીને દમનક ત્યાંથી પાછો ફરયો. તેને દુરથી એકલો આવતો જોઈ સીંહ પાછો પેહેલે ઠેકાણે જઈ બેઠો. અને દમન-

કને પુછયું, તું શું જોઇ આવ્યો તે કહે. દમનક બોલ્યો—હે રાજા! તમારી આગલ જુઠું ન બોલાય. કહયું છે:—

એક ગુરૂ, બીજો દેવ, ત્રીજો વઈદ અને ચોથો રાજા, એટલા આગલ તો જુઠું નહીજ બોલયે, જો બોલયે તો પોતાનો સ્વારથ ખોહયે.

તે માટે તમારી આગલ જેવી વાત છે તેવીજ કહું છું. સાંભલો, તે તો મહાદેવને બેસવાનો નંદીકેશવર નામનો બલદ છે. તે મહા બલવાન છે. તેને હું મારી નજરે જોઈ આવ્યો. સીંહે કહયું જયારે એવું છે ત્યારે તો તેને મારે મીત્રાઇ થાય તો સારૂં. દમનકે કહયું, તે હુંજ કરીશ. કહયું છે:—

જેની પાસે બુદ્ધી હોય તેને કોઇ વાત કઠણ નથી, જે કામ હથ્યારથી તથા હાથીથી તથા ઘોડાથી તથા પ્યાદાથી ન થાય તે કામ બુદ્ધીથી બની આવે.

સીંહે કહયું, જયારે આમછે તો જા, તને આ કામ ઉપર પ્રધાનવટી આપી. પછી પીંગલની આજ્ઞાથી દમનક શંજીવક પાસે ગયો, અને તેને કહયું—હે મુરખ! મારો સ્વામી પીંગલ તને તેડે છે. ચાલ, બીહોક છોડી દે. ઘડી ઘડી અહીં બુમ શેણે પાડે છે? આ સાંભળી શંજીવક બીધો અને બોલ્યો—ભાઇ, તારો સ્વામી પીંગલ કોણ છે?

દમનકે કહયું, તું રાજા પીંગલને પણ નથી ઓલખતો? વારૂં તે તારો હમણાં ખબર લેશે. આ

સાંભલી શંજીવકે વીચારયું કે મારૂં મોત આવ્યું તો ખરૂં; તો પણ કાંપતાં કાંપતાં દમનકને પુછયું, મને બોહીવાડ ના, તારો સ્વામી કોણ છે તે સાચું કહે.

દમનક—સરવ જનાવરનો રાજા, આ વનનો ધણી, પીંગલ નામે જે સીંહ મારો સ્વામી છે, જે પેલા વડ હેઠલ બેહોછે.

શંજીવક—તું રૂડી બુદ્ધીનો દેખાયછે, માટે જો મને તે પાસ લઇ જાય તો જીવત દાન બખશાજે.

દમનક—તેને પુછયા વના મારેથી એ ન કેહેવાય. કહયું છે:—

પરથવીનો તથા સમુદ્રનો તથા પરવતનો અંત લાગે, પણ રાજાનાં મનનો કોઈ વેલા પાર લાગે નહી. માટે રાજાનો વીશ્વાસ નહીં.

માટે તું અહીં રેહે, હું તેને પુછી આવુંછું.

એમ કહી જયારે દમનક સીંહ પાસે આવ્યો ત્યારે સીંહે પુછયું કે, તું શું કરી આવ્યો તે કહે.

દમનક—મેં તેનેઆમ કહયું કે, તું શીવનું વહાન છે અને મારો સ્વામી પારવતીનું વહાન છે, એટલે તમારે બંનેને મલતી વાત છે. માટે તમો બંને જણ માહોમાંહે પ્રીત કરી રહો તો ઠીક છે.

સીંહ—બહુ સારૂં, હું ઘણો રાજી છું.

દમનક—મેં તેને વચન આપ્યુંછે, માટે તેને વીશ્વાસઘાત કરી મારવો નહી.

સીંહ—દમનક તુને ધન્ય છે, તેં મોટું કામ બજાવ્યું છે. હવે તે પણ મને મારે નહીં એવું તેની પાસે

અભય વચન લઇ તેને અહીં વેહેલો તેડી લાવ. હું તુને ઘણું શું કહું. જેમ તુને સારૂં લાગે તેમ કરજે. કહયું છે:—

પ્રધાનની બુદ્ધી તો ત્યારે જણાય. કે જયારે શત્રુ સાથે મીત્રાઇ કરવી હોય. વઇદની પરખ ત્યારે થાય, જયારે રોગીને સનેપાત ઉપજે.

રાજાનાં આવાં વચન સાંભળી દમનક શંજીવક પાસે ગયો, અને રસ્તે ચાલતાં વીચાર કીધો કે, આથી રાજા મને વશ થશે. કહયું છે:—

શીયાળાની અગન તથાં ખીરનું ભોજન, વહાલાંની ભેટ તથા રાજાનુ માન—એ સઘળાં અમરંત સરખાં છે.

પછી તેણે જઈ શંજીવકને કહયું, તારે માટે રાજાને ઘણો સમજાવી તને જીવતદાન બક્ષાવ્યું છે, માટે હવે સુખે રાજા પાસે ચાલ. પણ જો તું રાજાની કૃપા મેલવી મારી સાથે આડો ચાલશે, તો પોતાનું માન ખોશે. જેમ દંતલ વાણ્યાએ રાજાના ઘરના એક ઝાડુ કહાડનારનું અપમાન કરીને પોતાની મોટાઇ ખોહી હતી તેમ.

શંજીવક—તે કેમ થયું હશે?

દમનક—સાંભલ.

નાનાં માણસો પણ પોતાને થયલાં અપમાનનું વેર લેવાને ચુકતાં નથી તે વીશે.

કથા ૫ મી—દંતલ વાણ્યાની.

એક વરધમાન નામે નગર હતું, ત્યાં શુરસેન નામે રાજા રાજ્ય કરતો હતો. દંતલ નામે એક વાણ્યો જે તે નગરનો શેઠીયો હતો તે એટલો તો ચતુર હતો કે તેને રાજા તથા પ્રજા સહુ ચાહતાં હતાં. કહ્યું છે:—

જે રાજાનું હીત કરે તેને લોક ભુંડો કહેછે,
ને જે લોકોનું સારૂં કરે તેને રાજા ચાહે નહીં.
માટે રાજા તથા પરજા બેહુને રાજી રાખે એવો
ડાહયો મલવો કઠણ.

એવો કારભાર કરતાં એક વખત દંતલે પોતાની દીકરીનાં લગ્ન કર્યાં ત્યારે રાજા રાણીને તેઓનાં પરિવાર સહીત પોતાને ઘેર જમવા તેડી આદરમાન આપ્યું અને તેઓને પેહેરામણી પેહેરાવી રાજી કર્યાં, તથા સર્વે પ્રજાને પણ જમાડી રાજી કરી. એવામાં રાજાને ઘરનો જાહડુ કહાડનાર જે ગોરંભ નામે હતો, તે દંતલને ઘર આવ્યો. તેને દંતલે માન આપ્યું નહીં તે માટે તે કાંઇ બોલતો હતો એટલામાં તેને ધકા મારી કહાડી મુકયો. તે દહાડેથી ગોરંભ રાત દીવસ સુએ નહીં અને રાજાની સાથે તેને કજયો કરવાના ઉપાય શોધે. એક દહાડે સવારમાં જયારે રાજા સુતો હતો ત્યારે જાહડુ કહાડતાં ગોરંભ એમ બોલ્યો, "રે ભાઇ! જુઓ જુઓ આ દંતલની શું છાતી છે, કે રાણી સાથે સુખ ભોગવેછે." એટલું કહી ચુપ રહી ગયો. આ વેલા રાજા જાગરૂત હતો,

તેણે આ બોલો સાંભળી ગોરંભને પુછયું કે, તું બોલેછે તે સાચું છે શું? ગોરંભે કહયું, હે મહારાજ! આજ રાતે હું જુવો રમવા ગયો હતો, તેથી મને ઊજાગરો થયોછે, અને હમણાં મને ઊંઘ આવી તેમાં કાંઈ બોલાઇ ગયું હોય તે ક્ષમા કરો. રાજાએ વીચાર્યું કે, જે દિવસના નજરે દીઠું હોય તે રાતે સ્વપનામાં યાદ આવે. એણે દંતીલને રાણી સાથે આડા વેહવારમાં જોયો હશે તેથી ઊંઘમાં એ આમ બોલી ગયો. સ્ત્રીનો પણ શું વીશ્વાસ? કહયું છેઃ—

એક સાથે બોલે, બીજાની તરફ જુવે, અને મનમાં ત્રીજાને ચીંતે. માટે સ્ત્રી જાતની એકજ ઊપર પ્રીત છે એમ કેમ કેહેવાય? એકાંત ઠેકાણું, પરવાર અને ભોગ માગનાર પુરૂષ—એ ત્રણનો સંજોગ નથી પડતો માટે બાયડી પતીવ્રતા રહી શકે. પણ તેટલાજ માટે તે પતીવ્રતા કેમ કહેવાય?

એવા એવા ઘણા વીચારો કરીને તે રાજા, દંતીલ ઉપર કોપાયમાન થયો, અને તેજ દહાડેથી તેને દરબારમાં આવતો બંધ કર્યો. આથી દંતલ અચરત પામ્યો અને વીચાર કરવા લાગ્યો કે, મેં કાંઇ રાજાનું બગાડયું નથી ને આ શું થયું. પછી પોતાનાં મનમાં કહયું કે, એમાં કાંઇ નવાઈ નથી. કહયું છેઃ—

ધન મળયું અને મગરૂર નહી થયો એવો કોણ છે? સંસારનો ભોગ ભોગવી સુખી થયો એવો કોણ છે? સ્ત્રીઓ કોન મનને વીકાર કરતી નથી? રાજાનો સદા માનીતો કોણ છે? કાલના હાથમાંથી કોણ છુટો છે? ભીખ માગીને કોણ માન પામ્યો છે? ભુંડાં માણસના હાથમાં

૪

પડયો અને સુખથી છુટો એવો કોણ છે? કોઈ નથી.

માટે રાજા મારી ઉપર રોસે ભરાયો એમાં કાંઈ અચરત સરખું નથી. પછી એક દીવસે દંતલ રાજાના બારણા આગલ તે રખડતો હતો તેને જોઇ ગોરંભ બોલ્યો, ઓ ભાઇઓ! એને તમે ઓલખોછો? એ રાજાનો માનીતો હતો. એણે મને જેમ ધકો મારીને કહાડયો હતો તેમ એને પણ મેં ધકો મારી કહાડીયો. આ સાંભલી દંતલે વીચાર કીધો કે, મને જંજાલમાં નાખનાર એજ હશે. પછી તેણે તે ઝાડુ કરનારને તે દહાડે સાંજે જમવા તેડી માન આપ્યું, અને એક વસ્ત્ર પણ આપ્યું, તેથી તે ઘણો ખુશી થયો. કહયું છેઃ—

જેમ તરાજવાની ડાંડી થોડું આપયાથી ઉંચી થાયછે અને થોડું કહાડી લીધાથી નીચી પડેછે, તેમજ નીચ માણસની રીત પણ જાણવી.

પછી ગોરંભે કહયું કે, જયારે તેં મને માન આપ્યુંછે ત્યારે હું તારો ગુન્હો ક્ષમા કરૂંછું. બીજે દહાડે સવારે જયારે રાજા થોડો ઉંઘતો અને થોડો જાગતો હતો ત્યારે ગોરંભ ઝાડુ કહાડતાં બોલ્યો કે, આપણો રાજા કેવો ઘેલો થયોછે કે, વાડામાં બેઠો કાકડી ખાયછે. એટલું બોલી તે ચુપ રહયો. તેને રાજાએ રીસે ભરાઇને પુછયું કે, એ ચંડાલ, તું શું બોલેછે? ગોરંભે જવાબ વાલ્યો કે, હું રાતે ભવાઈ જોવા ગયો હતો, માટે ઉંઘમાં બોલાયું હશે તેની મને ખબર રહી નથી. રાજાએ વીચાર કીધો કે, મેં કદી કાકડી એવી રીતે ખાધી નથી, તેમજ દંતલે પણ એવું કામ કીધું ન હોય. મેં એને અમસ્થો રાજકારભારમાંથી વેગલો કીધો, એવો વીચાર કરીને દંતલને તુરત બોલાવ્યો, અને તેને પાછો રાજકારભાર સોપ્યો.

તે માટે, એ શંજીવક, કોઇ જોડે કજયો કરવો નહી. શંજીવકે કહયું—તું કહેછે તેમજ હું ચાલીશ. પછી દમનક શંજીવકને લઈ રાજા પાસે ગયો. શંજીવકે પીંગલ રાજાને નમસ્કાર કીધો, પછી કુશલ ક્ષેમ પુછયું. પછી પોતાનો જમણો હાથ તેના વાંસા ઉપર મુકી, પીંગલે કહયું કે, હવે તું મારો મીત્ર થયો, માટે હવે તું સુખે મારી પાસે રહે. પછી પીંગલ, શંજીવક અને સરવે જનાવરો જમનાને કાંઠે પાણી પીને પોત પોતાને ઠેકાણે ગયાં. તે દહાડેથી પીંગલ અને શંજીવક બંને મીત્રો થયા અને શાસતરોની સારી સારી વાતો કરી દીવસો ગમન કરવા લાગ્યા. પણ આ પ્રમાણે કેટલાક દીવસ ગયા કેડે એવું બન્યું કે, રાજાને વાતોનો શોખ ઘણો થયાથી તે શીકાર કરવા ન ગયો, માટે સરવે નોકરો ભુખે મરવા લાગ્યા, અને તેથી તેઓ તેને છોડીને જતા રહયા. કહયું છે:—

ફલ વીનાનાં ઝાડને જેમ પંખી છોડી જાયછે તેમ ઉત્તમ કુલનો અને ભલો રાજા હોય, પણ તેની પાસેથી કાંઇ પ્રાપ્ત ન થાય, તો નોકરો તેને છોડી જતા રહેછે. જે રાજા ચાકરનું લેણ એટલે દરમાયો ચહડે તે આપે, તે રાજા રીશ કરે તોપણ તેના સેવકો તેને છોડી નથી જતા. રાજા પ્રજા ઉપર પેટ ભરેછે, વઇદ રોગી ઉપર, વાણીયો ઘરાક ઉપર, ડાહયો મુરખ ઊપર, ચોર નભરવસ ઉપર, ભીખારી ઘરબારી ઊપર, વેશીયા કેફી ઊપર અને સુથાર સલાટો સઘલા જગત ઉપર એમ પેટ ભરેછે.

એમ કરતાં એક દીવસે દમનકે પોતાના ભાઇ કરટકને પુછયું કે, રાજા તો શંજીવકને વશ થયો અને આપણને તો કાંઇ પુછતો નથી, માટે એનો શું ઉપાય કરયે.

કરટક—એ તેં તારે હાથે કીધું. એમાં બીજા કોઇનો વાંક નથી. જેમ એક દેવતીરથ સન્યાસી બાવાને આખાડભુતી નામે એક ધુતારાએ ધુતી લીધો તથા એક શીયાલ પોતાને હાથે મરણ પામ્યો, તથા એક કુટણીએ પોતાનું નાખ કપાવ્યું, તેમ તને પણ થયું.

દમનક—તે વાત કેમ થઇ હશે?

કરટક—ભાઇ, સાંભલ.

ધાસતી ભરેલાં માણસો સાથ કામ પાડવાના જોખમ અને પારકી પીડા માથે લેવાના ગેરફાયદા.

કથા ૬ઠી—દેવતીરથ સન્યાસી બાવો અને આખાડભુતી ધુતારો.

એક નગરની પાસે એક વન હતું, ત્યાં દેવતીરથ નામે એક સન્યાસી બાવો રેહેતો હતો. તેને ગામનાં લોક લુગડાં આપતાં હતાં, જે વેચીને તેણે ગાંઠે પૈસો એકઠો કીધો હતો. પછી તેણે એક ધનનો દડો કીધો, અને તેને હમેશાં પોતાની કાખમાં રાખવા લાગો. કહયું છેઃ—

પઈસાને મેલવતાં દુઃખ, મેલવીને રાખતાં દુઃખ, ગયો દુઃખ આપે ને ખરચ્યો પણ દુઃખ આપે—એવો જે પઈસો તેને ફીટકાર છે.

એક વેલા આષાડભુતી એવે નામે એક ધુતારો દેવ તીરથ સન્યાસી બાવા પાસે આવ્યો. તેણે તે બાવાની કાખમાં ધનનો દડો જોઇને વીચાર કીધો કે, આ દડો મારા હાથમાં કયારે આવશે. એના મઠની ભીંત પથરની છે, માટે તે ફોડાય નહી; તે ઉંચી છે માટે છાપરાં પરથી અંદર જવાય નહીં; બાગી બારણાં પણ મજબુત છે; માટે એની સાથે હું કાંઈ કપટ કરીશ તો ઠગાયો જશે. એમ વીચારી તેણે તેનો ચેલો થવાનો મનસુબો કીધો. કહયું છે:—

જે પુરૂષ લાલચ ન રાખે તે મોટા કારભાર ઉપર ન જાય. જે રંગીલો નહીં તે ઠાઠમાઠ ન કરે. જે મુરખ તેથી કદાપી મીઠું ન બોલાય, અને જે સાચું બોલનાર તે કોઇને ઠગી ન શકે.

પછી તે ધુતારો બાવા પાસે જઇને બેઠો, અને પગે પડીને કેહેવા લાગ્યો કે, "હે સ્વામી! આ સંસારમાં કાંઇ જીવ નથી. નદીનાં પાણીના વેહેવા સરખું આ જોબન છે. દેહને લાગેલી અગન સરખું જીવત્ર છે. વાદલાની છાયડી સરખા ભોગ છે. છોકરાં બાયડી વગેરે બધુ સ્વપ્ન સરખું છે. એ મેં સારી પેઠે જાણયું, માટે તમો મારો જેમ ઉદ્ધાર થાય તેમ કરોજી; હું તમારે તાબે છું." આ સાંભલીને બાવો બોલ્યો—રે દીકરા! તુને ધન છે જે જવાન થઇને તારી એવી બુધી થઈ. કહયું છે:—

પેહેલા વયમાં જે સાધુ તેનેજ સાધુ કેહેવો, ઘડપણમાં નબલા થયા પછી તો બધાજ સાધુ થાયછે.

માટે, હું તને સંસાર તરવાનો ઉપાય કહું છું તે સાંભલ. તું મહાદેવની ભકિત નિત્ય ધ્યાન દઇ કરયો જા, એ-

ટલે દુઃખમાંથા છુટશે. પછી આખાડભુતી પેલા બાવાને પગે પડયો, અને કહયું, હું તમારી સેવા કરી તમારી પાસે રહીશ. બાવાએ જવાબ વાલ્યો કે, જો તું મારી પાસે રેહેશ તો રાતને સમે તારે એકલા ઘાસ પર સુવું પડશે, કારણ મને રાતને વખતે મઠમાં એકલો રહી ઇશ્વરનું ધયાન ધરવું પડે છે. કહયું છેઃ—

રાજા દુષ્ટ પરધાનથી બગડેછે. જોગી સંગતથી, છોકરો લાડથી, બ્રાહ્મણ વગર ભણ્યાથી, કુલ ભુંડા છોકરાંથી, ભલમનસાઈ દુષ્ટની સંગતથી, મીતરાઈ ગરવથી, દોસ્તી પરદેશ રહેથી, શરમ દારૂ પીધાથી, ખેતી વગર જોયાથી અને ધન થોડી કમાઇએ વધુ ખરચવાથી તથા વગર ચોકસાઇથી બગડેછે.

આખાડભુતી ધુતારાએ કહયું કે, જેમ આપનો હુકમ. પછી તે આખો દિવસ પેલા બાવાની ચાકરી કરે અને રાતે બાહેર સુવે. એમ કરતાં ઘણા દિવસ વહી ગયા. પણ પેલું ધન હાથમાં આવ્યું નહીં. ત્યારે વિચાર કરવા લાગ્યો કે, એ તો મારો વિશ્વાસ કરતો નથી,. માટે એને તલવારથી ધોલે દિવસે મારૂં કે ઝેર દેઇને મારૂં કે શું કરૂં. એટલામાં રાતે એક દુરના ગામમાંથી કોઇ બાવાનો ચેલો પેલા બાવાને જમવાનું નોતરૂં દઇ ગયો. તેથી બાવો અને ધુતારો બંને મોટાં મલસકામાં ઊઠી તે ગામ તરફ ચાલ્યા. મારગમાં એક નદી આવી ત્યાં પેલા બાવાએ પોતાની કાખમાંનો દડો કાહડયો અને કંથામાં વીટાલીને નદીને કીનારે મુકયો, અને સનાન કરી પુંજા કરવા બેઠો છે. એવામાં તેને વાડામાં જવાની જરૂર પડી તેથી આખાડ ભુતીને કહયું કે, આ ગુરૂની કંથીને અડકીશ નહીં. હું વાડામાં જઇને

આવું તેટલાં સુધી ખબરદારી રાખજે. આ પ્રમાણે કહીને બાવો ગયો, એટલે આખાડભુતી ધુતારો ધનનો દડો લઇને નાઠો.

કથા ૭મી—શીયાલ અને ઘેટાની.

હવે પેલો બાવો જયાં બેઠો હતો ત્યાં બે ઘેટા મરાતા હતા, તેવામાં એકનાં માથામાંથી લોહી નીકલ્યું. તે એક શીયાલે જોયું, અને તે લોહી ચાટવા મંડી ગયો. તે જોઇને બાવો મનમાં કેહેવા લાગો કે, આ શીયાલ શું મુરખ છે; એ હવડાં મરી જશે. આ રીતે બાવો વીચારેછે એટલામાં બીજા ઘેટાએ આવી ટકર મારી, તેથી શીયાલ કચડાઈ ગયો. પછી બાવો ત્યાંથી આવ્યો, અને જુએછે તો આખાડભુતી ધુતારો મલે નહીં. હાંક મારી પણ કોઇએ સાદ આપ્યો નહીં, અને દડો જુએછે તો દડોબી મલે નહીં. તેથી બાવો રડતો રડતો આખાડભુતીની શોધ કરતો ચાલ્યો.

કથા ૮મી—લુચી કોલણ અને કુટણી વાલંદણીની.

ચાલતાં ચાલતા સાંજ પડી ત્યારે એક કોલી અને તેની બાયડી પાસેનાં ગામમાં જતાં હતાં, તેને બાવાએ કહયું કે, હું આ ગામમાં અણજાણયો છું માટે આજની રાત તમે મને ઊતારો આપશો તો તમને પુન લાગશે. કહયુંછે:—

સાંજની વેલાએ આપણે ઘેર જે પુરોણો આવ્યો તેની જે બરદાશત રાખે તે મુઆ પછી દેવતાંનું સ્વરૂપ પામેછે.

કોલીએ તે સાભલીને બાયડોને કહયું કે આ પરોણાને આપને ઘેર લઇ જા, અને એને સીધું સામન આપજે,

હું આપણે માટે માંસ તથા દારૂ લેવા જાઊંછું. પેલી બાયડી લફંગી હતી તેથી તેનાં મનને ગમતું થયું, અને તેણી પેલા બાવાને લઇને હસતી હસતી ઘેરે ગઇ. કહ્યું છે:-

> **જે સ્ત્રી બાહારલટી છે તે, અંધારી રાત, નીરાંત ઠેકાણું, અને માટી બાહેર ગયલો જોઈ ખુશી થાયછે. જે બાયડી ચોરીથી પારકા પુરૂષ પાસે જાયછે તેને પલંગપર સુવું, નરમ્ બીછાનું અને પ્રીત કરે એવા વર ગમતાં નથી. જેનું ચીત જારભાવપર લાગું તે બાયડી પોતાનાં કુલની લાજ જાયછે, લોક ભુંડું કહેછે, પોતાના જીવને ધોંકો થાયછે, એ કાંઇ જોતી નથી.**

પછી પેલી કોલણે પેલા બાવાને બેસવાનું આપીને કહ્યું કે, તમે અહીં હુશીયારીથી બેસજો હું જરા કામે જઇને આવુંછું. એમ કહીને શણગાર કરી પોતાના સોબતીને ત્યાં જવા નીકલી. એટલામાં તો પોતાના ધણીને દારૂ પીને આવતો જોઇને પાછી નાહાસી આવી અને કપડાં ઊતારી ઘરમાં બેઠી. કોલીએ રસ્તામાં તેને નાહાસતી જોઈ હતી તેથી તેને ક્રોધ ચહડયો, અને ઘરમાં આવતાંજ તેણીને ગાલ દઈને પુછયું કે, તું કયાં ગઈ હતી તે સાચું કેહે. પેલીએ જવાબ આપ્યો કે તું આમ શું બોલછે—હું તો કેઠે ગઇ નથી. કહ્યુંછે:-

> **જેને સનીપાત ઊપજે તેના જે જે પરકાર થાય છે તે સઘલા દારૂ પીનારને થાયછે. હાથ પગ ઢીલાઈ, ભોંય ઊપર પડવું અને અણઘટતું બોલવું.**

આવી રીતે પોતાના ધણીની સામે બોલી તેથી તેણે લાકડી લઇને તેને ખુબ મારી, અને ઓટલાનાં થામલા સાથે બાંધી અને પોતે સુઈ ગયો. કેટલીક રાત ગઈ ત્યારે એક

વાલંદણી કુટણીએ આવીને તેણીને કહયું કે તેં આ શું કરયું, તારો સોબતી તારી રાહ જોતો બેઠોછે, માટે જલદીથી ચાલ. પેલી કોલણે કહયું કે મારી તો આ દશા થઇછે, માટે હવે શું ઉપાય કરૂં ? કુટણીએ કહયું કે, તારે ઠેકાણે મને બાંધ અને તું સુખે જા, પછી પેલી કોલણે તેમ કીધું અને સોબતી પાસે ગઈ. થોડો વખત પછી પેલો કોલી જાગી ઊઠયો, અને પોતાની બાયડીને કેહેવા લાગો કે, રાંડ જો તું આજ પછી બહાર નહી જશે ને સામું નહી બોલશે તો તને છોડીશ તે સાંભલી કુટણી કાંઇ બોલી નહીં કે રખે મારો શબ્દ ઓલખે. કોલીએ તેને ફરી ફરીને પુછયું, પણ તે કાંઇજ નહી બોલી, તેથી તેને ઘણી રીશ ચઢી, અને તેણે છરી વટી તેણીનું નાક કાપી નાખયું અને પાછો સુવાને ગયો. હવે પેલી કોલણ ત્યાંથી પાછી આવી અને કુટણીને પુછયું કે, તને સુખશાંતી છે કે નહીં. તેણીએ જવાબ આપ્યો કે, નાક વગર સૌ સારૂં છે. તું હવે મને છોડવ કે હું ઘર જાવું નહી તો હું બીજું પણ કાંઇ ખોહીશ. પછી કોલણે તેને છોડી અને પોતે પાછી બંધાઈ, અને કોલીને હાંક મારીને કહયું, ઓ મુરખ ધિક્કાર છે તને કે મજ સરખી પતીવ્રતાને તેં આટલું દુઃખ દીધું. પછી તે આકાશ તરફ નજર કરી બોલી કે, અહો દેવતાઓ ! જો મેં પારકા પુરૂષ વિશે મનમાં જરા બીચારબી કીધો હોયતો મને બાલી ભશમ કરો, નહીં તો મારૂં નાક આ દુષ્ટે કાપ્યુંછે તે જેમનું તેમ કરો. પછી તેણે કોલીને કહયું કે અરે પાપી ! જો મારૂં નાક જેમનું તેમ થયું, તું મનમાં શું જાણેછે ? હું ચાહીશતો તને એક પલમાં ભશમ કરીશ. તેવારે કોલી દીવો લઇને જુએછે તો તેનું નાક પેહેલાંના જેવું દીઠું. તેથી તે અચરત પામીયો અને તેણીને છોડીને પગે પડયો અને કહયું કે, તું સતી છે એમ માનવામાં મને

કાંઈ ભ્રાંતી રહી નથી. મેં તને ફોકટ હેરાન કીધી તે તું મને માફ કરજે; ફરીથી તારી વાત નહીં કરીશ.

આ જોઇ પેલો સન્યાસી બાવો અચરત થયો, અને મનમાં કેહેવા લાગ્યો કે, જે ચતુરાઇ શુકર જાણેછે, ને જે ચતુરાઇ બરહસપતી જાણેછે તે સઘલી સ્ત્રીની ચતુરાઇને પોંહોંચે નહીં. તેવી સ્ત્રીને કોણ રાખશે ? જુઠું બોલવું, ઊંધુ કામ કરવું, કપટ, મુરખપણું, ઘણો લોભ, અપવીત્રપણું, કઠોરપણું એ સરવ અવગુણ સ્ત્રીઓની સાથે લાગા રહેછે. બાયડીઓની સાથે ઘણી પ્રીત રાખવી નહી. બાયડીઓના હાથમાં ઘણી સતા આપવી નહી. જે પુરૂષ એવું કરી બાયડી ઉપર ઘણો ફીદા થાયછે તેની શોભા તે પછી રાખતી નથી. સીંહ સરખા ડરામણા ને હાથી સરખા મોટા તેમજ મોટી બુધીના પુરૂષ ને મોટા મોટા શુરા એ બધા બાયડાં પાસે હલકા થાયછે. પેલો બાવો આમ બેઠો બેઠો વીચાર કરે છે તેને તે રાત ઘણી કઠણ ગઇ.

હવે પેલી વાલંદણી કુટણી પોતાને ઘર ગઈ અને વીચાર કરવા લાગી કે હવે શું કરૂં. મારા ધણીને શું કહું અને મોહોડું કેમ દેખાડું. આ કાંઇ છુપું રેહેવાનું નથી. એવામાં મલસકામાં વાલંદ બહારથી આવ્યો, અને બારણાં આગલ ઉભો રહીને બાયડીને કહયું કે, મારી કોથલી લાવ, મારે કામે જવુંછે. આ સાંભલી વાલંદણીએ એક અસતરો લાવી આપ્યો, તે જોઇ પેલાને ઘણી રીસ ચઢી અને તે અસતરો તેના આંગ ઉપર ફેંકી દઈ બોલ્યો કે, હું કોઠલી માગુંછું અને તું અસતરો લાવી તેથી હું શું તારૂં નાક કાપું ? તે વેલાએ વાલંદણી ઘર માંહેથી પોકાર કરતી બાહેર નીકલી અને લોકોને કહયું કે, જુઓ આ પાપીએ મારૂં નાક કાપ્યું, હાય રે ! હવે શું કરૂં ! મને તમે એના હાથમાંથી છોડવો !

નહીં તો એ મારો જીવ લેશે. આ સાંભલી લોકો અને સરકારનાં માણસો દોડી આવ્યાં. તેઓએ પેહેલાં વાલંદને સારી પૈઠે સોટાનો માર મારયો અને પછી તેને બાંધીને રાજા પાસે લઇ ગયા. પછી રાજાની સભાના માણસોએ વાલંદને પુછયું કે તેં વગર વાંકે આ સ્ત્રીનું નાક કેમ કાપ્યું? વાલંદે વીચાર કીધો કે એમ કેમ થયું. તેના હોશ ઊડી ગયા અને તેનાથી બોલાયું નહીં. તેથી સભાવાલા પુરૂષો રાજાને નીચે મુજબ શાસ્ત્ર કહેવા લાગા :–

જેનો બોલવાનો શબ્દ વેગલો થાયછે, જેનો ચેહેરો બદલાયો, જે મનમાં કચવાયછે, જેના હોશ ઉડી જાયછે, તેના હાથથી ગુનો થયો એમ જાણવું. જે ગુનેગારછે તેનાં પગલાં વાંકાં ચુકાં પડે. મોંડું ફીકું થાય, કપાલ ઉપર પસીનો આવે, અટકતો અટકતો બોલે, કાંપે ને ભોંયપર નજર રાખે. જે પુરૂષનું મોંડું હસતું અને મનમાં જે ખુશી, જેનું બોલવું સાફ, જે ધારીને જુએછે, સભામાં જે હીમતથી બોલેછે, જે બાવરો નથી થાતો, તે પુરૂષ નીરદોષ છે એમ જાણવું.

માટે વાલંદ ગુનેહગાર હે. એને શીક્ષા કરવી જોઇયે. પછી રાજાની આગ્નાથી તેને શુલીપર ચહડાવવા લઈ ગયા. પેલા સન્યાસી બાવાને આ વાતની ખબર પડી ત્યારે તે રાજાની સભામાં જઈ બોલ્યો કે, હે રાજા! આ વાલંદ નાહક મારયો જાયછે. તું મારી વાત સાંભલ. પછી તેણે રાજાને પોતાની, તથા શીયાલની અને કુટણીની વાત ખુલાસાથી કહી. આ વાત સાંભલી સઘલાઓ અચરત થયા અને વાલંદને છોડી દઇ કુટણીને પકડી. ત્યારે સભાવાલાઓએ રાજાને પાછું નીચે પ્રમાણે શાસ્ત્ર કહયું :–

આટલા જણને મારવું નહીં: બરામણ, બાલક, બાયડી, તપેસરી અને રોગી. એઓના હાથથી મોટો ગુનો થયો હોય, ત્યારે પણ તેમનાં શરીરનું એકાદું અંગ કાપીને છોડી દઈયે.

પછી વાલંદણીનું નાક પરમેશ્વરે કાપેલુંજ હતું, તેથી એક કાન કાપી તેને છોડી દીધી. તે જોઇ સન્યાસી બાવો પણ દડાની આશા છોડી પોતાની જગાએ ગયો.

આવી કથા કરટકે કહી, તે સાંભલી દમનક બોલ્યો કે, જે થયું તે થયું. હવે કાંઇ એવો ઉપાય કર, કે જેથી શંજીવક સીંહને હાથે માર્યો જાય.

કરટક—આમ કેમ બને ?

દમનક—બુદ્ધીથી સઉ થાયછે. કહ્યુંછે :—

ધનુષ માંહેથી જે બાણ છુટો તે એકનો જીવ લેછે કે નથી લેતો, પરંતુ જે બુદ્ધીનો ધણી છે તેની પાસેથી બુદ્ધીનો બાણ છુટયો હોય તો રાજા પ્રજા સુધાં સઘલાં રાજનો નાશ કરેછે. જે પોતીકાં આંગ બલથી નહીં બની આવતુ તે ઊપાયથી બની આવેછે. જેમ કાગડીએ સોનાની માલાથી એક કાલો સરપ મારી નાંખ્યો.

કરટક—તે કેમ થયું હશે ?

દમનક—ભાઇ, સાંભલ.

કથા ૯મી—કાગડી અને કાલો સાંપ.

એક વનમાં એક મોટાં ઝાડ ઉપર એક કાગડી રેહેતી હતી, અને તેજ ઝાડમાં એક સાંપ પણ રેહેતો હતો. જયારે

કાગડી ઈંડાં મુકતી ત્યારે આ સાંપ તે ખાઈ જતો, પણ કાગડી બીજે ઠેકાણે જતી ન હતી. કહ્યુંછે :-

આ તરણ અપમાન પામયા હોય તોપણ પોતીકું ઠામ મુકે નહીં: એક કાગડો, બીજો નીચ પુરૂષ, અને તરીજો પશુ. પણ સીંહ, સારૂં માણસ અને હાથી અપમાન પામયા તો ઠેકાણું મુકી જાયછે.

પેલી કાગડી સદા શોક કરયા કરતી હતી, તેણી કોઈ સમે પોતાનો મોત્ર શીયાલ હશે તેની પાસે ગઈ ને સઘલો દુખની વાત કહીને બોલી કે,

સંસારના તાપે જે તપ્યો તેને આ તરણ વાંનાં વીશરાંત કરેછે: એક તો બાલક, બીજી કુલવંતી નાર, અને ત્રીજી સાધુની સંગત. જેની વરતી નદીને કાંઠે, જેની બાયડી બીજા સાથે લાગી, અને જેનાં ઘરમાં સરપ, તે પુરૂષને સુખ કેમ થાય ?

શીયાલે કહ્યું-રે બેન તું કાંઈ ચીંતા ન કર, એનો ઉપાય સેહેલો છે. જેમ એક બગલો ઘણી લાલચ રાખીને રોજ માછલાં ખાતો હતો તે એક કરચલાને હાથે મોર્યો ગયો, તેમ તારો શત્રુ પણ લાલચુ છે તેથી થોડી મેહેનતે માર્યો જશે. કાગડીએ પુછયું કે તે કેમ બન્યું. શીયાલ બોલ્યો, બેન સાંભલ.

વીશવાસઘાત અને ઘણો લોભ કરનાર માણસ અંતે હાણી પામેછે તે વીશે.

કથા ૧૦મી—બગલો અને કરચલો.

એક વનમાં એક મોટું તલાવ હતું, ત્યા લંબગલ નામે એક બગલો રેહેતો હતો. તે ઘરડો થયો ત્યારે માછલાં મારી પેટ ભરી ન શકયો. એક વખતે તે ભુખ્યો તલાવને કાંઠે બેસીને રડેછે, અને આંખમાંથી મોતી સરખાં આંસું પાડેછે. તે વેલા એક વજરનખ એવા નામનો કરચલો ઘણાંક માછલાંની મંડલી સાથે તેની પાસે આવ્યો: અને પુછયું મામાજી તમે ખાવું પીવું છોડી દઈ રડતા બેઠાછો તેથી શું, ગુણ થશે ? બગલો બોલ્યો, રે છોકરા તું બોલેછે તે ખરૂં. હવે મને સંસાર ત્યાગ કરવો છે. હવે પછી માછલાંની હત્યા કરવી નહીં અને અપવાસ કરીને પ્રાણ છોડવો એવો મે નિશ્ચય કીધો છે. હવે મારી પાસે આવેલાં માછલાંને બી હું મારીશ નહી. કરચલાએ પુછયું—આટલો બધો વૈરાગ, આણ્યો તેનું કારણ શું ? બગલાએ જવાબ આપ્યો કે, ભાઈ આજ સુધી મેં તમો ઉપર દહાડા સુખેથી કહાડયા હવે તમે સઘલાં થોડા દીવસમાં મરી જશો તેથી મને ઘણી દલગીરી લાગેછે, કેમકે જો તમે મુવાં તો પછી મને ભુખે પીડાઈ મરવું પડશે, માટે અપવાસ કરી હું હમણાજ મરૂં તો સારૂં. કરચલો બોલ્યો કે, અમારો સઘલાંનો જાન જશે તેનું કારણ શું ? અમને કહો કે કાંઈ ઉપાય કરયે. બગલો બોલ્યો કે, ગઈ કાલે અહીંથી કેટલાક કોલી જતા હતા તેઓ તલાવમાં ઘણાં માછલાં જોઈ બોલતા હતા કે, એક દહાડે પુશકલ જાલ નાખી સઘલાં માછલાં પકડી લઈ જઈયે. આ

વાત જ્યારથી મારે કાને પડી ત્યારનું મને ઘણું લાગે છે. આવું સાંભલતાંજ સઘલાં માછલાં ગભરાઇ ગયાં, અને પુછવા લાગ્યાં કે, એમાંથી બચવાનો કંઇ ઉપાય છે? બગલો બોલ્યો કે, મારા જેવા પંખીથી માણસ સાથે પુરૂં પડાય નહી. જો કદાચ તમે મારા પર વીશવાસ રાખી બીજા તલાવમાં જવા ચાહાશો તો મારી પાંખ પર બેસાડીને હું તમને લઈ જઇશ. માછલાંએ ભોલાંપણામાં તે બગલાની વાત સાચી માની અને તેઓએ તેને બીજા તલાવમાં લઈ જવાને કહ્યું. પછી તે એક એક માછલાંને પાંખ પર બેસાડી થોડે દુર લઈ જઇને ખાવા લાગ્યો. આવી રીતે કેટલાક દહાડા સુધી ચાલ્યું. પછી એક દીને કરચલો કેહેવા લાગ્યો કે, અહો મામાજી હવે મને લઈ જાઓ. બગલો બોલ્યો, સારૂ ચાલ. પછી, કરચલો બગલાની પાંખ પર બેઠો અને થોડે દુર જતાં તેણે માછલાંના કાંટા જોયા, તયારે તેણે બગલાને પુછયું કે, પેલુ તલાવ કેટલું દુર છે તે કહો? બગલો બોલ્યો કે, જરા ધીરજ પકડ, જેમ પેલાં માછલાં સુખ પાંમ્યાં તેમ તું પણ સુખ પામશે, માટે હવે તારા દેવતાનું સ્મરણ કર. ત્યારે કરચલાએ તેનો મનસુબો જાણયો, અને વીચાર્યું કે, હવે મોત આવ્યું માટે બીહીવું શા માટે. કાંઇ ઉપાય ચાલે તો કરૂં. કહયું છેઃ–

ભયથી તો તેટલાજ સુધી બીહીવું, કે જેટલા સુધી તે આવી પુગું નહીં, એકવાર આવી પુગું ત્યારે તો તેને ટાલવાનોજ ઉપાય કરયે.

એવો વીચાર કરી તેણે પોતાનાં નખથી બગલાની ગરદન તોડી નાખી, જેથી બગલો મરણ પામ્યો. પછી કરચલો બગલાની ગરદન લઈ તલાવ આગલ પાછો આવ્યો, અને માછલાંઓને સઘલી હકીકત કહીને બોલ્યો કે, હવે

તમે સુખેથી રહો, મેં તે વિશ્વાસઘાત કરનારને માર્યો છે ને તેનું સીર દેખાડવા સારૂ લાવીયો છું.

આવી વાત શીયાલે કાગડીને કહી, અને બોલ્યો કે, હવે હું તને કહું તે ઉપાય કર. કોઈ પેસાદાર માણસની બાયડી આંગ ધોતી વેલાએ પોતાનાં ગલાંમાંથી રત્નનો હાર કહાડી બાહેર મુકે તે તું તેનાં દેખતાં લઈ ઉડી આવ, ને તે હાર તારા શત્રુનાં દરનાં મોડાં આગલ મેલ, એટલે તે માર્યો જશે. પછી તે કાગડીએ તેમ કર્યું. તેથી તેની પછવાડે તે બાયડીના ચાકરો દોડી આવ્યા અને ઝાડ પરથી હાર લેવા ગયા. તેવામાં સાંપ દરમાંથી ફુંફાતા મારવા લાગ્યો, જેને જોતાંજ પેલા ચાકરોએ મારી નાંખ્યો અને હાર લઈ ગયા.

માટે હે કરટક, જે બુદ્ધિવાન હોય તે સઘલું કરી શકે. કહ્યું છેઃ—

જેને બુદ્ધી છે તેને બલ છે, બુદ્ધી બલ જેને નહીં તેનું અંગ બલ કાંઈ કામનું નહીં.

વલી બુદ્ધીનાં બલથી એક સસલાએ એક સીંહને મારી નાખ્યો. કરટકે પુછ્યું કે તે કેમ થયું ? દમનક કહે ભાઈ સાંભલ.

અંગબલ કરતાં બુધીબલનું સરેષટપણું.

કથા ૧૧મી—સીંહ અને સસલો.

એક વનમાં મંદમતી નામે સીંહ રેહેતો હતો. તે હમેશાં જનાવરોને મારી ખાતો હતો. એક દહાડે સર્વે જનાવર એકઠાં થયાં અને તેની આગલ ગયાં, અને કહ્યું કે, જો

તમો એ રીતે રોજ જનાવરોને મારી નાખશો તો તમનેજ ભુખે મરવું પડશે. માટે એવો ઠરાવ કરો કે, હમે રોજ તમને એકેકું જનાવર તમારાં પોશણ માટે આપયે, અને તમારે કોઈ જનાવરને છેડવાં નહીં, એટલે આપણ બંનેને ફાયદો થશે. કહયું છેઃ—

જે રાજા રસાયણની પેરે થોડું થોડું પરજા પાસેથી લેતો જાયછે તે સારી પુષટીને પામેછે. પરજાનું પાલન કરીને ભંડાર વધારવું. જેમ માલી ઝાડને પાલીને તેનાં ફુલ ફલ લે છે, અથવા ગઊનું પાલન કરીને જેમ દુધ લઈયે છીયે, તેમ રાજાએ પણ કરવું. પરજાનું પાલન કીધાથી કીરતી વધે, પણ પીડા કરયાથી અધરમ થાય ને તે રાજા રાજ ભ્રષ્ટ થાય.

જનાવરોનાં આવાં વચન સાંભલી સીંહે તે વાત કબુલ કરી અને દરરોજ એકેક જનાવર ખાઈ તે સુખે રેહેવા લાગ્યો. એક વખત એક "તીવર બુધી" એવે નામે સસલો જે ઘણો ચતુર હતો તેની વારી આવી. તેણે વીચાર્યું જે, કાંઈ ઉપાય કરી એ પાપીને મારી સઘલાં જાનવરોનો જીવ બચાવું તો મને ઘણું પુન્ય લાગશે." કહયું છેઃ—

વયાશ દેવજીએ અઢાર પુરાંણ કહયાં, તેનો સારાંશ એ કે, બીજાનું સારૂં કરવું એ જેવું બીજું પુન્ય નથી, ને બીજાનું માઠું કરવું એ જેવું બીજું પાપ નથી.

એવો વીચાર કરી તે સસલો સીંહનો જમવાનો વખત ચુકાવીને તેની પાસે ગયો. સીંહે રીશ ચઢાવીને તેને કહયું કે, એક તો તું નાનો અને બીજું તો તું મોડું કરીને આ-

ગ્યો, માટે હવે જો હું તને તરત મારૂં અને કાલે સઘલાં જનાવરોનો નાશ કરૂં, તો તેમાં મને કાંઈ પાપ લાગશે નહીં. સસલો પગે પડી બોલ્યો, "હે સ્વામી! ઉતાવલ કરશો માં, ધીરજથી મારૂં કહેવું સાંભલો. આજ તમારી સેવામાં આવતાં મોડું થયું તેમાં મારો વાંક નથી, અને સઘળાં જનાવરોનોબી વાંક નથી. હું નાનો પડયો માટે સઘલાં જણાવરોએ વીચાર કરી બીજા ચાર સસલા મારી સાથે મોકલ્યા. પણ હમે રસ્તામાં ચાલતા હતા તેવામાં દર માંહેથી એક સીંહ નીકલી આવ્યો, અને અમને પુછવા લાગ્યો કે તમે કયાં જાઓ છો. હમે ઊતર આપ્યો કે, હમે મંદમતી સીંહ મહારાજ પાસે જઈયે છીયે, ત્યારે તણે કહયું કે, આ વનનો રાજા તો હું છું. મંદમતી તો ચોર છે, અને જો તે રાજાજ હોય તો મારી પાસે આ ચાર સસલા મુકી તેને તું લઈ આવ; પછી એમાંથી જે જીતશે તે તમારો ભક્ષ કરશે. એમ બોલી તમને ગાલો દેવા મંડી ગયો." એ સાંભલી સીંહ બોલ્યો કે, તે ચોર કયાં છે તે દેખાડ, હું તેને મારીને મારૂં રાજ પાછું લઈ લઈશ. સસલો બોલ્યો, ત એ કહોછો તે ખરૂં પણ કીલામાંનો શત્રુ બલવંત કહેવાયછે.

કહયું છેઃ—

'હજાર હાથીએ અને લાખ ઘોડાએ જે નથી થતું તે એકલા એક કીલાએ થાયછે. કીલાના બુરજપર રહી એક માણસ સોને હેરાન કરેછે. દાઢ વગરનો સાંપ અને મદ વગરનો હાથી જેમ વશ થાયછે, તેમ કીલા વગરનો રાજા પણ.

સીંહ બોલ્યો કે, તે કીલા વાલો છે તોપણ મને દેખાડ કે જેટલાં સુધી એ વધ્યો નથી તેટલાં સુધીમાં મારી કાઢું. કહયું છેઃ—

શત્રુ, રોગ તથા દેવું એ વધે નહીં તેટલામાં જો નથી મારી કાઢતો તે મોટો બલવંત હોય તોપણ તેના હાથથી પછી માર્યો જાયછે.

સસલો બોલ્યો કે, એવું છે તોપણ તેનું બલ જાણ્યા વગર તેની સામા જવું તમને ઘટે નહીં. કહ્યું છે:-

શત્રુની શકતી ન જોતો જે ઉતાવલો થઇ તેના ઉપર જાયછે તે, પતંગ જેમ આગન પર નાશ પામેછે તેમ નાશ પામેછે.

સીંહ બોલ્યો કે, તું ઘણી વાતો ના કર, મને તે ચોર દેખાડ. તે સાંભલી સસલો બોલ્યો-સારૂ, ચાલો. પછી તે બંને જણા એક વાવડી પાસે આવ્યા. સસલો બોલ્યો કે, તમારા પ્રતાપ આગલ કોઇ ઊભો રહી શકે નહીં; માટે એ સીંહ કીલામાં ભરાઇ બેઠો હશે. પછી સસલો કુવાના કાંઠા ઉપર ગયો અને અંદર જોઇ સીંહને કહ્યું, આવો આવો આ તમારો શત્રુ ઉભો છે. સીંહે કુવામાં જોયું તો તેમાં પોતાનો પડછાયો દીઠો, અને તેને શત્રુ જાણ્યો. વલી તેણે પોતે શત્રુ એવો શબ્દ કહ્યો ત્યારે માંહેથી પણ તેવોજ અવાજ નીકલ્યો. સીંહે આંખ ફેરવી તો તેણે પણ ફેરવી. એ હાથ પગ અફાડે તેમ તે પણ અફાડે. આ જોઇ સીંહને રીશ ચહડી અને પોતાના તે શત્રુને મારવા કારણ તે કુવામાં પડ્યો, તેથી મરણ પામ્યો.

માટે હે કરટક ! જેને બુદ્ધી છે તેને બલ છે. જો કે સીંહ કેટલો અને સસલો કેટલો, પણ બુદ્ધીએ કરીને નાનાએ મોટાનો પ્રાણ લીધો.

કરટક-અંચીતો સસલો જીત પામ્યો માટે તે દાખલો લઇને એકાદો નબલા સબલા સાથે લાગે તો પો-

તાનો પ્રાણ મુકે; માટે મોટાઓની વાતમાં આપણ પડયે નહીં.

દમનક—એ તો તારાં હીચકારાપણાંની વાતો છે. જે આપણી સાથે જેમ ચાલે તેની સાથે આપણ પણ તેમ ચાલીયે. નબલાએ કે સબલાએ, પણ ઢીલું થઇને તદબીર મુકવી નહીં. કહયું છે:—

જે સદા યુકતી છોડતો નથી તેની કારજ સીધી થાય છે. ભાગય ઉપર ભાર તો મુરખ રાખે છે. યુકતી કીધી અને જો કામ ન બની આવે તો પછી આપણાં પર ઠપકો નહી. જેમ એક શાલવી એ મેહેનત કરી તો રાજ કનયા પામ્યો.

કુરટકુ—તે કેમ બનયું ?

દમનક—ભાઈ, સાંભલ.

યુકતીનું મહાબલ અને તેથી બનતાં સાહસ કરમો.

કથા ૧૨ મી—સાલવી અને રાજકન્યા.

ગોડ દેશમાં વીરાઠ નામે નગર હતું, ત્યાં એક શાલવી અને સુથાર વચે ભારે મીત્રાચારી હતી. એક વખત એક મોટું પરવ આવ્યું, ત્યારે માતાની જાત્રાએ બનેજણા ગયા. ત્યાં રાજા મકરધ્વજની દીકરી દરશન કરવા આવી હતી. તેને જોઈ શાલવીને કામજવર ઉતપન થયો. સુથારે તે જોઇને શાલવીને વારયો, પણ તેણે માન્યું નહીં. પછી સુથારે વીચારયું કે, એ વીકારથી મારો મીત્ર મરી જશે માટે કંઈ ઉપાય

કરૂં તો સારૂં. સુથાર ઘણો કસબી હતો, તેથી તેણે એક લાકડાંનો ગરૂડ નામનો પક્ષી બનાવ્યો, અને તેમાં એવી કલ કીધી કે, જે દાબયાથી આકાશ ઊપર ઉડીને જ્યાં જવું હોય ત્યાં જાય. તેમજ લાકડાંના બે હાથને શંખ, ચકર, ગદા, પદમ * પણ બનાવ્યા. પછી તે શાલવીને શ્રી વિષ્ણુનો વેશ આપી, ગરૂડપર બેસાડીને કલ દાબવા શીખવ્યું. આવી રીતે તે તેજ રાતે રાજકન્યાના મેહેલપર ગયો, અને ગરૂડને છાપરાંપર મુકીને બારીમાંથી રાજકન્યાના પલંગ પાસે આવ્યો. પછી તેને સુતેલી ઊઠાડીને તે બોલ્યો કે—એ રાજપુત્રી બીહીશ માં; હું વિષ્ણું છું, અને તારો ઊદ્ધાર કરવા માટે હું વઈકુંઠથી આવ્યો છું.

એવું સાંભળીરાજપુત્રીએ તેના તરફ જોયું તો સઘલો વિષ્ણુનો આકાર દીઠો, તેથી ઘણી ખુશી થઇ અને મનમાં વીચાર કરવા લાગી કે, મારાં મોટાં ભાગ્ય કે, મારે ઘરે આજ શ્રી ભગવાનજી આવ્યા. પછી પલંગ ઊપરથી નીચે ઉતરી હાથ જોડીને શાલવી આગલ ઉભી રહી. પછી શાલવીએ કહયું કે, ગયા ભવમાં તું મારી સ્ત્રી હતી, પણ તેં મારો અપરાધ કીધો હતો તેથી મેં તને શ્રાપ દઈ રાજકન્યા કીધી. પણ હમણાં.મને તારી દયા આવ્યાથી હું તને પાછો વરવા આવ્યો છું. શાલવીનું આ બોલવું સાચું માનીને રાજપુત્રી ખુશી થઈ, અને મનમાં કેહેવા લાગી કે, ભગવાનને છોડી હવે બીજા કોણ સાથ પરણે. પછી શાલવીએ લગ્ન કરી તે રાતેજ સંસારનાં સુખ ભોગવ્યાં. બીજે દહાડે સંહવારનાં પોહોરમાં શાલવી જવા નીકલ્યો ત્યારે રાજકન્યા બોલી કે, હે

* શંખ, ચકર, ગદા, પદમ—એ ચાર વસતુ વીષણુ પોતાના હાથમાં રાખેછે. એમાં ગદા તે સોટા અને પદમ તે કમલ ફુલ.

મહારાજ! મારી સાથે વીવાહ કરી હવે મને શા માટે છોડી જાવોછો ? શાલવીએ જવાબ આપ્યો કે, તું ચીંતા ન કર, હું તારી પાસે નિત્ય આવીશ; પણ તું કોઈ આગલ આ વાત કરતી ના, કેમકે લોક મને સુખે રેહેવા દેશે નહીં. તારા બાપ ઉપર જ્યારે કાંઈ સંકટ આવી પડશે ત્યારે હું દોડતો આવીશ. આટલું કહી, પેલો શાલવી ગરૂડપર બેસી ચાલતો થયો.

આ પ્રમાણે પેલો શાલવી રાજકન્યા પાસે દરરોજ જવા લાગ્યો. પછી પેલી રાજકન્યા ગરભવંતી થઇ અને તે વાત રખેવાલે જાણી, અને મનમાં વીચાર કરવા લાગો કે, કોઇ પુરૂષ અંદર જઇ તો શકે નહીં અને આ વાત કેમ બની. પછી તેણે રાજાને આ વાત જણાવી. રાજા ઘણો ચીંતાતુર થયો અને તેણે રાણીને સઘલી હકીકત કહી, તેથી રાણીએ જઇને જોયુ તો વાત તો બરોબર મલી. પછી રાણીએ દીકરીને કહયું, ત્યારે તેણે સરવ વાત વીસ્તારીને કહી. રાણી તે સાંભલીને ઘણી ખુશી થઇ અને રાજા આગલ સઘલી વાત કહી. રાજા બોલ્યો કે આપણી નજરે જોઇયે ત્યારે સાચું માનયે. પછી રાણીએ પોતાની પુત્રીને કહયું કે, કોઇ દહાડે અમને દરશણ કરાવ. પુત્રીએ કહયું કે, હું પુછીને જવાબ દઇશ. પછી રાત્રે શાલવી આવ્યો તેને રાજ કન્યાએ સરવ હકીકત કહી. શાલવીએ કહયું કે જાલીમાંથી સુખે દરશણ કરાવ. પછી રાજા રાણીએ તે પ્રમાણે કીધું, અને ઘણાં હરષ પામ્યાં કે, આપણાં મોટાં ભાગ્ય કે ભગવાન આપણા જમાઇ થયા. પેલો શાલવી તો આનંદથી ખાય પીએ ને રહે. એવામાં રાજા વીરે તે છોકરીની કીરતી સાંભલી અને તેને માંગવાને માણસ મોકલ્યાં. તેઓએ રાજા મકરધજને કહયું કે, તારી છોકરી આપ, નહીં તો લડવા ઉતર. તે સાંભલી રાજાએ

વીરનાં માણસને મારી કહાડયા. રાજા વીર આથી કોપાયમાન થયો, અને ચતુરંગી ફોજ (ઘોડા, રથ, પાયદલ) લઈ મકરધ્વજનું શેહેર ઘેરી લીધું. તેથી પ્રજા દુખ પામવા લાગી. રાજાએ જઈ છોકરીની પ્રારથના કીધી, તેથી છોકરીએ શાલવીને કહયું. શાલવી વીચાર કરવા લાગ્યો કે, છુટતાં સ્ત્રી જશે તોપણ મોત આવશે, ને જો લડાઈ કરવા જઈશ તો પણ મરી જઈશ, તેથી સારો રસતો એ કે, લડાઈ કરતાં મરણ પામીશ તો સ્વરગવાસી થઈશ. પછી તેણે રાજ કન્યાને કહયું કે, જઈને તારા બાપને કહે કે લશકર તયાર કરી લડવા માંડ; હું તને મદદ કરીશ. પછી સવારમા તે શાલવી ગરૂડપર ચહડયો, અને તેનાં અંગમાં શુરાતણ આવ્યું.

આ વખતે શ્રી વીષ્ણુને સઘલી વાત જાહેર થઈ. પછી વીષ્ણુએ વીચારયું કે મારયો તો એ જશે, અને લોકો તો એમ કેહેશે કે રાજા વીરે શ્રી વીષ્ણુને મારયો, અને તેથી મનુષ્ય માત્રમાં મને અપજશ મલશે. એવું વીચારીને વીષ્ણુએ પોતાના ગરૂડને કહયું કે, હે ગરૂડ! આજ તો શાલવીએ મનુષ્ય માત્રમાં આપણી લાજ ખોવાનો ઊપાય કરયો છે, માટે હવે શું કરયે? ગરૂડે કહયું કે, હે મહારાજ! તમારે એની ક્ષમા કરવી જોઈયે, જેથી કરી આપણો મોટાઈ રહે. પછી શ્રી વીષ્ણુએ પોતાનું તેજ શાલવીમાં મુકયું અને ગરૂડે લાકડાંના ગરૂડમાં મુકયું, તેથી પેલો શાલવી ખરેખરો વીષ્ણું બની રહયો. પછી શાલવીએ સંખ વજાડયો તેથી શત્રુનું લશકર બેસુધ થઈ પડયું, તેથી ઘેરો છોડો દીધો, અને ઘણાં માણસોનાં માથાં કપાઈ ગયાં, તેથી રાજા વીર નાસી ગયો અને શાલવી જય પામ્યો.

આ પછી દમનકે કરટકને કહયું કે, જો તું સલાહ આપશે તો બુદ્ધીનો ખેલ કરીને બંનેને કજ્યો કરાવીશ.

કરટક—એવું છે તો તું સુખે જા, અને તારા મનગમતું કર.

તે પ્રમાણે એક વખત શંજીવક પીંગલ આગલ નહી હતો તે વખતે દમનક તેની પાસે ગયો, અને તેને નમસ્કાર કરી તેની આગલ ઉભો રહયો. પીંગલે તેના સારા સમાચાર પુછયા, અને વલી પુછયું કે, ઘણે દહાડે કયાંથી આવ્યો ?

દમનક—સાહેબ, તમને અમારી ગરજ નથી, માટે આવતા નથી, પણ જ્યારે તમારૂં માઠું થતું જોઇયે છે ત્યારે જીવ બલેછે, અને તે તમુને કહયા વગર ચાલતું નથી, માટે હું આવ્યોછું. આપણે તો કહી છુટયે કે પછી અમારીપર દોષ ન રહે. હે સ્વામી ! મીઠું બોલનાર ઘણા મલેછે, પણ કડવું અને હીતકારી વચન બોલનાર મલવા કઠણ. આપણે જેનું સારૂં ઇછિયે તેનાં સારાંની વાત વગર પુછવે પણ કહીયે, પછી તેને તે મીઠી લાગો કે કડવી લાગો; સારી લાગો અથવા માઠી લાગો.

પીંગલ—એવું શું છે તે મને તુરત કહી દે.

દમનક—તમારો વાહાલો જે શંજીવક છે તે આજ મને એમ કેહેવા લાગયો કે, "દમનક, તું મારો મીત્ર છે, અને તુંને કાંઇ કેહેવામાં ફીકર નથી. હું પીંગલ પાસે આટલા દહાડા રહયો તેટલા વખતમાં મને તેની બુદ્ધીની અને શકતોની સઘલી ખબ્બર પડી છે. તે ઉપરથી હવે હું એમ ધારૂંછું કે એને મારીને હું રાજા થાઊં અને તુંને સઘલો અખત્યાર સોંપી પ્રધાન બનાવું.

મને પુછયું કે, કેમ આ વાત ઠીક છે? મેં કહયું કે ઠીક છે. માટે હવે તમે તમારૂં જોઇ લેવો.

આ વજર સરખી વાત સાંભળીને પીંગલ બેચેન થયો. તે જોઇ દમનકે કહયું કે,—"જે રાજા એકજ પ્રધાનપર સઘલાં રાજનો કારભાર સોંપે છે, તે પ્રધાન પછી મગરૂર થાય છે. ગરવથી તે રાજાનું વચન સેહેતો નથી, અને તેની સતા હેઠલ રેહેવા ચાહાતો નથી, અને રાજાનો નાશ કરી રાજની ઇછા કરેછે."

પીંગલ—હે દમનક! એ તું શું કહેછે? હું તેને મારા જીવ સરખો ચાહું છું તેથી તે મારી તરફ એવી ચાલ નહીં ચલાવશે. મારાં દીલમાં તેને માટે કાંઇ વાંકું આવતું નથી.

દમનક—આમાં તમારો વાંક નથી, પ્રીતનું લક્ષણ એવુંજ છે. કહયુંછે:—

> ઘણા રોગથી ભરેલું હોય એવું પણ પોતાનું શરીર પોતાંને વહાલુંજ લાગે છે. તેમ સારો. અથવા મોઠો પણ જે વાહાલો તે વાહાલોજ લાગશે.

પણ સ્વામી! આ શંજીવકથી તમને શું નફો થાયછે કે તમો તેપર આટલી બધી મમતા રાખો છો? એ તમારા દુશમનને મારી શકવાનો નહીં, એના હાથથી તમને મોટાઇ મલે છે એમ પણ નહીં, અને વલી એ મનનો ખોટો છે, માટે એવા નગુણાને પાસે રાખવાનું શું કામ? જે ભુંડો તે ભુંડોજ. કહયુંછે:—

ભુંડાની ગમે એટલી સેવા કરો, અંતે પોતાનો સ્વભાવ મુકે નહીં, જેમ કુતરાંની પુછડી વાંકીની વાંકી. ભુંડાપર ઉપકાર કીધા તે ફોકટ ગયા. મુરખ આગલ સુભાખીત કહ્યું તે ફોકટ ગયું, જે સાંભલનાર નહીં તેને હીતની વાતો કહી તે ફોકટ ગઈ.

પીંગલ—એ સઘલી ખરી વાત, પણ જે મોહોડેથી એકવાર આપણે જેનાં વખાણ કરયાં તેજ મોહોડે તેનું માઠું બોલયે નહીં. કહ્યુંછે:—

મોટા છે તે ભુંડાપર કોપતા નથી, જેમ શેરડી ચરકમાં નાખી હોય તોપણ કડવો રસ નહીં આપે. પેહેલાં કોઇ સાથે પ્રીતજ ન કરયે, અને કીધા તો નીત વધારતા જઈયે. આપણ જેને વધારીયે તેને આપણજ ઊતારીયે તેમાં આપણી મોટાઇ નહીં. જે આપણું સારૂં કરેછે તેની સાથે સારા ચાલયે તેમાં વધતું શું કરયું? પણ જે મોટા લોકો ભુડું કરનારને સારૂં કરેછે તે મોટા કહેવાયછે.

માટે, શંજીવક મારે સારૂં મનમાં ભુડું વીચારે છે તોપણ હું એનું સારૂંજ કરીશ.

દમનક—તમોએ સાચી વાત કહી, પણ તમે એની મીત્રાચારી કીધી તેથી તમારૂં સઘલું રાજ્ય ગયું, સરવે જનાવરો તમારાથી દુર ગયાં, કારણ કે તમારાથી તેઓનું પાલણ થતું નથી. માટે તમે રાંજા શાના? જેના હાથથી આટલો અવગુણ થયો તેને છોડવામાં સારૂં છે. કહ્યુંછે:—

પાણી તો એકજ પણ તે તપેલાં લોઢાંપર પડે તો ભશમ થાય, કમલના પાતરાંપર મોતી સરખું દીસે, શીપમાં પડયું તો મોતી થાય. પુરૂષને પણ તેમજ, જેવી સંગત લાગે તેવા થાયછે. માટે નીચનો સંગ છોડીયે ને જેનો આચાર સારી પેઠે નથી જાણ્યો તેટલાં સુધી તેની સંગત કરીયે નહીં. જેમ એક જુએ માકડનો સવભાવ ન જાણતાં તેની સંગત કરી તેથી મરણ પામી.

પીંગલ—તે કેમ બન્યું ?

દમનક—રાજા, સાંભલો.

લોભી અને અધીરાં માણસોથી તેને પોતાને તેમજ બીજાને થતા અવગુણ.

કથા ૧૩મી—જુ અને માકડ.

કોઇ એક રાજાનાં મંદીરમાં એક ઘણીજ સરસ શેજ હતી, તેની ઉપર મદગતી એવે નામે એક જુ રેહેતી હતી. તે અમરત સરખું રાજાનું લોહી પીતી, અને સુખેથી કાલ કાઢતી હતી. એક વખત દંદુક નામે કોઈ માકડ પવનથી ઉડી, તે શેજપર પડયો. તે સફેદ બરફ જેવી અને નરમ માખણ જેવી રાજાની શેજ જોઈ હરખ પામ્યો. તે શીજાપર અહીંતહીં ભમતો હતો, તેવામાં તેને પેલી જુ મલી. તે માકડને કેહેવા લાગી કે, એ મુરખ ! આ રાજાના મંદીરમાં તને આવવાનું શું કામ ? તું અહીંથી વેહેલો જા, નહીં તો મારયો જશે.

માકડ બોલ્યો, રે બાઈ તું ગરહસથ દેખાએછે. તું મને એમ ના કહે. કહ્યુંછે :—

પ્રજાને રાજા મોટો, છોકરાંને માબાપ મોટાં, બાયડીને માટી મોટો, ને સધલાંઓને પરોણો મોટો. ઘરબારીનો આ ધરમ છે કે, કોઈ હલકો માણસ પણ આપણે ઘેર પરોણો આવ્યો તો તેનું આદરમાન આ રીતે બોલીને કરવું: આવો, બેસો, ઘણે દહાડે તમને દીઠા, તમે એમ કુશલ તો છો, ઘણા નબલા. દીસોછો, આજ આનંદનો દીવસ જે તમે મલયા.

માટે હું તારો પરોણો અને આશા ભરેલો આવેલોછું.

જુ બોલી, તું શું ચાહેછે ? માકડ કહે, આજ સુધી ઘણી જાતનાં માણસોનું લોહી મેં પીધું પણ તેમાં કાંઇ મીઠાશ લાગી નહીં. રાજા મીઠાં મીઠાં પકવાન રોજ ખાયછે માટે એનું લોહી અમરત સરખું હશે માટે. તેટલું મને ચ-ખાડ. કહ્યુંછે:—

સારૂં ખાવું એ કરતાં મરત્યુલોકમાં બીજું મોટું કંઇ સુખ નથી. ખાવાને માટે સધલાંઓ મેહેનત કરેછે. પેટ જો ન હોય તો કોઈનો કોઈ ચાકર થાય નહીં. કોઈનું કોઇ સાંભલે નહીં. ચાકરી કરવી, ખોટું બોલવું, નીચની સંગત કરવી, પરદેશ ભોગવવો, એ સધલું એકલાં પેટને કાજે.

જુ બોલી—રાજાને સારીપેઠે ઊંઘ આવેછે ત્યારે હું તેનું લોહી પીઊંછું; જો તું ઉતાવલો નહી થાય અને મારી સાથે ભોજન કરે તો મારે ત્યાં રેહે. માકડ કહે, બહુ સારૂં.

આવી રીતે બંને જણાં વાતો કરેછે તેવામાં રાજા સુવા આવ્યો. પણ પેલા માકડને ધીરજ રહી નહીં તેથી, રાજા ઉંઘાયો નહીં તેટલાં તેને ચટકો મારયો. જુએ તેને ઘણો વારયો, પણ તેણે તેનું માન્યું નહીં. કહ્યુંછેઃ—

જેનો જે સ્વભાવ તે તે મુકે નહીં, પાણી તપાવયું તોપણ તેઠંડું થાયછે.

માકડનો ચટકો રાજાના કોમલ શરીરને લાગતાંજ તે બીછાનાંપરથી ઉઠયો અને પોતાના સેવકોને કહ્યું કે, મને કાંઇ ચટકો લાગ્યો, માટે એ શુંછે તે દીવો લઇને જુવો. સેવકો દીવો લાવે તેટલાં માકડ નાસીને પલંગની ફાટમાં ભરાઇ ગયો, પણ જુથી દોડાયું નહીં તેથી તેઓએ તેને તરત મારી નાખી.

માટે હે રાજા! શંજીવકને મારી નાખશો તોજ સારૂં, નહીં તો તમો મરણ પામશો. બીજું જે પોતાના હોય તેને દુર કરે અને પારકાઓને પાસે રાખે તે જેમ ખશદરૂમ રાજા નામનો શીઆલ નાશ પામ્યો તેમ નાસ પામેછે. સીંહે પુછયું કે તે કેવી રીતે. દમનકે કહયું, સાંભલો.

પોતાના અતલગનાંઓને દૂર કરી પારકાંઓ સાથજ વેહવાર રાખવાના અવગુણ.

કથા ૧૪મી—ખશદરૂમ શીઆલ.

એક વનમાં ચંડરવ એવે નામે શીયાલ હતો, તે એક વેલા ભુખે ભમતો ભમતો નગરમાં ગયો, જયાં તેની પાછલ

કુતરાઓ લાગયાથી ભય પામીને એક રંગારાના ઘરમાં ગયો. તે રંગારાના ઘરમાં ગલીનાં રંગનું એક વાસણ દાટેલું હતું તેમાં પડયો અને તેમાંથી નીકલી વનમાં ગયો પણ તેનાં અંગનો રંગ ગયો નહીં. કહયુંછે :-

મુરખ બાયડી, વાનર, માછલાં, ગલી અને દારૂ પીધેલું માણસ એ એકવાર જે લીયે તેને છોડતાં નથી.

આ શીયાલને જોઈ સીંહ અને સરવે જનાવરો બીહીવા લાગ્યાં અને માહોમાહે વીચાર કરવા લાગ્યાં કે આ નવું જનાવર કોણ છે, એને ઓલખ્યા વના આપણે એની સંગત કરવી ન ઘટે. કહયુંછે :-

આચાર, વીદયા, કુલ અને પ્રાકરમ જાણયે નહીં ત્યાં સુધી કોઈપર વીશવાસ રાખયે નહીં.

આવી રીતે જનાવરોને ભય પામતાં જોઇ શીયાલે તેઓને હાંક મારીને કહયું કે, મારૂં નામ રાજા ખશદરૂમ છે. મને બ્રહ્મદેવે હમણાંજ તમો ઉપર રાજય કરવાને મોકલયોછે. તમોને મારે હાથે સારૂં થશે. જનાવરો, આ સાચું માની તેની આગ્નામાં રહયાં. પછી તે શીઆલે સીંહને પ્રધાન બનાવ્યો, વાઘને લશકરનો સરદાર, હાથીને ચોપદાર, અને વાનરને છતરધાર બનાવ્યો. એ પરમાણે સઉને અધીકાર આપયો, પણ પોતાની જાતનાને ધકા મારીને કહાડી મુકયા. સીંહ, વાઘ, અને બીજાં જનાવરો જે જે જીવ મારી લાવે તે શીયાલ આગલ મુકે, એટલે તે સઘલાંને વેંહેંચી આપે. આ રીતે રાજય કરવામાં શીયાલે ઘણા દીવસ આનંદમાં કાઢયા. એક દહાડે રાતે બરફ જેવું ચાંદરનું પડેલું હતું તે વખતે પોતાનાં લશકર સાથે શીયાલ રાજા બાહાર

ફરવા નીકલ્યા, એટલામાં પોતાની જાતનું ટોલું આસપાસ ઉભેલું હતું તે ભુંકવા લાગ્યું. તે સાંભલી શીયાલને આનંદ થયો તેથી પોતે પણ ભુકવા લાગ્યો. તે કાને પડતાં વાર સીંહે કહ્યું કે, આ તો શીયાલ છે. એમ કહીને તેને મારી નાખ્યો.

માટે હે રાજા! હું તમને કહું છું કે, તમે પોતાનાને દુર કીધા અને પારકાને પાસે લાવ્યા તેમાં તમારૂં સારૂં નહીં થશે.

સીંહ—તે મને મારવા માગેછે એમ હું ખાતરીથી કેવી રીતે માનું ?

દમનક—કાલે તમુને મારવા, એવો તેણે નીશ્ચય કીધોછે; માટે સવારે આવશે ત્યારે તમારી ઉપર રાતી આંખ કરીને જોશે, શીંગડાં તઈયાર રાખશે અને કાન ચઢાવશે, તે જોઇ તમારે જે કરવું ઘટે તે કરવું.

આટલું કહી દમનક રાજા પાસે આજ્ઞા માંગી ચાલ્યો. ત્યાર પછી તે શંજીવક પાસે ગયો. તેને જોઇ શંજીવકે બેસવાનું આપયું અને બોલ્યો, કેમ ભાઇ, આવ્યો છે ? તને કુશલ તો છે ? કાંઈ તને જોઇતું હોય તે માગ, જે નહીં આપવા જેવું હશે તે પણ આપીશ. કહ્યું છે:—

આ જગતમાં તેજ પુરૂષને ધન કહીયે, તેનેજ ડાહયો કહીયે અને તેનેજ કીરતીવાન કહીયે, કે જેને ઘેર ચાર ઇષ્ટમીત્ર આવીને પોતાનાં કામ કરી જાયછે.

દમનક—ચાકર માણસનું ક્ષેમ કુશલ શું પુછો છો ? કહયુંછે:-

જે રાજાના સેવક, જેની પોતાની દોલતપર સતા નહીં, તેનું મન થીર નહીં, તેને પોતાના જીવનો પણ ભરોસો નહીં. જુવો જુવો, ચાકર કેવા મુરખ કે શરીર સરખી વસ્તુ તે પણ પઈસાને સારૂં બીજાને સ્વાધીન રાખેછે. પેહલાં એ જગતમાં જનમવું એજ ભુંડું, દલદરી થવું એ તેથી ભુંડું, તેમાં પણ સેવા કરીને પેટ ભરવું એ સહુથી ખોટું. આ પાંચ જણ જીવતા મુવા કહયા છે: દલદરી, રોગી, મુરખ, પરદેશી, ને સદા ચાકરી કરનાર. સેવક જો કદાચ મરજાદાથી વધતું બોલે નહીં તો તેને મુંગો કહેછે, વધતું બોલે તો બડબડીયો, જો સેહે તો બીહીકણો, નહી સેહે તો ભુંડો, પાસે આવે તો બેઅદબ, દુર રહે તો ડાયેલ કહેછે. માટે સેવા સરખુ બીજું કાંઈ કઠણ નહી.

શંજીવક—દમનક! તારે જે કેહેવું હોય તે સુખેથી કહે.

દમનક—હું શું કહું, પ્રધાનને મસલત ફોડવી નહીં ઘટે. કહયુંછે:-

જે પ્રધાન વીશ્વાસઘાત કરી રાજાની મસલત ફોડે છે, તે રાજકાજ બગાડીને પોતે નરક જાય છે. જે પ્રધાને મસલત ફોડી તેણે વગર હથીયારે રાજાની ગરદન તોડી એમ જાણવું.

પણ તું મારો પ્રાણ મીત્ર, મારા વીશ્વાસપર હીંયાં આવ્યો માટે, તને કહુંછું. કહયુંછે:-

જેનાં વીશવાસપર જે મુઓ તે પાપ, વીશ વાસ દેનારને લાગેછે.

માટે કહુંછું કે, પીંગલ તુને કાલે મારનાર છે, એમ તે પોતે મારો આગલ બોલ્યો. ત્યારે મેં તેને કહ્યું કે, સ્વામી ! આમ કરવું તમને ન ઘટે. કહ્યુંછે:—

મોહું પુન કરયાથી કદાચ બરહમ હતયાના પાપથી છુટે, પણ જે મીત્રનો ઘાત કરેછે તે કદાપી છુટે નહી.

આવો રીતે હું બોલ્યો ત્યારે રાજા રીસે ભરાયો અને બોલ્યો કે, તે મારો મીત્ર શાનો. હું માસ ખાનાર, તે ઘાસ ખાનાર. તેને અને મારે મુલથીજ વેર છે, માટે તેને મારવો એમ મેં નીશ્ચય કીધોછે. માટે હે શંજીવક, હવે તમે તમારૂં સુઝતું કરો. દમનકના આ શબ્દો ખરાં માની શંજીવક બેશુધ થઈ ભોંયપર પડ્યો. દમનકે તેને સાવધ કરીને કહ્યું કે, જે બન્યું તે તો બન્યું, હવે બીહીને શું કરો છો ? શંજીવક ઊદાસ થઇને બોલ્યો, "ભાઇ, વનમાં રહયે, ભીખ માંગયે, અથવા મજુરી કરીને પેટ ભરયે, એ ભલું, પણ રાજાનો અધીકાર કરીને ધન દોલત મેલવવાની આશા રાખયે નહીં." હું રાજાનો માનીતો છું એમ જે સમજે છે, તેને વગર શીંગડાંનો બેલ જાણવો. માટે એની સાથે દોસ્તી કરી એ મેં ઠીક કરયું નહીં. કહ્યુંછે :—

હરણ સંગાતે હરણે પરીત કરવી, બેલે બેલ સાથે, મુરખે મુરખ સાથે અને ડાહયાએ ડાહયા

સાથે પરીત કરવી. જે બેનાં સંપત, કુલ, તથા ગ્નાન બરાબર તે બંનેને મીત્રાઈ અથવા સગાઈ કહીછે.

હવે આવે વખતે શું કરૂં ? તેનો જો તાબેદાર થાઊં તોપણ તેનું મન નહીં માનશે. કહયુંછે:–

જેના કરોધને કંઇ કારણ હોય તેને પરસન કરી શકીયે, પણ જે વગર કારણે કોપે છે તેને કેમ સંતોખીયે ?

સીંહ રૂઠયો છે તેનું કારણ મેં જાણયું. તે મારા પર ઘણું હેત રાખે છે, તે પાસેવાલાઓથી ખમાંતું નથી, માટે તેઓએ ઉલટું સુલટું સમજાવીને તેને મારી પર કોપાવ્યો.

દમનક–તો તેમાં શું છે ? જો તું તેને સમજાવશે તો તે સમજી જશે ?

શંજીવક–જે એકવાર ચુગલી સાંભલવા લાગ્યો તે, વલી બીજું શું સાંભલશે ? કાંકે "રાજા કાંઈ પોતે જોવા જતા નથી, ચાકરોની આંખથી જુવે છે, ને ઘણું કરીને ચાકર માણસ એક બીજાની અદેખાઇથી રાજાને સાચી વાત કેહેતા નથી. માટે ભાઇ, રાજા પાસે ભુંડાઓની અછત નથી પડતી, જે ભુંડા છે તે બાહેરથી સાધુ સરખો આચાર દેખાડેછે, માટે ઓલખાતો નથી," કહયું છે :–

જે ભુંડો છે તે પણ નમસ્કાર કરેછે, આવ્યો તેને જોઇ ઊભો રહે, પુગાડવા જાય, પરીત દેખાડે, હેતથી હઇયાં સાથે હઇયું લગાડે, મીઠું

બોલે, વખાણ કરે, ને એટલું કરીને પણ અંતે પોતાનું કરમ કરવા ચુકે નહીં.

જેમ ઘણાં ભુંડાં મલીને કપટ કીધું ને એક બોચારાં ઊંટનો પ્રાણ લીધો. દમનક પુછેછે તે કેમ થયું? શંજીવક કહે—ભાઇ સાંભલ.

ભુડાં માણસોથી થતાં કાવત્રાં અને તેથી નીરદોષોનો નીકલતો ઘાણ.

કથા ૧૫ મી—ઊંટ જેને ભુંડાઓએ મરાવ્યો.

કોઇ વનમાં કરાલક એવે નામે સીંહ રહેતો હતો, તેના ત્રણ પ્રધાન હતા, એક વાઘ, બીજો શીયાલ અને ત્રીજો કાગડો. આ ત્રણ પરધાનો સાથે એક દીવસ સીંહ વનમાં ફરતો હતો, તેવામાં ત્યાં તેણે એક ઊંટ જોયું. ઊંટ સલામ કરતું સીંહ પાસે આવ્યું. સીંહે પુછયું તું કોણ છે? ઊંટ બોલ્યું—"માહારાજ, હું તમારો તાબેદાર છું, મારી હકીકત સાંભલો." મારો ધણી ધનશેઠ એવે નામે વેપારી છે. તેણે મારા સુધાં ચાલીસ ઊંટો પર માલ લાદયો અને ભાગાનગરથી હમને મણીપુર લઇ જતો હતો. મારાપર ભાર ઘણો થયો તેથી હું દબાઇ ગયો હતો, અને આ વન આગલ આવ્યો એટલે તો મારામાં ચાલવાની શકતી નહીં રહી માટે બેસી ગયો. મારા શેઠે મને ઘણી પ્રકારે ઊઠાડવાનું કીધું, પણ હું થાકયો તેથી મારાથી ઊઠાયું નહીં, તેથી મારાપરથી માલ ઉતારી મને મુકીને જતો રહયો. ચાર દીવસ સુધી હું તે ઠેકાણે બેસી રહયો હતો, પણ પછી આપ માહારાજનાં

વનનો પવન લાગતાં મને ચેત આવ્યું, તેથી ઊઠીને હું તમારા દરશન કરવા આવ્યો. મારૂં નામ ચીકટ છે." આ સાંભલી સીંહને દયા ઉપજી, અને તેને કહયું કે, આજથી તું ભાર ના ઉઠાવ, મારી પાસે સુખે રહે, હું તારૂં પાલણ કરીશ તે વેલાએ કાગડો સીંહનાં કાનમાં બોલયો, કે સ્વામી, તમે એ શું કરોછો ? આપણો શત્રુ વગર મેહેનતે આપણી પાસે ચાલી આવ્યો, તયારે એને મારીને ભોજન કરયે. સીંહ બોલયો. હું એને મારૂં નહી. કહયુંછે:—

શત્રુ છે, પણ આપણા પર વીશવાસ રાખી આપણે ઘર આવ્યો; તેને મારીયે તો સો બરહમ હત્યાનું પાપ લાગે છે.

પછી ઊંટ સીંહ પાસે સુખેથી રહયો. એક દહાડે સીંહને હાથી સાથે લડતાં હાથીના દાંત લાગ્યા તેથી જખમી થયો અને તેનાથી ઉઠી શકાયું નહીં, ત્યારે પ્રધાનોને કહયું કે, કોઇ જનાવર મારી લાવો, કે ભોજન કરયે. સઘલા પ્રધાનો તથા ઊંટ જંગલમાં સઘલે શીકાર શોધવા ફરયા, પણ કાંઈ મલયું નહીં. એ વેલા ઊંટને એક ઠેકાણે રાખીને શીયાલે બીજા બે પ્રધાનોને કહયું કે, આપણે અમથા શું કરવા રખડયે, ઊંટનેજ મારી આજનો દાહડો કાઢયે તો કેવું ? તેવામાં કાગડાએ કહયું કે. એ શું બોલો છો ? સીંહે તેને અભય વચન આપયું છે, તો તેને કેમ મારી શકાય ? ત્યારે શીયાલે યુકતી દેખાડીને કહયું કે, હું સીંહ પાસે જઈ સો ઠીક કરી આવું છું.

પછી શીયાલ સીંહ પાસે ગયો, અને તેને કહયું કે, માહારાજ હમે રખડો રખડી થાકા, પણ કાંઈ મલયું નહીં. આપણી પાસે ઊંટ છે, તે સારી પેઠે બનેલો છે, માટે જો

આગ્ના કરો તો તેને મારી આજનો દીવસ કાહડીએ. સીંહ રીસથી બોલ્યો, હે પાપી! મેં જેને અભય વચન આપ્યું તેનું મારી નાખી મારા પર ઇશ્વરી કોપ ઊતરે એવું તું ઇછે છે, શું? કહ્યું છે:-

ગાયદાન, ભુમીદાન, અંનદાન, એ સઘલાં દાન અભયદાનની બરાબરી કરે નહી.

શીયાલ બોલ્યો કે, સ્વામી, તમો કહો છો તે ખરૂં, પણ જો તે પોતે કેહે કે, મને મારો, તો પછી મારશો કે નહી? સ્વામીએ દુખમાં ભોજન લેવું જોઇયે. ચાકર થઇને સ્વામીના જીવને કામ ન આવીયે તો બચીને શું કરવું છે? સ્વામીના જીવને કાંઇ થયું તો પછી તો અમને મરવું પડશેજ, માટે હવે તમારી સેવામાંજ પ્રાણ કાં નહી મુકયે? કહ્યું છે:-

કુલમાં જે મોટો છે, તેને સઘલાંએ મલીને રાખવો ઘટે છે, કાંકે તેનો નાશ થશે તો સઘલાંઓનો નાશ થશે. જેમ ચાકનો નાભી તુટી, તો પછી આરા નથી ચાલતા.

એ સાંભલી સીંહ બોલ્યો તેમ હોય તો, તને જેમ સારૂં લગે તેમ કર. પછી શીયાલ પાછો વાઘ અને કાગડા પાસે આવ્યો અને ઊંટને પોતાની પાસે તેડીને કેહેવા લાગો, અરે ચાલો ચાલો, હવે કાંઇ જનાવર શોધીને લઇ જવું જોઇયે. ભુખથી સીંહ ગભરાયો છે, માટે આપણામાંથી એક જણાનો પ્રાણ આપીને તેને બચાવશું નહી, તો તે તરત મરી જશે, પછી આપણે સેવક શા કામના? કહ્યું છે:-

પોતાનો જીવ આપયાથી રાજા બચે છે અથવા રાજાનું કલ્યાણ થાય છે, એવે સમે જે સેવક જીવ નથી આપતો તે નરકે જાય છે.

આમ શીયાલના વચન સાંભળી સરવે દુખી થયાં અને સીંહ પાસે ગયાં. તેઓને સીંહે પુછ્યું કે, કાંઇ લઇ આવ્યા? કાગડાએ કહ્યું કે–સ્વામી, હમે ઘણા ફરયા પણ કાંઇ મલ્યું નહીં, માટે મને મારો કે સ્વામીનાં કામમાં આવું અને સવરગે જાઊં. કહ્યુંછે :–

જે સેવક સ્વામીનાં કામપર પરાણ મુકે છે તે મુઆ પછી સ્વરગે જાય છે, કે જે ઠેકાણે ઘરડા પણું નહી, રોગ અથવા મરણ કાંઈ નહી.

તે કાગડાનાં વચન સાંભળી શીયાલ બોલયો કે, કાગડા, તારૂં શરીર નાહાનું તે ખાઇને સીંહ રાજાનું પેટ નહી ભરાશે. કહ્યુંછે :–

કાગડાનું માસ અપવીત્ર, તેથી વલી કુતરાનું એંઠુ, તે પણ થોડું ને મલવું કઠણ. એવું મેલવીને જો ખાધું તો, પેટ ભર ન થાય ને પાપ માત્ર લાગે.

માટે, કાગડા, તું વેગલો થા. પછી શીઆલ સીંહને નમીને બોલ્યો, સ્વામી મને મારો. કહ્યું છે:–

સ્વામીનાં સંકટ સમે પોતાના પ્રાણને ધન જે ચાકર તેને આપે છે તે સ્વરગમાં અખઈ વાસ કરેછે.

તે સાંભળી વાઘે શીયાલને કહ્યું, તું દુર થા, તેં પોતે અસીલાઇ દેખાડી એટલામાંજ તને તો સ્વરગ મલશે. પછી પોતે સીંહને કહ્યું કે, સ્વામી! શીયાલનું માંસ ખાવા જોગ નથી, અને એ નાનો પણ છે, માટે મને ખાઓ. કહ્યું છે:–

જે સેવક સ્વામીનાં કારજ ઉપર ખુશીથી મરણ પામે તે સ્વરગ લોકમાં વાસ કરેછે, અને તેની કીરતી પરથવી પર અખઇ થાયછે.

વાઘનાં આવાં વચન સાંભળી ઊંટે વીચાર કરયો કે, એ સઘલાંએ સારી સારી વાતો કરી તેથી સીંહે કોઇને મારયું નહીં, તેમ મને પણ નહીં મારશે. તેથી પોતે વાઘને દુર કરી કહ્યું કે, હું સ્વામીને કાંઇ અરજ કરૂં છું. પછી સીંહને કહ્યું-માહારાજ! વાઘ અને તમો એક જાતના છો. કહ્યું છે:-

જે કોઇ આપણા જાતનું માઠું કરવા ચાહે છે, તે આ લોકમાં અને પરલોકમાં પણ દુખી થાયછે.

માટે હે સ્વામી, મને મારો: કહ્યું છે:-

જે ગતી જગન કરયાથી જોગીને પ્રાપ્ત ન થાય, તે ગતી સ્વામી કાજે મુવો તેને પ્રાપ્ત થાયછે.

ઊંટનાં મોહોમાથી જેવા એ બોલો નીકલયા, તેવાજ વાઘ અને શીયાલે વગર પુછવે તેનું પેટ ફાડયું, અને કાગડાએ તેની આંખ ફોડીને મારી નાખ્યો, અને સીંહે તેને ખાધો:

માટે હે દમનક! રાજા પીંગલ પાસે પણ એવા ભુંડા છે, તે કોઇ દહાડે મારો ઘાત કરશે. જે રાજા સારો છે, પણ તેની પાસેના લોક સારાં નથી તેની પાસે નહી રહયે, ને જે રાજા ભુંડો છે, પણ તેની પાસેના સારા છે, તો તેની પાસે રહયે તો અવગુણ ન થાય; પણ જયાં ચુગલી કરનારા છે ત્યાં નહીંજ રહયે. કહયું છે:-

ચુગલી કરનાર છે તે સાંપથી પણ ભુંડો, કાંકે સાંપ તો જે અડકનાર અથવા મારનાર તેનેજ દંખ કરેછે; પણ ચુગલી કરનાર તે કાંઇ જોતો નથી, તેનો સ્વભાવજ કે બીજાનું ભુંડું કરવું.

માટે હું તુને મારો મીત્ર જાણી પુછુંછું કે, હું લડાઇ કરૂ કે, દેશ ત્યાગ કરૂં. દમનકે જવાબ આપ્યો કે, લડાઇ કરવી એ મને સારૂં દીસેછે. કહયુંછે :—

આપણો ગુરૂ છે, પણ જો અકરમ કરવા લાગો ને સાંભલતો નથી તો તેને શીક્ષા કરીયે.

જો તું દેશાંતરે જઇશ તો ત્યાં પણ સુખ નહીં પામીશ. કહયુંછે:—

મોટા સાથે વેર પડયું હોય તો, તે દેશાંતરે પણ નડેછે. માટે લડાઈ કરવી એજ સારૂં. લડાઈ કરતાં જે મુવા તે સવરગ જાયછે, બચયા તેની કીરતી વધે છે, માટે શુરાઓને બેહુ વાતમાં ટોટો ન થાય. તપસા કરનારાને અથવા દાન કરનારાને જેવા લોકોની પરાપતી થાયછે, તેના કરતાંબી જુધમાં મુવો તેને ઊંચા લોકની પરાપતી થાયછે.

શંજીવકે કહયું કે, ભાઇ તું સઘલું સાચું કહેછે, પણ જે લડાઇ કરવા નીકલે છે તે એવો ઉમેદ રાખેછે કે, હું પેહેલાં શત્રુને મારીશ; તેવો ઉમેદ હું શી રીતે રાખું ? હું બલદ છું અને તે સીંહ છે. હું તેને મારી શકું એ સ્વપનામાં પણ નહીં બને. માટે હું લડાઈ કેમ કરૂં ?

દમનક—તું એમ ના કહે; જે માણસ જોરાવર હોયછે અને જે પોતાની ખંદાઇથી નબલાને નડેછે, તેની સામે જો નબલો હીમત પકડી લડવા ઉભો રહે, તો તેને

ઇશ્વર સહાય થાયછે, અને તેને જય આપેછે. જેમ એક ટીટોડાયે * સમુદ્ર જીત્યો હતો.

સંજીવક—તે કેમ થયું ?

દમનક—ભાઇ, સાંભલ.

નબલાઓએ હીંમત રાખયાથી તેમની અધડીનું દૂર થવું.

કથા ૧૬ મી—ટીટોડો અને સમુદ્ર.

એક સમુદ્રને કાંઠે ટીટોડાનું જોડું રેહેતું હતું. એક સમયે ટીટીડીને ગરભ રહયો, તેથી ટીટોડાને કહયું કે, સ્વામી, મારા જણવાના દીવસ પાસે આવ્યા, માટે કાંઇ સારૂં ઠેકાણું આગલથી જોઇ રાખો તો સારૂં. ટીટોડો બોલયો કે, તું આ સમુદ્રને કીનારે ઈંડાં મેલ. ટીટોડીએ કહયું પુનમને દહાડે પાણી ચઢશે ત્યારે સમુદ્ર ઈંડાં ધસડી જશે. ટીડોડાએ જવાબ આપ્યો, સમુદ્રની શું તાકાત છે કે મારાં બચ્ચાંને તે લઇ જશે ? માટે તું ઈંડાં હીંયાંજ મેલ. કહયુંછેઃ—

જે નર બીજાની બીકથી પોતીકું ઠેકાણું મુકી જાયછે તે નરની માતાને જો પુત્રવંતી કહીયે તો વાજણી કોણને કહીયે ?

માટે કંઇ ચીંતા નથી, સમુદ્ર શું કરનાર છે ? આ સાંભલી સમુદ્ર મનમાં અચરત પામ્યો અને કહેવા લાગ્યો કે, આ ટીંચકાં જેટલો પંખી મનમાં શું ગરવ રાખેછે ? કહયુંછેઃ—

---

* ટીટોડો, એ એક જાતનું પક્ષી છે, જેને પટલા લાંબા પગ હોયછે, અને પીઠે કાલું તથા પેટ ધોલું છે.

સુતી વેલાએ ટીટોડ પંખી પગ ઊપર રાખેછે, કે જો આકાશ તુટી પડયું તો પગે કરી જાહાલીશ. માટે પોતપોતીકે ઠેકાણે પોતાને મોટો કોણ કરતો નથી ?

માટે હું ગમતને માટે એનાં ઇંડાં લેઊં અને પછી જોઊં એ શું કરેછે ? કેટલાક દીવસ ગયા કેડે ટીટોડીએ ઇંડા મેલ્યાં, તે પુનમને દીવસે સમુદ્ર ઘસડી લઇ ગયો. ટીટોડીએ ટીટોડાને કહયું, હે મુરખ ! મેં તને આગલથી કહયું હતું, પણ તું મગરૂર રહયો ને મારૂં કેહેવું સાંભલયું નહીં, માટે રડ હવે તારાં કરમને. કહયુંછેઃ—

જે આપણુ સારૂં ઇછેછે તેનું વચન સાંભલીયે નહીં, તો લાકડીથી છુટો કાચબો જેમ નાશ પામ્યો તેમ નાશ પામીયે.

ટીટોડાએ પુછયું તે કેમ થયું ? ટીટોડી કહેછે સાંભલ.

મીત્રોની સલાહથી ઊલટા ચાલવાના અવગુણ.

કથા ૧૭ મી—લાકડીથી છુટેલો કાચબો.

એક તલાવમાં કંબુગરીવ નામે કાચબો હતો, તેના બે હંસ મીત્ર હતા. એકનું નામ શંકટ અને બીજાનું નામ વીકટ હતું. તેઓ દરરોજ તલાવને કાંઠે આવી કાચબા જોડે સુખદુઃખની વાત કરતા હતા. એક વરસ તે દેશમાં વરસાદ આવ્યો નહી, એટલે સઘલાં તલાવો સુકાઇ ગયાં. તે વખતે કાચબો હંસોને કેહેવા લાગ્યો કે, મીત્રો, પાણીવીના હું મરી જાઊંછું, હવે કેમ કરૂં ? તેઓ બોલ્યા, તું ધીરજ ના મુક. કહયુંછેઃ—

મોટા ઘાતની વેલાએ પણ ધીરજ નથી મુકતો તેને ઉપાય સુજેછે. બીજું, પોતાના મીત્રનાં કષટ સમે જે કામે નહીં આવતો તે મીત્ર શા કામનો ?

માટે તું કાંઈ ચીંતા મા કર, હમે કાંઇ ઊપાય શોધી કહાડયે છીયે. પછી તે હંસોએ એક લાકડી લાવીને કાચબાને કહયું કે, તું આ લાકડીને મોંઢે કરીને મજબુત પકડ અને બે છેડા હમે બે જણાં હમારા વાંસા ઉપર મુકીને તને લઈ ઉડી જઇયે ને જયાં પાણી હોય ત્યાં મુકીયે. પણ જો મારગમાં મોહું ઊંઘાડીશ નહીં. કાચબાએ હા કહી, તેથી હંસો તેને લઈ ઊડી ચાલ્યાં. મારગમાં એક શેહેરનાં લોક ભેગાં થયાં હતાં, અને તેઓ આંગલી કરીને એક બીજાને દેખાડતાં હતાં કે, જુઓ જુઓ, એક લાકડીને બે પંખી વલગ્યાં છે ને વચમાં કાંઇ ચકર સરખું લાગેછે. લોકોનું ટોલું જોઇ કાચબાને ધીરજ રહી નહીં તેથી પેલા લોકો શા માટે ભેગા થયાછે તે હંસને પુછવા ગયો; એટલામાં લાકડીથી મોહોડું છુટી ગયું ને તે હેઠલ પડયો. તેને લોકોએ તરત મારી નાખ્યો. એવી કથા કહીને ટીટોડી ટીટોડાને કહેછે—રે ભરતાર! તું પાકો મુરખ. એમ મારી ખાતરી થઇછે. એક અદભગીશ નામે માછલો પણ એવોજ હતો. ટીટોડાએ પુછયું, તેની શી વાત છે ? ટીટોડીએ કહયું, પયારા સાંભલ.

ભયની સામે ઊપાય ન કરતાં નસીબને આધારે પડી રેહેવાના ગેરફાયદા.

કથા ૧૮ મી—અદભવીશ માછલો.

એક નદીનાં ડોહમાં * ત્રણ મોટાં માછલાં હતાં. તેમાં એકનું નામ અનાગત વીધાતા, એટલે જે આગલથીજ ઊપાય કરે; બીજાનું ઊતપનમતી, એટલેજે આંગપર આવી પડે તે વખતે ઉપાય કરે અને ત્રીજાનું નામ અદભવીશ એટલે કાંઇ ઉપાય કરે નહીં. અને એવું કહે કે જે થવાનું હોય તે થાય. એક વખતે તે ડોહને રસ્તે થઇ માછીઓ જતા હતા તેઓ એવું બોલતા હતા કે, અહીંઆં માછલાં ઘણાં છે, માટે કાલે આવીને પકડી લઈ જઇયે. જયારે માછીઓનાં એવાં વચન માછલાંઓએ સાંભલયાં ત્યારે અનાગત વીધાતા કેહેવા લાગ્યો કે, આજ રાત્રેજ આપણે બીજી જગ્યામાં જઇયે તો સારૂં. કહયુંછે:—

> શત્રુ એટલો સબલો છે કે તેને પુરૂં ન પડાવ તો નાહાસી જઇયે, નહીં તો કીલાનો આશરો કરયે.

માટે ઝાઝીવાર એ જગ્યામાં રેહેવું આપણને ઘટે નહીં. કહયુંછે:—

> જે પુરૂષ પરદેશમાં પણ શોભા મેલવીને જીવવા જાણેછે તે પોતાના દેશનો ભંગ ને પોતીકાઓનો નાશ જોવા સારૂ પોતાનાં દેશમાં રેહેતો નથી.

આ સાંભલી ઊતપનમતી બોલ્યો કે, તું ખરૂં કહેછે. મારા ધ્યાનમાં એ વાત ઉતરેછે. કહયુંછે:—

* ડોહ એટલે મોટો ઉંડો ખબોચયો.

જે બાયલા અને જેને લોભ છુટતો નથી, અને જે બીકણા, તે મરે ત્યાં સુધી પોતાનોં દેશ છોડતા નથી, જેમ કાગડા જનાવરો અને મુરખ માણસ.

પણ મારા વીચાર પ્રમાણે ઘણા દીવસનું ઠેકાણું એકાએક છોડવું ન જોઇયે. જો માછીઓ ખચીત આવશે તો, નાસી જતાં શી વાર? આ સાંભળી અદભવીષ હસ્યો ને બોવા લાગ્યો કે, તમારો મનસુબો કાંઈ કામનો નહીં. માછીઓની વાતથી બીહીવું અને આપણા બાપદાદાનું મઠક છોડી જવું આપણને ન ઘટે. જો આપણું મોત આવ્યું હશે તો બીજે ઠેકાણે પણ મરી જઇશું કહયું છેઃ—

આયુષ જેનું સબલ છે તેને માહાસમુદરમાં પણ ચીંતા નથી—નથી અગનીમાં, નથી શસ્ત્રના વરસાદમાં એટલે હથીઆરનો અને મંત્ર વીદયાનો વરસાદ વરસતો હોય ત્યાં પણ. તો આપણા ઘરમાં રહેવાને શું ચીંતા છે?

માટે હું હયાંથી જવાનો નથી, તમારે સુઝે તેમ કરો. આ બે જણનો આવો વીચાર જોઇને અનાગત વીધાતા પોતાનું કુટુંબ લઇને નદીમાંથી બીજા ડેહમાં ગયો. સવારે માછીઓ આવી લાગ્યા તેથી ઉતપનમતી ગભરાયો અને પોતાનાં કુટુંબને લઇ જવાની ફુરસદ રહી નહીં તેથી એ એકલોજ નાસી ગયો, અને અદભવીશ નસીબ ઉપર આધાર રાખી રહયો તેથી પકડાયો. માટે હે ભરથાર! તેં પણ તેમજ કીધું. આ સાંભળી ટીટોડાએ પોતાની બાયડીને કહયું કે, શું તું મને અદભવીશ સરખો ગણે છે? તું મારૂં પ્રાક્રમ તો જો, હું સમુદ્રને સુકવી નાખું છું. ટીટાડી બોલી કે, તું

સમુદ્રની શી ગણતરીમાં છે કે, તેના ઉપર આટલો કોપ રાખે છે? આમ કરવામાં તનેજ અવગુણ થશે. કહયુ છેઃ—

જે પુરૂષ અસમરથ છતાં કોપે તેનો કોપ તેનેજ બાલે છે, જેમ કહડાનું વાસણ તેમાંની તાતેલી વસતુને બાહેર લાખવા કરેછે તો તે પોતાનાજ આંગ ઉપર પાડે છે.

ટીટોડો બોલયો કે,઒ સ્ત્રી! તું આમ કહીશ મા.

જે માણસ નબલું હોય, પણ હીંમત રાખે તે જબરાને જીતી શકે છે. જેમ દીલથી ઘણો મોટો તથા મદથી ઘણો માતેલો એવો હાથી હોય છે તેને પણ તેથી નાનો સીંહ મારે છે. બીજું જો કે, હાથી કેટલો ને અંકુશ કેટલો, વીજલી કેટલી ને પાહાડ કેટલો, દીવાની જોત કેટલી ને અંધારૂં કેટલું, માટે જાંહાં સમરથ રહે છે તે બલવાન; શરીર ઉપર શું પરમાણ છે?

માટે જો હું આ સમુદ્રને મારી ચાંચે કરી સુકવી નાખું તો મારૂં નામ ટીટોડો. ટીટોડી બોલી કે, જે સુરજ નદી નાલાં તથા સરવે જલ સ્થલો સુકવે છે તેના તીપથી જે સમુદ્ર સુકાતો નથી, જે મેઘ વૃષ્ટી કરી સઘલી જગતને દુબાવે છે, તેનાથી જે ભરાતો નથી, તેને તું સરખો એક નાનો પંખી સુકવવાની વાત શી રીતે કરી શકે? ટીટોડાએ કહયું કે, રે! મારી પ્રાણ, સાંભલ. કહયું છેઃ—

ઉદયોગ એ શીધીનું કારણ છે, મારી ચાંચ લોહોઢાં સરખી કઠણ છે, દહાડો રાત એ કાંઇ ખુટવાનાં નથી, એટલી બેગવાઇ છે તો શું સમુદ્ર સુકો નહી પડશે?

ટીટોડી બોલી, રે મારા પ્રાણ! જો તેં એવોજ નીશ્ચય કરયો છે તો એટલુંબી કર કે સઘલા પંખીઓને તેડ, ને પછી તારૂં ધારેલું કર. કહયુંછે:—

ઘણાંએક નબલાંઓનો એક જથો થાય તો મોટું કામ કરી શકે, જેમ ઘણા સાખાનું વલેલું દોરડું હાથીને પણ બાંધી શકેછે.

જેમ એક ચલી, લકડખોદ, માખી ને દેડકો એ ચારે મલીને એક હાથીનો પરાણ લીધો. ટીટોડાએ પુછયું કેવી રીત? ટીટોડીએ કહયું, પ્રાણ સાંભલો.

નબલાંઓ પણ એક દીલથી જબરાને મારી શકેછે તે વીશે.

કથા ૧૯ મી—હાથી જેનો ચાર જણ મલીને પ્રાણ લીધો.

એક વનમાં તમાલનાં ઝાડપર ચલ્લીનું જોડું રહેતું હતું, તેણે માલો કરી ઈંડાં મેલયાં હતાં. તેજ વનમાં પરમત એવે નામે એક હાથી હતો, તે ગરમીના દહાડામાં પેલા ઝાડની છાયામાં ઉભો, ને જે ડાલીપર ચલ્લીનો માલો હતો તે ડાલી સુંઢથી તોડી નાખી, તેથી ઈંડાં ફુટી ગયાં. તે વખતે ચકલાં શોક કરવા લાગ્યાં. એવામા તેઓનો મીત્ર લકડખોદ તેઓની આગલ આવી લાગયો. અને તે પણ તેઓને શોક કરતાં જોઇ દુખી થવા લાગયો, અને ચલ્લીને કહયું કે, બેહેન જે વસતુનો નાશ થયો, જે માણસ મરી ગયું, જે વાત થઇ, ગઈ તેનો શોક ડાહયા માણસો કરતા નથી, ને મુરખ કરેછે.

મુરખ ને ડહાયામાં એટલાજ ભેદ. સઘલાં વાના કોઈ સમે નાશ પામવાનાં માટે તેનું દુઃખ નહીં કરીએ, અને જે નર દુઃખ કરેછે તેને તે વીનાં બીજો કાંઈ લાભ થાતો નથી. દુઃખનોજ લાભ થાયછે. ચકલીએ કહયું કે, હું જે ગયું તેનો શોક કરતી નથી, પણ જો તું મારો મીત્ર હોય તો, મારાં બચ્ચાંને મારનારનાં મરણનો કાંઈ ઊપાય શોધી કાઢ કે જેથી કરી હું બચ્ચાંનું દુઃખ વીસરી જઇશ. લાકડખોદે કહયું કે, ખરી વાત, મીત્રનો પણ એજ ધર્મ છે. કહયું છેઃ–

તેનેજ મીત્ર કહીયે, જે સંકટના સમે કામ આવે, તેનેજ છોકરો કહીયે કે જેને જોતાં પીતાને આનંદ થાય, તેનેજ ચાકર કહીયે જે ધણીનાં મન પ્રમાણે ચાલવા જાણે, તેનેજ બાએડી કહીયે જે પોતાના ગુણે કરીને ભરતારને સદા પરસન રાખે છે.

હવે તું મારું પ્રાક્રમ જો. મારી એક વેણારવ નામે માખી મીત્ર છે, માટે ચાલો તેની પાસે જઇયે. પછી તેઓ બંને માખી પાસે ગયા અને સઘલી વાત કહી. માખીએ કહયું કે, મેઘનાદ નામે દેડકો મારો મીત્ર છે, માટે ચાલો આપણે તેની પાસે જઇયે. પછી તે ત્રણે જણાં મેઘનાદ પાસે ગયાં. તેણે માખીને કહયું કે, તું એવી રીતે હાથીના કાનમાં તંબુરા સરખો અવાજ કર કે હાથી પોતાની આંખ સુખથી મીચે. પછી લકડખોદને કહયું કે, તુરતજ તારે તેની આંખો ફોડવી. દેડકે કહયું કે, પછી તે અહીં તહીં ભમવા લાગશે એટલે હું એક ખાડામાં બેસીને બરકીશ, તેથી તે તરસો હશે તો પાણી પીવા માટે મારા અવાજના શુમાર પર આવ્યો આવશે, એટલે ખાડામાં પડી મરી જશે. આથી રીતે તેઓએ કીધું, તેથી હાથી ખાડામાં પડી મરણ પામ્યો.

માટે હું તને કહુંછું કે, ઘણાં નબલાં મલીને મોટું કામ કરી શકે છે. આ સાંભલી તે ટીટોડો—હંસ, સારસ, મોર, ચક્રવાક અને બીજાં સઘલી જાતનાં પંખીઓ પાસે ગયો અને તેઓને એકઠાં કરીને કહયું કે, "તમેબી પંખી ને હુંબી પંખી, માટે હું તમારો બાલક ઠરયો, અને મને સમુદ્રે પોતાની મોટાઇનાં બલે કરીને દુખવ્યો છે. હું એકલો તો કાંઇ કરી શકું નહીં, પણ જો તમો બધાં મન પર વાત લેવો તો તેને અરધ ઘડીમાં સુકો કરી નાખ્યે." પંખીઓ કેહેવા લાગ્યા કે, સમુદ્ર સાથે ઝઘડો કરવો એ નાહાની વાત નથી, માટે આપણો રાજા ગરૂડ છે, તેની પાસે જઇયે. તે ઘરડો છે, માટે તેની બુદ્ધી લઇ ચાલયે તેમાં સારૂં છે. કહયું છેઃ—

જેઓએ ઘણું સાંભલયું છે એવા જે ઘરડા, તેઓની શીખામણ હરએક કામ વખતે લેતા જઇયે. ઘરડાની બુધી સાંભલી તો એક હંસનું ટોલું ફાંસામાં પડેલું હતું ત્યાંથી પણ છુટી ગયું.

ટીટોડાએ પુછયું, તે કેમ થયું હશે. પંખીઓ કહે છે, ભાઇ સાંભલ.

અનુભવી માણસની સુચના પ્રમાણે ચાલવાથી સંકટ મટેછે તે વીશે.

કથા ૨૦મી—ફાંસામાં પડેલું હંસનું ટોલું.

કોઇએક વનમાં ડાહલીઓથી ભરેલું સુંદર વડનું ઝાડ હતું, ત્યાં હંસનું એક ટોલું રહેતું હતું. એક વેલા કોઈ પારધી ત્યાં આવિયો, અને આસપાસ નજર કરી જોયું તો ઝાડ પર ચહડવાનો મારગ કાંઇ મલયો નહીં. તેણે વીચાર

કરીને કોઇ વેલાના બી લાવી તે વડની નીચે વાવ્યાં. વરસાદ પડવાથી તે ઉગી નીકલયાં અને તેના વેલા વડપર ચહડયા. હંસના ટોલામાં એક ઘરડો હંસ હતો તે બીજાઓને કેહેવા લાગ્યો કે, પારધીએ આ વેલા ઊગાડયા અને તે વેલા ઝાડ ઊપરં ચઢેછે, માટે એમાંથી કાંઇ માઠું ફલ નીપજશે. જો તમો મારૂં માનો તો આપણે આ ઠેકાણું છોડી જઇયે. આ સાંભલી સઘલા હંસોએ તેની ઠેકડી કરી અને બોલવા લાગ્યા કે, બાવાજી તમે મરણથી ઘણા બીહો છો; તમો હજી કેટલાં વરસ જીવવા માંગો છે ? સઘલાંઓનું આવું બોલવું સાંભલી હંસ મુગો રહયો. થોડા દહાડા પછી પેલું ઝાડ વેલાથી તદન વીતલાઇ ગયું, એટલે પેલો પારધી વેલા પર થઈ ઝાડપર ચઢયો, ને હંસો ચારો કરવા ગયા હતા તેટલા ઝાડપર જાલ નાખી ચાલી ગયો. સાંજનાં હંસો આવયાં, ને જેવાં ઝાડપર બેસવા જાયછે તેવાં જાલમાં સપડાયાં, તેથી રડવા બેઠાં. આ સમયે ઘરડો હંસ કેહેવા લાગ્યો કે, મુરઓ હવે રડીને શું કરોછો ?. જો તમે પેહેલાંજ મારી શીખામણ માની હોત તો આજ એ સંકટમાં નાહી પડત. પણ હવેથી હું કહું તેમ ચાલશો તો પાર પડશો. તમે સઘલાં મરી ગયાં હોય તેવાં થઇને પડી રહો. સવારે પારધી આવશે તે તમને મુવેલાં જોઇ જાલમાંથી ભોંયપર નાખી દેશે. સઘલાં નીકલી રહયા પછી હું નીશાની કરૂં એટલે સઘલાં એકે વખતે ઊડી જજો. સઘલાંઓએ આ યુકતી પસંદ કરી. સવારનાં પારધી આવ્યો તેણે તેઓને મરી ગયલાં જાણીને જાલમાંથી બાહેર કાઢયાં, એટલે સઘલાં ઊડી ગયાં.

માટે ઓ ટીટોડા ! અમે કહયે છીયે કે, હરેક કામમાં ઘરડાઓનો વીચાર લેતા જઇયે. પછી સઘલાં પંખીઓ

ગરૂડ પાસે ગયાં, ને રડતા સાદે અને આંખમાંથી આંસુ પાડી ગરૂડને કેહેવા લાગ્યાં કે, તમો રાખો તો બચીયે છીયે નહીં તો ડુબી જઇશું. પંખીને માથે તમો છો. તે છતાં આ ટીટોડાના ઈડાં સમુદ્ર લઇ ગયો, તો આજ એ છે ને કાલ કોઈ બીજો હમારી પુઠે લાગશે. કહ્યું છેઃ—

એકે ખોટું કામ કરયું તે દાખલો લઈને બીજો તેમજ કરવા લાગેછે. લોકનો આ સવભાવજ પડયો કે, એક બીજાનું દેખીને ચાલવું; સારાં માઠાંનો વીચાર કોઇ કરતો નથી.

હવે કુલની લાજ તમને હોય તો એનો ઉપાય કરો તમો ધરડા છો અને વલી હમારા રાજા છો, માટે હમારૂ પ્રતીપાલણ કરવું તમને ઘટેછે. કહ્યું કેઃ—

ઠગ, ચોર, અધરમી, સાહાસના કરનારા, કપટી, જુઠા, એવા લોકને શીક્ષા કરવી ને પોતાની પરજા સુખવી, એ રાજાનું કામ. જે રાજા કહેલી રીતે પ્રજાનાં પ્રતીપાલ કરે છે તે પ્રજાના પુણમાંથી છઠો ભાગ પામેછે, ને જે પ્રતીપાલ નથી કરતો તે તેના પાપનો ભાગીયો થાય છે. પ્રજાને પીડા થઇ તે સંતાપથી કોઇક એવો અગની ઉઠેછે, કે તે રાજાની શંપત, કુલ તથા પરાણ એને ભશમ કરયા વીના ઠંડો થતો નથી. જે પોતાના ધરમથી ચાલે છે તેને ભાઇ ન હોય તો રાજા તેનો ભાઇ. આંખ ન હોય તેની આંખ. બાપ ન હોએ તેનો બાપ, ને મા ન હોય તેની મા કહેલો છે. પ્રજા અધરમી લોકો પાસેથી પીડા પામીને રાજાપર બાપ સરખો વીસવાસ રાખીને તેની પાસે પોતાનું દુખ

કહેવા આવે, તેનું જે સાંભલતો નથી તે રાજાનું કલ્યાણ કદાપી થાય નહી.

આવી રીતનાં પંખીઓનાં વચન સાંભલી ગરૂડ રાજાનું મન પીગલી ગયું, ને તેઓના દુઃખથી પોતે દુઃખી થયો, અને કરોધ ચઢાવી મનમાં કેહેવા લાગ્યો કે, એ પંખીઓ સત્ય કહે છે. સમુદ્રને એવો જુલમ કરવો ન ઘટે. તે પોતાનાં મનમાં શું સમજેછે? શું ગરૂડ આજ મરી ગયો છે? હમણાં હું એને સુકવી નાખીશ, મારી આગલ એવા સમુદ્રનો શું ભાર? આવી રીતે તે કોપાયમાન થયો હતો તેવામાં શ્રી વીષ્ણુનો ચોબદાર તેડવા આવ્યો કે, ચાલો ભગવાનને તમારો ખપ પડયો છે. તે બોલ્યો કે, ભગવાનજીને જઈને કહો કે, હું આવતો નથી, કોઈ બીજાને રાખીને કામ કરો. દુતે પુછયું કે, ભાઈ આજ દીન સુધી તેં એમ નથી કહયું ને આજે તને શું થયું? ગરૂડ બોલયો કે એમજ! ભગવાનજીને કહો કે આજથી તમારી હમારી લેણા દેવી છુટી. દુત બોલયો કે, શું થયું છે તે મને કહે તો ખરો. ગરૂડ બોલયો કે, મારો બાલક જે ટીટોડો તેનાં ઈંડાં સમુદ્રે લીધાં, તેથી હવે મારાં નામને અને પ્રાક્રમને ધીક્કાર છે, હું હવે મારાં પરાણ નહીં રાખું. આ વરતમાન સાંભલી લઈ દુત પાછો વીષ્ણુ પાસે ગયો અને તેને સઘલી વાત કહી. આ સાંભલી વીષ્ણુને દયા આવી અને તે મનમાં કહેવા લાગ્યો કે, મારો ભગત રૂઠયો તેને મારા વગર બીજો કોણ સમજાવશે? કહયુંછે કે:—

જે ચાકરનો આપણ પર લોભ, જે ચાકર પ્રાક્રમી, ને જે ચાકર સત ધરમી ને ગુણવાન, તેનું અપમાન કદાપી કરીયે નહીં, જો પોતાનું કલયાણ ઇછીએ. રાજા પરસન થયો તો સેવકને

વીત માતર આપેછે, ને શેવક માન સનમાન કીધાથીજ પોતાનો પરાણ પણ આપીને રાજા પર ઊપકાર કરેછે.

પછી શ્રી ભગવાનજી ગરૂડને સમજાવવાને કાજે તેને ઘેર પોતે પધારયા. તેઓને જોઇ ગરૂડ શરમાયો અને તેમને નમસકાર કરી બોલયો કે, મહારાજ તમારા આશરાનો ગરવ મનમાં રાખીને સમુદરે મારા ટીટોડાનાં ઇંડાં ગેરવાજબી રીતે લીધાં, તેથી તેણે મારૂં અપમાન કરયું; તો પણ મેં સવામીની બીહીકથી તેને સુકવી નહી નાખ્યો. કહયું છેઃ—

કુતરાને મારીએ તો કુતરાના ધણીને લાગે. બીજું જે કરમ કીધાથી લોકમાં પોતાના સવામીનો બોજ જતો રહે અથવા જે કીધાથી સવામીનું મન દુખવે, તે કરમ જે અસીલ શેવક છે તેણે પરાણ જતો હોય તોએ પણ નહીં કરવું.

ભગવાન બોલયા કે ગરૂડ તું સત્ય કહેછે, ને બીજું ચાકરે અપરાધ કરયો તેનો દંડ ધણીને જેમ થાએછે, તેમજ તેણે ભુડું કરમ કરયું તો તેની શરમ પણ ધણીને થાએછે. તો હવે તું મારી જોડે ચાલ, આપણ સમુદ્ર પાસેથી ઇંડાં લઇ ટીટોડાનું મન મનાવ્યે, અને મને અમરાવતીમાં ઇંદ્રના કામ માટે જવું છે ત્યાં પણ જઇયે. પછી શ્રી ભગવાનજી પેહેલા સમુદ્રને કીનારે આવ્યા અને સમુદ્રનો તીરસ્કાર કરી ધનુષપર બાણ ચઢાવ્યો, અને તેને કહયું કે, તારે ઇંડાં આપવાં છે કે નહીં, નહીં તો તને સુકો કરૂં. સમુદ્ર કાંપવા લાગ્યો અને ઇંડાં લાવી ભગવાનજીની આગલ મુકયાં, ને નમસ્કાર કરી બોલ્યો કે, માહારાજ! અપરાધ ક્ષમા કરો, હું ચુકયો. પછી તે ઇંડાં ભગવાનજીએ ગરૂડને આપ્યાં, અને

ગરૂડે તે ટીટોડાને આપ્યાં, ટીટોડાએ ટીટોડીને આપ્યાં અને તેને સંતોષી.

માટે હે સંજીવક! હું તને કહુંછું કે, પુરૂષે ઉદયમ નહી મુકવો. આ સાંભલી શંજીવક બલદ તેનેજ પુછેછે કે, ભાઇ મારી ખાતરી કેમ થાય કે પીંગલ રાજા મારેપર કબુદ્ધી રાખેછે. આજ દીન સુધી તેણે મારેપર માયા દેખાડીને મારૂં સારૂં કરયું, પણ જો તેનો બુદ્ધી ફરીછે એવું મને માલમ પડે તોજ તેને મારી મારા બચાવની તજવીજ કરેશ.

દમનક—એમાં શું જાણવાનું છે? જો તને જોઇને તે આંખો રાતી કરે ને તારા તરફ જોઇને ક્રોધાયમાન થાય તો જાણજે કે તે તને મારવા ચાહેછે, નહી તો જાણ જે કે, તારો મીત્ર છે. હવે તું મને આજ્ઞા આપે તો હું મારા મુકામપર જાઊં, પણ ખબરદાર, આ વાત કોઇને કહીશ માં. જો સાંજ પડયા પછી રાતોરાત નાહસીને દુર જવાય તો તેમ કરજે. કહયુંછે:—

છોકરાં, બાએડી તથા વીત એ સરવે છોડીને પરાણ બચાવવો, કાંજે તે હોય તો એ સંધા પાછાં પ્રાપ્ત થશે. જે પુરૂશ વીતપર તથા કુટંમબપર લાલચ રાખીને પોતાનો પરાણ બચાવતો નથી, તેનો પરાણ પણ જાયછે ને તે વીતનો તથા કુટંબનોબી નાશ થાયછે. અછતને સમે કામ આવશે, માટે ધન રાખી મેલવું એવું પણ જે ધન તે ખરચીને બાએડી છોકરાં રાખવાં, ને પોતાનો પ્રરાણ રાખવા શારૂ તો બાએડી, છોકરાં, ધન એ પર કાંઇ જોવું નહીં. તે પેહેલાં રાખવો. કુલમાંથી એકને

છોડીને જે સંધાં કુલનો બચાવ થતો હોય તો તે કરવું. એક કુલ છોડયાથી સંધું ગામ બચેછે તો તે કરવું. એક ગામ છોડયાથી દેશનું કલ્યાણ થાયછે તો તે છોડવું, ને સંધી પરથવીનું રાજ મુકયાથી પોતાનો બચાવ થાયછે, તો તે કરીને પછી શ્રી ભગવાનજીને ભજવા.

એ પરમાણે શંજીવક સાથે વાતો કરીને દમનકે તેની આજ્ઞા લીધી ને કરટક પાસે આવ્યો, અને કેહેવા લાગ્યો કે, બી તો વાવ્યું છે. હવે ફલ આપણાં કરમમાં હશે તે મલશે. મેં ખોટું ખોટું સમજાવી બંને વચે દુશ્મનાઈ કીધોછે, હવે તું તેઓને કોઇ દહાડે એકઠા નહીં જોશે.

કરટક—જેઓ એક બીજાપર પ્રીતી રાખતા હતા તેઓને એક બીજાપર કોપાવ્યા એ સારૂં કીધું નહીં. કહયું છે:—

જે માંણસ શીધા મારગનો ને પોતાનાં સુખમાં છે તેને જે દુખમાં નાખેછે, તે પછી જનમ જનમ સુધી દુખ ભોગવેછે એ નીશચે જાણવું.

તેં બંને વચે બગાડ કોધો તેથીજ તું હરખ પામતો હોય તો, એમાં તે કાંઇ પ્રાક્રમ કીધું નથી. કહયું છે:—

નીચ પુરષ છે તે બીજાનું કામ બગાડવાં સમરથ છે; પણ સમારવા સમરથ નથી, જેમ ઉંદર ઢાંકણું પાડેછે પણ ઊઠાવીને મુકી શકતો નથી.

દમનક—તું રાજનીતીનાં શાસ્ત્રમાં અજાણ્યો છે તેથી આવી વાતો કરેછે. કહયું છે:—

શત્રુ અથવા રોગ એ જેટલે શુધી વધ્યા નથી તેટલે શુધી તેનો નાશ નથી કરતો, તે પુરૂષ મોટો સમરથ હોય તોએ પણ પછે તેમનાં હાથથી પોતે નાસ પામેછે. બીજું, જે જેમ આપણી સાથે ચાલે, તેની સાથે આપણે પણ તેમ ચાલીએ. ભલાની સાથે ભલા થાઈએ, કપટીની સાથે કપટી ને ઠગની સાથે ઠગ.

તું જોકે, બલદને ને સીંહને જન્મથીજ વેર. એવું છતાં મેં બંને વચે મીત્રાઈ કરાવી, ને એનું સારૂં કર્યું, ત્યારે તેણે મારોજ અધીકાર કાઢયો. કહયુંછે :–

દુરજનને જો કદાચ પોતાનાં કામદારીનાં કામમાં આશરો આપીએ, તો પછીતે આશરો આપનારનાંજ ઠેકાણાંપર બેસવાની ઈછા રાખેછે, માટે ડાહયા પુરૂષે નીચને પાસે કરવો ન ઘટે, કેહેવાત છે કે, કુકરમીને ઘરમાં રાખીએ તો ઘરનો ધણી થઈ બેસે.

માટે મેં જે ઘાટ ઘડયોંછે, તે એ બલદ સરખાં પ્રાણીને ઘટારત છે. ભાઈ, મન કઠણ કરવું ને વાચા શેરડીના રસ સરખી મોઠી કરવી, પણ પોતાનાં ભુડું કરનારને મારવો. માટે એ મુવો એટલે આપણને સારી પેઠે ભોજન થશે, પરધાન વટી મલશે ને શત્રુને માર્યો તેથી મનનું સમાધાન થશે. આ ત્રણ વાતનો ગુણ છતાં તું મને દોષ કેમ લગાડેછે ? પારકાને ઈજા કરીને બી પોતાનો સ્વારથ સાધવો, જેમ એક ચતુરક શીયાલે કર્યું હતું, તેમ.

કરટક–તે કેમ બનયું ? દમનક–ભાઈ સાંભલ.

પોતાનો સવારથ સાંધવા માટે પારકાઓને પીડા કરવામાં આવેછે તે વીશે.

કથા ૨૧મી—ચતુરક શીયાલની.

એક વનમાં વજર દંશટર એવે નામે સીંહ હતો, તેના બે ચાકર એક ચતુરક શીયાલ ને બીજો કરવમુખ ચીતો નામે હતા. એ બે સેવક સહીંની સેવામાં નીત્ય તેની પછવાડે ફરતા રહે. એક વેલા તેઓએ એક ઉંટણી દીઠી, જે વીઆવા બેઠેલી હતી. તેને મારી નાખી અને તેનું પેટ ફાડયું એટલે માંહેથી જીવતું બચ્ચું નીકલયું. તેને જોઇને સીંહને દયા આવી, તેથી ખોલામાં લઇને તે બચ્ચાંને કહેવા લાગ્યો કે, દીકરા! હું તને અભય વચન આપું છું કે, હું તને કદી મારૂં નહીં. આજથી તારે ગમે ત્યાં આ વનમાં તું ફર. હું તારૂં નામ શંકુકરણ રાખું છું. પછી તે ચાર જણ એકઠા સાથે ફરે. શંકુકરણ દહાડે દહાડે મોટો થતો ગયો, તેમ તેનાપર સીંહની પ્રીતી વધતી ગઇ. પછી સઘલું કરવું હોય તે શંકુકરણના વીચાર વગર થાય નહીં, એવી રીતે કેટલાંક દહાડા ગયા. કોઇ વખત એક મોટેલા હાથી સાથે લડતાં સીંહને તેના દાંત લાગ્યા ને ઘણો જખમી થયો, તેથી તેનાથી ઉઠાયું નહીં, ત્યારે સેવકોને આગ્ના કરી કે, કોઈ જનાવર જોઇ લાવો કે, તેને મારીને ભોજન કરીયે. તેઓ ત્રણ જણા સાંજ સુધી વનમાં ભમ્યા, પણ કાંઇ મલયું નહીં. તે વખતે ચતુરક મનમાં વીચાર કરેછે કે, જો આ શંકુકરણ મારયો જાય તો પાંચ દશ દહાડા સુધી આપણે નચીંત રહીયે. માટે એને મારવાની કાંઈ બુદ્ધી ચલાવીયે. કહયું છે;

ખુધી વાલો છે તેને એવું કઠણ કંઈજ નથી કે જે કરતાં ન આવડે, જે શીખાય નહીં, કે જયાં નહીં જવાય, અથવા જે નહીં સંધાય. માટે તેણે ખુધી ચલાવામાં આલસ કરવી નહીં.

પછી તે શંકુકરણને કેહેવા લાગ્યો કે, ભાઇ, ખાધા વીના આપણો સ્વામી મરી જશે, અને તે મરી ગયા પછી આપણે પણ ભુખ્યા મરી જઇશું. માટે હું કહું તે સાંભલ. શંકુકરણ બોલિયો કે, જલદીથી કહે, તું કહેશે તે આવે સમયે સાંભલશ. ચતુરક બોલયો કે, ભાઈ સીહરાજનું પણ કામ કરવું જોઇયે, માટે જો તને બમણું શરીર મલે તો, તું આ તારૂં શરીર છે તે ઉછીનું આપશે કે નહીં? જો તને વીશ્વાસ ન આવે તો હું ધરમને જામીન અપાવીશ. માટે બોલ, નહીં તો કોઈ બીજો કબુલ કરશે, કાકે એકનું બમણું થાય તે વાત કોણ કબુલ નહીં કરે. શંકુકરણ બોલયો કે, મને કબુલ છે. પછી તેઓ બંને સીંહ પાસે ગયા, ને ચતુરકે સીંહને સમજાવીને બોલાવ્યો કે, ધરમને જામીન આપું છઉં. કહયું છેઃ—

ભુખ્યા શું પાપ ન કરે? લોભીને પોતાનો ને પારકો શું? કરૂરને વીચાર ને હત્યા કરનારને દયા કયાંથી ઉપજે?

તે સમય શંકુકરણનાં મોહોડાંમાંથી કબુલ છે એવું વચન નીકલતાંજ શીયાલ ને ચીતો મલીને તેનું પેટ ફાડયું, ને મારી નાખ્યો. પછી વજર દશટર ચતુરકને કહેછે કે, હું નદી પરથી સ્નાન કરી આવું તેટલાં સુધી તું હયાં બેસીને એને ખબરદારીથી રાખજે. સીંહ નદી પર ગયા પછી ચતુરક કરવમુખ્યને કેહેવા લાગ્યો કે, તું ભુખનો હલકો છે, માટે સીંહ આવે નહીં તેટલાં એમાંથી કાંઈ ખાની. આવશે તો

હું તેને સમજાવીશ. કંઈ ચીંતા ન કર, હું તને જોતો રહું છું. ચતુરકનાં વચનપર વીસ્વાસ રાખી તેણે તેમાંથી થોડુંક ખાધું એટલામાં ચતુરક બોલયો ભાઈ વેગળો થા, એ તો આવ્યો. પછી સીંહ આવ્યો ને ઊંટને ખાધેલો દીઠો તેથી રીસથી આંખો ચઢાવીને પુછયું કે, એ કામ કોણે કર્યું ? તે કહો કે, તેના રાઈ જેટલા કટકા કરી નાખીશ. તે સમય કરવમુખ ચતુરકનાં મોંઢા સામે જોવા લાગ્યો તેને ચતુરક કેહેવા લાગ્યો કે, મેં તને કહયું હતું કે, એ કામ ન કર, પણ તેં મારૂં સાંભલયું નહીં; હવે મારાં મોડાં સામું શું જુએછે? ભોગ તારા કરમના, જે હશે તે. આ સાંભલતાં કરવમુખ પોતાનો જાન લઈ રાનમાં નાસી ગયો. એટલામાં એક ઊંટનું ટોલુ લઇ કોઇ વનજારો આવતો હશે, તે ઊંટનાં ટોળામાંથી એક ઊંટનાં ગલાંમાંનો ઘાંટ વાગ્યો. આ ઘંટનો નાદ સાંભલી સીંહે ચતુરકને કહયું કે, આ કોણ છે તે જઇને જોઈ આવ. ચતુરક જરા આઘો જઈ આવ્યો અને હાંફતો હાફતો સીંહને કહેવા લાગ્યો કે, મહારાજ એ તો ધરમ રાજા છે. તમે ફોકટ તેનું નામ દઈ બચારાં ઊંટનો પ્રાણ લીધો. તમારા પર તે કોપાયમાન થયો છે ને શંકુકરણના બાપદાદાઓને સાથે લઈ તમારા પર તેનું વેર લેવા સારૂ આવે છે, માટે હવે તમથી નહસાય તો નહાસો. સીંહે તે ઊંટનું ટોલુ દુરથી જોયું અને ચતુરકની વાત ખરી માનીને નાહસી ગયો, પછી ચતુરકે કેટલાક દહાડા સુધી તે ઊંટનું માસ ખાધું.

હવે આ તરફ દમનક ગયા પછી શંજીવક વીચાર કરવા લાગ્યો કે, હવે હું શું કરૂં, અને કયાં જાવું. હું પીંગલનેજ તાબે થાવું, કાંકે મને તાબેદાર જાણી તે મને જીવતદાન આપશે. કહયું છેઃ—

જે માણુસ સત ધરમથી ચાલેછે, ને તે જો કદાચ પરાલબધે કરીને આપદામાં પડયો, તો તેણે નીતી છોડવી નહીં, કાંકે આગથી બલેછે તેને પાણીજ થંડું કરશે, આગ થંડું નહીં કરે. આ જઅતમાં માણુસને જે સારૂં અથવા માઠું થાયછે તે તેનાં આગલા કરમ પરમાણે થાયછે. જે થવાનું તે કદાપી ટલે નહીં. કરમ છે તે સાધુ અથવા અસાધુ એ કાંઇ ઓલખતું નથી. સારાં કરમનું ફલ મલવાનો સમે આવ્યો છે, એવે સમે જે ભુંડું કરમ કરેછે તેને તે સારાં કરમને લીધે જીત થાય છે, તે ઉપરથી દેખાયામાં એમ આવેછે કે, માઠાં કરમને સારૂં ફલ થયું. અને જે નર સત ધરમથી ચાલેછે તે કોઇ આગલાં ભુંડાં કરમથી આપદામાં પડેછે, તારે એમ દીસે છે કે સારાં કરમને માઠું ફલ થયું. પણ તે વાત મુલમાં તેમ નહીં.

સીંહ ભુંડો થયો છે, માટે હું ન થાઊં. જો તે મને મારશે, તો બીજા કોઇને હાથે મારયો જાણીં તેના કરતાં એને હાથે મારયો જાણીં તો સારૂં. કહયું છે:—

મોટા સાથે લાગો તે નીચ પણ શોભા પામે છે-જેમ ભમરો હાથીનાં માથાં ઉપર શોભા પામે છે. મોટા સાથે લડતાં હારયો તે શોભે છે, જેમ ડુંગર ઉખાડતાં જેના દાંત પડયા તે હાથી શોભેછે.

આમ વીચારી શંજીવક પગલાં નાખતો નાખતો હલવે હલવે પીંગલ રાજાના મંદીર પાસેં ગયો તે મંદીર તેને એવું ભયંકર લાગું કે, જાણે તે એક એવું ઘર છે કે જેમાં દરમાં ભરાયલા સરપ છે; તે એક એવું વન છે,

જેમાં સઘલાં દુષ્ટ જાનવરો ભરેલાં છે; તે એક એવું તલાવ છે, જેનો સપાટો કમલનાં ફુલોથો શોભેછે ને માહે ઘણાં મગરમછ છે. પીંગલનું આવી રીતનું મંદીર જોઇ શંજીવક, પીંગલ બેઠો હતો ત્યાં ગયો. તે સમયે, દમનક જે પ્રમાણે કહેતો હતો તે પ્રમાણે તે તેને રોશે ભરેલો દેખી જોહાર કરયા વીના એક કોરે જઇ બેઠો. તેના આ ચાલા ઉપરથી પીંગલે પણ દમનકની વાતોપરથી તેને શત્રુ સરખો માન્યો, ને તેની ઉપર કુદી પડયો. તેથી શંજીવક પણ તેને જખમ કરી તેના ઝપાટામાંથી છુટયો, અને પોતાનો જીવ બચાવવા સારૂં શીંગડાં ઉભાં કરી તેની સામે લડવા ઉભો રહયો. આવી રીતે આ બે જણા એક બીજાંનો પ્રાણ લેવાને તત્પર થયા હતા તે વેલા કરટક દમનકને કેહેવા લાગ્યો કે, મુરખ તેં એ સારૂં નહીં કીધું કે, આજ આ આખાં જંગલમાં હાહાકાર કીધો. તેં આ શું વાત કરી અમે તેનું શું શેવટ આવશે, એનું તને કાંઈ ભાન નથી. રાજનીતી જાણનારાઓનું એવું વચન છે કે, "શાંમ એટલે જેમાં બેહુ તરફ સમાધાન રહે તે ઉપાય, દાન એટલે કાંઇ લાલચ દેખાડી શત્રુનું મન મનાવીએ તે ઉપાય, ભેદ એટલે શત્રુનાં માણશને લાંચ આપીને તેને ફરાવંણ કરીએ તે ઉપાય, ને દંડ એટલે લડાઈ કરીને શત્રુનો નાશ કરીએ તે ઉપાય—એવા ચાર ઉપાય છે. તે ઉપાયો પેહેલાંથી એક એક કરતા જઈયે. તેથી કામ ન થાય તો છેલે દંડના ઉપાય પર આવીએ; પણ દંડમાં તો ઘણુંજ પાપ છે,

માટે ચાલે તેટલાં સુધી તે નહીં કરીયે". જે ડાહયો પ્રધાન છે તે શામના ઉપાયથીજ માંડી વાલે છે, પણ મુરખ છે તે કોઇક હલકી વાત પરથી રાજાને ને સંધી પરજાને મેહેનતમાં નાખે છે. ડાહયો છે તે પેહેલાં શામનો ઉપાય કરે છે, કે જેથી સમજણ પડી તો બંધે તરફ સમાધાન રહે છે. શામે કરી કામ થાય તો દંડનું શું કામ ? ખાંડે કરી 'પીત સમે તો પટોલનાં અઉશાડનું શું કામ ? માટે, ઓ ભાઇ, તું એમ સમજતો હોય કે, આવી આવો બુદ્ધીના ખેલ નહી કરૂં તો મને ડાહયો કોણ કહેશે ? તો તું સાંભલ કે આમાં તારૂં કલ્યાણ નથી, પણ ઉલટી હાણ છે. કહયું છે:—

> જે ડાહયાપણું શરીરને પોતાના હાથમાં રાખી નથી શકતું, જે ડાહયાપણું કરમ અકરમ નથી ઓલખતું, જે ધરમપર વીશવાસ નથી રખાવતું, જે પુરૂષને ધીરજ નથી કરતું, અથવા જે સત કરમ નથી વધારતું, 'જે ડાહયાપણું વચનના સટાકામાંજ દીસે છે પણ કરણીમાં દીસતું નથી, તે ડાહયાપણું એક નરક વીના બીજા શા કામે પડવાનું છે ? જે ડાહયાપણું બીજાનું ધન હરણ કરવા જાણે છે, જે બીજાને ઠગવા જાણે છે, જે બીજાના દોષ કાઢીને તેની લાજ હરણ કરવા જાણે છે, જે બીજાને ફાંસામાં નાખવા જાણે છે, તે ડાહયાપણું બલયું.

તું પ્રધાનપણું ઇછેછે, પણ તું તેને લાયક નથી, કારણ નીચે લખેલી પાંચ રીત જે જાણે છે તેજ પ્રધાન

પણાંને લાયક છે:–તેમાં પેહેલુ તો પુરૂષ એટલે પોતાનાં માણસનું બલ કેમ છે તે જાણવું. બીજું દ્રવ્યશંપત એટલે પઈસાનું બલ જાણવું. ત્રીજું દેશકાલ વીભાગ એટલે પોતાનું ઠેકાણું કેવું છે, સમો કેવો છે તે જાણીને ચાલવું. ચોથું વીનોપાત પ્રતીકાર એટલે જે ઓચીંતું આવી પડ્યું તેનો ઉપાય તરત સુજવો, અને પાંચમું કારજ શીધી એટલે પોતાનું કામ કઇ રીતે થશે તે જાણવું. આ પાંચ પ્રકારના વીચારને જે જાણે છે તેનેજ પ્રધાન કેહવો. હવે તારામાં બુદ્ધી હોય તો આ સમયે જે બન્યું છે તેનો ઉપાય કર. કહ્યું છે:–

બે વચ્ચે સમજણ પાડીને એકઠા કરવા હોય, તેવારે પ્રધાનનાં ડાહ્યાપણાંની પરખ થાય છે, અને સનેપાતના સમે વઈદની પરખ થાય છે. બીજાનું કામ બગાડવામાં નીચની બુદ્ધી ઘણી ચાલે છે, સુધારવામાં ચાલતી નથી.

હવે આમાં તારો એકલાનોજ વાંક નથી. તારા જેવા દુષ્ટનાં વચનપર આધાર રાખે છે તેનો પણ વાંક ખરો. કહ્યું છે:–

ઘણું કરીને રાજાઓ નીચના કહ્યા પ્રમાણે ચાલે છે. સારાં નરસાંનો વીચાર કરીને પોતાની બુદ્ધીએ જે મારગ સારો કહ્યો તે મારગે ચાલતા નથી. માટેજ તે મોટા મોટા શંકટમાં પડેછે.

હવે તમારા જેવાને સુધારવાનો શો ઉપાય? કહ્યું છે:–

માણસનું ખંદાપણું વેગલું કરેછે એવું જે જ્ઞાન તેથીજ જે માટો તેને વઈદ ક્યાં મળવાનો છે? અમરત જેને વીખ થાય છે, તેના રોગનો શો ઉપાય?

તો તું સરખો પ્રધાન છતાં એની પાસે ભલો કોઇ આવશે નહીં. તારા પોતાના સ્વારથ સારૂ, બીજો કોઈ રાજાની પાસે રહે તે તુને ગમતું નથી; માટે હું તુને રાજાનો શત્રુ ધારૂં છું, કારણ કે જે રાજા આગલ સારાં સારાં માણસ ન હોય તે રાજાનો નાશ થાયછે. કહયું છે:–

જે વાહાલી વાહાલી વાતો કહેનારા, જેઓએ જનમમાં તલવાર હલાવી નહીં, એવા શેવકોને જે રાજા પાસે રાખે છે, તેની લક્ષ્મી તેના વેરીના હાથમાં જાએ છે; ને બીજું, જે પુરૂષ પોતે શઠ થઇને મીત્રાઈ ઇછેછે, અથવા પારકાને પીડા કરીને શંપત ઇછેછે, તથા વગર મેહેનતે, વીદ્યા ઇછે છે તેને મુરખ જાણવો.

તારા જેવા મુરખને એવી વાત કહીને શું કરૂં? તે સઘલી ફોકટ જવાની. એક વાંદરાએ કહયું છે:–

જે લાકડું નમવા જોગ નથી તે નહીં નમે, પથરા ઉપર અસતરો ન ચાલે.

'રે શુચીમુખ પંખી! તેમ એક ભુંડો સાગરીદ હોય તેને પણ ઉપદેશ ન થાય. દમનકે પુછયું કે, આ કેવી રેતની વાત છે તે મને સંભલાવ. તેવારે કરટક બોલયો કે, સાંભલ.

અપટ અને હઠીલાઓને શીખામણ દેવાનો જોખમ.

કથા ૨૨ મી—શુચીમુખ પંખી.

એક પરવત ઉપર વાંદરાનું ટોલુ રેહેતું હતું, તેઓને એક સમય ઘણી ટાઢ પડી ને થંડો પવન વાયો તેથી દુઃખ થવા લાગું. ત્યારે તેમાંથી કેટલાક વાંદરા, રાતા ચણોઠીના દાણા ઝાડ હેઠલ પડેલા હતા તેને અગ્ની દેવતા જાણીને લાકડાં લગાડી ફુંકવા લાગ્યા અને બાકીના સઘલા તેઓની આસપાસ સેકવા ઉભા રહયાં. ત્યાં કોઇ શુચી મુખ નામે એક પંખી હતો તેણે કહયું કે, તમે સઘલાજ ઘેલા કેમ થયા છો. એ તો ગુંજાના દાણા છે, વસતેવ નથી. રે અમશતી મેહેનત ના કરો. કોઇ એવે ઠેકાણે જઈ બેશો કે જયાં વ નહીં આવે અથવા કોઇ ગોફામાં જઇ ભરાઓ કે જયાં તમોને ટાહાડની પીડા નહીં થાએ. તે સાંભલી તેમાંથી એક ઘરડો વાંદરો તે પંખીને કહેછે કે, હમારી વાતમાં તારે બોલવાનું શું કામ. જો તું તારૂં કલ્યાણ ઈછતો હોય તો તારે મારગે જા. કહયુંછે :—

જેનું મનમાં ધારેલું કામ બગડી ગયુંછે, જે જુવામાં હારયો નેજેને શતરૂએ જીત્યો, તેને ડાહ્યા પુરૂષે છેડવો નહીં. પારધી પછવાડે લાગોછે અથવા મમતમાં પડીને અમસતો મેહેનત કરેછે, અથવા જે મુરખ છે અથવા શંકટની વેદનાંમાં પડયો છે, એવાને જે પુરૂષ બોલાવ્યા કરેછે તેની શોભા રહેતી નથી.

શુચીમુખે તેનું ન માનતાં પણ વલી તેઓને ઉપદેશ કરવા લાગ્યો તેવારે તેમાંથી એક વાંદરો જે ધ્રુકતાં ધ્રુકતાં થાકો હતો તેણે જઈ તે પંખીને પકડયું અને પથરાપર અફાલીને મારી નાખ્યું.

માટે રે દમનક! તારી પછવાડે લાગીશ તો મને અવગુણ થશે. પણ તું સુધરશે નહીં. તું શું કરશે! એ તો અસાધુનો સ્વભાવજ પડયો. કહયું છે:—

ખોટું માણસ છે તે બીજાંનો નાશ કરતાં પોતાનું અકલયાણ થાય. તે જોતો નથી. જેમ એક કુબુધીયો હતો તેણે બીજાનું ધન હરણ કરતાં પોતાના પીતાને મારી નખાવ્યો.

દમનક—તે કેમ થયું ભાઈ?

કરટક—ભાઇ, સાંભલ.

બીજાને નુકસાન કરવાની યુકતી રચતાં તેમાં પોતેજ ફસી પડેછે તે વીશે.

કથા ૨૩મી—ધરમબુધી ને કબુધી.

કોઇક ઠેકાણે ધરમબુધી ને કબુધી એવે નામે બે મીત્ર રહેતા હતા. એક શમે કબુધીએ મનમાં વીચારયું કે હું મુરખ છેઉં ને ધરમબુધી વીદવાન છે, તો એના મનમાં વાત ઠસાવીને પરદેશ લઈ જાઉં ત્યાં એને આશરે ધન કમાઉં ને પછી એને પણ ઠગું. એવું ધારીને તેણે ધરમબુધી આગલ વાત કરીને કહયું કે, ભાઇ ઘરડો થશે ત્યારે તું પોતા

નું કરતુક શું સંભાલશે ને પોતાના છોકરાંઓને દેશાંતરની વાતો કહાંથી કહેશે ? કહ્યુંછે :—

પુરૂષે દેશાંતર જઈને નાના પ્રકારની ભાષા તથા ભાત ભાતના માણસોની રીત રવેશ જો નહી જાણી તો તેણે આ પ્રથવી પર જનમ લઇ શુ જાણ્યું ? વીધ્યા તથા ધન અને શીલ્પ એટલે જે સુથાર સલાટ ને બીજા કારીગરોનું કામ એને તેટલે સુધી સારી પેઠે નહીં પામીએ જેટલે સુધી કે નાદાર થઈને દેશદેશ નહી ફરીએ.

ધરમબુધીને તે વાત ગમી ને પોતાના સગાવહાલાંઓની આગ્ના લઈ બેઉ જણા પરદેશ ગયા. ત્યાં કબુધીએ પણ ધરમબુધીના આશરાથી ઘણુંએક દ્રવ્ય મેલવ્યા પછી તે બેહુ જણા જે કરવાનું હતું તે કરી ચુકા. એટલે ઘેર કયારે પોંહચશું એવી ઊમેદથી પાછા દેશ આવવા નીસરયા. તેઓ પોતાના ગામ પાસે આવ્યા ત્યારે કબુધીએ ધરમબુધીને કહ્યું કે મીત્ર, મારા ધીઆનમાં એમ આવેછે કે આપણે સઘલું ધન ઘેર ન લઇ જવું, કાંય કે ભાઇઓ તથા સગાંસંબંધી આવીને વલગશે, માટે આ ઠેકાણે દાટી, મુકીએ ને થોડુંક લઈ જઇએ. કામ પડે ત્યારે થોડું થોડુ હયાંથી લેતા જઇશું. કેમ તારો શું વીચાર તે કેહે. કાંય કે કહ્યું છે :—

ડાહ્યા પુરૂષે થોડુંએ પણ ધન બહાર નહીં દેખાડવું, કારણ ધનને દેખી સન્યાશીનું પણ મન ફરેછે. જે ખાવાનો પદારથ છે તે જલમાં પડયો હોય તો તેને માછલાં ખાય છે, ભોંય પર પશુ, ને

આકાશમાં પંખી; તેમ વીત વાલો છે તે જયાં ગયો ત્યાં તેને ખાય છે.

તેવારે ધરમબુધી બોલ્યો સારૂં, તો તેમ કરીએ. પછી એક વાસણમાં શમીના ઝાડ હેઠલ પઇસા ડાટોને ધરમબુધી ને કબુધી પોતપોતાને ઘેર ગયા. એક રાતે કબુધીએ તે ઠેકાંણે જઇને ખાડો ખોડયો ને તે પાછો પુરી ધન ચોરી લઇ આવ્યો ને તેને બીજે દહાડે ધરમબુધી પાસે ગયો. ને તેને કેહેછે, ભાઇ મને પઇસાની અડચણ છે, તો ચાલ બંને જણાં થોડાક પઇસા લઇ આવીએ. પેલાએ કહ્યુ સારૂ ચાલો. પછી રાતના ત્યાં જઈ ખાડો ઊખેરીયો ને જોયછે તો તે ઠેકાંણું ખાલી હતું. તે દેખતાંજ કબુધી હઇયું કુટવા લાગો, ને ધરમ બુધીને કહેછે, રે ચંડાલ! આ દ્રવ્ય તુ લઈ ગયો તો અરધો અરધ મને આપ. નહીં તો સરકારમાં જઇ કહુંછુ. ધરમબુધી બોલ્યો, પાપી એમ ના કહે, હું ધરમબુધી તેવો નથી. કહયુંછે :—

ધરમ બુધી વાલો પુરૂષ છે તેને પેરં સ્ત્રી માતા સમાન ને પર ધન વીખ સમાન છે, જેમ પોતાનો જીવ તેમ તે બધા જગતનો જીવ એમ જાણેછે.

એ પરમાણે તે બેહુ વઢતા વઢતા કોટવાલ પાસે ગયા ને સંઘી હકીકત કહી. તેવારે કોટવાલે કબુધીને કહ્યું કે દીવકર એટલે તેલનો કડાઇમાં હાથ નાખ અથવા તાતેલો ગોલો હાથમાં લે. તે વખતે કબુધી કહેછે મેં એવો ન્યાય કીહુંએ દીઠો નથી. કહયું છેઃ—

બેમાં વાંધો પડે છે ત્યારે પેહેલાં તેઓને કાગલ પત્ર પુછે છે, પછી શાખ ને છેલે દીવ.

તો "વન દેવતા" છે તે મારી શાહેદી પુરશે. હું દીવ શા વાસ્તે કરૂં. કોટવાલે કહ્યું, સારૂં એમાં અમને પણ કોટક દીશેછે. ત્યારે કાલે ત્યાં જઇએ. પછી ઘેર આવી કપ્રુધીએ પોતાના બાપને સઘળી ખબર કહીને બોલ્યો, પીતાજી હવે આપણાં કુટંબની કંઇ ચીંતા કરવી નહીં પડશે. પણ જો કહુંછું તેટલું કરશો ? તમે તે જાહડના બોલામાં જઇ બેસો અને સહવારે કોટવાલ ત્યાં આવશે તેહેવારે હું જાડ હેઠલ ઉભો રહી દેવતાની પ્રારથના કરીશ. ત્યારે તમે માંહેથી ધરમબુધી એટલો શબ્દ બોલવો. બાપે હા કહીને રાતે જાડમાં જઈ બેઠો. સવારમાં બન્ને ત્યાં ગયા. તે વારે કપ્રુધી પ્રારથના કરેછે. હે દેવતા ! હું વગર મદદે ડુબ્યો જાઉંછું. તું અધરમ નહીં બોલશે. ત્યારે હવે કહે એમાંથી કોણ ચોર? તેવારે જાહડમાંથી પડ ઊતર નીકલ્યો " ધરમબુધી ! " તે વખતે સરવે અચરત પાંમ્યા ને ધરમબુધીને સજા કરવી ઠેરવી. ત્યારે ધરમબુધી બોલ્યો, મને શીક્ષા કરો પણ પેહેલાં આ જાડને હું બાલું પછી કરો. એમાં કંઇ પણ મને કપટ દીશેછે. પંછી તેણે જાહાડના બોલમાં સુંકાં લાકડાં મેલીને ઉપર તેલ નાખી સલગાવી દીધાં. એટલે જાહાડમાંથી શબ્દ થયો—"મુવોરે મુવોરે ! હું કપ્રુધીનો પીતા—મને હયાંથી કહાડો." પછી લાકડાં હોલવીને તેને બાહેર કહાડયો. તેટલાં સુધી ધુમાંડેથી તેની આંખો તો ફુટી ગઇ ને થોડો પ્રાણ રહયો હતો. તેને પુછીવું તું હયાં કેમ આવ્યો ? ત્યારે તેણે કપ્રુધીનું નામ દીધું ને પ્રાણ મુકયો પંછી તે કોટવાલ કપ્રુધીને શુળીપર દઇને ધરમ બુધીની સ્તુતી કરવા લાગ્યો ને તેને કહેછે—કપ્રુધીએ પોતાનું સારૂં ચીતવું હતું કંઇ માંઠું ચીતવું ન હતું, પણ ઊલટું થયું. જેમ એક બગલાએ સાંપને મારવાનો ઊપાય કરયો ને પોતાનું કુટુંબ

મારી નખાવ્યું. ધરમબુધી પુછેછે તે કેમ. તયારે કોટવાલ કેહે છે સાંભલ.

હરેક ઊપાય કરતાં તેમાં કોઈ તરફથી દગો નહી થાય તેની સંભાલ રાખવાની જરૂર.

કથા ૨૪ મી—બગલો જેણે પોતાનું કુટુંબ મારી નખાવ્યું.

કોઈ વનમાં વડનાં જાહાડ પર બગલાઓનું ટોલું રહેતું હતું. તે જાહાડના ઓલમાં એક સાપ પણ રહેતો હતો. તે પેલા બગલાનાં બચાંઓને ખાઇને પોતાનું ગુજરાણ કરે. તેમાંથી એક બગલો બાલકનાં દુઃખથી ઘણો કશ્ટી થયો ને રડતો રડતો તલાવને કાંઠે આવ્યો. તેને એક કુરચલો પુછે છે–મામાજી, કેમ કશ્ટી થયા છેઓ. બગલો બોલ્યો–ભાઇ શું કરૂં ? વડનાં ઓલમાં એક સાપ રહેછે તેણે મારાં બાલકોને ખાધાં. એનો કાંઇ ઊપાય સુજે તો કેહે. કરચલો વીચાર કરે છે કે એ મારો જંનમ વેરી, એને મારૂં કામ પડયું છે, માટે મને પુછવા આવ્યોછે. તો એને કોઈ એવો ઉપાય કહુંકે તેથી એનાં કુટુંબનો નાશ થશે. પછી તેણે કહ્યું, મામા—એ વાત સેહેલછે. કોઈક નોલીઆનું દર જુવો, ને ત્યાંથી વડનાં મુલ સુધી માંછલાંનાં કટકા નાંખો. તે ખાતો ખાતો નોલીઓ જાહાડ સુધી આવશે ને સાંપને મારી નાખશે. બગલે તેમ કરતાં વાર સાંપ તો મારયો ગયો. પણ પછી નોલીઆએ એક એક બગલો ખાઇને બધાઓને નહીં સરખા કરયા.

માટે ડાહ્યા પુરૂષે કોઇ ઊપાય કરતી વખતે તેમાંથી કંઇ દગો નીકળશે તેનો પણ વીચાર રાખવો.

આ કથા સંભલાવીને કરટક દમનકને કહેછે, ભાઇ તેં પણ કબુધી સરખું કર્યું, કે પોતાના અનદાતાને મરણના શંકટમાં નાખ્યો. એ પરથી મેં તને દુષ્ટ એવો ઓલખ્યો હવે મને તારી સંગત કરવી ન ઘટે, ને જો કરૂં તો જગનદત બરહિમણની પેઠે દુખી થાઊં.

દમનક પુછેછે, તે કેમ ?

કરટક કહેછે, ભાઈ સાંભલ.

ભલાઇનો બદલો જેમ ઊપકારથી તેમજ અપકારથી પણ વલેછે તે વીશે.

કથા ૨૫ મી—જગનદત બરાહમણ.

કોઈ નગરમાં જગનદત એવે નામે બરાહમણ રેહેતો હતો. તેની બાએડી હમેશ તેને એમ છેડતી હતી કે, ભરતાર છોકરાં ભુખે મરેછે, તે જોઈ તમને નચીંત બેશવું કેમ ગમે છે. તે બોલ સાંભલતા સાંભલતાં બરાહમણ બીચારો કંટ્રાલયો ને ઘેર છોડીને દેશાંતર જવા નીકલ્યો. મારગ ચાલતા એક મોટાં જંગલમાં પોહોચ્યો ત્યાં તરશ લાગી ને પાણી સોધવા લાગો. તેવારે તેણે એક કુવો જોયો. તેની માંહે જુએછે તો વાઘ, વાંદર સરપ ને માણસ એ ચાર જણા પડેલા છે. તેવારે બરામણને જોઇ પેહેલાં વાઘ બોલ્યો, એ ભાઇ કોઇનો જીવ બચાવવામાં મોટું પુન છે, એવું જો જાણતો

હોય તો મને કુવાંથી બાહેર કહાડી જીવતદાન આપ. બરાહમણ બોલ્યો, તને કાઢીને શું કરૂં. હું પોતાને હાથે મારો ઘાત કરૂં. વાઘ બોલ્યો, હું તને વીશવાસ આપું છું કે મારી તરફથી તુને કંઈ બીક નહીં રહેશે. કહવું છે :–

માણસ મારનાર, દારૂ પીનાર, ચોર, ઠગ, ને વચન ફેરવનાર એઓને પણ સુધારવાનો ઉપાય છે. પણ વીશવાસ ઘાતક સુધરતો નથી.

માટે હું તને વીશવાસ આપીને નહીં મારીશ. બરામણે વીચારયું કે સારૂં કરતાં જો કદાચ મને માઠું થશે તો થાઓ, પણ હું એનું સારૂં કરૂં. પછી તેણે વાઘને બહાર કહાડયો. તે પછી વાંદરાને અને સાંપને પણ કહાડયા. તેવારે તે તરણ જણા બરામણને કહેવા લાગા, હમે તુંને સાચું કહયે છીયે કે માણસ છે તે સઘલી જાતના પાટકી કામ કરતાં બીહીતું નથી. માટે તું આ માણસને નહીં કાહડતો, ને એનો વીશ્વાસ નહીં કરતો. પછી તે વાઘ બરામણને કહેછે એ માહારાજ, આ સાંમેના પરવતમાં મારી ગોફા છે, ત્યાં ફીરપા કરી આવજો, હું તમારી સેવા કરીશ. એમ કહીને તે પોતાને ઠેકાણે ગયો. પછી વાંદર બોલ્યો, હે સ્વામી વાઘની ગુફા પાસેજ મારૂં ઘર છે. ત્યાં પણ આંવજો. એમ બોલીને તે પણ ગયો. પછી સરપ બોલ્યો, હે બરમ દેવ, તમને જયારે ભારે સંકટ પડે, ત્યારે મારૂં સમરણ કરજો, હું તે દુર કરીશ. એમ બોલી તે પણ ગયો. પછી કુવામાંથી માણસ બોલવા લાગો, એ બરાહમણ! એ બરાહમણ! તે બધાઓને કહાડીયા ને મેંજ શું તારૂં પાપ કરયું છે, જે મને નથી કહાડતો ? તેવારે બરામણને દયા આવી ને તેને પણ બહાર કહાડયો. તે જાતનો સોની હતો. તેણે બરાહમણને

કહયું, મહારાજ આ પાસેના નગરમાં હું રહું છું કીરપા કરી મારે ઘેર આવજો, તમારી સેવા કરીશ. એમ બોલી તે પણ ગયો. તેવારે બરાહમણ ભુખ્યો હતો માટે પેહેલાં વાંદરની પાસે ગયો. તેણે અમરત સરખાં ફલ લાવી આગલ મેલયાં. તે ખાઇ પછી વાઘ પાસે ગયો. તેણે એક રતનનો હાર આપ્યો ને બોલ્યો, કોઇ રાજાનો છોકરો શીકાર કરવા આવ્યો હતો તેને મેં મારી નાખ્યો, તેના ગલામાંનો હાર છે, કીરપા કરી લ્યો. તે હાર લઇ બરામણે વીચારયું કે એ હાર પેલા સોની પાસે લઇ જાઊં, તે એને વેચી મને પઇસા કરી આપશે. એવું ધારીને બરાહમણ પેલા સોની પાસે ગયો. ત્યારે તે તેનું આદરસનમાન કરીને હાથ જોડી આગલ ઉભો રહયો. તેવારે બરાહમણે તેને હાર દેખાડયો ને કહયું કે, આ વેચી મને ધન કરી આપ. ત્યારે તે હાર તેજ સોનીનો ઘડેલો હતો, તેણે ઓલખી મનમાં વીચારયું કે કોઇએ રાજાના છોકરાને મારીને હાર કાઢી લીધો તે આ બરાહમણના હાથમાં આવ્યો છે. માટે જો એ હું રાજાને દેખાડીશ તો મને મોટું ઇનામ આપશે. પછી તેણે બરાહમણને કહયું, મહારાજ તમે અહીયાં બેસો, હું એ વેચી આવું છું. એમ કહીને તેણે તે હાર રાજાને જઇ દેખાડયો, ને બરાહમણનું નામ દીધું. તેવારે રાજાના મનમાં આવ્યું કે મારો છોકરો તેજ બરાહમણે મારયો હશે. પછી સીપાઇઓને આગના કરી કે તે બરાહમણને પકડી લાવો, ને કાલે સુલી ઉપર દ્યો. તેની આગનાપરથી તેઓએ જઈ બરાહમણને પકડયો, ને બંદીખાનામાં નાખ્યો. તેવારે બરાહમણ મોટું દુઃખ પામી બોલવા લાગો કે, જો મેં તે જાનવરોએ વાત કહી તે માની હોત તો આજ આ સંકટમાં નહીં પડત. પછી તેણે સાંપનું સમરણ કરયું. એટલે તે આવી પુછવા

લાગો–શું કરૂં તે કહે. બરાહમણ બોલ્યો–બંધથી મને છોડવ. સાંપ બોલ્યો–હું જઇ રાણીને કરડું છું, તે વીખ તારા વીના કોઇ બીજો નહીં ઉતારી શકશે, અને આ પરકારે તારો છુટકો થશે. પછી સાંપે તે પ્રમાણે કરયું. ત્યારે રાજાએ ઢંઢેરો ફેરવ્યો કે, જે રાણીને સાજી કરે તેને જે માંગે તે આપું. ત્યારે બરાહમણ ચોકીવાલાને બોલ્યો કે, જઇને કહો કે હું રાણીનો ઉપાય કરીશ. ચોકીવાલાઓએ રાજાને કહયું. તે સાંભલતાંજ રાજાએ બરાહમણને તેડાવ્યો ને રાણી પાસે લઇ ગયો. તેણે રાણીને હાથ લગાડતાં વાર વીખ ઉતરયું. ત્યારે બરાહમણપર તે ઘણો પરસન થયો, ને સનમાન કરીને તેને તે હારની વાત પુંછવા લાગો. બરાહમણે તે મુલથી બધી વાત કહી. તેવારે રાજાએ સોનીને પકડીને સુલી દીધો, ને બરાહમણને પ્રધાનવટી આપી સંતોષ્યો.

માટે હે દમનક, તારી સંગત સારી નહી, ને તારા જેવા પીંગલ પાસે છે, માટે તેની પાસે પણ મારે રહેવું ન ઘટે. એક રથકારે એક સીંહને કહયું હતું કે, "તારી પાસે સરવભક્ષ એવો શીયાલ છે, ને કઠણ ચાંચ જેની એવો કાગડો છે, તે માટે રે સીંહ, હું ઝાડપર ચડી બેઠો, કાંકે તારા સાથી આ સારા નહીં."

દમનક–આ કેવી વાતછે તે કેહે.

કરટક–ભાઇ સાંભલ.

જેના સાથીઓ ભુંડા એવા સરદારોથી બીહીતા રેહવા વીશે.

કથા ૨૬મી—દેવ ગુપત રથકાર.

કોઇ એક નગરમાં દેવગુપત એવે નામે રથનો કરનાર રહેતો હતો. તે રાનમાં જઇ મોટાં મોટાં લાકડાં તોડી લાવતો હતો. તે વનમાં વીમલ એવે નામે એક સીંહ રહેતો હતો. તેના સાથી આ બે જણા હતાઃ એક શીઆલ ને બીજો કાગડો. કોઈ સમે સીંહ રાનમાં એકલો ફરેછે, તેણે તે રથકારને બાએડી સમેત દીઠો. રથકારે પણ સીંહને દેખી પોતાના પરાણની આશા મેલી. પણ તેટલામાંજ ધીર ધરી સીંહની સાંમે ગયો, ને નમશકાર કરીને બોલેછે—રે આવ મારા મીત્ર! સારૂં થયું જે તું આજ મળ્યો. હવે હું તને બીજે ઠેકાણે જમવા નહીં દઇશ. આ તારી ભોજાઇની પણ એજ વીનતી છે. સીંહ બોલ્યો, બાઇ માંશના ખાનારને અન ભાવતું નથી. તો પણ તારૂં મન રાખવા થોડુંક ખાઇશ. તેવારે રથકારે દાબડા માહેથી એક લાડવો કહાડયો, ને સીંહને આપ્યો. તે તાજાં ધીએ પુરેલો ને ખડી શકર, લવેંગ, એલચી ને જાવંતરીએ કરીને ઘણો સ્વાદ આપતો. એવો લાડવો ખાઈ સીંહે બીજો પણ માગ્યો. પછી તેણે રથકારની પાસેના સઘલા લાડવા ખાધા. ને ખુશી થયો ને રથકારને અભય વચન આપીને વનમાં જવા લાગ્યો. તેને રથકાર કહેછે—બાઈ તું રોજ અહીં આવતો જા; એમજ તારી શેવા કરીશ. પછી તે સીંહ નીત આવે ને લાડવા ખાતો જાય. કેથે ચારો કરવા જાએ નહીં. તેથી શીયાલને કાગડો ભુખે કષ્ટ પામવા લાગ્યા.

તેઓએ એક દહાડે ગલે પડીને સીંહને પુછયું, માહારાજ! તમે દહાડે એકલા કયાં જાઓ છો તે કહો. ત્યારે સીંહે સઘલા સમાચાર કહયા. તે સમે પેલા તેને કહેછે—રાજા, મનુષયનાં લોહીમાં ને માંશમા ઘણો સ્વાદ લાગે છે, તે આગલ લાડવા તો કંઇજ નથી, માટે ચાલો આપણે જઇ રથકારને મારયે. સીંહ બોલ્યો, મેં તેને અભય વચન આપ્યું છે, માટે મરાય તો નહીં પણ તેની પાસેથી તમારે વાસ્તે લાડવા માગી લઇશ. તેઓએ કહયું સારૂં. પછી તે તરણ જણા રથકાર પાસે ગયા. તેઓને આવતા જોઈ રથકાર બાએડી સમેત ઝાડ ઉપર ચહડયો. ત્યારે તેને સીહ પુછેછે—ભાઈ, આજ મને જોઈ, તું ઝાડ પર કેમ ચહડયો. રે હું તારો મીત્ર છું. હેઠે ઉતર—બીહીશ માં. રથકાર બોલ્યો—ભાઇ તું સારો છે, પણ તારા સાથીઓ સારા નથી, માટે હું ઝાડપર ચહડયો, હવે તું તારે મારગે જા.

માટે હે દમનક! પ્રધાન તો "બલભદ્ર" જેવો જોઇયે, કે જે નંગા ગોસાંઇને બાલોને રાજાને ઠેકાણે લાવ્યો ને પોતાનું કામ પણ સાધ્યું. દમનક પુછેછે, તે કેમ? કરટક કહેછે ભાઇ સાંભલ.

સારા પ્રધાનો પોતાનો બચાવ કરતાં રાજા અને રાજાનો પણ બચાવ કરેછે તે વીશે.

કથા ૨૭મી—બલભદ્ર પ્રધાનની.

કોઇ પુરૂષોતમ એવે નામે "અજોધયાનો" રાજા થઈ ગયો છે. તે સકલ ગુણે કરી પરીપુરણ હતો. તેનો પ્રધાન

બલભદ્ર એવે નામે હતો. કોઈ સમે રાજાએ બલભદ્રને શત્રુ ઉપર મોકલયો. એવે સમે કોઈ નંગો ગોસાંઇ તે શેહેરમાં આવી પુગો. તેણે જારણ, મારણ, ઊચાટન, વશીકરન, તંત્ર, યંત્ર, મંત્ર, બંધન, ધ્યાન, જોગ, ઓશડ, જોતીશ, રમલ, વગેરે સઘલી વીદીયાનો બલ કરીને બધું નગર વશ કરી નાખ્યું. પુરૂષોતમ રાજા તેની કીરતી સાંભલી તેને પોતાને ઘેર લઇ ગયો, ને પુજન કરયું. પછી તે ગોસાંઇએ જટા માહેથી પાણી કહાડયું. હાથમાં વસતેવ * લીધો. પેટ ફાડી સાંધી દેખાડયું. એવાં એવાં કોટક કરીને તેણે રાજાને પણ વશ કરયો. પછી તે દહાડેથી સંધુ રાજ કાજ છોડીને રાજા નીત તે ગોસાંઇ સાથે વાતો કરવા બેસે, ને ગોસાંઇના કહયા પ્રમાણે ચાલે. એક સમે, વેલા ટાલીને ગોસાંઇ આવ્યો, તેને રાજાએ પુછયું, માહારાજ આજ કેમ અવારૂં થયું? તે બોલ્યો–રાજા હું હવડેજ ઇંદ્ર લોકથી આવ્યો છું. ઇંદ્ર તથા સંધા દેવતાએ તને ક્ષેમ કુશલ પુછયું છે. રાજા બોલ્યો, તમે સવરગમાં કેવી રીતે જાઓછો? ગોસાંઇ બોલ્યો, હું આ મારાં શરીરને મઠમાં મુકુંછું, ને બીજું દેવ શરીર લઇને જાઊંછું. પછી કેટલાએક દહાડા ગયા એટલાંમાં બલભદ્ર જીત કરીને પાછો આવ્યો. તેણે જોયું તો રાજા પર વશ છે, ને ગોસાંઇ સાથ આનંદમાં વાતો કરતો બેઠો છે. રાજાએ બલભદ્રને પુછીયું, રે તું આ ગુરૂને જાણે છે? પેલો બોલ્યો, માહારાજ એઓની કીરતી દેશો દેશ છે. આપને ભાગ્યેજઆ ગુરૂ આપણને હાથ લાગ્યા. મેં સાંભલયું છે કે, ગુરૂ જીનું સવરગ લોકમાં પણ ગમન છે. વાત સાચી હશે માહારાજ! ગોસાંઇ બોલ્યો, રાજા તારા પ્રધાનને વીશવાસ આવતો નથી, તો ચાલ તેને હમણાંજ ચમતકાર દેખાડું.

---

* વસ્તેવ એટલે આતસ.

એમ બોલી રાજાને તથા પ્રધાનને પોતાનાં મઠ પાસે લઈ ગયો, ને બાહેર ઉભા કરયા. પોતે ખીલી લગાડી અંદર જઈ બેઠો. તેવારે પ્રધાન રાજાને કહેછે—માહારાજ! આ જોગી બીજું શરીર લઈ સવરગ જાય છે એ વાત જો સાચી હશે, તો એનાં મઠને સલગાવી દીઓ! રાજા બોલ્યો—એ શું કહેછે રે પ્રધાન! તયારે પ્રધાન બોલ્યો, માહારાજ આપણે એનું મરતયુ લોકનું શરીર બાલી નાખીયે. પછી એ સવરગ લોકનો કાયાથી આપણને દરશણ દેશે. એમાં આપણને તેમ એને પણ સારૂં છે. રાજાને તે વાત ગમી. પછી બલભદ્રે તે મઠને આગ લગાડી, ને ગોસાંઈને બાલી નાખ્યો. તે ધુતારો હતો. તેને મારયાથી બધા જગતની પીડા ટાલી રાજાને સુખી કરયો, ને પોતાનું પણ કામ કરયું.

માટેહે દમનક, ડાહયા પ્રધાન એવા થાય છે, તારા જેવા નહીં. કહયું છે:—

ડાહયો શત્રુ સારો પણ મુરખ મીત્ર કામનો નહીં. ડાહયા ચોરે પોતાનો એકલાનો પ્રાણ આપી ત્રણ જણાને બચાવ્યા, ને મુરખ વાંદરાએ રાજાને મારી નાખ્યો.

દમનક—તે કેમ થયું?

કરટક—ભાઈ સાંભલ.

મુરખ મીત્ર કરતાં ડાહયો શત્રુ ભલો તેની સાબેતી.

કથા ૨૮મી—ડાહયો ચોર અને મુરખ વાંદરો.

એક રાજાનો છોકરો, પ્રધાનનો છોકરો ને વાણીયા વેપારીનો છોકરો, એ ત્રણ વચ્ચે મીત્રાઇ ઘણી પડી હતી. તેઓ આખો દીવસ પોતપોતીકા ધંધા છોડીને એકઠા ફરે, રમે ને મોજ કરતા રહે. કોઇ સમે રાજા પોતાના છોકરાપર રીસે ભરાયો, ને બોલ્યો—રે મને ધીકાર છે કે, મારે પેટે તારા જેવો મુરખ દીકરો પેદા થયો. તે વાત રાજાના છોકરાએ પેલા બે પાસે કરી. ત્યારે તેઓ બોલ્યા—ભાઇ, અમારા પીતા પણ એમજ હમોને દુઃખ દે છે. રાજાનો છોકરો કેહવા લાગો કે, તો આ જંજાલમાં રહેવું આપણને ન ઘટે. કોઇ બીજે ઠેકાણે જઇયે. વાણીયો બોલ્યો—ભાઇ તું ખરૂં કહેછે, પણ પઇસા વીના પરદેશમાં કેમ કરશું? માટે પેહેલાં આપણ રોહીણાંચળ નામના પરવત ઉપર જઇયે, ત્યાંથી થોડાં એક રતન લઇને પછી મારગે ચાલયે. રાજપુત્રે કહયું—સારૂં. પછી તેઓ પેલા પરવત ઉપર ગયા. ત્યાં રતનની ખાન હતી, તેમાં ખોડયું તો ત્રણ રતન જડયાં. તે લઇ વીચાર કરવા લાગ્યા કે, આ રાનમાંથી રતન લઇને જઇશું તો કોઇ ચોર લુટી લઇ જશે. ત્યારે પ્રધાનનો છોકરો બોલ્યો કે, ભોજન સમે રતન ગળી જઇયે. તે જુગતી સઊએ માંનય કરી ને તે પ્રમાણે કરયું. તયાં કોઇ માણસ ઝાડપર હતો. તેણે તે જોયું, ને મનમાં કેહેવા લાગો કે, આજ કેટલા દહાડા થયા મેહેનત કરૂંછું પણ મને એક રતન ન મલ્યું તો હું એઓની સાથે લાગયો જાઊં, ને મારગમાં એઓ સુવે ત-

યારે એઓનાં પેટ ફાડી રતન કહાડી લઇ લેઊં. એમ ધારીને તે તેઓની પછવાડે ગયો, ને તેઓને મારગમાં મલી બોલેછે—ભાઇઓ, કરૂપા કરી મને સંગત આપશો, તો મારે દેશ પોંહચીશ, ને બાયડી છોકરાં સાથ તમોને કલયાણ માંગીશ. તેઓએ કહયું—સારૂં. પછી તેઓ સઘલા સાથે ચાલ્યા. રાનમાં જતાં કોઇ ભીલની વસ્તી પાસે આવ્યા, ત્યારે તે ભીલનો જે આગેવાન હતો તેનો એક પોપટ હતો, તે ભીલને સાદ કરવા લાગ્યો કે, "રે મારા ધણી! રે મારા ધણી! મારગમાં કોઇ જાયછે, તેઓની પાસે અમુલ રતન છે, તેથી ઉતાવલો થા, ને તેઓને પકડ." તે સાંભલતાંજ ભીલ ચાકરો સહીત દોડયો, ને ઝાડો લંઇ જુવેછે તો મારગવાલા પાસે કંઇએ મલ્યું નહીં. એટલે તેઓને મુકી દીધા ને પાછો આવ્યો. ત્યારે તે પોપટ વલી બોલવા લાગો, "રે તેઓ પાસે રતન છે! રે રતન છે! તું તેઓને જવા નહીં દે!" તે પેલા ભીલ પાછો મારગવાલા પાસે આવ્યો ને બોલ્યો, રે જાઓ ના, તમારી પાસે રતન છે તે આપો, નહીં તો તુમારો જીવ લઇશ. તેઓ બોલ્યા, ભાઇ વલી પણ ઝાડો લે. ભીલે વલી ઝાડો લીધો, પણ કંઇ મલયું નહીં. ત્યારે તેઓને કહેછે, રે મારો પોપટ કદાપી ખોટું નહીં બોલે; તો તમારાં પેટમાં રતન હશે, તે કાઢવાં જોઇયે. એમ કહી તેઓને પકડી બંધીખાનામાં નાખ્યાં. તે સમે પેલો ચોર વીચાર કરેછે, હવે આ ભીલ એઓનાં પેટ ફાડશે, તેવારે રતન જોઇ મારૂં પણ પેટ ફાડશે. માટે મારૂં મરણ નીસચય આવ્યું, તો આવે સમે મને પરોપકાર કરવો ઘટે છે. કહયું છે:—

આ શરીર જવાનું એમ નીશચય જાણીને મરતી વેલાએ પણ જે લોકપર ઊપકાર કરેછે, તે પુરૂષ મુવો એમ નહીં જાણવું.

માટે પેહેલાં મારે મારૂં પેટ ફડાવવું, તેમાં કંઇ જડયું નહીં એટલે ભીલને દયા આવશે, ને આ ત્રણ જણાને મુકી દેશે. તેથી મારી કીરતી આ લોકમાં ને પરલોકમાં થશે. પછી સહવારમાં ભીલ આવ્યો તેને આ ચોરે કહ્યું–રે આ ત્રણ મારા ભાઇ છે, માટે તું એઓનું પેટ ફાડશે તો તે દુઃખ મારેથી જોવાશે નહીં; તો મારા પર કરૂપા કરીને પેહેલાં મારૂં પેટ ફાડ. તે ઊપરથી ભીલે તેનું પેટ ફાડયું, ને જુવે છે તો માહીં કંઇ મલે નહીં. તેવારે તે બોલ્યો, "હે ભગવાન! પંખીના બોલ ઉપર મેં આ શું કરમ કરયું, હવે બીજાઓની હત્યા ન કરૂં. જેમ એનાં પેટમાંથી કાંઇ મલ્યું નહીં તેમ બીજાઓના પેટમાંથી પણ નહીં મલશે." એમ બોલી તે ત્રણેને છોડી દીધા.

પછી મારગ ચાલતાં તેઓ કોઇ નગરમાં પોહોચ્યા. તયાં ઝાડાના મારગથી જેમ રોજ પેટમાંથી રતન પાડતા હતા તેમ પાડી ત્રણે રતન વાણયાને હસ્તક કરયાં. તે તેને વેચી નાણું લાવ્યો, ને રાજાના છોકરા આગલ મુકયું. તે દ્રવના પ્રતાપથી એકના બે રૂપયા આપીને રાજાના છોકરાએ ફોજ રાખી, ને પ્રધાનનાં બુધી બલે કરીને તે નગરના રાજા સાથે લડાઇ કરી તેમાં જય પામીને પોતે તે દેશનો રાજા થયો. પછી પ્રધાનનો છોકરો અને વાણયો સંધો કારભાર કરે, ને રાજા નાના પ્રકારના ભોગ ભોગવતો જાય. એક સમે તે રાજાએ એક વાંદરાનું બચું દીઠું, તેને લઇ પાલ્યું, ને તેને તલવાર હાથ કરવા શીખવી. તેમાં તેને ચાલાક ઘણુંજ દીઠું, એટલે પછી તેને પોતાનો અંગરક્ષક કરયો તેવામાં એક સમે શરદ રતુના દહાડામાં રાજા બાગમાં ગયો છે ત્યાં વીહારકરતે કરતે થાકો. એટલે એક બંગલામાં જઇ શીલાપર પડયો. તે ઠેકાણે મંદ, સુગંધી ને શીતલ વા આવે

છે, તેથી હું ંગ આવવા માંડી. તેવારે વાંદરાને કહયું—રે ખબરદારીથી રેહેજે ! કોઇને આવવા નહીં દે. વાંદરાએ કહયું—સારૂં જી. પછી રાજા હુંગયો. તેનાં અંગને કેસર કસતુરીનો લેપ કરયો હતો, તેના વાસથી ભમરો આવીને તેની છાતી ઉપર બેઠો. તેવારે વાંદરો રીસે ભરાયો ને તેણે ભમરાપર તલવારનો ઘા મારયો. તેણે કરી ભમરા સાથે રાજાનાં શરીરના પણ બે કકડા થયા. કહયું છેઃ—

ડાહયો શત્રુ સારો પણ મુરખ મીત્ર કંઇ કામનો નહીં.

માટે તું પોતાના ધણીને આપદામાં નાખવા ચુકયો નહીં. તે તને અમારા સરખાની શી પરવા ? માટે તારી ચાલ જોઇ મને પણ તારી સાથે તેમજ ચાલવું ઘટે છે. કોઇ એક વાણયાનું વચન છે કે "જો ખાંડીબંદ લોહડું ઊંદરડાં ખાય, તો સમદી બાલકને લઇ ઉડી જાય, એમાં શું અચરત છે."

દમનક—તે કેમ થયું હશે વારૂં ?

કરટક—ભાઇ સાંભલ.

જેવા સાથ તેવા અથવા શેરને માથે સવાશેર થવાની જરૂર.

કથા ૨૯મી—જીરણધન અને ધાતણશેઠ.

કોઇ વસતીમાં એક મોટો વાણયો વેપારી જીરણધન નામે રેહેતો હતો. તે વેપાર કરતાં તુટો, ત્યારે પરદેશ જવાનો મનસુબો કરવા લાગો. કહયું છેઃ—

જે દેશ મધે ને જે ઠેકાણે પોતાના પરતાપથી પઈસા મેલવીને ભોગ ભોગવ્યા છે તે દેશ મધે ને તે ઠેકાણે દલીદરી થયા પછી જે રહેછે, તે અધમ પુરૂષ જાણવા. જે ઠેકાણે જેણે સંપતની વેલાએ હેંકાર કરી કોઇને ગણ્યું નહીં, તે ઠેકાણે તે ધણી બીજા પાસે જાચના કરવા લાગો, તો તે પુરૂષને ધીકાર છે.

એવું જાણીને તે પરદેશ જવા લાગો. એ વેલા તે વાણ્યા પાસે એક હજાર ખાંડી લોહાડું રહેલું હતું, તેની પીઠ ઘણી નરમ હતી. માટે તેણે એક ધાલણશેઠ કરીને વાણીયો પોતાનો મીત્ર હતો તેને ઘરં તે અનામત રાખ્યું ને પોતે દેશાંતર ગયો. ત્યાં કેટલાંએક વરસ રહીને ધન કમાવી પાછો પોતાને ગામ આવ્યો. ગામમાં પેસતાંજ પેહેલાં મારગપર ધાલણશેઠનું ઘેર હતું, માટે તેને ત્યાં ઊતરયો. ધાલણશેઠે તેને જોઇ ઘણોજ હરખ દેખાડયો ને સુખ શાંતી પુછી. તે સમે જીરણધને લોઢાંની પણ વાત કહાડી, ત્યારે તે બોલ્યો—રે ભાઈ, તે તો ઊંદર ખાઇ ગયા! જીરણધન મનમાં સમજી ગયો, ને બોલ્યો—હશે, શેઠજી, તેમાં તમારો શો વાંક ? આ સંસારમાં વસતુ માતર નાશવંતજ છે. ત્યાર પછી તે વાત છોડી દઇને જીરણધને ધાલણશેઠને પુછયું—શેઠજી, હવે તમારે છોકરાં કેટલાંક છે ? પેલાએ પોતાનાં છોકરાને તેડીને કહયું, આ તારો સેવક એકજ રે ભાઈ, એનું નામ હરીભાઇ રાખ્યું છે! જીરણધને તેને ખોલામાં લીધો, ને બોકી લઇ બોલ્યો—દીકરા! તેં મને ઓલખ્યો ? હું તારો કાકો છું. પછી શેઠજીને કહયું—આગ્ના આપો તો નદીનાં તાહાડાં પાણીએ સનાન કરી આવું. આપણા હરીભાઇને પણ મારી સાથે અંઘોટીયાં લઇ મોકલો, પાછો

સાથે લઇ આવીશ. શેઠ તેના ઓસયાલા હતા માટે તેને હા કહી. કહ્યું છેઃ–

વગર કારણે કોઇની વાત કોઈ સાંભલતો નથી. ખાધું છે માટે, અથવા ભય કરીને, અથવા આગલ કંઇ કામ કરી લેવું છે માટે, એકની વાત બીજો સાંભલે છે. બીજું, જે કોઈ પ્રીત દેખાડેછે, જે પ્રીતને કંઇ કારણ નથી, તેનો વીશવાસ નહીં કરયે, તો તેમાં નફો છે.

પછી હરીભાઈ, કાકાની સાથે અંભોટયાં, વાસણ લઇ દોડતોજ ચાલ્યો. જતી સમે જીરણધને નદી કીનારે એક ગુફા હતી તેમાં છોકરાને મેલ્યો, ને તે ગુફાને નાઢે એક મોટો પથર મુકી છોકરાને કહ્યું, ભાઇ હું નાહી આઉં તેટલે સુધી તું અહીં રેહે. પછી જીરણધન નાહી પરભારો બ્રાલણશેઠને ઘેર ગયો. તેણે પુછયું–છોકરો કયાં છે? પેલો બોલ્યો–તેને તો સમડો લઇ ઉડી ગઇ! તે બોલ્યો–એવું વલી કયાં થયું છે કે સમડી છોકરો લઇ ઊડે? જીરણધન બોલ્યો–તો એવું વલી કયાં થયું છે કે, હજાર ખાંડી લોહડું ઊંદર ખાઇ જાય? એમ તે બે જણા વઢતા વઢતા રાજા પાસે ગયા, અને બ્રાલણ શેઠ ત્યાં મોટો ઘાટો પાડી બોલ્યો–રાજા જુલમ છે! જુલમ છે! રે મારો છોકરો આ ચોર લઇ ગયો તે આપતો નથી, ને કહેછે કે સમડી લેઈ ગઈ. પેલો કેહેવા લાગો–હે રાજા! આ ખરી વાત છેઃ જો ખાંડીબંધ લોહડું ઊંદરડાં ખાય તો સમડી બાલકને લઇ ઉડી જાય એમાં શો વીશમય છે? પછી તેણે રાજાને લોહડાંની વાત કહી ત્યારે રાજાની સભા હસી, ને બેહુનો માલ બેહુને અપાવી સમાધાન કરયું.

એ વાત કહી કરટક દમનકને કહેછે–રે તુને કોઈ ભુંડાંની સંગત હતી. માટે તું એવો અવગુણી નીકલયો.

એક પોપટનું વચન છે કે—"હે રાજા એનાં ને મારાં મા બાપ એકજ, પણ મને રૂષીએ પાલ્યો છે, ને તેને કસાઇએ. તેણે રાત દહાડો કસાઇના વચન સાંભલયા ને મેં જ્ઞાની પુરૂષનાં, માટે એમાં તેનો દોષ નથી, ને મારો ગુણ પણ નથી. જેવો સંગત તેવી બુધો થાયછે."

દમનક—એ વાત કેવો છે તે કેહે.

કરટક—ભાઇ, સાંભલ.

સોહબત તેવી અસરનો એક ઊતમ દાખલો.

કથા ૩૦મી—પોપટ અને રાજા.

કોઈ રાણમાં સાંવરનાં ઝાડપર એક પોપટની માદા બે બચ્ચાં જણીને પછી કોઇ સમે ચારો કરવા ગઇ હતી, એટલાંમાં એક જણાએ તે પોપટનાં બચ્ચાં પકડયાં, ને તેમાંથી એકને કસાઇને ત્યાં વેચ્યું ને એકને રૂષીને ત્યાં. એક સમે રાજા કસાઇના વાડા પરથી શીકાર કરવા રાણમાં જાયછે તેને દેખી પેલો પોપટ બોલવા લાગો. "રે એને મારો, કાપો કકડા કરો, પેટ ફાડો, જુઓછો શું? વેહેલા થાઓ!" તે સાંભલી રાજા અચરત થઇ મુગો મુગો જતો રહયો. આગલ જતા તેણે એક રૂષીનું ઘર જોયું ને માંહે ગયો. ત્યાં એક પોપટ છે, તે તેને જોઈ બોલવા લાગો—"રાજા આવો, બેસો! રે કંઇ મીઠાં મીઠાં ફલને પાણી લાવો. હે રાજા આરામ કરો થાકયા હશો, આજે કુણીભાગી કરૂપા કરી? અમારા ઘરનું ધનભાગ્ય કે હયાં તમારા સરખા ધરમી રાજાનાં પગલાં લા-

ગાં" તે સાંભળી રાજા ઘણો પરસન થયો, ને તેને પુછવા લાગો–"રે પંખી, એ શું ? અહીંથી થોડેક દુર મેં પોપટ જોયો તે મને જોઇ કેહેવા લાગો મારો કાપો, ને તારાં મોઢાં માં એવાં એવાં મીઠાં વચન, એ કેમ હશે ? પછી તે પોપટે મુલથી વાત કહી અને બોલ્યો–હે રાજા, તેણે રાત દહાડો કસાઇનાં વચન સાંભળેલાં, અને મેં ગ્નાની પુરૂષનાં; માટે એમાં તેનો દોષ નથી, ને મારો ગુણ પણ નથી. જેવી સંગત તેવી બુધી થાયછે.

માટે, રે દમનક ! તને સંગત સારાંની ન હતી. સંજીવક બીચારો ભલો, માટે સીંહની પ્રીત પાંમ્યો, તે તને સહયું નહીં. સારાં વાનાને પછવાડે શત્રુ લાગેલાજ છે. કહયું છે:—

નીચાં કુલનો છે તે કુલવાનની અદેખાઇ કરે છે. કંજુસ દાતાની, કપટી ભોલાં માણસની, દલદરી ધનવાનની, કરૂપ સરૂપની, પાપી ધરમીની, ને મુરખ વીદવાનની અદેખાઈ કરેછે. જે કોઇ ડાહપણથી પોતાનું ધરમ કરમ કરેછે તેને ઢોંગી કહે છે. જે ચોખાઇ રાખેછે તેને કપટી, શુરાને નીરદય, ક્ષમાવાનને ઘેલો, પરાકરમીને પાપી, ઘણું બોલી જાણે છે તેને વાચાલ અને જે થોડું બોલેછે. તેને થંડો કહેછે.

એમ તે બે જણા વાતો કરેછે. એટલામાં સીંહ સાથે લડતાં તેના હાથથી સંજીવક મરણ પામ્યો ને ભોંયપર પડ્યો. તે વારે આખાં વનમાં હો હા થઇ ગઇ તેની લોથ જોઈ પીંગલને પણ દયા આવી, ને તેના ગુણનું સ્મરણ કરીને બોલવા લાગો–"રે રેં પાપીએ એ શું કરમ કરયું ! રે જેને મે સારો કહયો, જેને મેં પોતાનો કરયો, તેનેજ મેં મારે હાથે મારયો. માટે મારા સરખો

પાપી કોઇ નથી." એમ તે પીંગલ મોટા પસ્તાવામાં પડીઓ છે ને કષ્ટ પામેછે. પણ શું કરશે? વાત થઈ ગઇ તે પાછી આવતી નથી. કહયું છેઃ—

એકાદ ભુડું કામ થઇ ગયા કેડે જેવી બુધી થાયછે તેવી બુધી જો પેહેલાં થાય તો તેમાંથી કંઈ સારૂં ફલ ઊપજે.

એવો શોક સીંહને કરતાં જોઇ દમનક તેણી આગલ ગયો; અને તેને કહેછે—રાજા એક બલદીયાને સારૂ તમે એટલો શોક શા માટે કરોછો? કહયુંછેઃ—

બાપ, ભાઈ, બાયડી, છોકરો, અથવા મીત્ર જો આપણો પરાણ લેવા આવે તો તેને મારયે એમાં પાપ નથી.

તો એ તમારો વાહલો ખરો, પણ તમને સામો મારવા આવ્યો તો તેને મારવું યોગ્ય. એમ પીંગલને સમજાવીને તેણે તેની પાસેથી સંજીવકનો શોક મુકાવયો. પછી પોતે સીંહરાજ પ્રધાન થઇને સઘલો કારભાર કરવા લાગયો.

એ પ્રમાણે મીત્રભેદ પેહેલું તંત્ર કહીને વીશ્નુશરમાં પંડીત રાજપુત્રોને કેહેવા લાગો કે, "હે છોકરાઓ! રાજાએ ઘણી ચોકસાઈથી ચાલવું જોઇએ. નહી તો દમનક સરખો કોઈ લોભી ચાડયો રાજાને રમકડું કરીને પોતાનું કામ સાધી લેયછે.

રાજપુત્રો કેહવા લાગા, સાચું મહારાજ! તમે જે વાતો કહી તે સઘલી ધયાનમાં રાખીશું અને કોઇથી ઠગાઈશું નહી.

મીત્રભેદ તંત્ર ૧લું સમાપ્ત.

મીત્ર પ્રાપ્તી તંત્ર ૨ જું.

જે મીત્ર ન હોય તેને મીત્ર કેમ કરી લેવો તે વીશે.

વીષ્ણુશરમા પંડીત રાજપુત્રોને કહેછે,–હું હવે તમને મીત્ર પ્રાપ્તી નામે બીજું તંત્ર સંભલાવુંછું. તે ધ્યાન રાખીને સાંભલો.

રાજપુત્રો કેહેવા લાગા, હાજી મહારાજ ! કરૂપાં કરી કહો. પછી વીષ્ણુશરમાં કહેછે, જેઓને કોઇ સાહય નથી, પણ જાતે બુધીવાન ને ડાહયાં છે તેઓ ગમે એવું કઠણ કામ હોય તેને સાંધેછે; જેમ કાગડો, ઊંદર, હરણ અને કાચબો, એઓએ સાધ્યું. રાજપુત્રો પુછવા લાગા તે કેમ ? વીષ્ણુશરમા કહેછે-સાંભલો.

પશ્ચીમ દેશમાં એક નગરની પાસે મોટું વડનું ઝાડ હતું તે ઝાડને આસરે ઘણા જીવજંતુઓ સુખ પામતાં હતાં. કહ્યુંછે:—

" તેજ ઝાડને ધન છે કે, જેની છાયામાં પશુ સુખ પામેછે, જેને પાતરે પાતરે પંખીની વસ્તી છે, જેના ઢાલમાં કીડા કીડીઓ આરામ પામેછે, વાંદરા જેની ડાલીઓનો આશરો કરી રહેલા છે, ભમરા જેના ફુલનું મધ ચુસેછે. માટે જે પુરૂષને હાથે પરોપકાર થતો નથી, તેણે જન્મ લઇ લોકોને ભાર માત્ર કર્યો.

એવાં તે વડના ઝાડ ઊપર લઘુપતન નામે એક કાગડો રેહેતો હતો. કોઇ સમે તે ચારો કરવા બાહેર નીકલયો, એટલામાં તેણે એક પારધી સાંમો આવતો જોયો, તેથી વીચાર કરવા લાગો કે, હાથમાં જાલ ને ચોખા લઇને એ મારા વડ સામા જાયછે, તો હું પાછો જાઊં, ને સઘલાં પંખીઓને ચેતાઊં; નહી તો તે સઘલાં ફસીયાં જશે. પછી તે કાગડો પાછો વડ ઉપર આવો સઘલાં પંખીઓને કહેછે, "રે પેલો કાલો પુરૂષ આવેછે તે પારધી છે, તે જાલ પાંથરીને ચોખા નાખશે. તે ચોખાને વીખ સરખા માનજો." એમ બોલેછે એટલામાં પારધીએ આવો જાલ માંડી ચોખા નાખ્યા, ને પોતે દુર જઇ બેઠો. તે જોઇ વડ ઉપરથી તો કોઇ પંખી હેઠે આવયું નહીં; પણ તેટલામાં "ચીત્રગરીવ" એવે નામે જંગલી ખબુતરોનો રાજા પોતાનું ટોલું લઇ બાહેરથી ભંમતો ભંમતો ત્યાં આવ્યો. તેને બી જોકે લઘુપતન કાગડાએ વારીયો, તો પણ તેનું મન રહયું નહીં, ને ખાધાની લાલચે તે મંડલી સમેત જાલમાં જઇ સપડાયો. કહયું છે:—

જયાં માણસનો ઊપાય નહીં. એવાં જલમાં જેની વસ્તી એવા પણ માછલો જયારે જીભને સ્વાધીન થાયછે ત્યારે સેહેજ ગલમાં મારયો જાય છે.

હવે પેલો પારધી મનમાં હરખ પાંમ્યો ને લાકડી લઇ પેલાં કબુતરોને મારવા દોડયો એટલામાં ચીતર ગરવ રાજા પોતાના જંગલી ખબુતરને કહેછે, ભાઇઓ

હવે બીહાને શું કરીએ ? હીંમત કરશો તો, આપણે હજાર જણા છઈયે તે એક જોર કરીને જાલ સમેત ઉડો જઈશું. આ સલાહ પ્રમાણે સઉએ તેમ કીધું, તેથી તેઓ જાલ સુધાં આકાસ પંથે ઉડી ચાલ્યાં. તેઓની પછવાડે કેટલેક દુર સુધી પારધી પણ ગયો ખરો, પણ અંતે થાકીને પાછો ફરીયો અને કહેછે:—

" જે થવાનું તે નથી થાતું અને જે ન થવાનું તે સેહેજે થાયછે. એ પરમેશાવરની ઇછા કહીયે."

આમાં મારૂં પેટ ભરવાનું જાલું હતું તે પણ ગયું. હે ભગવાન ! હવે હું શું કરૂં ? " એણીગમ ચીતરગરીવે જોયું કે પારધી દેખાતો નથી, ત્યારે તેણે પંખીઓને કહયું, " રે ચાલો, પેલા પરવતની પાસે, ત્યાં એક હીરણક નામે ઊંદર મારો મીતર છે. તે જાલની ગાંઠ કાતરીને આપણને છુટાં કરશે. " કહયુંછે:—

સંકટને સમે મીત્રને સોધતા જઈયે કાંકે મીત્ર વીના બીજો કોણ મદદે થશે ?

પછી તે સઘલાં ખબુતરો હીરણકનાં થાનક પાસે ગયાં. તેમા દરને મોંઢે ઉભો રહીને ચીતરગરીવ તેને સાદ કરવા લાગ્યો. " રે મારા મીત્ર હીરણક ! હું મોટાં સંકટમાં છું. તું બાહેર આવીને મને છોડવ. " તે સાંભલતાંજ હીરણક બાહેર આવ્યો. કહયુંછે:—

જેના ભાગય હોય તેને ઘેર ઇષ્ટ મીત્ર આવે છે, અને પોત પોતીકું કામ કરી જાય છે.

હીરણકે ચીતરગરીવને પુછયું, ભાઇ, એવી તારી અવસ્થા કેમ થઇ ? તે બોલ્યો, ભાઇ હમારી જીભલીએ

આ વેદનામાં નાખ્યાં. હીરણક કહે, ભાઇ પ્રાલબધની આગલ કોઇનો ઉપાય નથી.

> જે પંખી ખાધાની વસ્તુ દુરથી જોઇ શકે છે, તેની પાસે જે ફાંસો છે તે દીસતો નથી એ શું અચરત !

> સુરજ ચંદરને ધરણની પીડા. હાથી, સાપ તથા પંખી સરખાંઓને બંધનની પીડા. ડાહ્યા પુરૂષને દલદર. એવું જોઈ મને તો પ્રાલબધજ બલવાન દીસે છે.

એમ કહીને તે ઊંદર પહેલાં ચીતરગરીવનો ફાંસો કાતરવા લાગો. ત્યારે તેણે કહયું કે, ભાઇ પેહેલાં મારા સેવકોને છુટા કર, પછી મને. હીરણક બોલ્યો, પહેલા ધણીને ને પછી ચાકરને એવી રીત છે. પેલાએ કહયું, ખરી વાત, પણ જો હું એઓને માન આપું તો એમાં મારૂં કલયાણ છે. કહયું છે:—

> રાજા પોતાના સેવકોનું માન વધારે છે તેથી તે રાજાના કામમાં પ્રાણ આપવા પાછલ જોતા નથી.

બીજું મારૂં બંધન છોડતાં તારા દાંત ભાગી ગયા, અથવા પારધો આવો પુગો, તો પછી એ બોચારાં સપડાઇ જાય તો મને નરકે જવું પડે. કહયું છે:—

> જે રાજા પોતાના સેવકોને તથા પરજાને દુઃખમાં જોઇને પોતે મોજ કરે છે, તે આ લોકમાં ને પરલોકમાં પણ દુખી થાય છે.

એ સાંભલી હીરણક સંતોષ પામ્યો, ને બોલ્યો, ભાઇ હું તે જાણું છું; પણ મેં તો તારી અસલાઇની પારખ જોઇ. કહયું છેઃ-

> **જે રાજા સેવકોપર કૃપા રાખે છે, ને પોતાની દોલતમાં તેઓને ભાગયા કરેછે, તે રાજા તરણે લોકનું રાજ કરવા સામૂરથ થશે.**

માટે હે ચીતરગરીવ, તું ઘણાં વરસ સુધી ખબુતરોનો રાજા રેહેશે. એમ કહી હીરણકે સરવેનાં બંધન તોડી નાખ્યાં અને આજ્ઞા લઇ પોતાના દરમાં ગયો અને ખબુતરો પણ પોતાના થાનકે જતાં રહયાં. કહયુંછેઃ-

> **જેને મીત્ર છે તેનાં કામ બની આવે છે. માટે ડાહયા પુરૂષ મીત્ર કરી રાખવા.**

આ પ્રકારે તે ખબુતર છુટો આવતાં, તેઓને લઘુપતન કાગડાએ જોયાં, અને તે અચરત પામ્યો, કે હીરણકનો શું મોટો બુધી હશે, તો હું તેને મારો મીત્ર કરી લઊં. એમ ધારીને તે હીરણકના દર પાસે ગયો, ને તેને સાદ કરવા લાગો, " રે હીરણક, બાહેર આવ રે બાહેર આવ. " હીરણકે પુછયું, તું કોણ છે ? તે બોલ્યો, હું લઘુપટન કાગડો તારી મીત્રાઇ કરવા આવયો છું. તે બોલ્યો "તારી ને અમારી મીત્રાઇ થાય નહીં, માટે તું હંઇથી જા." કહયું છેઃ-

> **જે બેઉની સંપત સમાન, જે બેઉનું કુલ સરખું, ને જે બેઉનો સ્વભાવ મલતો તે બેઉની મીત્રાઈ અથવા સગાઈ થાય છે.**

કાગડો બોલ્યો, રે તે ગમે તે હોય; પણ જો તું મારો મીત્ર નહીં થશે તો હું તારા પર મારો પ્રાણ ઘાત કરીશ. ઊંદર બોલ્યો, "ભાઇ, તું મારો વેરી તારો સાથે હું મીત્રાઇ કેમ કરૂં?" કાગડો બોલ્યો, "મેં તને જનમમાં દીઠો નહીં ને તારૂં મારૂં વેર કીયે દહાડે પડ્યું? એ શું અણઘટતું કહે છે." ઊંદર બોલ્યો, "ભાઇ વેરી બે પ્રકારના છે. એક જનમ વેરી ને એક થયલો વેરી. તો તું મારો જનમ વેરી છે. કોઇ સમે થયલું વેર મટે છે, પણ જનમ વેરી પ્રાણ લીધા વીના મુકતો નથી.

"જેમ ખડ ખાનારને માંસ ખાનારાં પશુંનું વેર, જલને અગનીનું, દેવને દઇતનું, બીલાડીને ઊંદરનું, શોકણને શોકણનું, દલદરીને ધનવાનનું, પારધીને પશુનું, પંડીતને મુરખનું, પતીવરતાને છગેલનું, અને ભુંડા માણસને સાધુનું, એ વેર સદાકાલ ચાલતું આવયું છે."

કાગડો બોલયો, "ભાઇ તે ખરી વાત કહી, પણ તારી મીત્રાઇમાં મને સ્વારથ છે, માટે તારો નાશ નહીં કરીશ." ઊંદર બોલ્યો એ વીશે શાસ્ત્રમાં શું કહયું છે તે તું જાણે છે? નહીં તો સાંભલ.

શત્રુ છે તે કામના જેટલી મીત્રાઇ રાખે છે. કાંમ થયા પછે ઘાત કરવા ચુકતો નથી.

તું કહશે કે આપણ પોતે જો ગુનવંત છઇએ તો આપણને કોણ નડશે, તો સાંભલ. ઘાટકી છે, તે ગુણી અવગુણી જોતાં નથી, કહયું છે:–

વ્યાકરણ જેણે કર્યું એવા ગુણી જે નામે પાણીની તેને સીંહે મારી નાખ્યો. મીમાંશા શાસ્ત્રનો કરતા જે નામે મીની તેને હાથીએ મારયો. છંદ શાસ્ત્રનો કરતા જે નામે પીંગલ તેને મગરે મારયો. માટે જેને સારાં માંઠાનો સમજ નથી તે શું શું કરશે તે કેહેવાતું નથી.

કાગડો બોલ્યો એમ છે ખરૂં, તોએ પણ સાંભલ. કહયું છે:–

એક બીજા ઉપર ઊપકાર કીધાથી માણસ માણસમાં મીત્રાઇ પડે છે. કોઇ કારણથી પશુને પંખીમાં, ભય અથવા લોભથી પંડીત ને મુરખમાં અને દરશણ માત્રથીજ સાધુ સાધુમાં મીત્રાઇ પડે છે.

માટે રે ઊંદર, આપણે બેઊ સાધુ છીયે તો આપણી મીત્રાઇમાં ફેર નહી પડશે. બીજું હું સોગન લઇને પણ તને નીરભય કરૂં છું. ઊંદર બોલ્યો, શત્રુના સોગનનો વીશવાસ નહી કરીએ. કહયું છે:–

શત્રુ છે તે પેહેલાં નાહાંને વેશે કરીને પ્રવેશ કરેછે, પણ હલવે હલવે જોગવાઇ જોતો જોતો મોટો થઇ સઘલોંજ નાશ કરેછે, જેમ પાણીનો પુર કરેછે તેમ.

તે સાંભલી લઘુપંટન કાગડો મનમાં કહેછે, " રે આ શું ડહાપણ છે! એવો નીતી શાસ્ત્રનો જાણનાર મેં જોયો નહીં હતો." પછી તે ઊંદરને કહેછે, "ભાઇ જો તને મારો વીશ્વાસ નહી આવતો હોય તો; તું તારાં વીલને મોંઢે બેસીને પણ મારો સાથે વાતો કર. હું તો તારી

મીત્રાઇનો ભુખ્યો છું." તે સાંભલી હીરણકનો પેલા પર વીશવાસ આવ્યો, ને તેને કહે છે, "ભાઈ એમ છે તો તારી મારી મીત્રાઇ થઈ, પણ ખબરદાર હો ! મારાં દર પર તારો પગ પણ લગાડ નહીં. દુર રહો વાતો કરજે."

પછી તે બેહુ રૂડી વારતા નીત કરે ને એક બીજા પર ઉપકાર કરીને સુખેથી દહાડા કાઢે. કાગડો બાહેર ફરવા જાય ને હેઠે નાંખેલાં હોય તેમાંથી માંસ તથા સુખડીના કટકા ઊંદરને કાજે લાવતો જાય. ઊંદર પણ કોઇનાં ઘરમાંથી કાગડાને કાજે ચોખાના દાણા ને બીજી ખાધાની વસ્તુ લાવીને તેને આપે. કહયું છે:–

જયાં પ્રીત પડી ત્યાં આ ૭ પ્રકાર દીસે છે. આપવું, લેવું, શુખ દુઃખની વાતો કરવી, સાંભલવી, ખાવું અને ખવડાવવું. આ જગતમાં બીજા ઉપર ઉપકાર કરીઆ વીના પ્રીત નથી થતી. દેવને પણ કંઇ આપવું કરીયે, ત્યારે તે આપણી કામના પુરી કરે: આપવાનું શું માહા ઉતમ છે તે જુઓ. કે શત્રુને પણ મીત્ર કરેછે. ખીચડો આગલ મુકયાથી ભેંસ દોહે છે. માટે પશુ જાતને પણ આપનાર, છોકરાંથી વહાલો લાગે છે.

એમ તે બેહુની પ્રીત પડી, ત્યાર પછી તે ઊંદર કાગડાની પાંખમાં ધુસી જઇ બેસે ને વાતો કરે. કોઇ સમે કાગડો તેને કહેછે, ભાઇ આ દેશ પર મારૂં મન હવે રમતું નથી.

હીરણક–તે શું ભાઈ?

લઘુપટન—ભાઇ આણના વરસમાં દુકાલ પડીયો છે. તેથી લોક જયાં ત્યાં ભુખે મરે છે. માટે મને કાંઇ ખાવાનું જડતું નથી, ને અંન નહી માટે જયાં ત્યાં જોઊં છું તો પંખીને ઝાલવા સારૂં જાલાં તઇયાર કરેલાં છે. માટે હું હવે આ દેશ છોડી જાંઊં છું.

હીરણક—તું કયાં જશો ભાઈ?

લઘુપટન—દખન દેશ મધે મહાવનમાં એક તલાવ છે. તેમાં મારો મોત્ર એક કાચબો છે, તેની પાસે જઇશ, ને આપણે જો સારા છઇએતો મીત્રનો શો ટોટો? કહયું છે:—

મોટા છે તેને કશો ભાર રેહેતો નથી, વેપારીને કંઈ ચીજ દુર નથી. વીદયાવાન જયાં જાય ત્યાં તેનો દેશ, ને મીઠું બોલનારને શત્રુ કોઇ નથી.

હીરણક—એવું છે તો મને પણ ત્યાં લઇ જા. હયાં મને દુખ છે, તે તુને હું પછી કહીશ.

લઘુપટન—તો ધન મારૂં ભાયગ; કે તારી પણ સંગત મને થશે.

પછી ઊંદરને પોતાનાં વાંસાપર મેલી કાગડો પેલા તલાવ પાસે ગયો ત્યાં જઈ મંથર કાચબાને સાદ કરવા લાગો. તે સાંભલી મંથર કાચબો જલમાંથો બાહેર નીકલ્યો, ને લઘુપટનને હઇએ હઇયું લગાડીને ભેટ કીધો. તે વખતે બેહુનો આંખમાંથી આનંદે કરી જલધારા ચાલી રહી. એવો તે બે મીત્રોનો મેલાપ થયા પછી તેઓએ એક બીજાને સુખશાંતી પુછી. હીરણક પણ

મંથરને નમસ્કાર કરી કાગડા પાસે બેઠો. તેને જોઇ કાચબાએ કાગડાને પુછયું—ભાઇ આ કોણ છે ?

લઘુપટન—આ મારો મીત્ર હીરણક મોટો ગુણી છે, પણ કંઇ કારણે કરીને ઊદાસ થઇ મારી સાથે હઇઆં આવ્યો છે.

પછી કાગડો ઊંદરને કહેછે, ભાઇ તારૂં શું દુઃખ છે તે હવે અમને કેહે. તેવારે હીરણક બોલવા લાગો, ભાઇ સાંભલ.

ચીંતાથી માણસ બેધયાન થાયછે તે વીશે.

કથા ૧લી—તામરચુડ સનીયાશી બાવો અને હીરણક ઊંદર.

પશ્ચીમ દેશ મધે રમણક નામે નગર હતું, તેની પાસે એક મઠમાં તામરચુંડ એવે નામે સન્યાશી બાવો રેહેતો હતો. તે નીત ગામમાં જઈ ભીખ માંગી રાતે ખાઈ બાકી રહેલું અંન એક ખુંટી પર સીકાંમાં ઢાંકી મેલે. કોઇ સમે મારા સેવક તે જોઇ મને બોલવા લાગા, હે સવામી ! તમ વીના તે સારૂં સારૂં અન હમને બીજો કોણ ચખાંડશે ? માટે તમે ત્યાં ચાલો. પછી તેઓના કહયા પર હું સઘલો પરીવાર લઈ ત્યાં ગયો અને સીકાંપર કુદી ખાધાનું મેલયું હતું તે પોતે ખાઈ સઘલા સેવકોને પણ ખવાડયું, અને તરૂપત કરયા. એ પ્રમાણે નીત કરતો જાઊં. તેથી સનીંઆસી બાવો કાયર થયો. પછી તે બાવો એક જુના વાં-

સની લાકડી લાવીને, સુએ ત્યારે તે સીકાંપર મારતો જાય. તે ધાકથી હું સીકાં પાસે જાઉં નહી. પણ સનીઆસીને ઉંઘ આવી એટલે મારૂં કામ હું કરૂં. કોઈ સમે તે મઠમાં કોઈ "બેહેસપતી" નામે બીજો સનીઆસી બાવો આવ્યો. તે બે જણા રાતે સુતા. ત્યારે પરોણો સન્યાસી તામરચુડને ધરમ કથા કહેવા લાગો. તામરચુડ ઊંદરની ચોકી કરતો હતો, માટે તેણે ચીત લગાડીને સાંભલયું નહીં. ત્યારે પરોણાને ક્રોધ આવ્યો ને કહેવા લાગો, રે તામરચુડ, અત્ર ઘડી હું હઈથી જાઊંછું. કહયુંછેઃ—

આપણે આવતા જોઈ જે ઘેરનો ધણી એની ગમ પેલીગમ જોવા લાગેછે, અથવા આપણું વચન પ્રીતથી સાંભલતો નથી, એવાને ઘેર જે જાયછે તે વગર સીંગડાંનો બેલ કેહેવાય. જે ઘેર આપણું માન થતું નથી, અથવા જયાં આપણી સાથે કોઇ સુખદુખની વાતો કરતો નથી, તે ઘેર જઈયે નહીં.

એમ તેને ક્રોધ આવ્યો જોઇ તામરચુડ તેને કહેછે, સ્વામી, તમારી વાતો પર મારૂં ચીત કેમ લાગશે? મે ઊંચાં સીકાંપર અન મુકયુંછે તો પણ ત્યાં આ ઊંદરડાં રેહેવા દેતા નથી, ને આંખી રાત મને દુઃખ દીએછે. બેહેસપતીએ પુછયું તું એનું દર કયાં છે તે જાણેછે? પેલો બોલ્યો, નહીં. બેહેસપતી બોલ્યો, આ ઊંદર જયાં રહેછે ત્યાં ધન છે, માટે આટલા ઊંચા કુદેછે. કહયું છેઃ—

ધન પાસે રહયાથીજ માણસને હુશીયારી ચહડેછે. પછી જે તેનો ખરચ અને ધન ભોગ કરેછે તેની વાત શું કહુયે.

માટે એનું કંઇપણ કારણ હશે. જેમ એક બરામણી વીણેલા તલ આપીને તેને બદલે અણ વીણેલા માગતી હતી, તેમાં જેમ કારણ હતું. તામરચુડ પુછેછે, તે કેમ થયું હશે? એહેસપતી કહેછે, ભાઇ, સાંભલ.

મતલબી માણસ તરફથી મલતી લાલચ સામે સંભાલ રાખવા વીશે.

કથા ૨ જી—બરામણી અને વીણેલા તલ.

કોઇ નગરમાં હું ગયો હતો ત્યાં એક બરામણીને ઘેર રહયો. રાત્રે બરામણ બાઇરીને કહેછે, "કાલે તલસંકરાંત છે, માટે હું બીજે ગામે જાચવા જઇશ. તો આપણે ઘેર સનયાશી આવ્યોછે, તેને તું સુરજદેવતાને નામે તલનું દાન આપી જમાડજે." બરામણી બોલી, "રે તું દલદરીને એ શું હોંસ?" બરામણ બોલ્યો, સાંભલ—

ધનવાન છે તે ઘણો દ્રવ્ય આપીને જે પુન મેલવેછે, તેટલું પુન જે ગરીબ તે પણ એક કોલીઆમાંથી અરધો કોલીઓ આપીને મેલવેછે, માટે ગરીબે પણ થોડાંમાંથી થોડું આપવું.

એમ બાયડીને સમજાવીને સહવારે બરામણ પરગામ ગયો. પછી ઘેરમાં તલ હતા તે બરામણીએ વીણીઆ ને સુકાવા મુકયા. તે ઊપર કુતરાએ આવી નજીસાત કરી. તે જોઇ બરામણી વીચારમાં પડી કે એનું દાન કેમ કરીયે. પછી તે તલ લઇ જઈ પડોસણને કહેછે, "બાઇ, તું આ વીણેલા તલ લઇ મને અનવીણેલા આપ." તણે કહયું સારૂં. તેટલાંમાં

તેનો છોકરો બાહેરથી આવ્યો. તે બોલ્યો "રે માતા એવું થાય નહીં, એમાં કંઇ પણ કારણ છે. કાંઇ કારણ વીના વીણેલા તલ આપીને કોઇ અણવીનેલા માંગે નહીં." પછી પડોસણે તે તલ લીધા નહીં.

માટે રે તામરચુડ ! આ ઊંદરડાં એટલાં ઉડેછે, એમાં કાંઈ કારણ છે. તો પણ તેઓના પગલાંને શુમારે તેઓનું દર શોધતા જઇયે ને ત્યાં ખોદીયે. પછી સહવારે તે સનયાસીઓએ તેમ કરયું. ત્યારે તેમને ધનની કડાઇ મલી, તે લઇ ચાલતા થયા. પણ આ ધન જતાંજ હું નબલો પડયો ને બીજે દહાડે સીકાંપર કુદી શકયો નહીં. કહયું છેઃ–

માણુસ જે હુશઆરી રાખેછે, અથવા લોકોને પીડા કરેછે, અથવા ગરવ કરેછે, તે સરવે પઈસાનાં જોરપર. પઈસાને લીધે લોક બલવાન કેહેવાયછે. પઈસે કરી સમજવાલા ને પઈસે કરી મોટા. પઈસા જતા રહયા એટલે તે પુરૂષ એક કોડીનો માલ."

પછી તે પઇસા જે પેટીમાં સનીઆસીએ રાખ્યા હતા તે પેટી કોતરવા લાગો. ત્યારે તામરચુડે મને લાકડી મારી તેશી દુઃખી થયો. તેમાંથી. સાજો થતાં મને કેટલાએક દાહડા લાગ્યા. તે દહાડેથી પછી નીરાશ થઇ બેઠો. મારા સેવકો મને મુકી જતાં રહયા. એ મારા વેરાગનું કારણ છે.

એમ હોરણકે પોતાની વાત પેલા કાચબાને અને કાગડાને કહી. તયારે તેને કાચબો કહેછે, ભાઇ ગઇ વાત આવતો નથી, માટે તું તેનો શોક મુકીદે, અને આ મારાં તલાવ પાસે સુખેથી રહે. મારેથી તારૂં સારૂં થશે, તે ભુલોશ નહીં. તારા પ્રાલબધમાં હશે તો વલી પણ

તુને ધન પ્રાપ્ત થશે, પણ એટલું તારૂં ભાગ્ય કે તને આ કાગડો મીત્ર સારો મલયો, કાંકે તું જાતે કાગડાઓનો ભક્ષ છે, એમ છતાં પણ એનું ચીત તારે વીશે ચંચલ નહીં થયું. કહયું છે:—

જે આપણા પ્રાણપર, પઈસાપર અથવા બાયડીપર નજર૰ નથી રાખતો, તે ઉત્તમ મીત્ર જાણયે. ને મીત્રની પારખ પણ અહીંઆજ છે, જેમ સુનાની પારખ અગનીમાં થાયછે. આપણો પડતો કાલ આ૰યોછે તે સમે જે મીત્ર છોડતો નથી તે ખરો મીત્ર કેહેવાયછે. જે આપણું કારજ બગાડેછે તે શત્રુ; અને જે કારજ સાંધેછે તે મીત્ર એમ જાણયે. મીત્ર ને શત્રુની બાજી શી ઓલખાણ."

માટે ધનનો ભોગ થોડોવાર રહેવાને જાણીનો હવે તું તેની ચીંતા છોડી દે, ને મારા તલાવની પાસે સુખે રેહે. કહયું છે:—

વાદલાંની છાયડી, ભુડાં માણસની. મીત્રાઈ, રાંધેલું અન, બાએડી, જોબન અને ધન એ ઝાઝી વાર સુખ આપતાં નથી. કષ્ટ કરીને મેલવયે, જીવ સરખુ રાખયે, પોતાના દીલ સરખી વસતુ પર પેહેરીયે, તો પણ જે બીજે હાથે જાયછે એવું જે ધન તેનો શોક શું કરીયે. પઈસાવાલા જોઇ વગર વાંકે રાજા તેની પર ગુનો લાવેછે. પઈસાવાસ્તે જે મેહેનત કરીયે છીયે, તેનો સોમો હીસો જો ભગવાન મલવાને કાજે કરીયે તો તે મલે ને પર-

દેશાની ચીંતા પણ કરવી ન ઘટે. જે મોટા, જે વીદીઆવાન, જે પરાકરમી, તે જયાં ગયા ત્યાં તેનો દેશ. બીજું આપણાં કરમમાં નહી હોય તો, હાથમાં આવેલો દ્રવ્ય પણ જાયછે.

જેમ એક સોમલીને થયું. ઊંદર પુછેછે તે કેમ. કાચબો કહેછે ભાઇ સાંભલ.

નસીબમાં જેટલું સુખ હોય તેટલુંજ ભોગવી શકાય તે વીશે.

કથા ૩જી-સોમલી સાલવી.

કોઇ નગરમાં સોમલી નામે વણકર રહેતો હતો. તે ઊંચા ઊંચા લુગડાં વણે પણ પેટ ભરાય તેટલુંજ પેદા કરે. એક દહાડે તેણે પોતાની બઇરીને કહ્યું કે, બીજા વણકરો જાડાં જાડાં લુગડાં કાઢીને દોલતવાન થયા ને આપણે દલદરીજ રહયાં. માટે આ ગામ મુકીને બીજે ગામ જઇએ. તે બોલી, હે ભરતાર, આ તમારી સમજ કંઈ કામની નહીં. જેનું ભાયગ હોય છે, તેને પોતાને ગામેજ મલેછે. પરદેશ જવાનું કારણ પડતું નથી. કહયું છેઃ–

પરથવી આખી ફરે અથવા સમુદ્રને પેલી તરફ જાય તોપણ પ્રાલબધમાં હોય તેટલુંજ મલે. જેમ વાછરડી પોતાની માતાને હજાર ગાએમાંથી ઓલખે છે, તેમ આપણું કરમ જયાં જઇયે ત્યાં આપણને શોધતું આપણી પાસે આવેછે. જેમ છાયા પુરૂષ સાથ લાગી રહે છે તેમ આપણું કરમ ને આપણ એક બીજાને છોડતાં નથી.

માટે આપણે જો આલસ મુકીને ધંધો કરીએ તો કામ થશે. વણકર બોલ્યો, ખરી વાત છે. કહ્યું છેઃ—

ભુખ છે ને રાંધેલું અન પણ પાસે છે, પણ જો હાથ હલાવીએ નહી તો તે આપોઆપ મોઢાંમાં જાતું નથી. ઊદીઓગીને લખમી મલેછે. ઊદીઓગ છોડી નસીબપર ભાર રખે છે તે મુરખ જાણવો. માટે ઉદીઓગ કરતાં જો સીધી ન થાય તો પછી આપણો વાંક નહી.

એવું છે તો ખરૂં, પણ હું તે ઊદયોગ પરદેશ જાઈ કરીશ. એમ કહી તે વણકર, વરધમાન નગર ગયો. ત્યાં તરણ હજાર રૂપયા મેલવ્યા, ને પાછો પોતાને દેશ આવવા લાગો. મારગમાં એક જંગલ આવ્યું, અને સુરજ આથમવાથી એક વડના જાહડપર ચહડીને સુતો. તે સમે બે પુરૂષ વડ હેથે વાતો કરેછે. તેમાંથી એક બોલ્યો, રે કીરતાર! તું જાણે છે, આ શાલવીને વધતું ન મલવું જોઇએ ને તેં એને ત્રણ હજાર રૂપીઆ કેમ આપ્યા. તે સાંભલી બીજો બોલ્યો, રે કરમ! એણે ઊદીયોગ કરયો તેનું ફલ મને આપવું ઘટે, તે મેં આપયું. હવે તેનું પરીણામ તને જોઇએ તેમ તું કરજે. એમ તેઓની વાત સાંભલી શાલવી ઊઠયો ને જુએ છે તો ગાંસડીમાં રૂપીઆ નથી. ત્યારે કશટી થયો ને વલી બીજે નગરે ગયો. ત્યાં પાંચ વરસ રહી રૂપયા પાંચ હજાર કમાયો, ને ઘેર આવવા લાગો. ત્યારે વલી મારગે આવતાં પાછું તેમજ થયું. ત્યારે તેણે વીચારયું કે હવે પ્રાણ રાખી શું કરવું છે. પછી એક ફાંસો કરી ગલામાં ઘાલ્યો, ને વડની ડાલે પોતાનું ગલું ટાંગી લીધું ને આંચકો મારેછે એટલામાં એક પુરૂશ ત્યાં આવી બોલ્યો, રે વણકર, તું ફોકટ જીવ નહીં આપ. અન ને વસત્રથી વધતું તારાં કરમમાં નથી.

માટે મુગો મુગો ઘેર જા. પણ હું તારૂં સાહસ જોઇને પ્રશન થયોછું તો ચાહે તે માંગ. વણકર બોલ્યો, મને બીજું કંઇ જોઇએ નહીં. ઘણું ધન આપે તો આપ. પુરૂશ બોલ્યો, રે અન વસત્રથી વધતાં ધનને શું કરશે, જે ધનનો ભોગ નથી થતો, તે ધનને જોઇને શું કરીએ. એક લોભી શીઆલે પંદર વરસ સુધી બલદના ખુસયા જોયા. વણકર બોલ્યો, તે કેમ. પુરૂશ કહેછે, સાંભલ.

બાયડીની અઘટીત બોહસથી પુરૂષને ખમવું પડતું દુખ.

કથા ૪થી—લોભી શીઆલની.

કોઇ લંબવરશણ નામે બલદ પોતાનું ટોલું મેલી વનમાં રહેતો હતો. તે એક વેલા નદી પર પાણી પીવા આવ્યો; ત્યાં શીઆલ ને શીઆલી હતાં. ત્યારે તે બલદના લાંબા ખુસયા જોઈ શીઆલી શીઆલને કહેછે, હે ભરતાર, એના ખુસયા કોઈ સમે તુટી પડશે તે આપણને જડશે. માટે એની પછવાડે ફરતાં રહીએ. શીઆલ બોલ્યો, તે કયારે થશે તે શું જાણીએ. માટે અહીં ઊંદર મલેછે તેને ખાઈ દંહાડા કાઢીએ એમાં મને સારૂં દીસેછે. કહ્યુંછે :-

જે નર હાથમાંનું મેલી આગલ મલનારની પછવાડે લાગેછે તેને બેઉ સાધતાં નથી.

શીઆલીએ તેને ધીકારયો ને બોલી, માંસનાં ગોલા છોડી તું ઊંદર ચાહેછે, માટે તારા સરખો મુરખ બીજો નથી. તે બાએડીનાં વચન સાંભલી શીઆલ બલડીઆની પછવાડે લાગો. કહ્યુંછે :-

પુરૂશ તેટલાંજ સુધી પોતાનો ધણી કહેવાયછે, કે જેટલે સુધી બાએડીએ પોતાના વચનની અણી મારીને ઊઠાડ્યો નહીં. જયારે વચનની અણી મારીને ઉઠાડ્યો ત્યારે તે પુરૂશ જે ન કરવું ઘટે તે કરેછે. જયાં ન જઈએ ત્યાં જાયછે, જે ન ખાઈએ તે ખાયછે. માટે બાએડીનાં વચન પર ચાલયો તો પુરૂશ શું શું નહીં કરશે? સરવે કંઈ કરશે.

પછી તે શીઆલ પંદર વરસ સુધી બેલની પછવાડે ફરયો, પણ તેના ખુસયા પડીઆ નહીં. ત્યારે કંટાલીને પોતાને ઠામે ગયો.

શામલો વણકર બોલ્યો, રે એવુંછે તો પણ મને ધન આપ. ત્યારે પુરૂશ બોલ્યો, તો તું પાછો વરધમાન નગરે જા અને ત્યાં ગુપતધન અને દતભુગતધન નામે બે વાણીઆ છે તેઓની રીત જોઈ પાછો આવ. પછી બેમાંથી જે તુંને ગમશે તેના જેવો કરીશ. વણકરે તેમ કરયું, ને પેહેલાં ગુપતધનને ઘેર ગયો. તે એવો હતો કે દમડી ખરચે નહી, ને લાખો રૂપીઆ પેદા કરે. એક દહાડો જમતો, પણ તે અન પચે નહીં એટલે તરણ દીવસ અપવાસ કરે. બારણાં આગલ કોઈને ઉભો કરે નહીં, દમડીનો ધરમ કરે નહીં, એવો તેને જોઈ તે વણકર દતભુગતધનને ઘેર ગયો. ત્યાં જુએછે તો જે આવેછે તેનો સનમાન થાયછે; દાંન ભોગ સઘલું સારી પેઠે કરેછે. પણ જેટલું પેદા કરે તેટલું ખરચે. કોઈનું લેવું નહી ને કોઈનું દેવું નહી. શાસ્ત્રમાં કહયુંછે તે પરમાંણે થોડુંક ધન કુટુંબને વાસ્તે પણ રાખી મલછે. તે દેખીને શામલો વણકર ઘણોજ રાજી થયો. કહયું છે;–

> વેદ શાસ્ત્રનું એજ ફલ કે અગનીની સેવા થવી, શાસ્ત્ર ભણવાનું એજ ફલ કે સારી રીત લાગવી, પરણીઆનું એજ ફલ કે બાએડીનું ને આપણું એક ચીત છે ને તેની પાસેથી સંતતી એટલે ઓલાદ થાયછે, ને ધનનું એજ ફલ કે દાનને ભોગ થાયછે. ભોંએમાં દાટેલાં ધને કરીને જો તે ધણીને ધનવાન કહીએ તો તેજ ધને કરીને હમે પણ ધનવાન કેમ ન થઈએ. ભોગવીએ તથા આપીએ તેટલુંજ આપણું. જે પુરૂશ ધન રાખી મેલેછે, તે ધન બીજો લઈ જાયછે, જેમ મધમાખનું મધ. કાંયકે ધનની ગતી તરણ છે: દાન, ભોગ, ને નાશ. માટે પેહેલી બે ન થઈ તો તરીજી થવી જોઈએ.

પછી તે વણકર પાછો તે પુરૂશ પાસે ગયો, ને ચાહેલું માંગી દતભુગતધન થયો.

મંથર કાચબો હીરણકને કહેછે—રે ઊંદર, જે મલયું તેમાં સંતોષ નથી થાતો, તો ઘણુંજ ધન મલીઆથી શું ફલ ? સંતોષ છે તો ધન વગર આપણે ધનવાન છઇએ. કેહયુંછે:—

> સરપ વ્યાપીનેજ રહેછે; હાથીઓ ઘાસ પાલો ખાઈનેજ બલવાન થાએછે; રૂશી કંદ મુલ ખાઈનેજ દહાડા કાઢેછે. માટે સંતોષ છે એજ પુરૂશનું મોટું ધન છે. જેઓ ધનની પછવાડે દોડે છે તેઓને મેહેનત માતર થાએછે. સુખ કયારે થાય, કે જયારે આશાના પાશ છુટે. ધનને આ-

શરેથી આશા વધેછે, જેમ અગનીને આશરેથી તરશા."

એવું કાચબાનું વચન સાંભલી કાગડો બોલ્યો, ભાઇ ઊંદર, મંથર કાચબા વીના તને બીજો કોણ એવો ઉપદેશ કરનારો મલશે ? એ પ્રમાણે તે તરણ જણા વાતો કરેછે, એટલાંમાં એક હરણ તે તલાવ પાસે આવી પુગું. તેનું નામ ચીતરંગ હતું. તેને જોઈ મંથર કાચબો કાગડાને ને ઊંદરને કહેછે, રે આ હરણ પારધીના હાથમાંથી છુટો આવ્યું હોય એમ દેખાય છે. તે સાંભલી હરણ બોલ્યું, ભાઇ કાચબા, તુંએ સાચી વાત કહી. જો મને તમારો મીત્રાઇમાં લેશો તો હું સુખી થઇશ. મંથર કાંચબો બોલ્યો, ભાઇ, રેહે અમારી પાસે. પછી તો ચાર મીત્ર એક ચીતે રહી સુખેથી કાલ કાઢે. એમ કેટલાએક દહાડા ગયા. એક સમે તે હરણ બાહેર ગયું હતું તેને પાછું આવતાં વાર લાગી ત્યારે તે તરણ જણ ગભરાયા. તે સમે કાચબો અને ઊંદર કાગડાને કહે કે, તુ ઉડીને જા ને ચીતરંગ હરણના સમાચાર લઈ આવ. કાગડાએ તેમ કર્યું ને જુએછે તો હરણ ફાંસામાં ગુંતાએલું છે. કાગડાને જોઇ હરણ બોલ્યું, ભાઇ હું મરૂં છું, આ સમે તારી ભેટ થઇ એ મને મોટો લાભ થયો; હવે મારી વીનતી એ છે કે, કોઇ સમે હું જાણતાં અજાણતાં તને વાંકું ચુકું બોલ્યો હોઇશ, તે મને ખેમ કરજે ને કાચબાને ને ઊંદરને પણ મારી એજ વીનતી કહેજે. કાગડો બોલ્યો, ભાઇ તું બીહીશ માં. કહયું છેઃ-

સંપતમાં સુખી અને વીપતમાં દુખી જે નથી થાતો, ને જે રણમાં ધીરજ રાખે છે, તેની માતાને ધન છે.

અમ જેવા મીત્રનું પછી શું કામ, જો તને આ સંકટમાંથી નહીં છોડાવીએ તો ? પછી તે કાગડો હીરણક ઊંદરને લઈ આવ્યો, તેણે તે હરણના બંધન તોડી નાંખ્યાં. એટલાંમાં કાચબો પણ હલવે હલવે આવી પુગો. તે ચાર જણા એકઠા થયા. એટલામાં પારધી આવ્યો તેને જોઇ કાગડો ઉડી ગયો, ઊંદર બીલમાં ભરાયો, ને હરણ વનમાં નાંઠુ. કાચબો બીચારો દોડી ન શકે, તે તેને હાથ લાગ્યો. પછી પારધી કાચબાને પકડી વાંસા પર લઇ પોતાના ઘેર તરફ જાય છે, તેને જોઇ હીરણક બોલ્યો, રે અદરશટ એકનું દુઃખ નીવારયું એટલાંમાં બીજાનું આવી પડયું. હે ભગવાન ! તું મારીજ પર એટલો કેમ કરૂર થયો છે. મારૂં ધન ગયું, પરીવાર ગયો, મને વનવાસ થયો ને ત્યાં મીત્ર મલયા તેનો પણ વીજોગ થયો. શાસ્ત્રમાં કહયું છે તે ખરૂં છે. અમેજ મુરખ માટે શોક કરીએ છીએ.

" આ શરીર સઘલા પ્રકારનાં દુઃખનું ઠામ છે. સંપત છે તે કેવલ વીપત છે. સંજોગનો કોઈ દાહાડે વીજોગ થવાનો, માટે આવી નાશવંત વસ્તુનો શોક શાનો કરવો."

પછી ઊંદરનાં દરની પાસે કાગડો ને હરણ આવ્યાં તેઓને રડતાં જોઇને ઊંદર કહેછે, રે રડીને શું કરશો. જેટલે સુધી પારધી કાચબાને દુર નહીં લઇ ગયો

તેટલે સુધી એને છોડાવવાનો કંઇ ઉપાય શોધી કહાડો. કહયું છે:-

જે સંકટ પ્રાપ્ત થયું તે માંહેથી છુટ-વાનો ઉપાય ન કરતાં શોક કરતો બેસે છે તેનું દુઃખ ઊલટું વધે છે. સંકટનો શોક મુકવો ને તે ટાલવાનો ઉપાય કરવો, આ જેવું બીજું તેને ટાલવાનું ઓસડ નથી. બીજું, જે પામ્યા તે રાખવાનો, જે નહી પામ્યાં તે મેલવવાનો તથા સંકટમાં પડીઓ તો તેમાંથી છુટકારો કર-વાનો, એવાં આ ત્રણ વાનાંનો વીચાર કરવો, તેનું નામ વીચાર.

તે સાંભલી કાગડો ઊંદરને કહેછે, તો ભાઇ મારૂં કહયું કરશો ? હરણે પેલાં તલાવ પર જઇ લાંબો થઇ સુઇ રહેવું. ત્યાં હું ઝાડ પર બેસીશ. તે મારગે પા-રધી જશે ત્યારે હરણુંને દુરથી જોશે, ને ગાફીલ જા-ણીને કચ્ચિબાને મુકી તેને ઝલવા દોડશે. આ તક લઇ તું કાચબાનાં બંધ કરડી નાખજે. તે તલાવમાં દોડયો એટલે હું બરકોશ તેવારે હરણે તુરત નહાસી જ-વું. એ પ્રમાણે કરશો તો કાચબો છુટયો એમ જાણ-જો. કહયું છે:-

કાંમ થાઓ અથવા ન થાઓ, તોપણ ડાહયા પુરૂષે પહેલાં ઉમેદજ આપવી.

પછી તેઓએ તેમ કરયું ત્યારે કાચબાનો છુટકો થયો ને પારધીના હાથમાં હરણુ પણ આવ્યું નહી. તે સમે તે નીરાશ થઇ પોતાને ઘેર ગયો. પછી તે ચાર જ-

ણા એકઠા થયા, ને પોતાને તલાવે ગયા. ત્યાં ઘણાં વરસ લગી મીત્રાઇનું સુખ ભોગવો, અંતે સારો ગતી પામ્યા.

વીષ્ણુશરમા પંડીત કહેછે, હે રાજ પુતરો ! તમે પણ કહેલી વાતો પ્રમાણે ચાલશો તો મીત્રના સુખને પામશો.

મીત્રભેદ તંત્ર ૨ જું સમાપ્ત.

સંધી વીગ્રહ—તંત્ર ૩ જું.

સમય જોઈ સુલેહ અથવા લડાઇ કરવા વીશે.

વીષ્ણુશરમા પંડીત રાજાના છોકરાઓને કેહેવા લાગ્યો, હવે હું તમને સંધી વીગ્રહ નામે ત્રીજું તંત્ર કહું છું, જેના પહેલા શ્લોકનો અરથ આ છે: આગલ જે આપણો શત્રુ તે પછી મીત્રાઇ કરવા આવ્યો, તો તેના પર વીશ્વાસ ન રાખીએ, ને રાખીએ તો જેમ કાગડાઓએ ઘુવડોનો નાશ કર્યો, તેમ થશે. તે કથા એમ છે:—

ઉતર દેશ મધે વરધીમાન નામે નગર, તેની પાસે એક વડનું મોટું ઝાડ હતું. તે પર મેઘવરણ નામે કાગડાઓનો રાજા પોતાનાં પરીવાર સહીત રેહેતો હતો. તે વડથી લગાર દુર એક ડુંગરની ગુફામાં અરીમરદન નામે વાગલાઓનો રાજા ઘણાંએક વાગલાં સાથે રહેતો હતો.

તે નીત રાત થાએ એટલે વાગલાંઓને લઈ વડપર આ-વીને કાગડાઓને મારી નાંખે. એ પ્રમાણે તેણે ઘણા એક કાગડા નહીં સરખા કરયા. તેવારે રાજા મેઘવરણે પોતાના છ પરધાનોને તેડયા. તેઓનાં નામ, ઉજીવી, શં-જીવી, અનુજીવી, પરજીવી, શું જીવી ને ચીરંજીવી તેઓ વીચાર કરવા લાગ્યા કે, રાજ નીતીમાં શત્રુ સાથે ચા-લવામાં છ ઉપાય કહેલા છે. એક સંધી એટલે મીત્રાઇ, બીજો વીગ્રહ એટલે જુધ, ત્રીજો આંન એટલે ઠામ મુકી પાછી કાઢવું, ચોથો આશન એટલે પોતાનો ઠામ મજબુત કરવો, પાંચમો આશ્રય એટલે બીજા રાજાની મદદ લેવી, છઠો દવેધ એટલે કપટભાવે કરીને શત્રુને જીતવો. એ છ પ્રકારમાંથી આપણે આ સમે કહેવો ઉપાય કરીએ તે કહો. આપણે તો રાતનું દીસતું નથી ને વાગલાઓનું ઠેકાણું પણ કયાં છે તે જાણતા નથી. એવાં રાજાના વચન સાંભળી પેહેલાં ઉજીવી બોલ્યો કે, રાજા, બલવાન સાથે બગાડ નહીં કરીએ પણ મીત્રાઈ કરીએ આ મારૂં મત છે:—

જે સારો ગંભીર, જેને મદદે ઘણા અને જેણે ઘણાંએક જુધમાં જીત કરી છે, તેની સાથે સહલાજ રાખીએ. સમાન બલ સાથે જુધ ક-રવું. બલવાન સાથે કરીએ તો, માટીનો ઘડો પથર સાથે અફલાતાં જેમ ફુટે છે તેમ નાશ પામીએ.

તે સાંભલી સંજીવી બોલ્યો. ઝગડો કરવો, આ મારૂં મત છે. કહયું છે:—

ભુંડા શત્રુ સાથે મીત્રાઇ કરયે તોપણ તે પોતાનું ભુંડાપણું કરવા ભુલે નહીં. જે ભુંડો, લાલચી, જુઠો, અહંકારી, ચંચલ, મુરખ, સરદારોને માન આપતો નથી, તેવા શત્રુ જીતવા કઠણ નથી. જેમાં જીતવાની ઉમેદ, જે હીંમત રાખે છે, તે ઘણી ફોજવાલા શત્રુને પણ જીતશે, જેમ સીંહ હાથીને જીતે છે.

માટે એણે આપણને મારયા છે ને આવે સમે આપણ મીત્રાઇ કરવા જઇશું તો તે આપણને બોધા સમજીને વધતી વેદના કરશે. માટે તેની સાથે લડવુંજ જોઇએ.

પછી અનુજીવી બોલ્યો, રાજા તે ભુંડો છે, બલવાન છે ને અમરજાદ છે. માટે તેની સાથે સલાહ અથવા ઝગડો બેઉ નહી જોઇએ. ઠામ છોડો, આજે આપણે પાછી કહાડીએ, એ મને ગમે છે. કાંકે સમો જોઇને જીતવું હલકું પડશે. કહયું છે:—

શત્રુના દેશમાં જાતાં શું શું અડચણ છે, અંન પાણીની વેતરણ કેમ થશે, એ જાણ્યા વીના જો ત્યાં જઇયે તો પાછા પોતાને દેશ નહીં આવયે. હાથીપર તુટી પડવા સારૂ સીંહ પણ લગાર પાછો હટેછે તેમ મનમાં વેર રાખોને બુદ્ધીવાન છે તે પાછો હટેછે; અહંકાર કરતો નથી.

હવે પરજીવી બોલે છે, રાજા, હું એ ત્રણ ઉપાય પસંદ કરતો નથી, મારૂં મત એ છે જે, આપણું ઠામ મજબુત કરીએ. કહયું છે:—

મગર પોતાને ઠામે હાથીને ઝાલે છે; તેજ
બાહેર પડયો તો તેને કુત્રાં પણ મારે છે. પોતાના
કીલ્લામાંથી એકલો માણુસ દશ શત્રુને મારે છે.

માટે પથરા તોપો ને બીજાં જંત્ર રાખીને કીલ્લો મજબુત કરવો. બીજું, ફોજ પણ એકઠીજ રાખવી કહ્યું છે:—

નાનાં નાનાં ઝાડો છે પણ બે તે એક બી-
જાનો આશરો કરીને રેહે છે તો તેને વા ઉખાડી
શકતો નથી; ને મોટું ઝાડ છે પણ એકલું છે તો,
તે હલકા વાએ પડી જાય છે.

પછી શુજીવી બોલાવા લાગ્યો, રાજા, છ પ્રકાર મધે આપણે હયાં બેશી બીજા રાજાનો આશરો કરીએ એ મને સારૂં દીસે છે. કહયું છે:—

મદદ વીના મોટો છે તે પણ એકલો નાશ
પામેછે; જેમ વા વીના અગની. ઘણા એકનો જથો
થયો તે નબલા હોય તોપણ જીતવા ભારી છે, જેમ
ઘણાં તૃણનો વણેલો દોર તોડવો કઠણ.

એવાં પાંચ પ્રધાનના મત લીધા પછી રાજાં મેઘવરણે નમસકાર કરી, પોતાના બાપના વખતનો ઘરડો ને માહ બુધીવંત એવો જે ચીરંજીવી પરધાન તેને પુછયું–પીતાજી, આ વાત પર તમારૂં શું મત છે તે કહો. પછી તે બોલ્યો, રાજા, આ સરવે પ્રધાન જે બોલ્યા તે નીતી શાસત્રના આધારેજ બોલ્યા. ને તેમાં કંઇ વાંકુ નથી. પણ સમો જોઇને તે કરવું જોઇએ. તો આજના સમે આપણે આ ઘટે છે કે, કપટ કરવું કાંયકે, આપણો

શત્રુ પાપી છે, તેની સાથે બીજા ઉપાય કંઇ કામના નથી.
કહયું છે :—

પાપી શત્રુ ખોટો. મીત્ર ને વેશયા એઓની સાથે સીધાં ચાલયે તો બચયે નહીં. ને દેવ સાધુ ને ગુરૂ એઓની સાથ કપટ રાખયે તો નરક જઇયે.

માટે શત્રુનાં મનમાં વીશવાસ ઉતપન કરી તેન ઘેરનો ભેદ જાણીએ તો પછી તે સુખેથી મારયો જાય. રાજા પુછે છે, પીતાજી, તેનું ઠેકાણું જાણીએ નહીં તો આપણે તેનાં ઘેરનો ભેદ કેમ સમજીએ? ચીરંજીવી બોલ્યો, ગુપત જાસુસનાં હાથથી તે જાણવુ સેહેલ છે. વલી રાજા પુછે છે, આપણા ને તેના જાતનું વેર પડવાનું કારણ શું, તે મને સમજાવો. ચીરંજીવી બોલ્યો, તેનું કારણ એક આપણી જીભલી છે. આ જીભલીને લીધે એક ગધેડો મારયો ગયો.

મેઘવરણ પુછેછે, તે કેમ?

ચીરંજીવી કહેછે, ભાઇ સાંભલ.

ભરમ સાચવતાં નબલાઓ બલવાન દીસેછે અને ભરમ ભાગતાં તેઓ મારયા જાયછે તે વીશે.

કથા ૧લી—જીભ હલાવયાથી મરણ પામેલો ગધેડો.

કોઇએક ધોબીનો ગધેડો હતો, તેને ખાવાનું મલતું નહતું, તે કપડાંનો ભાર ઊપાડતાં ઊપાડતાં તુટી ગયો. ત્યારે તે ધોબી વીચાર કરવા લાગો હું કોઇ વાઘનું ચામડું

મેળવી આ ગધેડાના અંગપર વીટું. પછી એ કોઇના ખેતરમાં જાએ તો એનું નામ કોઇ લેશે નહી, ને એમ એ થોડા એક દહાડામાં ભરેલો થશે. પછી તે ધોબી નીત રાતે ગધેડાપર વાઘનું ચાંમડું નાંખે ને તેને લોકોના ખેતરમાં ચરવા મુકે. એક સમે એક ખેતરનો રાખનાર છુપતો છુપતો તે ગધેડા પાસે ગયો, ને તેને જુએછે. એટલામાં તે ગધેડાએ એક ગધેડી દીઠી. ત્યારે તેપર તેનું મન ગયું, ને તેના પછવાડે લાગો, પણ તે ગધેડીએ તેને વાઘ જાણીને નાહસવા માંડયું. ત્યારે તેની ભરાંત કાઢવા સારૂં પોતે સુર કાઢીને કહેવા લાગો, રે હું ગધેડો છઊં, નાસજે નહીં. તેવારે ખેતરનો રાખનાર પાછળ હતો, તેણે તેને ગધેડો જાણીને બાણ મારયો, તેથી તે મરણ પામ્યો.

તે કથા સાંભળી વળી મેઘવરણ પુછવા લાગો કે, ધરદાજી, વાગલાઓ સાથે આપણું વેર પડવા આપણી જીભલી કેમ કારૂણ થઇ તે કહો.

ચીરંજીવી બોલ્યો, એક સમે એમ થયું કે, સઘલાં પંખીઓ એકઠાં થયાં ને વીચાર કરવા લાગાં કે, આપણો રાજા ગરૂડ તે વીશનુની ચાકરીમાં લાગોછે. આપણુ કલાણ, કંઇજ જોતો નથી. તો કોઇ બીજો રાજા કરીએ. પછી સઘલાંએ નીશચે કરયો કે, આ વાગલાને રાજા કરીએ. તેવારે તેઓએ તે વાગલાને સીંહાસનપર બેસાડીને રાજ કાજ ચલાવવા માંડયું. એટલામાં “કરૂશના” નામે કાગડો ત્યાં આવી પુગો. તેવારે પંખીઓએ વીચારયું કે, પંખીમાં કાગડો ઠગ માટે આપણે એનું પણ મત લેવું. કહયું છે:—

ડાહ્યા છે તે પોતાની ધારેલી વાત બીજાને સંભલાવે છે, ને તેનું મત લીયે છે; કેમકે જેટલો વાચાર કરયે તેટલું વધતું સુજે છે.

પછી તેઓએ કાગડાને પુછયું ત્યારે તે કહેવા લાગો કે, તમે એને રાજા ના કરો. એ બદસુરત, ભુંડો, દહાડાનો આંધલો ને કઠણ સુર કરનાર તમને આપદામાં નાંખશે. આપણાં માથા પર ગરૂડ રાજા છે, તે જાતે મોટો ને વલી સમરથનો આશરો કરે છે. માટે તેના નામે પરજ આપણે કોઇથી હારીઆ નહી જઈએ. કહયું છે:—

મોટાના નામપરજ કામ થાયછે. જેમ સસલાં ચાંદનાં નામપર હાથીની પીડામાંથી છુટયાં.

પંખીઓ પુછવા લાગા, તે કેમ?

કાગડો બોલ્યો, સાંભલો.

મોટાઓનાં નામથી નીપજી આવતાં મોટાં કામો.

કથા ૨ જી-સસલા જેઓએ હાથીઓને નહસાડયા.

કોઇ રાનમા "ચતુરદંત" નામે હાથીઓનો રાજા રેહેતો હતો. એક વરસ તે રાંન માંહેના સઘલાં તલાવો સુકાઇ ગયાં, ત્યારે તે પોતાનો પરીવાર લઇ, બીજાં રાનમાં ગયો. ત્યાં એક તલાવ એવું હતું કે, જેમાં પાતાલનો જહુરો કોઇ સમે ખુટેજ નહીં. પછી તે પેલા તલાવમાં હાથી સમેત આખો દીવશ ફરીઆ કરે, ને સાંજે રાનમાં જાય. તે તલાવની

આસપાસ સસલા રહેતા હતા. તેઓનાં દર, સુવાલી જગા-માં હતાં. તે પરથી હાથી ચાલે, ત્યારે માંહે સસલા ચંપાઇ જાય. એમ કેટલાએક સસલા જખમી થયા ને કેટલાએક મરી ગયા. એક સમે સઘલા સસલા એકઠા થઇ વીચાર કરવા લાગ્યા કે, એનો ઊપાએ ન કરીએ તો હીયાં આપણથી રહેવાશે નહી. કહ્યું છેઃ—

હાથી અટક્તાંજ મારેછે, સાપ હુંગતાંજ, રાજા હસતાંજ, ને દુરજન માન આપતાં આપ-તાંજ મારેછે.

ત્યારે તેમાંથી એક સસલો બોલ્યો, આપણે હાથીઓ-ને ધમકી આપીએ, કેમકે કેટલાંએક કામ ધમકીથીજ બની આવેછે, અને તે શીધા બોલથી થતાં નથી પછી તે સસલો મારગ પર જઇ બેઠો. ને હાથી આવતાં જોઇ તેઓના રાજા-ને કહે છે, રે ક્યાંહાં જાય છે, ઊભો રહે, વાત સાંભલ. હું ચં-દરમાંનો દુત છઉં. ચંદરમાંએ તમને કેહવડાવ્યું છે કે, તમો અહીં આવી તેના બીલમાં સસલો રહેછે. તેનાં સગાવાલા-ઓને મારીઆં. તેની ફરીઆદ ચંદરમાં પાસે ગઇ. ત્યારે ચંદરમાંએ, કહયું કે, થયું તે અંજાણમાં થયું હશે. પણ ત્યાર પછી જો હાથીઓ તલાવમાં આવશે તો તેઓને એક પલમાં મારી નાખીશ. એમ બોલી મારી પાસે તેમને કહેવડા-વ્યુંછે. ને ચંદરમાં સંસલાઓનો શોક દુર કરવા સારૂ પોતે તલાવમાં આવ્યો છે. હાથીના રાજાએ તે સંધું અચરત પામી સાંભલીયું ને કહેવા લાગો, રે મને તું ચંદરમાંને દેખા-ડશે તો સાચું માનીશ. સસલો બોલ્યો, પોહર રાત પછી આ-વીશ તો દરશણ થશે. પછી પોહર રાત ગઇ ત્યારે હાથીનો રાજા તલાવ પર ગયો. તેને સસલાએ પાણીમાં ચંદરમાંનો ઓરો પડેલો તે દેખાડયો, ને કહયું, હવે સ્વામીને નીંદ લાગી

છે. તો અહીંઆંથીજ નમશકાર કરી તું તારો મારગ ધર નહીં તો તે તુંને જોઇ શું કરશે તે કહેવાય નહીં. તેવારે હાથી ભય પાંમયો, ને પોતાનો પરીવાર લઇ બીજે ઠેકાંણે ગયો, ને સસલા સુખી થયા.

માટે તમે આ વાગલાને રાજા નહી કરો. એ જાતે પાપી છે. તમને વોશ્વાસ આપી તમારો નાશ કરશે. જેમ એક બીલાડાએ શશ તથા 'કંપીજલ એવે નામના સસલાઓને કર્યું.

પંખી પુછે છે, તે કેમ?

કાગડો કહે છે, સાંભલો.

જાતેજ ભુડા ઠરેલા લોકો ઊપર વીશવાસ મેલતાં રાખવી જોઇતી સંભાલ.

કથા ૩૭—બીલાડો અને સસલા.

એક વડનાં ઝાડપર હું રેહેતો હતો, તેની હેઠલ દરમાં એક શશ નામે સસલો રેહેતો હતો. એક સમે તે સસલો ચારો કરવા ગયો. તે કેટલાએક દહાડા સુધી બાહેરજ રહયો. તેટલામાં એક બીજો સસલો કંપીજલ નામે ત્યાં આવી શશના ઘરમાં રહયો. શશ પાછો આવ્યો ત્યારે જુએછે તો, કંપીજલ ઘરમાં ભરાયોછે. તે ઠેકાણું મુકતો નથી, ને ઊલટો વઢવા લાગ્યો. ત્યારે શશે કહયું, ભાઇ આપણે કોઈ ત્રાહીત પાસે જાઇયે, તે કેહેશે તે ઘેરનો ધણી. પછી તે બેહુ નીકલયા ને મારગમાં તેઓએ જોયું કે નદીને કાંઠે એક ઘરડો બીલાડો બેઠોછે, તે મોંઢેથી રામ રામ કણી બોલછે.

આ સંસારમાં કંઇ સાર નથી. વસ્તુ માત્ર બધી અનીતય છે. ધરમ કરીયે તેજ પાસે આવશે. બીજા પર ઊપકાર કરયા જેવું પુન નથી, ને બીજા ને પીડા કરયા જેવું પાપ નથી.

આવો તેને જોઇ તે સસલા તેની પાસે ગયા, ને દુર ઊભા રહી પોત પોતાની હકીકત કેહેવા લાગયા. તે બીલાડો બોલ્યો, કાને બેહેરો છું, માટે પાસે આવી મારા કાનમા કહેશો તો જે ધરમ હશે તે કહીશ. જીવહીંસામાં પાપ જાણી ઘણા દહાડા થયા તે મુકી દઈ હું હીઆં બેઠો છું. માટે તમે મારી પાસે આવતા બીશોમાં. આથી તે સસલા તેપર વીશવાસ રાખી તેની પાસે ગયા ને કાનમાં વાત કેહેવા લાગા. તેઓને ઝાલીલઇ બીલાડાએ તતકાલ મારી નાંખયા.

તમુને પણ આ વાગલાં તેમ કરશે. તે સાંભલી સંધાં પંખીઓ કહેવાં લાગાં કે, કાગડો ખરૂં કહેછે, તો આપણે બીજી વેલા મલશું, ને પછી રાજા કરવાનો ઠરશે તે કરીશું. એમ કહી બધાં ઉડી ગયાં. તે દહાડેથી કાગડાનું અને વાગલાનું વેર પડયું તે આજ સુધી ચાલયું આવેછે. માટે એવા શત્રુને તો કપટ કરી ઠગવો જોઇશે, જેમ એક બરાહમણને ઠગોએ ઠગયો તેમ.

મેધવરણ પુછેછે, ભાઇ તે કેમ.?

ચીરજીંવી કહેછે, સાંભલો.

ઠગાઈથી કહાડી લેવાતાં કામો.

કથા ૪થી—બરાહમણ અને તરણ ઠગ.

કોઈ બરાહમણે જગન સારૂ એક પશુ મેલવયો હતો. તેને વાંસાપર લઈ ઘેર આવતાં મારગમાં એક જણ જે ભુખે મરતો હતો તેણે તે તેની પાસે માંગયો, ને કહેવા લાગયો કે, આવે સમે તું મારો પ્રાણ બચાવશે તો તને સો જગનનું પુન લાગશે. બરાહમણે તેનો ધીકાર કરયો ને ચાલતો થયો. તે સમે ત્યાં તરણ ઠગ હતા તેઓએ તે જોયું. તેઓ પણ ભુખ્યા હતા, તેથી વીચાર કરવા લાગ્યા કે, આ નીરદયને ઠગાડી આપણે એટલો પશુ પડાવી લઈયે તો આપણું કામ થાય. પછી તેમાંથી એક ઠગ સામો થયો, ને બરાહમણને કહેછે, મહારાજ તમે બરાહમણ થઈને આ અપવીતર કુતરાની લોથ લઈ શું ચાલો છો? બરાહમણ બોલ્યો, રે શું તું આંધલો છે, કે આને કુતરૂં કહે છે? એમ કહી કેટલેએક દુર ગયો. તેટલામાં તેમાંથી બીજો ઠગ વેગલે રસ્તે જઈ બરાહમણની સામો આવ્યો, ને તેને કહેછે, હે બરહમ દેવ! તમે ઘેલા તો નહી થયા હો? રે મુએલી વાછરડી કયાં લઈ જાઓ છો? તેને પણ ધીકારી બરાહમણ આગલ ચાલ્યો, તયારે ત્રીજો ઠગ રસ્તામાં ઊભો રહીને કેહવા લાગો, હે દેવતા! આ શું રે? ગધેડાને અડકયે નહી તો તમે મુવેલું ગધેડું ખાંધે કેમ ચઢાવેલું છે? આ તમારૂં બરાહમણપણું કીયાં ગામનું? માટે એને નાખી દો. ત્યારે બરાહમણે વીચારયું કે આ પશુને તરણ જણાએ તરણ સવરૂપે દીઠો, તો આ કોઇ બરહમ રાક્ષસ તો નહીં હશે, કે નાના પ્રકારના વેશ દેખાડે છે? એમ મનમાં લાવી તેણે

તેને હેઠલ નાખી દીધો, ને દોડતોજ પોતાને ઘેર ગયો પછી તે પશુને લઇ પેલા ઠગોએ પોતાનું કામ કરયું.

માટે હે મેઘવરણ, હું કહુંછું તે કર. હું તારી સાથે ખોટુંજ વઢવા માંડીશ. ત્યારે તું સઘલા કાગડાઓને કેહે કે, હું શત્રુ સાથે મલેલો છું, માટે મને શીક્ષા કરવી જોઇયે. એમ કહી તું મારી છાતીપર ચઢી બેસ, ને ચાંચ મારીને મારૂં લોહી કાહાડી કેટલાંએક પર પણ ઉખેડ ને પછી મને વડ હેઠલ અરધ મુવેલો નાખો દે. પછી તું ઠામ છોડી પરીવાર સહીત પાસેના પરવતપર જાજે; આગલ જે કરવું હશે તે હું સઘલું ઠીક કરીશ. પછી મેઘવરણે તેમ કરયું ને સઘલા કાગડાઓને લઇ પેલા પરવતપર ગયો. રાતે રાજા અરીમદન પોતાની ફોજ લઇ આવ્યો, તેને કાગડા મલયા નહી, ત્યારે તે વીચાર કરવા લાગ્યો. એટલામાં ચીરંજીવી વડ હેઠલ હલવે હલવે બોલવા લાગ્યો, રે ભાઇઓ! કાગડા હયાંથી જતા રહયા, આજ તમારાપર હલો કરવા નીસરયા હતા, તેમને મેં વારયા ને તેમની સાથે ઝઘડો કરયો, તો મને તમારી તરફનો માની તેઓએ મારી આ દશા કરી. હવે જો તમે મારો પરતીપાલ કરશો તો તમારે હાથે તે સઘલાને મરાવીશ. તે સાંભલી અરીમરદન વીસમય કરવા લાગ્યો, ને તેજ વડ હેઠલ પોતાના પાંચ પરધાન નામે રકતાખશ, કરૂરાખશ, પરાકારકરણ, દીપતાખશ અને વકરનાશ—એઓને તેડી કહેવા લાગો કે, "આપણા શત્રુના પ્રધાન આપણા હાથમાં મલયા છે.

એને શું કરયે, ને હવે આપણે શત્રુ સાથે શામ, ભેદ, દામ અને દંડ આ ચાર ઉપાયમાંથી કયો ઉપાય કરયે તે કહો." તયારે રકતાખશ બોલયો, સવામી શામ કરયે. કરૂરાખશે કહયું, ભેદ કરયે; અને દીપતરાખસનું મત પડયું કે લાલચ આપયે. કહયું છે:-

જે લોભમાં પડયો તે આપદા જોતો નથી.
બીલાડી જેમ દુધ જુએછે પણ લાકડી જોતી નથી.

પછી કરૂરાખશ કહે મને તો એમ સુજે છે કે, લડાઇ કરીને શત્રુને દંડ કરવો. કહયું છે:-

પ્રાકરમ કરયા વીના જે રાજે લક્ષમી મેલવી
તેને રાજ લક્ષમી નહીં કહીયે.

પછી પરાકારકરણ નામે ઘરડો પ્રધાન હતો તે બોલ્યો, આ ચીરંજીવો આપણો તાબેદાર, માટે એને રાખવો ઘટે છે જેમ એક કપોતાએ* કરયું હતું.

અરીમરદન-તે કેમ બન્યું ?

પરાકારકરણ-સાંભલો.

તાબેદારી કરનારને બચાવવાની જરૂર વીશે.

કથા ૫મી—તાબેદારીમાં જીવ આપનાર કપોતો.

કોઇ વનમાં એક પારધી ફરતો હતો, તેણે એક કપોતી પકડી. તેને પાંજરામાં નાખી તે જાય છે, એટલામાં સાંજ

---

* કપોતો એ એક જાતનું કબુતર છે, જેની ડોકપર રંગવાલી છાંટો હોય છે.

પડી ને મેહ લાગો તેણે કરી અંધારૂં ઘોર થયું. ત્યારે તે પારધી એક મોટાં ઝાડ હેઠળ ઉભો રહયો. ટાહડે કરી તે કંપે છે ને પેટમાં ભુખ લાગી છે. પછી મેહ રહયો ત્યારે પારધી મોઢું ઉંચું કરીને બોલ્યો, રે જે કોઇ આ ઝાડ પર હશે તેનો હું તાબેદાર છું. તે મને આ ટાહડથી બચાવે ને મારા પેટમાંની અગની શાંત કરે. તે સાંભલી ઝાડપર કપોટો હતો તે દુઃખ કરવા લાગ્યો કે, હે ભગવાન મારી કપોતી પણ આજ આવી નહીં, તે હોત તો હમે આ અતીતની સેવા કરત. તે વચન કાને પડતાંજ કપોતી પાંજરાંમાથી બોલી, "રે હું આ પારધીનાં પાંજરામાં પડીછું, પણ તું તેનું કાંઈ મનમાં લાવજે નહીં. તારેથી થાય તેટલી એની શેવા કર, કેમકે તાબેદારીનું દુઃખ.દુર કરવા સરખું બીજું પુન નથી." પછી તે કપોતાએ પોતાની ચાંચે કરીને બાહેરથી એક અંગારો આણ્યો, ને સુકાં પાતરાં પર મુકયો. તેના તાપે કરીને પારધીની ટાહડ ગઇ. પછી તે પારધી તેની પાસે ભોજનની જાચના કરવા લાગો. તયારે કપોતો વીચાર કરે છે કે, કેટલાંક પુન્ય પ્રાણી છે તે દશનું પેટ ભરેછે, કોઈ સોનું, કોઈ હજારનું, અને અમે અભાગયાં પંખી પોતાનું પેટ ભરી શકતાં નથી. તો મારી પાસે આ શરીર છે, જે કોઇ દહાડે પણ જવાનું, તો તે આજેજ એને કામે લગાડીશ, પણ એ જાચકને હું મોઢાંથી ના નહીં કહીશ. પછી તે પારધીને કેહવા લાગો, ભાઇ, તું મને ખા, ને તારો પ્રાણ રાખ. એમ કહી તે અગનીમાં પડયો. તે જોઈ પારધીને મોટી દલગીરી લાગી, તેથી તેણે પેલી કપોતીને પાંજરાંમાથી છોડી મુકી. તેણે બાહેર નીકલતાંજ અગનીમા પરવેશ કરયો, ને સતી થઇ બલી મુઇ. પછી પારધીને તે દુઃખ સહયું નહીં, ત્યારે તેણે પણ મોટો અગની કરી તેમાં પોતાનાં શ-

રીરનું હવન કરયું. તે ત્રણ જણાં મરતાંજ દેવ શરીરને પામી સવરગે ગયાં ને અખઇ† સુખી થયાં

માટે એ અરીમરદનને, તાબેદારને મારવાનું ઘણું પાપ છે, તો એને આપણે આપણા કીલામાં માન આપી રાખયે, ને એને હાથે શત્રુનો નાશ કરયે. કહયું છે:—

ઘેરનો ભેદુ મલયા વીના ઘેર હાથમાં આવવું કઠણ છે. માટેજ રામચંદ્રજીએબી ભીખનને હાથમાં રાખી લંકા પર જીત કરી.

એવાં પરાકારકરણનાં વચન સાંભલી દીપતાકસ બોલવા લાગો, રાજા આ ચીરંજીવી આપણો શતરૂ, એને મારવોજ જોઇયે, કેમકે આપણેએક બીજાને દુઃખ આપયુંછે તે કોઇ દહાડો પણ સંભારશું, ને એક બીજાનો ઘાત કરોશું. એક સાંપે બરાહમણને વચન કહયુંછે કે:—

મેં તારા છોકરાને મારયો તે તું કોઇ દહાડે પણ સંભારશે, ને તારા છોકરાએ મારી ફણા દુઃખવી તે હું સંભારીશ. માટે રે બરાહમણ, એક વાર જે પ્રીત ટુટી તે ફરીથી સંધાતી નથી.

અરીમરદન પુછેછે, તે કેમ? દીપતાકશ કહેછે, ભાઇ સાંભલ.

ટુટેલી પ્રીત ફરી સંધાવી મુશકેલ પડેછે તે વીશે.

કથા ૯ઠી—હરીદત બરાંહમણ અને સાપ.

કોઇ એક હરીદત બરાહમણ ખેતી કરીને પેટ ભરતો હતો, તેણે એક દહાડે પોતાનાં ખેતરમાં એક મોટો સાપ

† અખઇ એટલે હંમેશ.

મોકલેલા દીઠા. તેથી તેણે એક વાડકામાં દુધ લાવી મુક્યું. સાપે તે પીને બીલમાંથી‡ પાંચ રૂપયા લાવી વાટકામાં મુકયા. તે લઇ બરાહ્મણ સંતોષ પામ્યો, ને તે દહાડેથી પછી નીત સાપને કાજ દુધ લાવતો જાય, ને પાંચ પાંચ રૂપયા ઘેર લેતો જાય. એક સમે તે બરાહ્મણને બીજે ગામ જવું પડયું તયારે સાપને દુધ મુકવા સારૂં તેણે પોતાના છોકરાને કહયું. છોકરાએ જયારે રૂપયા જોયા ત્યારે તેની બુધી ફરી, ને તેનાં મનમાં આવ્યું કે, આ સાપને મારીને તેના હેઠલ ધન છે તે કાહાડી લઇયે. પછી બીજે દહાડે તેણે એક સોટો હાથમાં સંતાડયો, ને સાપને દુધ મુકવા ગયો. સાપ આવી દુધ પીવા લાગ્યો, ત્યારે તેણે તેનાં માથાંપર સોટો મારયો; પણ તે ચુકીને તેની ફેણા પર લાગી તેને લગરીક દુખવી. ત્યારે ક્રોધથી તે સાપે તે છોકરાને દંખ દીધો, અને એટલામાંજ તેનો પ્રાણ જતો રહયો. પછી તેનાં સગાં વહાલાંએ આવીને તેને અગનીદાહ કરયો. બીજે ત્રીજે દીવસે તેનો પીતા આવ્યો, તે આ વરતાંત સાંભલી ઘણોજ દુઃખી થયો, ને દુધ લઇ સાપનાં બીલ પાસે ગયો. ત્યારે સાપ તેને બીલ માંહેથી કહેછે, ભાઈ મેં તારા પુત્રને મારયો તે તું સંભારશે, ને તેણે મારી ફેણા દુખવી તે હું સંભારીશ, માટે એકવાર પ્રીત તુટી તે ફરીથી સંધાતી નથી.

પછી વકરનાશે કહયું, રે અરીમરદન, તું દીપતાક્શનું સાંભલીશ મા. રે ચીરંજીવીને મારવો નહીં. તેનું અને કાગડાઓનું વેર પડયુંછે તો તે એક બીજાના મરમ બોલશે, તેથી આપણું કામ સેહેજ થશે. જેમ એક રાજકન્યાનું કામ થયું હતું.

‡ બીલ એટલે દર.

અરીમરદન—તે કેમ થયું ભાઇ ?

વકરનાશ—ભાઇ સાંભલ.

એની મારામારીમાં ત્રીજાને થતો લાભ.

કથા ૭મી—રાજ કન્યા અને બે સરપ.

કોઇ રાજાની કન્યા હતી, તે બાપને કંઈ અમરજાદ વચન બોલી, માટે તેણે તે કન્યાને એક જલંદર રોગી સાથે પરણાવી. તે રોગી રાજાનો પુત્ર હતો. રોગથી કંટાલયો માટે પોતાનું ગામ મુકી દેશાંતર ફરવા લાગો. કોઇ સમે તે, રોગી ભરતારને લઈ રાજ કન્યા દેશ ફરેછે, તેવામાં મારગમાં એક ઠેકાણે તેઓ ઊતરયાં. ત્યાં રોગીને નીંદ્રા આવી અને તે હાલતમાં તેના મોઢાંમાંથી એક સાપ નીસરયો. તે ઠેકાણે કોઇ બીજો સાપ હશે તે પણ ઓચીંતો બીલમાંથી બાહેર નીસરયો. તે બેઉની એક દરસ્ટી થતાંજ બંને વઢવા લાગ્યા ને એક બીજાના મરમ કહાડવા લાગ્યા. બીલમાંનો સરપ મોઢાં માહેલાને કહેછે, રે તું આ રાજપુત્રનાં પેટમાં રહીને તેને દુઃખ આપેછે, તો તારો નાશ કરવો સેહેલ છે. તે એવી રીતે કે, એણે ભેંસની છાસમાં સુંઠ ઘસી પીધી તો તું મરી જશે. તયારે પેલો બોલ્યો, તારાં બીલમાં તાતેલું તેલ રેડયું તો તું મારયો જશે, ને તારાં આસન હેઠલ ધન છે તે તારા મારનારને હાથ લાગશે. એવી બોલાચાલી થઇ તે રાજકન્યાએ હલુસે રહી સાંભલી, અને પેહેલાં તે ઓસડ કરયું, તેથી તેનો માટી સારો થયો. પછી બીજા સરપનાં બીલમાં તાતેલું તેલ રેડયું, ને ખોદી જોયું તો ધન પણ મલયું.

માટે આ ચીરંજીવીને રાખવોજ ઘટેછે. પછી વાગલા તેને પોતાના કીલામાં લઇ ગયા, અને કહયું, હમે તુને જીવતદાન આપ્યું, ને આશરો પણ આપ્યોછે, તો હવે તારી અસીલાઇ જે હોય તે દેખાડ. ચીરંજીવી બોલ્યો, કારજને અંતે તે દીસશે; હું અમસથો મોઢેથી બોલું નહીં. પછી ચીરંજીવીએ તેઓનો કીલો જોયો, ને આવવા જવાનો મારગ હતો તે ધીયાનમાં રાખી બીજે દહાડે મેઘ વરણ રાજા પાસે આવ્યો, અને તેને સઘલું વરતમાન કહી વીનંતી કરી કે, સવામી હવે તમે ફોજને હુકમ કરો કે, સઘલાંજન એકેક લાકડી ચાંચમાં લઇ ચાલે, ને શત્રુની ગુફાનાં બારણામાં નાખી તેનો ઢગલો કરે. હું અગની લાવીને સલગાવી દેઊં એટલે બધાં વાગલાં એકઠાં બલી મરશે. પછી તેઓએ તેમ કરતાંજ વાગલાં સરવ નાશ પામયાં.

વીષ્ણુશીરમા રાજપુત્રોને કહે છે, રે તમોને પણ શત્રુ વીશે ઘણું સાવધાન રેહવું જોઇયે, નહીં તો વાગલાંની પેઠે નાશ પામશો.

સંધી વીગ્રહ—તંત્ર ૩જું સમાપ્ત.

લબધ પરનાશ—તંત્ર ૪થું.

મલેલી વસ્તુ ખોહી તે પાછી આવવી મુશકેલ પડેછે તથા સંકટમાં ગભરાટ ન કરતાં ઊપાય કરયાથી સંકટ ટલેછે તે વીશે.

વીષ્ણુશરમા રાજપુત્રોને કહે છે, હું હવે તમને લબધ પરનાશ નામે ચોથું તંત્ર કહુંછું, જેના પેહેલા શ્લોકનો અરથ એ છે કે, જે માણસ આવી પડયું તેનો ઉપાય કરે છે, અને ગભરાતો નથી, તે શંકટમાંથી પાર પડે છે. જેમ એક વાંદર જેલમાં ગયલો બાહેર આવ્યો. તેની કથા આ પ્રમાણે છે:—

એક ઠેકાણે, સમુદ્રને કાંઠે જાંબુનુ એક ઝાડ હતું, જે સદા ફલતું રેહેતું. તે પર એક "રગતમુખ" નામે વાંદરો, કુટુંબ સાથે રેહતો હતો. કોઇ સમય તે ઝાડ હેઠલ પાણીમાંથી કરાલમુખ નામે મગર આવયું. વાંદરાએ તેને પરોણો જાણીને જાંબુના ફલ આપ્યાં. આ અમરત સરખાં ફલ ખાઈ તેની વાત મગરે ઘેર જાઇ પોતાની બાયડીને કહી. પછી તે મગર હંમેશા આવે, અને વાંદરા સાથે સુભાષીત વાતો કરે, અને વાંદરો પણ તેને નીત જાંબુનાં ફલ આપે. તે ખાઇ બાકીનાં પોતાને ઘેર લઇ જાય, અને પોતાની બાયડીને આપે. એક સમયે બાયડીએ પુછયું, "ભરતાર! જે આ અમરત સરખાં ફલ નીત ખાતો હશે, તેનું કલેજું પણ અમરત

સરખુંજ હશે. તો જો હું તારી વાહાલીજ હોઇશ તો કં ઇ પણ કરીને તે વાંદરાંનું કલેજું તું મને ચખાડશે. તે ખાધેથી આપણ બેઉ અમર થઇશું, અને ઘણા વરસ જીવી સંસારના ભોગ ભોગવીશું. મગરે તેને સમજાવી કે, આ ઘેલી વાત છોડી દે; પણ બાયડીની જાત હઠીલી તે હઠ છોડે નહીં. કહયું છેઃ—

મુરખ પુરૂષ, બાએડી, કરચલા, માછલા અને વયસની પુરૂષ એઓ જે એક વાર મનમાં લીધું તેને છોડતાં નથી.

આથી મગરો ગુસે થઇને કેહવા લાગો, "રે મેં તારૂં સઘલું જાણયું. તું તે વાંદરાનો બાયડી સાથ સનેહ રાખેછે, માટે તેને ત્યાં આખો દીવસ જઇ બેસેછે. હવે તને મારૂં શું કામ? હવે તો હું પણ મારો પ્રાણ આપુંછું." મગર બોચારો અંતે તેને પગે પડયો, તોએ તે સમજી નહીં, અને અપવાસ કરતી બેઠી. એટલે મગર નીરૂપાય* થઈ ચીંતાતુર જેવો પેલા વાંદરા પાસે ગયો. તેણે પુછયું, મારા મીત્ર! આજ તુ કંઇ ફીકરમાં દીસે છે? મગર બોલ્યો, "ભાઇ બાયડીએ મારો ધીકાર કર્યો, કે એટલા દહાડા તારાં જમું ખાઇ મેં તને એક વાર પણં જમવા તેડ્યા નહીં, તો હવે તને મારાં ગરીબને ઘેર આવવું જોઇશે."

વાંદરે—તેં સાચું કહયું, પણ પાણીમાં મારેથી કેમ અવાશે? તું તારી બાયડીનેજ અહીં લાવ.

* નીરૂપાય એટલે ઉપાય વગરનો, નાચાર.

મગર—તેનો શી ચીંતા? હું તુંને મારા વાંશા પર લઇ જઇશ. મારૂં ઘર સમુદ્રમાં સુકાં ઠેકાણા પર છે, માટે તુંને કંઈ અડચણ પડશે નહીં.

વાંદર—સારૂં, તયારે આવીશ.

પછી તે વાંદરને વાંસા પર લઈ મગર ઊંડાં પાણીમાં ગયો. આ વેલા તેને વીચાર આવ્યો કે, વાંદર હવે મારા હાથમાંથી બચી શકશે નહીં, તો એને હું ખરી વાત કહી દઊં કે, દેવતાનું સમરણ કરી પોતાનું ઘટતું કરશે. એમ વીચારી મગરે જે હતી તે વારતા વાંદરા આગલ કહી. તે સાંભલી વાંદરો ગાભરો ન થયો, અને ધીરજ રાખી મગરને કેહેવા લાગો કે, ઘેલા! તેં મને આ વાત ત્યાંજ કેમ નહીં કહી? હમે વાંદરા કંઇ પોતાનું કલેજું સાથે રાખતા નથી. તે તો પેલાં ઝાડ પર એવું ગુપત રાખ્યું છે, કે કોઇને ખબર નહી પડે. અને એક તો શું પણ હું તુને દશ કલેજાં જોઇયે તો આપું. તું અને તારી બાયડી મને પારકાં નથી.

મગર—એમ છે તો ચાલો પાછા. પણ મને તે જ. રૂર આપજે હો, નહીં તો મારી બાયડી જીવ આપશે.

વાંદર—રે તે તારે કેહેવું ન પડે. તારી જે બા. યડી તે મારી ભોજાઇ.

આ રીતે મગરે વાંદરાને પાછો ઝાડ પાસે લાવી મુકતાંજ વાંદર ઝાડ પર ચહડી બેઠો, અને પોતાનાં કુ. ટુંબને મલયો. તેને હેઠલથી મગર બોલવા લાગો, ભાઇ વેહલો થા, નહીં તો તારી ભોજાઇ મરી જશે. વાંદરાએ

કહયું, "રે મુરખ! રે વીશવાસ ઘાતકી ! તુંને ધીકાર છે ! કલેજુ વલી કોઇ ઝાડ પર રાખતો હશે ? જા ઘેલા જા; તારૂં મોહોડું મને ફરી દેખાડતો ના." આ રીતે હાથમાં-થી વાત ગઇ જાણીને મગર તેને કહેછે, રે મીત્ર ! મે તારી ઠેકડી કરી. એવું વલી કયાં થશે કે તારા ઉપકારને બદલે હું એવડો અપકાર કરૂં?

વાંદર—હા હા હું ઘેલો નથી કે હવે તારો વીશ-વાસ કરૂં. ગંગદત દેડકાનું એક ગરોલીને વચન છે તે સાંભલ. "ભુખો જે જુવે તે પાપ કરશે. કરૂરને દયા નહી આવશે. માટે રે ગરોલી, પરયદરશાનને કેહ કે ગંગદત કુવામાં આવતો નથી."

મગર—આ કેવી કથા છે ભાઇ ?

વાંદર—સાંભલ, મગર.

ગરજને લીધે મુજી માણસ સાથે કામ પાડયાથી પેહલાં સેહજ ફાયદો થાયછે પણ પાછલથી સતયાનાશ વલેછે તે વીશે.

કથા ૧ લી—પરયદરશાન સાપ અમે ગંગદત દેડકો.

કોઈ એક કુવાંમાં ગંગદત નામે દેડકાઓનો રાજા ઘ-ણાએક દેડકા સહીત રહેતો હતો. કોઈ સમે તે અને તેના ભાઇબંધ વચ્ચે વખવાદ થઇ. તેથી તેઓએ તેને કુવામાંથી બાહેર કાઢી મેલ્યો. તે મારગે જાતો હતો, તેવામાં તેણે એક કાલો સાપ દરમાં જાતો દીઠો. તેને હાંક મારીને કહેછે, " રે

પરયદરશન, રે પરયદરશન! ઊભો રેહ. મારી વાત સાંભલ. હું તારે તાબે છું. તું મારી સાથે પેલા કુવામાં ચાલ, અને મારા શત્રુઓને માર. તેમાં મારૂં અને તારૂં બંનેનું કામ થશે." પરયદરશને કહયું, સારૂ. પછી ગંગદત તેને વાવડીમાં લઇ ગયો; અને જે જે દેડકાને ગંગદતે દેખાડયા તેને તેને તે સરપે ખાધા. એમ કેટલાએક દહાડામાં તે ગંગદતના સઘલા શત્રુ ખાઇ ગયો. પછી ગંગદત તેને કહેવા લાગયો, ભાઈ, તેં મીત્રનું કામ કરયું. હું તારો ઘણો આભારી થયો. હવે તું તારે ઠેકાણે જા. સરપ બોલયો, હવે હું કયાં જાઊં? મારાં દરમાં કોઇ બીજો સાપ પેઠો હશે; અને વલી મને એ ઠેકાણું છોડવા પણ ગમતું નથી. ગંગદત બોલયો તો હયાં રહીને શું ખાઇશ? તે બોલયો શું ખાઇશ? તારૂં સઘલું કુટુંબ ખાઇશ? નહી તો મને નીત એકેક દેડકો આપતો જા, તેમાં હું મારૂં ગુજરાન કરીશ. તેવારે ગંગદત નીરૂપાય થયો, ને તે વાત કબુલ કરી. કહયુ છેઃ—

થોડું જઇને સંધુ રેહતું હોય તો રાખીયે. સઘલાંનો નાશ કરતાં અરધાંનો નાશ ભલો છે.

પછી ગંગદત તે સાપને નીત એક દેડકો આપે. તે ખાય અને નજર ચુકાવીને બીજાઓને પણ ખાતો જાય. એમ કરતાં એક દહાડે તેણે ગંગદતના છોકરાને પીણ ખાધો; પછી તેના ભાઇને ખાધો અને સરવે સગા વહાલાઓને પણ ખાઇ નાખ્યાં. છેલે તે ગંગદતને કહે છે, ભાઇ, તેં મને હયાં લાવી ફસાવ્યો છે, તો કોઇ બીજા કુવામાં જા, અને ત્યાંથી દેડકાઓને ફુસલાવી હીઆં લાવ. ગંગદતે કહયું, સારૂ. પછી તે તયાંથી પોતાનો જીવ લઈ નીસરયો, અને બીજા કુવામાં જઈ બેઠો, તે પાછો આવ્યોજ નહીં. ત્યારે પરયદરશને ત્યાં એક ગરોલી રેહતી હતી તેને કહયું, બાઇ, તું જાઇ ગંગદતને

કેહ કે, હું તારી રાહ જોઉં છું. ગરોલી બાહેર આવી અને ગંગદત્તને શોધી કહાડી તેને કહેવા લાગી, રે ગંગદત્ત, ચાલ, તુંને પરયદરશન તેડે છે. બીજા દેડકા નહીં આવતા હોય તો તું એકલોજ ચાલ. તારા વગર તેને સુખ પડતું નથી. માટે તું બીહીશ માં. તેણે ધરમના સોગન લીધા છે, તે તુંને મારશે નહીં. ગંગદત્ત બોલ્યો, "ભુખ્યો શું પાપ નહીં કરે? કરૂરને દયા નહીં આવે." માટે રે ગરોલી, તું જા. હું આવતો નથી.

માટે, રે ઘાતકી મગર, તું તારે મારગે જા. હું નથી આવતો.

મગર–રે તું શું મારાપર મીત્ર ઘાતનો દોષ નાખે છે? હું તે તારૂં નહીં સાંભલીશ, અને જો તું મારો સાથે નહીં આવ્યો તો તારાપર મારો પ્રાણ આપીશ.

વાંદરો હસીને. બોલ્યો, રે તેં શું મને પેલો લંબકરણ ગધેડો દીઠો છે, કે જે એક વેલા ઘાત જોયા છતાં ફરી પણ તે જંગાએ જઇ. મરણ પામ્યો.

મગર–તે કેમ બનયું હશે!

વાંદર–સાંભલ ભાઇ.

ઠોકર ખાવા છતાં ફરી તેજ રસ્તે જવાની ખરાબી.

કથા ૨૦મી—લંબકરણ ગધેડો.

એક વનમાં કરાલકેશર એવે નામે સીંહ રેહતો હતો. તેનો શેવક ધુશર નામે એક શયાલ હતો. કોઈ સમે સીંહને

દીધે કરાર ન હતો, તે વેલા તેની આગ્નાથી તે શયાલ વનમાં પશુને જોતો ભમે છે. ત્યાં તેણે એક ગધેડો દીઠો તેને કહ્યું, હે મામાજી! નમસકાર કરૂં છું. તમે એમ દુબલા કેમ દીસો છો? તે બોલ્યો, રે ભાણેજ! મારો ધણી ધોબી મને ઘણું દુઃખ દીએ છે, ને પેટ ભરી ખાવાનું પણ આપતો નથી. શયાલ બોલ્યો, તો ચાલો મારી સાથે પેલાં વનમાં, નદીને કાંઠે, તયાં કુમલું કુમલું ખડ છે, તે ખાઈ સુખેથી રહો. ગધેડે કહ્યું, મને એકલાને ત્યાં ચેન કેમ પડશે? શયાલ બોલ્યો, તારા સરખી દુઃખની મારેલી તરણ ગધેડીઓ પણ ત્યાં ગઈ છે. તેને વર જોઈયે છે, અને તે ત્રણે તમુને વરશે. પછી તમ મારાં ભાવગ કોણ વખાણશે? ગધેડાએ તે સઘલું સાચું માનયું અને શયાલનીસાથે ગયો. તે આવતાંજ સીંહને ઉતાવલ થઈ, અને તેણે ગધેડા ઊપર છલાંગ મારી. પણ તે છલાંગ થોડી ચુકી, તેનો લાભ લઈ ગધેડો નહાસી ગયો. તેથી સીંહ પસતાવા માંડયું. ત્યારે શયાલ બોલ્યો, હું તેને વલી પણ એક વાર ફરી બોલાવીશ. પછી જો તમે નહીં મારશો તો તમે જાણો. એમ કહી શયાલ ફરી તે ગધેડા પાંસે ગયો. તેને ગધેડો બોલ્યો, રે ભાણેજ, તેં મને મારવાનો ઊપાય કરયો હતો? શયાલ હસી બોલ્યો, મામા, તમે સારૂ કામ નહીં કરયું. રે તે ગધેડી તમોને હેતથી ભેટ કરવા આવી એટલામાંજ તમે નાહસી ગયા. તો હવે તે અપવાશ કરતી બેઠી છે; અને જો તે મરશે તો તેની હતયા તમારી ઊપર. તમને તેના હાથ કઠણ લાગ્યા હશે? તે કંઈંજ નહી પણ પેલા ખડને પાણીનો ગુણ. તમે પણ એકવાર તે પાણી પીશો તો તેવા પુસ્ટથશો. માટે ઘેલા ન થાઓ, ને ત્યાં ચાલો. ગધેડો બાઓડીના લાભથી વલી ત્યાં પાછો ગયો. તેને જતાંજ, સીંહ તઈયાર હતો તેણે એક ઝાપટે મારી નાખ્યો. પછી સીંહ નદીમાં સનાન કરવા

ગયા, તેટલામાં શીયાલે તે ગધેડાનું હઇયું ખાધું. એ વીશે સીંહ જ્યારે પુછવા લાગો ત્યારે તે બોલ્યો માહારાજ એને હઇયુંજ ન હતું; તે હોત તો વલી તમારા સપાટામાં આવત શું કરવા?

માટે, રે મગર, હું તે ગધેડા સરખો મુરખ નહીં. બીજુ, રે મુરખ, તેં પેહેલાં મારી સાથે કપટ કરયું, અને પછી ખરૂં બોલ્યો, તો તેં તારે હાથે તારો સવારથ બગાડયો. જેમ એક જુધીશટીર કુંભારે કરયું હતું તેમ.

મગર—તે કેમ થયું ભાઇ.

વાંદર—સાંભલ ભાઇ.

ભરમ જાલવવાના લાભ અને ભરમ ખોલ્વવાના ગેરલાભ.

કથા ૩૭—જુધીશટીર કુંભાર.

કોઇ જુધીશટીર નામે કુંભાર હતો, તે એકવાર દારૂની નીશામાં કાચનું વાસણ ફુટેલું હતું તેપર પડીને જખમી થયો. તે જખમ સારો થયો પણ તલવારના ઘા સરખી તેની નીશાની રહી ગઇ. કોઈ સમે તે પરદેશ ગયો, ત્યાં તેને રાજાના સેવકોએ જોયો અને પુછયું, તારાં કપાલપર આ ઘા શાનો છે? તેણે કહયું, મને લડાઇમાં એ જખમ થયો છે. તેવારે રાજસેવકોએ રાજા પાસે તેની તારીફ કરી અને રાજાએ તેને મોટો સરદાર બનાવ્યો. એક સમયે તે દારૂ પીને બકવા લાગો, તેમાં બોલી ગયો કે, મારા જેવો શાણો આજ કોણ છે, કે કાચનો જખમ પડયો તેને મેં તલવારનો કરી

બેસાડયો અને રાજાને પણ મેં ઠગયો. તે સાંભલી રાજ સેવકોએ રાજાને કહયું, તયારે રાજા શરમાયો, અને ધકા મરાવી તે કુંભારને હાંકી દીધો. તે વેલા કુંભારે રાજાને કહયું, મહારાજ મારો જન્મમ કાયથી થયો છે એ વાત ખરી છે, પણ જો તમને મારી પરખ કરવી હોય તો મને શત્રુ સામે મોકલી જુવો. રાજાએ કહયું, રે તું મોટો શુરો છે ખરો, તોપણ હીંયાંથી જા. એક સીંહને સ્ત્રીનું વચન છે કે:—

રે છોકરા, તું શાણો છે, વીદવાન છે ને શુરોએ છે, પણ જે કુલમાં તું પેદા થયો તે કુલમાં કોઇએ હાથી મારયો નહીં. કુંભાર પુછેછે તે કેમ થયું. રાજા કહેછે, સાંભલ.

હીચકારી જાતનાઓથી બહાદુરીનાં કામ થઇ શકતાં નથી તે વીશે.

કથા ૪થી—સીંહે છોકરો કરી પાલેલો શયાલ બચ્ચો.

એક વનમાં સીંહનું એક જોડું રેહતું હતું. કોઇ સમયે આ સીંહ વનમાં ફરે છે, તેવામાં એક શયાલનું બચ્ચું દીઠું. તેને ઘેર લાવી પોતાની બાયડીને આપ્યું. તે બોલી, રે ભરતાર, જેને તેં મારયો નહીં તેને હું નણી મારીશ. મારા બે છોકરા છે તેમાં એ ત્રીજો, એનો હું પરતીપાલ કરીશ. પછી તે સીંહણે તેને વધાર્યો. એક સમયે તે ત્રણે છોકરા વનમાં ગયા, ત્યાં તેઓએ એક હાથી દીઠો. ત્યારે સીંહના છોકરાઓએ તેપર હુમલો કરવા માંડયો; તેથી શયાલનો છોકરો તેઓને કહેછે, રે તમે એ શું કરો છો? રે પાછા ફરો. રે આ શત્રુના હાથમાં લાગશો તો તે તમારા કટકે કટકા કરશે; એમ કહેતાંજ સીંહના છોકરા ફરવાયા, કહયું છે:—

લશકરમાં જો એક શુરો હોય તો તેને લીધે બધાં લશકરને હીંમત થાય છે; અને જો એક હીચકારો હોય તો સંધુ લશકર નહસાડે છે.

પછી ભાઇનાં વચન સાંભલી સીંહના છોકરા તેની સાથે નાહાસતા ઘેર આવ્યા અને બાપ આગલ તે વાત કરી. તેણે શયાલના છોકરાનો ધીકાર કરયો; માટે તે ઘણો કષ્ટી થયો. તે સમયે માએ તેને એકાંત કાઢયો, અને બોલી તું કષ્ટી ન થા. તે બોલ્યો, ભાઇઓએ મારી ચાડી કરી તો હું તેઓને મારીશ, ત્યારેજ અન ખાઇશ. તે બોલી, રે એમ ના કેહ. મેં તને પાલ્યો ખરો; પણ તું જાતે શયાલનો છોકરો છે. માટે જેટલે સુધી મારા દીકરાઓએ, તારો ભરમ જાણયો નથી તેટલે સુધી તું અહીંથી નાહસી જા, નહીં તો મારયો જશે. તે સાંભલી શયાલનો છોકરો નહાસી ગયો.

માટે. રે કુંભાર, મારા છોકરાઓએ તુંને કુંભાર નહી જાણયો. જેટલે સુધી તું અહીંથી નાહાસી જા. આથી તે કુંભાર નહાસી ગયો.

હવે વાંદરો મગરને કહેછે, તુંએ પોતાને હાથે તારો સવારથ બગાડયો, અને તે હવે શોધવા માંગે છે; પણ હવે તો તેની આશા મુકજે. મેં તને ઘણું સારૂં કરયું તોએ તું અંતે તારી જાતપર ગયો. કેહયું છેઃ—

સુરજને નહી પરણી, નહી મેઘને ને નહી પરવતને, પણ ઉંદરડી ઉંદરને પરણી ત્યારેજ સુખી થઇ.

મગરે—તે કેમ ભાઇ ?

વાંદરે—ભાઈ સાંભલ.

નીચને ઊંચ સાથે નહીં પણ નીચ સાથે રેહેવાથીજ સુખ મળેછે તે વીશે.

કથા ૫ મી-ઊંદરડી જે ઊંદરને પરણી ત્યારેજ સુખી થઇ.

કોઈ બરાહમણ વનમાં તપ કરતો રેહતો હતો. એક સમયે એક સમડી ઊંદરડીને લઇ દોડતી હતી તે તેણે જોઇ, ત્યારે તેણે પથર મારી તેના હાથથી તે ઊંદરડીને છોડાવી. એ વેલા સમડી બરાહમણને કહેછે, "રે તું ધરમને નથી જાણતો. બરહમાએ જેને તેને આહાર લગાડી આપ્યો છે. જેમ તમારે અનપર તેમ હમારે પણ ઊંદર અને બીજા જીવજંત પર પેટ ભરવું, ને હું જો પાપ કરતી હોત, તોએ પણ જો તું સાધુ હતે તો મને મારત નહીં." કહયું છેઃ-

> **શત્રુ ને મીત્ર પર જે સમાન જેને સોનું ને માટી સરખી, જે સારા ને માઠા માણુસપર સરખી કરૂપા રાખે છે, તેને સાધુ જાણવો.**

માટે તુંને મારી વાતમાં પડવાનું નોહોતું ઘટતું. તો તું હવે આ ઊંદરડી મને પાછી આપ, કે તેને ખાઇ મારો જીવ રાખું. બરાહમણ બોલ્યો, "રે પાપી, તું જા, નહીં તો તને શરાપ આપી ભશમ કરીશ. ધરમ અધરમ તારાથી હું વધતો જાણુંછું." આ સાંભલી તે સમડી જતી રહી. બરાહમણે ઊંદરડીને પોતાનાં તપના બલે કરી માણસનું સરૂપ આપી પાલી. તે જયારે વરજોગ થઇ ત્યારે બરાહમણે વીચારયું કે, હવે હું એને મન માનીતો વર કરી આપું. કહયું છેઃ-

કન્યા વરના સવરૂપને જુવે છે, માતા ઘરે-ણાને, પીતા વીદ્યાને, ભાઈબંધ કુલ જાતને અને બીજા લોક મીઠાં ભોજનને.

માટે એને જો સુરય નારાયણ ગમશે તો તેને પણ અહીં તેડી એની સાથ પરણાવીશ. પછી બરાહમણે સમ-રણ કરતાંજ સુરય નારાયણ પુરૂષનો વેશ ધરી આવ્યો. તેને જોઈ ઊંદરડી કેહવા લાગી, એનું તેજ મારેથી ખમાતું નથી. ત્યારે બરાહમણે મેઘને તેડયો; પણ તેને ટાઢો ગણીને ઊંદરડીએ પસંદ ન કરયો. ત્યાર પછી વાયુને તેડયો, પણ તે તો ઊંદરડીને ચંચલ પડ્યો, તેથી તેને પણ ના પસંદ કરયો. પછી પરવતને બોલાવ્યો, પણ તે કઠણ માટે તજયો. ત્યારે બરાહમણે પુછયું, ભાઈ પરવત તારા કરતાં પણ મોટો કોઈ હશે? તે બોલ્યો, મારાં કરતાં મોટો તો ઊંદર, કાંકે તે મારા સરખા કઠણ પરવતને પણ ખોદે છે. આથી બરાહ-મણે ઊંદરને તેડયો. તે ઊંદરને જોઈ ઊંદરડીનું મોહડું હ-સતું થયું ને કહેવા લાગી, પીતાજી! એનું સવરૂપ અને સ્વભાવ મને ગમ્યો. આ જોઈ બરાહમણ મનમા નારાજી થયો, અને તે છોકરીને પાછી ઊંદરડી કરીને તે ઊંદર સાથે પરણાવી. કહયું છે:—

બાયડી પોતાના મનગમતા વરને જુવે છે;
સુનાને, રતનને અથવા રાજયને તે જોતી નથી.

માટે રે મગર, આ ઊંદરડી જેમ દેવપણું છોડી પાછી પોતાની જાતમાં ગઈ, તેમ તું પણ તારા જાતનાં સ્વભાવ પર આવ્યો ને તું બાયડીના કહયાપર મારો ઘાત કરવા ચાહે છે તો તું મુરખને ધીક્કાર છે. એક બરાહ-મણનું વચન છે:—

જેને કીજે મેં પોતાનું કુલ છોડયું, અરધું આયુશ પણ આપયું, તે બાયડી મને છોડીને પારકા પાસે ગઇ; માટે બાયડીની જાતનો વીશ-વાસ કોણે કરવો ?

મગર—તે કેવી કથા છે તે કેહ.

વાંદર—ભાઇ સાંભલ.

નીચ બાયડી પોતાના ભરથારના ગુણનો વીચાર ન કરતાં તેને હાણી પોંહચાડેછે તે વીશે.

કથા ૬ઠી—પોતાના ભરતારને કુવામાં નાખનાર બરાહમણી.

કોઇ નગરમાં બરાહમણ હતો. તે બાયડી ઊપર ઘ-ણોજ મોહ રાખતો, પણ તેણી કજયાખોરી હતી. પરતીદીન કુટુંબનાં માણસો સાથે લડે, તે બરાહમણથી સેવાયું નહી, ત્યારે તે બાયડીને લઇ કુટુંબ છોડી દેશાંતર ચાલ્યો. મારગે જતાં એક માહા વનમાં બાયડીને તરસ લાગી, તેથી તેને મુકી પાણી લેવા ગયો. તે પાછો આવે છે એટલામાં બાયડી મરણ પામી. તે જોઇ તે ઘણુંજ દુઃખ કરવા લાગ્યો. ત્યારે આકાસમાં વાચા થઇ કે, જો તું એને તારા અરધા આયુશ-નું પાણી છોડશે, તો એ જીવતી થશે. બરાહમણના પરાણ કરતાં તે વહાલી હતી; માટે તેને આયુશ સૂરખી વસ્તુ પણ અરધી આપી. તેથી બરાહમણી ઊઠીને બેઠી, ખાધું અને પીધું પછી વલી બંને જણા મારગમાં ચાલવા લાગાં, અને એક શેહેર પાસે આવ્યાં. ત્યાં એક બાગ જોયો તેમાં ઊતર-

યાં, અને બરાહમણ સીધુ લેવા ગયો. તેટલામાં તે બાગમાં કોઇ પાંગલો હશે તેણે સુશવર ગાયન કરયું. તે બરાહમણી એ સાંભલ્યું અને તેનો પર મોહીત થઈ. પછી તે પાંગલા પાસે જઇને કેહવા લાગી, રે આજથી તું મારો ધણી; આપણ બરાહમણને મારી નાખીશું. પાંગલો આથી રાજી થયો. બરાહમણ પાછો આવ્યો ત્યારે તે બરામણીએ કહયું, તમે બાહેર જાઓછો ત્યારે મારી પાસે વાતો કરવા કોઇ જોઇયે, માટે આ પાંગલાને આપણ સાથે લઇશું. બરાહમણ બાયડીને વસ હતો તેથી તેણે કહયું સારૂં. પછી તે પાંગલાને પેટીમાં નાખી માથા પર લઇ બરાહમણી ચાલવા લાગી મારગમાં તેઓએ એક કુવો દીઠો તે જોઈ બાએડીએ વરને કહયું, મને તરસ લાગી છે, માટે કુવામાંથી પાણી કાહાડો. તે વારે બરાહમણ પાણી કાઢવા વાવડી પર ઉભો. તેને બરાહમણીએ આંચકો મારી માંહે પાડી નાખ્યો, અને પોતે પાંગલાને લઈ ચાલતી થઈ. તે એક ગામ પાસે આવી ચડી. ત્યાં ચોકીવાલાઓએ તેની પેટીનો ઢાંકો લીધો, તેમાં પાંગલાને જોયો. તેની પુછપરછ કરીને તે બરાહમણીને રાજા પાસે લઈ ગયા. બરાહમણીએ રાજાને કહયું, આ મારો ભરતાર, વારસાદારના દુઃખથી હું એને લઇ પરદેશ ફરૂંછું. તે સાંભલી રાજાને દયા આવી અને તેમ બે ગામ આપી કહયું, તું મારી બેન, મારા રાજમાં સુખેથી રેહે.

આણી ગમ તેનો ભરતાર કુવામાં પડયો હતો તેને કોઇ વટેમારગુએ બાહેર કાહાડયો. તે ફરતો ફરતો આ ગામ આવી લાગો. ત્યાં બઇરીને જોઈ તેનો સાથે વઢવા લાગો. બરાહમણીએ જઇ રાજાને કહયું કે મારા ભરતારનો વારસાદાર પરદેશમાં પણ અમોને દુઃખ દેવા આવ્યો છે, ને મને મારા ભરતાર પાસેથી લઇ જવા ચાહે છે. રાજાએ તે

ખરૂં માની બરાહમણને મારવાની આગ્યા કરી. ત્યારે બરાહમણ બોલ્યો, હે રાજા, આ સ્ત્રી મને જોતી નથી, પણ એને મેં મારૂં અરધું આયુશ આપ્યું છે, તે હું પાછું માંગું છું. તે તું અપાવ, પછી મને માર. પેલીએ ઝડપ સરખું કહયું, રે તારૂં આયુશ પાછું લે. એમ બોલતાંજ તે મરી ગઈ. એ પછી બરાહમણને મોહોડેથી સઘલું વરતાંત સાંભલી રાજા અચરત થયો.

માટે રે, મગર, તું પણ બાયડી પર લાલચુ છે તો ખરાબ થશે. એમ બે જણા વાતો કરેછે એવામાં કોઇ જલચર સમાચાર લાવ્યો કે, તારી મગરી * અંપવાસ કરતી બેઠી હતી તે મરણ પામી. તે સાંભલી મગર હયું કુટવા લાગો, અને વાંદરને કહેછે,

"ધણયાણી છે તો ઘેર છે, ધણીઆણી વગર ઘેરને વન સરખું જાણવું. જે પુરષને ઘરમાં માતા નથી અથવા પતીવરતા બઈરી નથી, તેણે અરણયમાં † જવું."

તો હે વાંદર, તું મારો અપ્રાધ ક્ષમા કરજે. હું તો તેના વીજોગથી અગનીમાં પ્રવેશ કરૂં છું.

વાંદર—જો તારો પર ભાવ ખરો હોત તો બાયડી મુઈ સાંભલી તું હરખ પામત. કહયું છે:—

અકરમી બાયડી મુઇ તો સારી, દુષ્ટ બાયડી છે તેને લાકડીથી મારી અથવા શસ્ત્રથી તોડી અ-

* મગરી એટલે મગરમછની બાયડી.

† અરણ્ય એટલે જંગલ.

થવા સુનાથી મટી કાહાડી, તોપણ તે આપણને વશ નહી થશે.

મગર—તો ભાઇ હવે શું કરૂં ? મારી બાયડી ગઇ, અને તું મીત્રએ વેગલો થયો. જેમ એક કલમીની બાયડીને થયું હતું.

વાંદર—તે કેમ થયું ભાઈ ?

મગર—સાંભલ ભાઈ.

ખોટી રીતે લોભ કરવાથી "ડોસી બેઉ ગાંસડીથી જતી રહેછે" તે વીશે.

કથા ૭ મી—કલમીની બાયડી.

કોઈ એક કલમીની બાયડી પારકા પુરૂષ પર મોહીત થઈ, અને તેને કહેવા લાગી, મને મારો ઘરડો વર ગમતો નથી. કહ્યું છે:—

ઘડપણ આવ્યું એટલે હાથ પગ રહી જાયછે,
દાંત પડે છે, દીસતું નથી, સવરૂપનું કદરૂપ થાયછે,
મોઢાંમાથી લાડ પડેછે, કોઇ પાસે આવીને ઉભું
રેહેતું નથી. બાએડી પરીત કરતી નથી. માટે ઘર-
ડાપણાં જેવી બીજી આપદા નથી.

પછી તે બાયડી ધણીને સુતો મેલીને રાતે સઘલું વીત લઇ પેલા પારકા પુરૂષ સાથે નોસરી ગઈ. બે તરણ દીવસ મારગ ચાલતાં કોઇ નદી આડી આવી, ત્યારે પેલો પુરૂષ કેહેવા લાગો. હું પેહેલાં આ વીતનો દડો લઈ પેલે પાર મુકી આવું છું પછી તને લઈ જઈશ. તેથી બાયડીએ

તેને દડો આપ્યો. તે લઈ નદી ઉતરીને પેલો તો ચાલતો થયો. એ પરકારે તે બાયડીએ જરતાર ખોયો, વીત ખોહયું અને પયારો પણ ખોહયો.

તેમ, રે વાંદર, મને પણ થયું. એમ કહી મગર પોતાને ઘેર ગયો, અને જુવે છે તો બીજો કોઇ જોરાવર મગર ઘરમાં પેઠેલો છે. તે ઘર છોડતો નથી તે સમે પેલો મગર રદન કરવા લાગો ને કહયું:-

ઘા હોય તે પરજ ઠોકરો લાગે છે, ખાવાનું ન હોય ત્યારે ભુખ વધે છે, દુરબલ થયા એટલે શત્રુ પેદા થાય છે. માટે કરમ કુટયું એટલે આવી આવી વીપત આવી પડે છે.

પછી તે મગર વલી વાંદરા પાસે વીચાર પુછવા આવ્યો. તેને વાંદરે કહયું, રે તુંને મેં એટલું કહયું તોપણ તું મારી પીઠ છોડતો નથી એ શું છે? હું તને મુરખને શીખામણ નહી દઈશ, જો શીખામણ દઇશ તો મને "ચટક" પંખી જેવું દુખ થશે.

મગર-તે કેમ થયું ભાઇ?

વાંદર-ભાઇ સાંભલ.

મુરખને શીખામણ દેવાથી તે કોપાયમાન થઇ સામો નુકસાન કરેછે તે વીશે.

કથા ૯મી—ચટક પંખી.

કોઇ જંગલમાં એક ઝાડપર ચટક પંખી ઘેર કરી રેહેતો હતો. એક વખતે વરસાદ ઘણો થયો, તથા એક

વાંદરો પાણીમાં ભીણાયલો, ને તાહુડે કરી દાંત કકડાવતો તે ઝાડની તલે આવ્યો. તેને તે પંખી બોલ્યો, રે મુરખ તું માણસ જેવો દીસેછે, ને તાહાડમાં કેમ મરે છે? રે એક ઘેર કેમ નથી બાંધતો? વાંદરાએ કહ્યું, રે મુગો બેસે છે કે, તારા ઘરના સમાચાર લઊં? એમ કહ્યું તોપણ પેલો ચટક વલો શીખામણ દેવા લાગ્યો. ત્યારે વાંદરો ઝાડપર ચહડયો, અને ચટકનાં ઘેરના કકુડે કકડા કરી નાખ્યા.

મગર બોલ્યો, ભાઇ તું ગમે તે કેહ, પણ હું તારે તાબે છું; મને કંઈ મારગ બતલાવ. ત્યારે વાંદર બોલ્યો, રે તે પેલો શત્રુ મગર તારા સરખોજ છે; માટે જા અને હોમતથી તેની સાથે જુધ કર. મુવો તો તને સવરગ મલશે, ને બચીઓ તો ઘેર મલશે અને સારૂં નામ થશે. કહ્યું છે:—

> મોટો છે તેને પગે પડી વસ કરી લેવો, શુરાને કપટે લેવો, નીચને કંઈ આપીને અને બરાબરયાને જુધ કરીને લેવો.

જેમ એક શયાલે કર્યું હતું. મગર પુછેછે, તે કેમ? વાંદર કેહેછે, સાંભલ.

જુદી જુદી પદવી અને હાલતનાં માણસ સાથે જુદી જુદી રીતે કામ પાડયાથી કામ કહાડી લેવાય છે તે વીશે.

કથા ૯ મી—શાધક શયાલ.

કોઇ વંનમાં શાધક એવે નામે શયાલ હતો. તણે એક દહાડે મુવેલો હાથી જોયો, પણ તેની ચામડી જાડી તે

તેનાંથી કરડાય નહીં. માટે તેનો ઉપાય શું કરવો તે ધારવા બેઠો. એટલામાં તયાં એક સીંહ આવી પુગો. તયારે શયાલ નમતો નમતો તેની પાસે ગયો, અને કહયું, માહારાજ આ તમારો શત્રુ કોઇ બીજાએ મારી નાખ્યો છે. એને હું તમારે સારૂં સાચવી રાખવાને હાથમાં લાકડી લઇ બેઠોછું. એને ખાઓ. તમારાં કુલની રીત એવી છે ખરી કે હાથે મારીનેજ ખાવું, પણ અહીં તમે અને હું છીયે; તરીજો કોણ જોનાર છે? સીંહ બોલયો, રે અમે હાથે મારેલુંજ ખાઇયે. કહયું છેઃ—

> ભુખે મરવા લાગે તોપણ સીંહનો છોકરો ઘાસ ખાવાનું મન નહીં કરશે; તેમ જે કુલવંત પુરૂષ છે તે પોતાનો મારગ છોડીને નીચા મારગે નહીં જશે.

માટે રે શયાલ, આ હાથી મેં તનેજ આપ્યો. એમ કહી સીંહ ચાલી ગયો. એટલામાં એક વાઘ તયાં આવયો. તયારે શયાલ મનમાં વીચારે છે કે, એક પીડા ટાલી અને બીજી આવી, તો હવે એ સાથે કપટ કરવું. પછી તે વાઘને કહે છે, મામાજી! તમને શું ભોગ લાગા કે આહ આવી કાલ* ને મોઢે પડયા? રે આ હાથીને મારીને સીંહ હમણાંજ સનાન કરવા ગયો છે; અને તેણે મને અહીં રાખવા બેસાડયો છે. તો તે આવયો નહીં તેટલે સુધી તમે નાહાસી જશો તો સારૂં." તે સાંભલી વાઘ નહાસી ગયો. પછી તયાં એક ભુંડ આવયું, તેને શયાલ કહેછે, રે એને સીંહે મારયો છે ખરો, પણ તું ભુખો છે, તો પેલીગમથી થોડુંક ખાઇને જતો રેહે, હું સીંહને જોતો બેસુંછું. તયારે

---

* કાલ એટલે મોત.

ભુંડ પોતાની દાઢે કરીને હાથીની ચામડી ફાડી. તે જોઇ શયાલ બોલ્યો, રે સીંહ આવ્યો રે! આવ્યો રે! નહાસી જા, નહીં તો મારશું જશે. તેથી ભુંડ પણ નહાસી ગયું. પછી તે શયાલે ભુંડ ફાડેલે ઠેકાણેથી હાથીને ખાવા માંડયો. એટલામાં એક બીજો શયાલ તયાં આવ્યો. તે પેલા હાથી ખાવા માટે કજીયો કરવા લાગ્યો. તયારે તેને પોતાનો બરાબરયો જાણીને શયાલે તેની સાથે લડાઈ કરી, અને તેને મારી નીરાંતે હાથીનો ભક્ષ કર્યો.

માટે રે મગર, તું મારૂં સાંભલે તો જુધ કર અને તારા શત્રુને માર. આથી તે મગરે તેમ કર્યું, અને શત્રુને જીતી સુખી થયો.

હવે વીષ્ણુ શરમા પંડીત રાજાના છોકરાઓને કહેછે, રે હાથે આવેલી વાત ગઇ તે ફરીથી આવવી કઠણ છે, માટે ડાહ્યા છે તે પરાપત છોડીને અપરાપત વસ્તુપર ભરોસો રાખતા નથી.

લબ્ધ પરનાશ–તંત્ર ૪થું સમાપ્ત.

સંપ્રેક્ષ કારીત—તંત્ર ૫ મું.

સાંભલેલી અથવા જોયલી વાતપર વીચાર કરયા વગર તેવુંજ કામ કરવાથી થતા અવગુણ.

વીષ્ણુ શરમા પંડીત રાજાના છોકરાઓને કહેછે, હે મારા મીત્રો! હવે હું તમને પાંચમું તંત્ર કહીશ, જેના પેહેલા શલોકનો અરથ એ છે કે,—જે જોયું તેનો વીચાર ન કરતાં અથવા જે સાંભલ્યું તે ચોકસ ન કરતાં, જો તેમ કરવા જઈયે તો ફસી પડે: જેમ એક વાલંદ ફસયો ગયો.

રાજપુત્રો—તે કેવી કથા છે, મહારાજ.

વીષ્ણુશરમા—સાંભલો, રાજપુત્રો.

પશચીમ દેશ મધે પાટલપુર નામે નગર ત્યાં ધનવાન અને ધરમી એવો એક વાણીયો શેઠ રેહેતો હતો. તે પ્રારબ્ધ* કરીને દલીદર થયો. પછી તે જયાં જાય ત્યાં લોક તેનું અપમાન કરે. કહયુંછે:—

ધરમાપણું, સહનતા, કુશલતા, મીઠો સ્વભાવ, સારાં કુલમાં જનમ, એ સઘલાં વાનાં પઇસા વીના શોભા આપતાં નથી. માથાંપર કુટંબનો ભાર ને ગાંઠે પઈસો નહી એટલે મોટો ડાહયો પુરૂષ પણ ઘેલો થાયછે.

---

* પ્રારબ્ધ એટલે નસીબ.

એવી પોતાની અવસ્થા જોઇને તેનો તે ચીંતા કરતો હતો. એક રાતે તેણે સવપનું દીઠું કે, કોઇ ગોરજી આવીને બોલેછે "રે શેઠ! તું કષ્ટી ન થા. હું ધનની ખાણ છું. સહવારે આજ સવરૂપે તારે ઘરે આવીશ, તે વેલા મારા માથાંપર તું ડંગોરો મારજે એટલે મારાં શારીરનાં પુતલયાં* થઇ ઢગલો પડશે. તે લઇ તું સુખી થજે." પછી શેઠ સહવારમાં જુએછે તો ખરેખર તે ગોરજી ઘેર આવ્યો. ત્યારે તેણે તેના માથાં ઉપર સોટો માર્યો, એટલે તે સુનાનાં પુટલયાંનો ઢગલો થઇ પડયો. આ કઉતુક એક વાલંદે† જોયું. તેણે મનમાં વીચાર્યું કે આ કામ ઠીક છે; હું પણ એમ કરીશ તો મને ધન મલશે. પછી તે એક ડંગોરો તઇયાર કરીને અપાસરામાં ગયો અને તયાંના ગોરજીની સતુતી કરવા લાગો. ગોરજીએ તેને મોટો ભગત જાણીને પુછયું, ભાઇ તું શું ઇચ્છે છે?. તેણે વીનંતી કરી કે, માહારાજ, ગઇ રાતે મને પારસનાથે સવપનામાં આગ્ના કરી છે કે, મારા ભગત જે ગોરજી તેઓને ઘેર તેડીને જમાડજે, અને પુસતકદાન કરી સારીપેઠે દક્ષણા આલજે, એટલે હું તારી મન ઇચ્છા પુરણ કરીશ. માટે તમોને મારે ઘેર પરસાદ માટે કરૂપા કરવી જોઇએ. ગોરજી બોલ્યો, તું વાલંદ, તારે ઘેર જમવા આવવું અમને ન ઘટે, પણ જો તું દક્ષણાનું કંઇ નામ પાડીશ અને વાત કોઇને નહીં

---

* પુતલયાં એટલે જેમાં પુતલું પાડેલું હોય એવા સોક્કા અથવા ઘરેણું. † વાલંદ એટલે હજામ.

કહીશ, તો તારૂં કહેલું કરીશું. વાલંદ બોલ્યો, માહ-રાજ, પચાસ પચાસ રૂપયા આપીશ, અને ગોરજીએ કબુલ કરયું.

પછી તે ગોરજી પોતાના ચેલાઓને સાથે લઇ રાતે વાલંદને ઘેર ગયો. વાલંદે તેઓને ઘેરમાં લઇ બારણું દીધું. કહયું છે:—

> જે પુરૂષે ઘર છોડયું, બાયડી છોડી, જેને હ-થેલી વનાએ બીજું વાસણ મલે નહીં, અને આ-કાસ જેનું લુગડું, તેને પણ આશા છુટતી નથી. આ શું અચરત છે કે, બાલ, દાંત, આંખ, કાન એ સઘલાં ઘરડાં થાય છે, પણ આ એક આશા માત્ર દહાડે દહાડે જવાન થતી જાય છે.

પછી તે વાલંદે તેઓને સોટેથી મારવા માંડયું, જેથી તેમાના કેટલાએક મરી ગયા; કેટલાએક ઘાયલ થયા અને મોટો પોકાર થઇ રહયો. આથી રાજાનાં મા-ણસો દોડી આવ્યાં અને જુવે છે તો વાલંદનું ઘેર ગો-રજીનાં લોહીથો ભરાઇ ગયલું. પછી તેઓએ તે વાલંદને બાંધયો અને રાજા આગલ લઇ ગયા. રાજાએ પુછતાં વાલંદે વાણયાની વાત કહી. રાજાએ વાણયાને તેડયો, અને તેણે પણ પોતાની સઘલી વાત જે હતી તે કહી. છેવટ રાજાએ વાલંદને સુલીપર લટકાવવાનો હુકમ ક-રયો. તે સમયે રાજાનો પ્રધાન બોલ્યો, પાકો વીચાર કરયા વીના કોઇ કામ કરવા માંડયે નહીં; વીચાર વીના જે કરે છે તેને પછી પસતાવો થાયછે, જેમ નોલયાને મારયાથી એક બરાહમણીને પસતાવો થયો હતો.

રાજા—તે કેમ થયું, પ્રધાન.

પ્રધાન—સાંભલો, મહારાજ.

એક જોયલા બનાવ ઊપર પાકો વીચાર કરયા વીના કામ કરતાં છેવટ પશતાવો થાયછે તે વીશે.

કથા ૧લી—બરાહમણી અને નોળયો.

કોઇ નગરમાં દેવશરમા નામે બરાહમણ રેહતો હતો, તેની બાયડીએ દીકરો જણયો. હવે ત્યાં એક નોળી હતી તે પણ તેજ દહાડે જણી. તેનું બચું આ બટાણીએ પોતાના છોકરાની પેઠે પાલયું. કોઇ સમે તે બટાણીએ તે નોળયાનાં બચાંને પોતાના બાળક સાથે સુવડાવયું ને પોતે તળાવપર પાણી ભરવા ગઇ. બરાહમણ ઘરમાં હતો તે પણ બારણાં ઊઘાડાં મેલી કોઇ જજમાનને ઘેર ગયો. એટલાંમાં ખાટલા પર એક કાળો સાંપ આવી પુગો, અને તેને જોતાંજ નોળયો તેની સાથે લડયો, અને તેના કટકે કટકા કરી નાખ્યા. પછી તેના લોહીએ મોંઢું ખરદેલું છે એવો દોડતો દોડતો તે તળાવપર ગયો, કે માતાને સમાચાર કહી આનંદ પમાડયે. હવે આ તરફ બટાણી તેને જોતાંજ સમજી કે મારાં બાળકને આ નોળયાંએ કરડયો હશે, તેથીજ એનું મોંહ લોહીએ ખરદાયું હશે. તેથી કરોધ ચઢાવીને તણીએ નોળયાપર પાણીનો ભરેલો ઘડો નાખ્યો, જેથી તે બાપડો મરણ પાંમ્યો. પછી બરાહમણી ઘેર આવીને જુવેછે તો છોકરું જેમનું તેમ સુતેલું છે અને તેની પાસે સાંપના કટકા પડેલા છે. તે જોઇ તણે હઇયું કુટવાં માંડયું અને પોતાને શરાપ આપી રડવા લાગી. એટલામાં તેનો માટી બાહેરથી આવયો, તે આ વાત જાણતાંજ તેને ધોકારીને કહેછે, રે લોભી, તું ઘેર મુકીને બા-

હેર ગયાથી જો એ શું કામ થયું! હવે આ પાપ કોણ ભોગવશે? કહયુંછે:-

આ શરીરમાં કામ, ક્રોધ અને લોભ એ ત્રણ ઠગો છે, માટે એઓને ઠગ માનીનેજ જે કરવું હોય તે કરયે; નહી તો ચકરધરની પેઠે ફસયા જઈયે.

બરાહમણી-તે કેમ બનયું?

બરાહમણ-પ્રીયા સાંભલ.

અતીષય લોભ કરતાં માથે કમબખતીનું ચકર આવી પડેછે તે વીશે.

કથા ૨ જી-ચકરધર જેના માથાંપર ચાક બેઠું હતું.

કોઇ નગરમાં ચાર બરાહમણ મીત્ર રહેતા હતા. તેઓ ઘણાજ દલીદરી હતા. કોઇ સમયે તેઓ વીચાર કરવા લાગા કે, આપણે જનમ દલીદરીઓને ધીકાર છે. રે દલીદરીને ધીકાર છે! રે દલીદરી રહયા કરતાં મરવું સારૂં. તો આપણે ધન કમાવા કાજ મેહેનત કરયે. ત્યારે તેમાંથી એક બોલ્યો, ભાઈ ધન કમાવાના આટલા રસતા છે, ભીક્ષા રાજાની સેવા; ખેતી, વીદયા, વયાજવટો અને વેપાર. એ મધે વેપારમાં જે લાભ થાય છે તેવો બીજો કોઇમાં થતો નથી. કહયું છે:-

ભીક્ષાનો ધંધો તો કાગડાઓએ બગાડયો. રાજાની કરૂપાનો ભરોસો નહી. ખેતીમાં મેહેનત ઘણી ને લાભ થોડો. વીદયામાં ગુરૂ સેવાનું દુ:ખ.

વયાજવટામાં પોતાની પુંજી પારકે હાથે પડે છે. માટે વાણુયા વેપારીના ધંધા સરખો બીજો ધન કમાવાનો ધંધો નથી. વેપારમાં જે ડાહ્યા હોયછે તે દેશાંતર માલ લઈ જઈ એકના દશ કમાય છે.

માટે આપણે પણ દેશાંતર જઇ વેપાર ધંધો કરયે. એમ વીચારી તે ચારે જણા પોતપોતીકું કુંટુંબ મુકી, ચાલયા. મારગે જતાં સામો તેઓને ભઇરવાનંદ જોગી મલયો. તેણે પુછયું, કયાંથી આવ્યા? કયાં જાઓછો? અને શાને કાજ જાઓછો? તેઓએ તેને બધું વરતમાન કહયું, અને બોલયા, જો દરવ ન મલયું તો અમોએ નીશચે કર્યો છે કે જીવ આપયે. માટે હે જોગી! કરૂપા કરી એવો કંઇ ઉપાય કહો કે જેથી ધન પ્રાપત થાય. તયારે ભઇરવાનંદે તે ચાર જણને ચાર દીવેટ કરી આપી ને કહયું, તમે હીમાચલ પરવત ઉપર જાઓ, અને ત્યાં આ દીવેટો સલગાવી ચાલો; જ્યાં જેની દીવેટ હોલાય ત્યાં તેણે ખોદવું અને જે મળે તે લેવું. પછી તે ચારે જણા હીમાચલ પરવત પાસે ગયા અને દીવેટ સલગાવી ચાલયા. તેમાંથી એકની દીવેટ હોલાઈ, અને તેણે ત્યાં ખોદી જોયું તો તાંબાની ખાન લાગી. તે સમયે તે બીજાઓને કહે છે, રે આપણે આ તાંબુ લઇને પાછા જઇશું. બીજો બોલયો, ભાઈ તાંબામાં વલી કયાં દોલત થઈ છે? હમે તો આગલ જઇશું, તું હયાં સુખે રેહજે. એમ કહી તેને મુકી ત્રણ જણા આગલ ચાલયા. તેટલામાં બીજા એકની દીવેટ હોલાઈ, અને તેણે ત્યાં ખોદીને તો રૂપુ દીઠું. તેવારે તે બીજા બેને કહે છે, રે આપણે આ રૂપુ લઇ પાછા જઇશું. તેઓએ કહયું ભાઈ તું રૂપાંપર મોહીત ન થાજે, આગલ જતાં આપણને સોનું મલશે. માટે તું હમારી સાથે ચાલ. તેણે તે ન સાંભલયું ત્યારે તેને મુકી

બે જણા આગલ ચાલયા. તયાં ત્રીજાની દીવેટ હોલાઇ; તેણે ઓદીઠ તો ત્યાં સુનું દીઠું. તયારે તે ચોથાને બોલ્યો, ભાઇ હવે હદ થઇ, વધતી આશા ન કરીયે. તે બોલયો, આંહી સોનું જડયું તો આગલ નીશચય રતન જડશે. તો સોનાનો ભાર કોણ સહે ? માટે આપણે આગલ જઇયે. ત્રીજો બોલ્યો, ભાઇ હું તો નથી આવતો, તારે જોઇયે તો તુ જા. તયારે ચોથો એકલો આગલ ચાલયો. ભુખ અને તરસથી ગભરાયો છે ને ઉપથી ધુપ લાગે છે, એવો ચાલે છે. પણ તેના હાથમાંની દીવેટ હોલાતી નથી, તેથી તે ત્યાં ભમવા લાગો. એટલામાં તેણે એક પુરૂષ દીઠો, જેનું સરવ આંગ લોહીથી ભરેલું છે, અને જેને માથાપર એક ચકર ફરે છે. તેની પાસે જઇ તે પુછવા લાગો, ભાઈ તું કોણ છે ? ને તારા માથાપર આ ચકર ફરે છે એ શું ? અહીં કેડે તું મને જલ દેખાડશે ? એમ કહે છે એટલામાં તો પેલાના માથાપરનું ચાક એના માથા ઊપર આવી બેઠું અને ફરવા લાગું ! તેની વેદનાથી તે ઘણુંજ દુખ પામવા લાગો. પછી તે પેલા ચકરધરને પુછે છે, રે આ શું અચરત ? ચકરધર બોલયો, ભાઇ મારાં માઠાં પર પણ એ આમજ આવી બેઠું હતું. માટે હવે બીજો કોઇ તારા જેવો લોભી હાથમાં દીવેટ લઈ અહીં આવશે, અને તારી સાથે બોલશે ત્યારે તારો છુટકો થશે. બરાહમણે પુછયું, આ ચકર તારા માથાપર કીયે દહાડે બેઠું હતું ? ચકરધર બોલયો આ સમે પરથવીનો રાજા કોણ છે તે કેહે. બરાહમણ બોલ્યો, ભાઇ, વીશવાવશુ નામે રાજા છે. તયારે ચકરધરે કહયું, ભાઇ હું વરસો ગણવાં જાણતો નથી, પણ જયારે અજોધયામાં રામચંદ્રજી રાજ કરતા હતા ત્યારે હું તારીપેઠે લાલચનો મારયો હાથમાં દીવેટ લઇ અહીં આવ્યો હતો, અને ચાક વાલો પુરૂષ

દીઠો તેની સાથે બોલતાંજ આ ચકર મારાં માથાપર આવ્યું હતું, અને તે છુટો થયો હતો. બરામણે પુછ્યું, રે તને અહીં અન પાણી કયાંથી મલયું ? તે બોલ્યો, રે તું તેની કાંઇ ફીકર ના કર, તુંને ભુખ્ય તરસ અને નીંદ લાગશેજ નહી. રાત દહાડો તું આ ચાકની વેદનામાં ને વેદનામાંજ રહેશે. એમ કહી આગ્ના લઇ તે ચાલતો થયો.

આણીગમ એ ચારમાનો ત્રીજો મીત્ર જેને સોનાની ખાણ જડી હતી, અને જેનું નામ સુવરણ સીધી કરીને હતું, તેણે જોયું કે, આપણા મીતરને વાર લાગી, ત્યારે તેથી ઊંચકાય તેટલું સોનું લઇ તે તેની શોધે નીકલયો. ત્યારે એની તેને ભેટ થઈ અને સમાચાર સાંભલયા. તે સાભલતાંજ સુવરણ સીધી તેને ધીકારીને બોલે છેઃ—

વીદયા નહી હોય અને જો બુધી હોય તો તે સારૂં. જેને બુધી નથી તે નાશ પામે છે.

જેમ મુવેલા સીંહને જીવતો કરનારા વીદવાનો નાશ પાંમયા.

પેલો ચોથો મીત્ર, જે હમણાંજ ચકરવર થઇ પડયો છે, તે પુછેછે, ભાઈ તે કેમ બનયું ? તયારે સુવરણ સીધી હેઠલ પ્રમાણે વ્રાત કહી સંભલાવે છે.

વીદયા બંલ કરતાં બુધી બલ સરસ છે અને તે વગર માણસનો બચાવ થઈ શકતો નથી તે વીશે.

કથા ૩ જી—મુવેલા સીંહને જીવતો કરનારા વીદવાનો.

કોઇ નગરમાં ચાર બરાહમણનાં છોકરા વચે ઘણી મીત્રાઇ પડી. તેમાંથી તરણ જણા વોદીયા વાલા હતા, અને

એક માત્ર બુધી વાલો હતો. તેને વીદીયા આવડે નહીં. કોઇ સમયે ધન કમાવા સારૂં તે ચાર જણા દેશાંતર નીકલ્યા. મારગમાં એક બીજાને પુછવા લાગા કે, કોને કેવી વાદીયા આવડે છે તે કહો, કાંકે વીદીયા વીના ધન મલશે નહીં. ત્યારે એક બોલ્યો કે મારામાં એવી વીદીયા છે કે, મુવેલા જીવનું એક હાડકું મારે હાથ લાગે તો તે પર હું આખું હાડ પીંજર ઊભો કરીશ. બીજો બોલ્યો, હાડ પીંજર જડે તે ઊપર હું માશ અને લોહી ઊતપન કરીશ. ત્રીજો બોલ્યો, હાડકાં અને માસ હોય તો હું તે શરીરને જીવતું કરીશ, અને ચોથો બોલ્યો, મારી પાસે વીદીયા તો નથી પણ બુધી માત્ર છે. પછી તે ચારે જણાં સંતોશ પામી મારગે ચાલ્યા. કેટલાક દુર ગયા તેવારે પેહલો બોલ્યો કે, આ ચોથાને વીદીયા નથી તો એને દરવ મલશે નહીં, અને એનું પેટ આપણને ભરવું પડશે, માટે એ આપણી સાથે નહીં જોઇયે. બીજો ચોથાને બોલ્યો રે, ભાઇ મુરખ, તો તું પાછો ઘરે જા. હવે ત્રીજો તે બેને કહે છે, રે એવું આપણે ઘટે નહીં, કે એને છોડીયે, આપણામાંથી થોડો થોડો ભાગ એને આપી ચલાવીશું. કહયું છેઃ—

આ આપણો ને આ પારકો એવી જાત, જે હલકા છે તેજ ધયાનમાં લાવે છે. મોટા છે તેને સંધુ જગત પોતાના કુટુંબ સરખું છે, પારકું કોઇ નથી.

પછી તે ચારે જણાએ મારગમાં કોઈ સીહનું હાડકુ જોયું, અને પોત પોતાની વીદયાની પારખ• તેના ઉપર અજમાવી. પેહેલાએ તે હાંડકાંપરથી હાડ પીંજર ઉભું કીધું. બીજાએ તે પર માશને લોહી ઉતપન કરયું; અને ત્રીજો તેને

જીવતો કરવાની કોશેશ કરવા લાગો. પણ એટલામાં પેલા બુ-ધીવાલાએ તેનો હાથ ધરી વારયો, અને બોલ્યો, આ તો સીંહ છે, એ જીવતો થયો તો આપણે સંઘાઓને મારી ખાશે. ત્યારે તે ત્રીજો મીત્ર બોલ્યો, રે મુરખ, ધીકાર છે તારા આ અવતારને! રે અમે જેને જીવતદાન આપયે છીયે તેજ હમોને કેમ મારશે? ચોથો બોલ્યો, જરા સબુર કરો. હું આ ઝાડ પર ચહડું છું, પછી તમે સુખેથી જે કરવું હોય તે કરો. એમ કેહતોજ કે તે ઝાડ પર ચહડયો. એટલાંમાં પેલાએ સીંહને જીવતો કરયો. તે સીંહે ઊઠતાંજ એક સપાટામાં તે ત્રણે વીદયા વાલાઓને ખાધા અને બુધી વાલો બચી ગયો. કહયું છેઃ—

જે શાસ્ત્ર જાણે છે, પણ વેહેવારમાં શીખાણો નથી તે પેલા મુરખપંડીતોની પેઠે પોતાનો સવારથ ખોહેછે.

ચક્રધર—તે કેમ થયું ભાઈ?

સુવરણસીધી—સાંભલ ભાઈ.

સંસાર વયવહાર રીતી જાણયા વગર માત્ર શાંસ્ત્રો શીખયાથી સામો સવારથ બગડેછે તે વીશેં.

કથા ૪થી—મુરખ પંડીતો.

કોઇ ગામમાં બરાહમણના ત્રણ છોકરા હતા, તેઓ દેશાંતર જઇ વીદયા શીખી પંડીત થઈ પાછા પોતાને ગામ આવતા હતા. તે મારગમાં કોઈ બરાહમણને ત્યાં નાત જમતી

હતી, ત્યાં જમવા સારૂં તેઓ રહયા અને પાતરાં ઉપર બેઠા. હવે ઘેર ધણીએ સેવ પીરસવા માંડી, તે સમયે તેમાંથી એક બોલ્યો, શાસ્ત્રમાં કહયું છે કે, "દીરઘ સુતરી વીનશતી", માટે આ પદારથ લાંબો સુતર વાલો છે, એને આપણે ખાવો ન ઘટે. એટલામાં માંડા ‡ પીરસવા આવ્યા, તેવારે બીજો કેહેવા લાગો, જે ઘણું તાણ્યું તે ફાટવાનું, માટે આ માંડા આપણને કામ નહી આવે. તેટલાંમાં વલી વડાં આવ્યાં તે જોઈ ત્રીજો કેહેવા લાગો. જયાં છીંદર પડયું તયાં ઘણા અનરથ છે. એમ કહીને ત્રણે જણાં ભુખ્યા ઉઠી ગયા, અને સઘલાં લોક તેમનાપર હસવા લાગ્યાં.

આ વાત સાંભલી ચકરધર કેહેવા લાગો, બુધી વાલાને દહાડા પણ પાધરા જોઇયે; નહીં તો વીપત ચુકશે નહીં. જેમ સતબુધી અને સહસરબુધી નામે માછલાં વીચાર કરતે કરતેજ નાશ પામ્યાં.

સુવરણસીધી—તે કેમ બનયું ભાઇ.

ચકરધર—સાંભલ મીત્ર.

સંકટનાં ચીનહ દેખાતાંજ તેને અટકાવવાના ઊપાય લેવાની જરૂર.

કથા પમી—સતબુધી ને સહસરબુધી માછલાં.

કોઈ નદીના ડોહોમાં બે માછલાં રહેતાં હતાઃ એકનું નામ સતબુધી ને બીજો સહસરબુધી. તેઓના મીત્ર એકબુધી નામે દેડકો ત્યાંજ રહેતો હતો. કોઈ સમે બે માંછીમાર

‡ માંડા એટલે જુવાર ઘઊના ભેલા લોટની અને વણયા વગરની મોટી પાતલી રોટલી.

તે મારગે ચાલ્યા આવે છે. તેઓ આપસઆપસમાં બોલે છે કે, આ ડોહોમાં કાલે જાલું ઘાલીને માંછલાં પકડયે. તે વચન પેલા ત્રણે જણાંને કાને પડયું. તેવારે દેડકાએ માંછલાઓને કહયું, આપણે અહીંથી નહાસી જઇયે. તયારે સહસરબુધી બોલયો રે બીહીકમાં. કહયું છેઃ—

વાઘ, સરપ અને ભુંડાં માણસ એઓનું મનમાનયું થતું નથી; માટેજ આ જગત રહયું છે.

આપણા બાપદાદાનું ઠેકાણું મુકી એકાએક અહીંથી જઇયે નહી. સવારે જો માછીમાર જરૂર આવશેજ તો પછી હજાર રીતના ઉપાયો કહાડીને હું તમને બચાવી લઇ જઇશ. સતબુધી કહેવા લાગો, ખરી વાત છે. કહયું છેઃ—

સુરજની ગતી જયાં નથી થતી, જયાં પવન જઈ શકતો નથી, ત્યાં બુધી વાલાની બુધી પોંહચે છે.

તે સાંભલી દેડકો બોલ્યો, રે તમારો મનસુબો શું કામનો? હું એકલું નીશચ્ચય જાણું છું કે, કાલે અથવા પરમે માછીમાર આવશેજ આવશે, અને તે વખત પર તમે ગભરાશો ને તે તમોને પકડી લઇ જશે. માટે હું તો મારો મારગ ધરૂં છું. એમ કહી દેડકો બીજાં પાણીમાં જતો રહયો. હવે સહવાર થતાંજ માંછીમાર આવ્યા. તેઓએ સતબુધીને અને સહસરબુધીને પકડી સતબુધીને માથાંપર લીધો તથા સહસર બુધીને લાકડીપર લટકાવયો. એમ તેઓ રસતામાંથી ચાલેછે તે દેડકાએ જોયું અને પોતાની બાએડીને કેહવા લાગો, રે જો! સતબુધીને માંથા પર લીધો છે ને સહસરબુધી લાકડી પર લટકે છે! ભલો હું એકબુધી, કે જેથી મેં આજ મારો જીવ બચાવયો.

માટે રે સુવરણ સોધી, ભવીષ આગલ કોઇનું ચાલતું નથી. તેં મને સારી શીખામણ કરી, પણ તે મેં ન સાંભલી તો ફસયો ગયો. જેમ એક ગધેડો ફસયો ગયો હતો.

સુવરણસીધી–તે કેમ બનયું ?

ચકરધર–સાંભલ ભાઇ.

સમજુ મીત્રની સારી સલાહ ન માનતાં પોતાની ઠાલી હુશયારી દેખાડવાના અવગુણ.

કથા ૬ ઠી—ગાયન કરી ફસયો ગયલો ગધેડો.

કોઇ નગરમાં ઊધ્વવ એવે નામે ગધેડો હતો. તે દીવસનાં ધોબીને ઘેર જાય અને કામ કરે, ને રાતે લોકોનાં ખેતરોમાં ચારો કરે. ત્યાં તેને એક શીયાલ જોડે મૈત્રાઇ પડી. પછી જયાંબી જાય ત્યાં તે બે જણા સાથે જાય. એક પુનેમની રાતરે ગધેડો આનંદમાં આવ્યો છે અને શીયાલને કહે છે, રે મીત્ર ! જો આજે ચાંદરણું શું શોભીતુ પડયું છે ! આવે સમયે મને ગાયન કરવા ગમે છે; તો કેહે હું કેવો રાગ ગાઊં ? શયાલે બોલ્યો, મામાજી ! એશું ઘેલું બોલો છો ? આપણે ચોરી કરવા આવયા છઇયે તો અહીં રાગ ગાઇને શું ખેતર વાલાના હાથમાં પડયે ? બીજું તમારૂં ગાયન કઠોર સંખના સુર સરખું એક કોસપર સંભલાય છે, તો તેથી ખેતર માંહેલા લોક કેમ જાગ્યા નહીં થાશે ? ગધેડો બોલ્યો, તું ગાયણના રસનો અજાણયો છે, માટે એમ કહેછે. શયાલ

બોલ્યો તે હશે, પણ તમને ગાતાં આવડતું નથી એ કંઇ ખોટું નથી. તેવારે ગધેડો ગુસ્સે થઇને કહેવા લાગો, રે મુરખ, તું ને ભરાંત છે તો હવે સાંભલ, મારી પાસેથી સંધા રાગનાં સવરૂપ. એમ કહી ગધેડો ગાયન કરવા લાગો. તે સાંભલી ખેતરવાલો દોડી આવ્યો, તે સમે શીયાલ તો નહાસી ગયો પણ ગધેડાજી પકડાયા. તેનાં ગલામાં ખેતર વાલાએ મોટું એક લાકડું બાંધ્યું, અને પોતે સુવા ગયા. ગધેડો ઘડી બે ઘડી બેસી પછી હલવે હલવે ઉઠીને તે લાકડાં સહીત નહાસી ચાલ્યો. તેને મારગમાં પેલો શીયાલ મલ્યો, તે કહે છે, વાહવાહ! મામાજી, વાહવાહ! તમારું ગાયનની શું તારીફ કહું કે જે સાંભલી ખેતર વાલાએ તમને આ ગલાનું આભુષણ આપ્યું! તેવારે ગધેડો ઓસીયાલો થયો.

માટે રે સુવરણસીધી, તેં મને વાર્યો ખરો, પણ મેં તારૂં સાંભલ્યું નહીં, માટે એ સથીતોમાં પડયો. કહ્યું છે:—

જેને પોતાનું જ્ઞાન નથી ને મીત્રનું પણ જે સાંભલતો નથી તે મરણ પામે છે. જેમ મંથર સાલવી મરણ પાંમ્યો.

સુવંરણસીધી—તે કેમ બનયું ભાઇ.

ચકરધર—કહેછે, સાંભલ મીત્ર.

મોટાં માણસની પરસનતા ઊપરથી તેની પાસે કોઇ ચીજ માગવામાં લેવી જોઇતી સંભાલ.

કથા ૭મી—મંથર સાલવી.

એક ગામમાં મંથર નામે સાલવી † રહેતો હતો. કોઇ સમે તેનો લુગડાંવણવાનો સામન ભાગ્યો ત્યારે તે કોરાડી લઇને રાનમાં લાકડું તોડવા ગયો. ત્યાં સમુદ્રના કીનારા પર એક મોટું સેવણનું ઝાડ હતું તે પર કોરાડી મારવા લાગ્યો. હવે તે ઝાડપર કોઈ બરહમ રાક્ષસ હશે તે કહેવા લાગ્યો, રે સાલવી, મારૂં ઘર ભાંજશે તો તને આઓને આગો આઈ જઇશ. સાલવી બોલ્યો, રે હું તુંથી નથી બીહીતો. તેની એવી હીંમત જોઇ રાક્ષસ પરસન થયો, અને તેને કહે છે, રે માંગ માંગ! તને જે જોઇયે તે હું આપીશ! સાલવી બોલ્યો, ઘેર જઇ મારા મીત્રને અને બાએડી છોકરાંઓને પુછી આવીને કહીશ. પછી તે સાલવી પાછો ગામ આવ્યો, અને એક વાલંદ તેનો મીત્ર હતો તેને વરતમાન કહયું. વાલંદ બોલ્યો, તું રાજ માગજે, અને હું તારૂં પ્રધાનપણું કરીશ, ને આપણ બંને જણાં સુખી થઇશું. સાલવી બોલ્યો, વારૂ હું મારી બાયડીને પણ પુછીશ. વાલંદ બોલ્યો, બાયડીની જાત મુરખ, તેનો વીચાર લેવો નહીં. સાલવી બોલ્યો, રે તેવી મારી બાયડી નથી. મારી બાયડી તો પતીવ્રતા ને વલી ડાહી પણ ખરી. એમ કહી તે બાયડી પાસે ગયો, અને તેને વાલંદનું મત કહયું. તેણી બોલી સાંભલ ભરથારઃ—

† સાલવી એટલે લુગડાં વણનાર.

નટવા, ભાટ, હલકાં માણસ, વાલંદ, છોકરા અને ભીખ માગનારા એઓની સાથે વીચાર કરયે નહીં. બીજું રાજ કરનારને ઘણું દુઃખ છે. રે રામ, પાંડવ, જાદવ, ને નલ રાજા એ સરખાઓને પણ રાજ કરવામાં સુખ થયું નહીં, તો આપણને કેમ થશે ? કહયું છેઃ—

જે રાજના લોભથી માણસ પોતાના ભાઈને, બાપને, અને અનદાતાને મારે છે, એવું જે રાજ તે ઈછયે નહી.

તું રોજનું એક લુગડું વણે છે, તેની પેદાશ આપણને બસ થતી નથી. માટે તું બીજા બે હાથ અને એક વધુ મસતક માંગ. એટલે દહાડે બે લુગડાં વણશે તેમાં આપણે આંનંદી થઈશું. તે સાંભલી સાલવીએ કહયું, ખરી વાત. પછી દોડતો દોડતો વલી તે પેલા બરહમ રાક્ષસ પાસે ગયો, ને બાયડીના કહેયા પરમાંણે વર માંગતાંજ તેને બે માંથા અને ચાર હાથ થયા. પછી તે ગામમાં આવવા લાગો ત્યારે લોકોએ જોયું કે આતો કોઈ રાક્ષસ ચાલયો આવે છે. તેથી તે પર તેઓએ પથરાનો મારો ચલાવયો અને તતકાલ મરણ પામ્યો.

માટે રે સુવરણ સીધો, લોકોનો સ્વભાવજ પડયો છે કે, અણઘટતો વાંતો મનમાં લાવવી કે જે બની આવવી કઠણ. પછો મારા જેવાં સંકટમાં પડવું. આ વીશે સોમશરમા બરાહમણની કથા સાંભલ.

મનના ખોટા તરંગો પ્રમાણે ચાલવાનું શેખચલીપણું.

કથા ૯મી—સોમશરમા બરાહમણ.

કોઇ નગરમાં ઘણોજ કંજુસ એવો સોમશરમા નામે એક બરાહમણ રહેતો હતો. તણે ભીક્ષા માંગીને કેટલુંક ઘી એકઠું કરયું. તે માટીનાં વાસણમાં સીકાંપર ટાંગી મેલયું. એક રાતે ખાટલાપર પડયો છે ને તે વાસણ સાંમો જોતો વીચાર કરેછે કે, આ એક મણ ઘી, જયારે મોંઘવારી પડશે તયારે વેચીશ તો તેના રૂપંયા પચીસ આવશે. તે પચીસ રૂપયાની બે બકરી લઇશ. તે બકરીઓ વરસમાં બે વાર જણશે. પછી તેનાં બચ્ચાં વેચીને ભેંસ લઇશ. ભેંસો વેચીને ઘોડી લઇશ. તે ઘોડીનાં ઘોડા વેચયાથી મને ઘણું દ્રવ્ય મલશે. તે દ્રવયથી એક મોટું ઘર લઇશ. પછી મારી સંપત જોઇ કોઇ મોટો બરાહમણ આવીને મને પોતાની કનયા આલશે તેને પરણીશ. તે કનયાને પેટે છોકરો થશે, અને તે છોકરાનું નામ હું રૂપશરમા કરી રાખીશ. તે છોકરે ઘુટણે ચાલવા માંડયું એટલે હું દુર જઇ બેસીશ. તેવારે તે છોકરો મને જોઇ ઘુંટણે ચાલતો ચાલતો મારી પાસે આવશે, એટલે હું બાયડીપર રીસે ભરાઇને તેને એવી તો એક લાત મારીશ કે તે ધબ કરી ભોંયપર પડી જશે. એવાં ધયાનની મસતીમાં સોમશરમાએ ખરેજ એક લાત મારી, જે પેલાં ઘીનાં વાસણપર લાગી. તે વાસણ ફુટીને ઘી ભોંય પર પડી સંધુ ફોકટ ગયું.

એ કથા સાંભલી સુવરણ સીધી બોલ્યો, રે ચકરધર વાત તો ખરી. કહયું છે:—

જે લોભથી એકાદું કામ કરવા જાયછે અને આગલ પાછલ જોતો નથી, તે વાંદરાની પેઠે મરણ પામે છે.

ચકુરધર–તે કેમ બનયું ?

સુવરણસીધી–સાંભલ મીત્ર.

અનુભવી અને ઊમરે પોંહચેલાં માણસો દીરઘ દરષટી પોંહચાડી આવતું શંકટ ચેતી જઇ તેનાથી વેગલા રેહવા માંગેછે, પણ નાદાનો તેમ ન કરતાં ફસી પડેછે તે વીશે.

કથા ૬ મી—વરધ વાંદરો અને છોકરવાણુ વાંદરાં.

કોઇ નગરમાં ચંદ્ર એવે નામે રાજા હતો, તેણે પોતાના છોકરાઓને રમાડવાને કાજે ઘણાંએક વાંદરા પાળયા હતા. તેમાં એક ઘરડો વાંદરો હતો, તે સઘલાં શાસ્ત્રમાં પુરવીન ને ઘણોજ ચતુર હતો. તે રાજાને ઘેર બે મેંઢાં નાનાં છોકરાઓને બેસવાને કાજે પાળયાં હતાં. તેમાંથી એક મેંઢો નીત રસોઇયાનાં ઘરમાં જઈ રંધેલા પદારથના વાસણમાં નીરભય મોંહડું ઘાલે અને રસોઇયાને હાથનો સારીપેઠે માર ખાધા વીના બાહેર આવે નહીં. તે પેલા ઘરડા વાંદરાએ જોયું, અને પોતાની મંડલીને કહેવા લાગો, રે આ રસોઈયા ને મેંઢાના તંટામાં આપણે મારયા જઈશું, કાંકે કોઇ સમે રસોઇયાને બીજુ કંઇ જડયું નહી એટલે એ મેંઢાને

બલતાં લાકડાં સાથે મારશે. તેથી એના આંગપર ઊન છે તે સલગશે, અને મેંઢો પોતે ગાભરો થઈને પોતાના થાનક પર જાશે, તયાં ઘાસ હશે તે સલગશે. પછી તેથી ગાયનો ગોડો સલગશે, અને તે પછી ઘોડશાલા સલગશે. તેવારે કેટલાએક ઘોડા બલી જશે અને કેટલાએક દાજયા જશે. તે સારૂં રાજા ઘોડાના વઈદને ઓસડ પુછશે, તે સમયે શા-સ્ત્રમાં લખ્યા પ્રમાણે તે વઈદ વાંદરાનાં તેલનું ઓસડ બ-નલાવશે. તેવારે આપણે મારયા જઈશું. માટે આપણ આ ઠેકાણું મુકી આજેજ કેંડે દુર નીકલી જઈયે. કહયુછેઃ—

જો પોતાના જીવની આશા હોય તો જે ઘેર નીત કજીયો થાયછે તે ઘેર છોડી દઈયે. જે કુટું-બમાં કજીયો લાગો તે કુટુંબ, જે મીત્રાઈમાં ક-ડવાં વચન નીકલવાં લાગાં તે મીત્રાઈ, જે રાજમાં પરજા પીડા પામવા લાગી તે રાજ, અને જે કી-રતને ભુંડાં કરમના દાઘ લાગા તે કીરત, એ સંધા નાસ પામ્યાં એમ જાણવું.

એવું ઘરડા વાંદરાનું વચન સાંભલી બીજા વાંદરા કેહેવા લાગા, બાપાજી! આ વાતપર અમને એમ દીસે છે કે, હમે અમરત સરખાં પદારથ ખાઈ અહીં મોજ કરયે છીયે ને આંગપર લુગડાં ઘરેણાં પેહેરયે છીયે, તે તમને ગમતું નથી સે હમોને રાનમાં લઈ જઈ કડવાં ખાટાં ફલ ખવડાવવા તમો ચાહોછો. ઘરડો તે સાંભલી કષટી થયો અને બોલ્યો, રે મુરખ, તમને મારાં વચનની યાદ આવશે અને પછી પસતાશો. હું તો અહીં રહીને મારી નજરે કુ-ટુંબનો ઘાત નહીં જોઈશ. એમ કહી ઘરડો વાંદરો રાનમાં ગયો. કેટલાએક દહાડા ગયા તેવારે ઘરડાએ કહયું હતું તેમજ સંધુ બની આવ્યું, અને તે સઘલાં વાંદરા નાશ પામ્યાં.

માટે રે ચકરધર, લાલચ ઘણી મોટો વસ્તુ છે. જેને સો રૂપયા મલયા તે હજારનો આશા કરે છે, અને હજાર વાલો લાખની ને લાખ વાલો કરોડની.

ચકરધર—ભાઈ એવું મને થયું તો ખરૂં. હવે એનો શો ઉપાય ?

સુવરણસીધ્ધી—ભાઇ જો ભગવાન કરૂપા કરે તો વાંકાનું સીધું અને ઉલટાંનું સુલટું થાય છે. જેમ એક આંધલા, કુબડા અને ત્રણ થાન વાલી બાયડીને થયું તેમ. તો તારાં સંકટની શી બીસાદ ?

ચકરધર—તે કથા કેવી છે, ભાઇ ?

સુવરણસીધી—સાંભલ, મીત્ર ચકરધર.

ઇશાવરની ઇછા હોયછે તો સંકટનાં સાધન સુખમાં ફેરવાઈ જાય છે તે વીશે.

કથા ૧૦ મી—આંધલો, કુબડો અને ત્રણ થાનવાલી કન્યા.

ઉતર દેશ મધે મધપુર એવે નામે નગર હતું તયાં મધુરોન નામે રાજા હતો. તેને એક કન્યા થઇ. તે કન્યાને ત્રણ થાન હતાં. તેનો જનમ સાંભલીને રાજાએ સેવકોને આગ્યા કરી કે, આ અશુભ લખણી કનયાને અઘોર રાનમાં મુકી આવો." સેવકોએ વીનતી કરી કે, રાજા એ ઊપર ડાહયા બરાહમણ શું કહે છે તે સાંભલી પછી જે કરવું હોય તે કરો. કહયું છેઃ—

જે પુરૂષ બીજાના વીચાર પુછે છે, બીજાનો વીચાર સાંભલે છે, પોતે તે વાતનો વીચાર કરે છે, તેની બુધી વધે છે.

પછી તે રાજાએ જાણીતા બરાહમણોને બોલાવ્યા અને પુછયું, માહરાજ! આવી કન્યાને શું કરયે તે કહો. પેલાઓ બોલયા રાજા, સાંભલ શાસ્ત્રની વાતઃ—જે પીતાને તેની કનયાનાં ત્રણ થાણ નજર પડે છે, તેનો નાશ વેહેલોજ થાય છે; માટે તમારે એનું દરશણ થવું ન જોઇયે, અને જો કોઇ એને પરણે તો તેને એ આપીને આપણા દેશમાંથી કાઢી મુકવો. તે સાંભલી રાજાએ ઢંઢેરો ફેરવ્યો કે, જે કોઇ ત્રણ થાનની રાજ કનયાને પરણશે તેને લાખ સુંનાની મોહોર મલશે, પણ તેને દેશ મુકવો પડશે.

હવે તે નગરમાં બે મીત્ર હતા. એક આંધલો ને બીજો કુબડો. તે ઢંઢેરો સાંભલી આંધલો કુબડાને કહે છે, ભાઇ આપણે ખાવાના વાંધા ત્યાં લાખ મોહોરો મલે છે તો આ કામ કેમ નહીં કરયે?

ભીડ, મીત્રાઇ, વાચાલપણું, બુધી, ભલાપણું, સુખ મોજ, આચાર, શાસ્ત્ર, ડાહુયાપણું, નીર મલતા એ સઘલા ગુણ, જયાં અનવસ્ત્ર સારી પેઠે છે ત્યાં આવે છે.

એમ વીચારી આંધલો તે કનયા પરણવા તઇયાર થયો. રાજાએ તે તેને આપી અને લાખ મોહર પણ આપી, ને તે દેશમાંથી કાઢી મુકયો. આંધલાએ કુબડાને પોતાની સાથે લીધો, અને ત્રણે જણા કોઇ શેહેરમાં જઈ રહયાં. ત્યાં રાજકન્યા મોટી થઇ, ત્યારે કુબડા સાથે લાગી અને બેઉએ મનસુબો કરયો કે આંધલાને વીખ આપી મારી નાંખયે. પછી કુબડાએ કોઈ મુવેલો સાપ પેદા કરયો, ને રાજ

કનયાએ તેના કટકા કરી હાંડીમાં નાંખ્યા, ને તે હાંડી ચુલાપર ચહડાવીને આંધલાને કહયું, તમારે સારૂં સારાં સારાં માછલાં પેદા કરયાં છે તો લગરીક ચુલા પાસે રાંધવા બેશો, હું બીજે કામે જાંઊં છું. હવે આંધલો રાંધવા બેઠો, તેવારે તે સાપનાં વીખની બાફ તેની આંખમાં લાગી. તે લાગતાં તો તેની આંખે જે પરદો આવ્યો હતો તે સાફ થયો, અને તેને દીસવા લાગું. ત્યારે હાંડીમાં જુએછે તો સાંપના કટકા, તેથી મનમાં સમજીયો કે આ બાયડીનું ને કુબડાનું કાંમ છે. તેવારે કંઈ તદબીર કરી તેણે હાંડી ફોડી નાંખી, ને પોતે આંધલાંને વેસેજ રહયો. એક સમયે રાજકનયા કુબડા પાસે સુતી છે, તે તેણે જોઇ અને જોતાંજ તેને કરોધ ચહડયો, તેથી ગુપચુપ જઇ તે બાયડીને ઊપાડીને કુબડાની છાતીપર જોશથી અફાલી. તેથી એવું બનયું કે, તે બાયડીનું જે ત્રીજું થાન હતું તે તેણીનાં હઇયામાં પેસી ગયું, અને તેના ધપકાથી પેલો કુબડો પણ સીધો થઇ ગયો !

એ પ્રમાણે શ્રી પરમકરૂપાલુ પરમેશ્વરે કરૂપા કરી, તો જે વાતો નહી થંવાનો તે પણ થઈ ગઇ.

માટે, રે ચકરધર ! જો ભગવાન કરૂપા કરશે, તો તું પોતે પંણ છુટો થશે.

એમ કહી સુરવણસીધી પોતાને ઘેર પાછો ફરયો.

હવે વીષ્ણુશરમા રાજ પુતરોને કહે છે કે, જે માણસ ઝાઝો લોભ રાખતો નથી, અને જે ચોકસ કરયા વીના કોઇ વાતમાં હાથ ઘાલતો નથી, તે સુખેથી રહે છે.

સંપ્રેક્ષ કારીત–તંત્ર ૫ મું સમાપ્ત.